# આપણા સાધુ સાધ્વીજી ભગવંતો

ભાગ 3

# આધ્યાત્મિક અજાયબીઓ

ષ્કર કમળના પત્રની ભાંતિ નહિ લેપાય જે
જીવની માફક અપ્રતિહત વરગતિએ વિચરે
આકાશની જેમ નિરાબંલન ગુણ થકી જે ઓપતા
એવા મહાવ્રતધારીને પંચાંગ ભાવે હું નમું

ને અસ્ખલિત વાયુ સમૂહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના ગુપ્ત ઈન્દ્રિય દેહ છે
નિસ્સંગતા ય વિહંગ શી જેનો અમૂલખ ગુણ છે
એવા મહાવ્રતધારીને પંચાંગ ભાવે હું નમું

ખડગીતણા વરશ્રૃંગ જેવા ભાવથી એકાકી જે
ભારંડપંખી સારીખા ગુણવાન અપ્રમત્ત છે
વ્રતભાર વહેતા વર વૃષભની જેમ જેહ સમર્થ છે
એવા મહાવ્રતધારીને પંચાંગ ભાવે હું નમું

યુગપ્રધાન આચાર્યસમ પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.



# સમર્પણમ્

## વર્તમાનકાળના
## તમામે તમામ સંયમીઓને...

* જેઓનું સામાન્ય જીવન પણ વિશ્વને માટે આશ્ચર્યજનક છે.
* જેઓના પશ્ચાત્તાપના આંસુઓની કિંમત શત્રુંજયતીર્થાધિરા પણ અનંતગુણી છે.
* જેઓનું હૈયું મતભેદો-ગચ્છભેદોને ગૌણ કરીને ગુણાનુરાગ । ધુ પ્રવાહનું ઝરણું બનેલું છે.
* જેઓ જિનશાસનને જાણ ારવા-પમાડવા માટે કમર કસી રહ્યા છે.
* જેઓના ચરણોની ધૂળ હીરાબજારના અતિકિંમતી હીરાઓને શરમાવવાનું કામ કરે છે.
* જેઓની આંખોનું અમૃત વૈશાખની કાળઝાળ ગરમીમાં ટાઢક આપનારો ધોધમાર વરસાદ છે.
* જેઓના સ્નેહાળ, પ્રેમાળ, હેતાળ શબ્દો પાષાણ જેવા હૃદયોને પણ માખણ જેવાં કોમળ બનાવે છે.
* જેઓનું ભાવસભર હૈયે દર્શન મોહનીયકર્મના વિરાટ જંગલમાં જ્વાળા પેટાવવાનું કામ કરે છે.

જેઓ મારા સાધર્મિક છે,
જેઓ મારા માટે પૂજ્યતમ છે,
જેઓ શુભ-પ્રવૃત્તિઓ માટે મારૂં પ્રેરકબળ છે,
એ તમામ સંયમીઓના કરકમલમાં આ પુસ્તક બહુમાનપૂર્વક સમર્પિત કરૂં છું.
એક જ ભાવના સાથે કે,
મારા સંયમીઓ સૌ પ્રથમ સ્વાધ્યાય-સમ્રાટ બને,
એના આધારે પછી સંયમ-સમ્રાટ બને,
છેલ્લે સ્વભાવ સમ્રાટ બને
મારા પૂજ્યપાદ ગુરૂદેવશ્રીએ સેંકડો વાર પ્રરૂપેલી આ સ્વાધ્યાય-
સંયમ-સ્વભાવની ત્રિપદીને પામીને સૌ સિદ્ધિગામી બને...

-મુનિ ગુણહંસ વિ.

નમોऽस्तु तस्मै जिनशासनाय

# વિશ્વની આધ્યાત્મિક અજાયબી :

## આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો

યુગપ્રધાનાચાર્યસમ
પ.પૂ.પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ

ભાગ - ૩

પ્રકાશક
કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**: લેખક :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય**

**મુનિ ગુણહંસવિજય**

: આવૃત્તિ :

પ્રથમ સંસ્કરણ: ૧૦૦૦ વિ.સં. ૨૦૭૦

દ્વિતિય સંસ્કરણ: ૧૦૦૦ વિ.સં. ૨૦૭૧

**મૂલ્ય : રૂા. ૪૫/-**

**: મુદ્રક :**

**પાર્શ્વ ઓફસેટ – ક્રિએટિવ પ્રકાશ**

શાહ વિક્રમ - મનોજ બ્રધર્સ,

એમ.જી. રોડ, વેરાવળ - ૩૬૨૨૬૫. ફોન : ૦૨૮૭૬-૨૨૨૬૧૭

'વિનય', ૨/૫, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની પાસે,

ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. મો. ૯૪૨૬૯ ૭૨૬૦૯

**E-mail: creativeprakashan@gmail.com**

# પ્રસ્તાવના

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ શ્રમણસંઘ કહેવાય છે. શ્રમણોની (અને શ્રમણીઓની) પ્રધાનતાવાળો સંઘ એ શ્રમણસંઘ. ચૌદરાજ લોકના સર્વ જીવોની હિતકામનાવાળા જૈનશ્રમણો અને શ્રમણીઓ લાખો શ્રાવક-શ્રાવિકાઓ માટે પરમ પૂજનીય તત્ત્વ હતું અને છે. શ્રાવકો અને શ્રાવિકાઓ માટે તો પંચમહાવ્રતપાલક શ્રમણ-શ્રમણીઓ 'ભગવાનતુલ્ય છે' એમ કહીએ તો એમાં કશું ખોટું નથી.

ભગવાન ઋષભદેવના સમયથી માંડીને શ્રાવક-શ્રાવિકાઓ આજ સુધી શ્રીસંઘમાં શ્રમણોની અને શ્રમણીઓની પ્રભુતા સ્વીકારતા જ આવ્યાં છે અને આજે પણ એ શ્રાવક-શ્રાવિકાઓ શ્રમણ-શ્રમણીઓ માટે ગજબ કોટિનો આદરભાવ - બહુમાનભાવ ધરાવે છે એ નિઃશંક હકીકત છે.

પણ આ અવસર્પિણીકાળ! પડતો કાળ!

એમાં વળી પાંચમો આરો!

એ ય વળી હુંડા અવસર્પિણીનો પાંચમો આરો!

એની અસર સમાજના દરેકે દરેક ક્ષેત્રમાં ઓછા-વત્તા અંશે પડી છે - પડે છે... એનો નિષેધ તો કોણ કરી શકે?

પરદુઃખભંજન મહારાજા વિક્રમની પરંપરામાં આજે કરોડો પ્રજાજનોનાં દુઃખોને દૂર કરવાની જવાબદારી ઊઠાવનારા સેંકડો રાજનેતાઓ કેટલી હદે પ્રજાજનો ઉપર દુઃખના ડુંગરાઓ ઠાલવી રહ્યા છે, એ કોણ નથી જાણતું?

સમગ્ર પ્રજાને નિરોગી બનાવવાનું બીડું ઝડપનારા લાખો ડોક્ટરો માત્ર સ્વાર્થ ખાતર, ધનપતિ બનવા ખાતર કરોડો રોગીઓના વિશ્વાસનો ઘાત કરી રહ્યા છે, નકામી દવાઓ આપી રોગી તરીકે જ કાયમ રહેવા દઈ પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે. રે! નિરોગીઓને રોગી બનાવવાના ભયાનક કાવતરા કરી રહ્યા છે, પરોપકારના અમૂલ્ય સાધન સમાન પોતાના કાર્યને રૂપિયા કમાઈ લેવાનો ધંધો બનાવી રહ્યા છે એ કોણ નથી જાણતું?

લાખો વેપારીઓ ઈમાનદારી-સચ્ચાઈનો ટોટો પીંસી નાંખી વિશ્વાસઘાત, ભેળસેળ, લાંચરુશવત

દ્વારા માત્ર ને માત્ર પોતાની તિજોરીઓ ભરચક કરવાના કામમાં પરોવાઈ જઈને નીતિધર્મને ક્યાંય વેચી રહ્યા છે... એ કોણ નથી જાણતું ?

સાચા-નિર્દોષ માણસોને ન્યાય અપાવવા લડનારા વકીલો અને સાચો ન્યાય આપનારા જજો કેટલા? તો પૈસાની લાલચે ખોટાને સાચું સાબિત કરનારા, ભયાનક દોષવાળાઓને સાવ નિર્દોષ જાહેર કરનારા વકીલો અને જજો કેટલા?

પુષ્કળ ભોગ આપીને કરોડો વિદ્યાર્થીઓને સારા-સાચા સંસ્કાર અને સારું-સાચું શિક્ષણ આપનારા શિક્ષકો કેટલા? તો શિક્ષણના નામે વિદ્યાર્થીઓ પાસેથી કે સરકાર પાસેથી ચિક્કાર પૈસા પડાવનારા, સ્કૂલોમાં ભણાવવાને બદલે સ્પેશિયલ ટ્યુશનો ગોઠવાવી એમાં જ અભ્યાસ કરાવવા દ્વારા બમણી - ત્રણ ગણી આવક ઊભી કરનારા, ધમકીઓ આપી વાર-તહેવારે હડતાળ પાડનારા શિક્ષકો કેટલા?

પ્રાચીન કાળમાં બધા જ સારા-સાચા હતા, એવું નથી કહેવું પણ પ્રાચીનકાળમાં ૯૫% સારા-સાચા અને ૫% ખરાબ-ખોટા હતા. જ્યારે વર્તમાનમાં ૫% સારા-સાચા અને ૯૫% ખરાબ-ખોટા... આટલો મોટો તફાવત નથી લાગતો શું ?

સમાજનાં કોઈપણ ક્ષેત્રમાં ઊંડાણપૂર્વક દૃષ્ટિપાત કરશું તો આ ખેદજનક છતાં તદ્દન સાચી હકીકત નજર સામે આવ્યા વિના નહિ રહે.

શ્રમણ-શ્રમણીઓ પણ સમાજથી સાવ-સાવ અલગ તો નથી જ ને?

અનેક જાતના આક્રમણો શ્રમણ-શ્રમણી સંઘ ઉપર આવ્યા જ છે ને? આના કારણે બીજા બધા ક્ષેત્રોની માફક શ્રમણ-શ્રમણીઓની વિશિષ્ટતામાં, આચારસંપન્નતામાં, વિચારશુદ્ધિમાં થોડો-ઘણો ઘટાડો થાય, ફેરફાર થાય એ શક્ય નથી શું ?

એમાં ય વર્તમાનમાં તો સાચા સંયમધર્મની આરાધના માટેની અનુકૂળતાઓ ઘણી ઘણી ઘટી ગઈ છે. ૨૫૦૦ વર્ષ પૂર્વે શ્રી ધર્મદાસગણિ જ કહી ગયા છે કે ભાઈ! कालस्स य परिहाणी संजमजुग्गाई नत्थि खेत्ताई ભાઈ! પડતો કાળ છે, હવે સંયમયોગ્ય ક્ષેત્રો રહ્યાં નથી... હવે જો ભગવાન મહાવીરસ્વામીની હાજરીમાં એમના શિષ્યરત્ને આ શબ્દો ઉચ્ચાર્યા હોય તો આજે ૨૫૦૦ વર્ષ બાદ ભયાનક વિજ્ઞાનવાદની ભૂતાવળની હાજરીમાં તો શું દશા હોય?

વર્તમાનકાળમાં ગૃહસ્થ જીવનમાં કેટલાં બધાં ખરાબ નિમિત્તો ભટકાય છે, એ તો બધા જાણે જ છે. હવે એ કુનિમિત્તોના કારણે કેટલાય ગૃહસ્થો જાતજાતના પાપોનો, કુસંસ્કારોનો ભોગ બનતા હોય... એમાંથી કોઈને કોઈ દીક્ષા લઈ અહીં આવે, વૈરાગ્ય સાચો હોય પણ પેલા કુસંસ્કારો પણ તગડા હોય... એમાં વળી અહીં સાધુજીવનમાં પણ એવા કોઈક કુનિમિત્તો મળી જાય. કુસંસ્કારો જાગ્રત થાય. વૈરાગ્યભાવ નબળો પડે, અને શ્રમણો કે શ્રમણીઓનાં જીવનમાં નાના-મોટા દોષ ઘૂસી જાય. કોઈક અયોગ્ય પ્રસંગ બની જાય.

આવા પ્રસંગો શ્રાવક-શ્રાવિકાઓ જુએ, સાંભળે.... ક્યાંક વળી છાપાઓમાં અને મેગેઝિનોમાં એ વિષય-કષાય સંબંધી પ્રસંગો સારી રીતે ચગાવી-ચગાવીને છાપવામાં આવેલા હોય તે વાંચે અને ઊંડે ઊંડે શ્રમણ-શ્રમણીઓ પ્રત્યે અણગમો-અરુચિ એમના મનમાં ઉપસતાં થાય, "બધા સાધુ-સાધ્વીઓ આવા જ હશે. આ બધા પાસે જવા જેવું જ નથી." એવા વિચારો ધીમે ધીમે દૃઢતા પકડતા જાય અને પછી સાધુ-સાધ્વીઓ પાસે જવું-વંદન કરવા - વ્યાખ્યાન સાંભળવા... આ બધાં જ કાર્યો બંધ થતાં જાય.

એમાં ય વળી કેટલાક શાસનશત્રુઓ તો શ્રમણ-શ્રમણીઓનું જૈનશાસનમાં પ્રભુત્વ ખતમ થાય અને એ દ્વારા જૈનસંઘ છિન્નભિન્ન બને એવું ઈચ્છતા જ હોય છે. તેઓ તો આવા કોઈક આડાઅવળા પ્રસંગોની કાગડોળે રાહ જોતા હોય છે. આવા કોઈક પ્રસંગો બને એટલે તરત એનો ચારેબાજુ પ્રચાર કરે. એ પ્રસંગો શ્રમણ-શ્રમણીઓના ઝઘડા વગેરેના હોય કે બીજા પણ હોય પણ એનો એવો પ્રચાર કરે કે બિચારી ભોળી પ્રજા, જૈનશ્રાવક-શ્રાવિકાઓ સાધુ-સાધ્વીઓ પ્રત્યેના અગાધ સદ્ભાવને - અહોભાવને ગુમાવી બેસે. તેઓ પછી સાધુ-સાધ્વીઓ પાસે જવાને બદલે બીજા માર્ગે દોરાય. એ લાખો શ્રાવક-શ્રાવિકાઓ શ્રમણ-શ્રમણીઓને બદલે હવે વિદ્વાન-જાણકાર તરીકે પ્રસિદ્ધ ગૃહસ્થો પાસેથી જ બધુ માર્ગદર્શન મેળવવા લાગે, એ ગૃહસ્થો પણ એમના કાનમાં શ્રમણ-શ્રમણીસંઘ પ્રત્યે વધુ ને વધુ ઝેર રેડતા જાય અને ચતુર્વિધ સંઘ બે વિભાગમાં વહેંચાઈ જાય, તૂટી જાય. એક બાજુ માત્ર શ્રમણ-શ્રમણીઓ અને બીજી બાજુ માત્ર શ્રાવક-શ્રાવિકાઓ !

જે રીતે અંગ્રેજોએ ભારતને બરબાદ કર્યું, એ રીતે કેટલાકો જાણે કે અજાણે જૈનસંઘને છિન્નભિન્ન કરવાનું કામ કરી રહ્યા છે.

ભારતીય પ્રજા પોતાના રાજાઓને ભગવાન તરીકે જોતી, એને વફાદાર રહેતી. અંગ્રેજોએ એ રાજાઓમાંથી કેટલાક રાજાઓને જાણીજોઈને અમુક દોષોમાં ફસાવ્યા. પછી એ દોષો-પાપો પ્રજામાં જાહેર કર્યા. પ્રજા રાજાને ધિક્કારવા લાગી. રાજા પ્રત્યેનો સદ્ભાવ ગુમાવી બેસી. પરિણામે રાજાઓને ઉખેડી નાંખી પોતાની સત્તા જમાવવી એ અંગ્રેજો માટે સાવ જ સરળ થઈ પડ્યું.

આજે જે કેટલાકો શ્રમણ-શ્રમણીઓનું પ્રભુત્વ નથી ઈચ્છતા, લાખો જૈન શ્રીમંત ગૃહસ્થોમાં પોતાનું આધિપત્ય જમાવવા ઈચ્છે છે, તેઓ જાણે-અજાણે આવા જ કામો કરી બેસે છે. કાળપ્રભાવાદિને લીધે કેટલાક આડાઅવળા પ્રસંગો બને એટલે આ શાસનશત્રુઓ એને ચારેબાજુ ફેલાવે. ગૃહસ્થવર્ગમાં શ્રમણસંઘ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે. છેવટે એ ગૃહસ્થોમાં પોતાનું આધિપત્ય જમાવવામાં સફળ બને.

કદાચ કોઈને એવો વિચાર આવી શકે કે "શ્રમણો પ્રત્યે શ્રાવક-શ્રાવિકાઓ વિમુખ બને એમાં શ્રમણ-શ્રમણીઓને શું વાંધો છે ? એમને ક્યાં શ્રાવક-શ્રાવિકા સંઘની જરૂર છે ? શું તેઓ એમનું વર્ચસ્વ-પ્રભુત્વ ઈચ્છે છે ? શ્રમણ-શ્રમણીઓ એની લાલસાવાળા છે ?"

એનો જવાબ એ છે કે સાચા શ્રમણો કે શ્રમણીઓ કોઈપણ પ્રકારની મલિન અપેક્ષાવાળા હોતાં નથી જ છતાં એ સાચા શ્રમણો એવી ઝંખના ચોક્કસ રાખે કે "જિનશાસનમાં સુશ્રમણોનું પ્રભુત્વ, સુશ્રમણોની પ્રધાનતા અકબંધ રહેવી જ જોઈએ." કેમકે તે શ્રમણો જિનશાસનના સાચા અનુરાગી છે. તેઓ જાણે છે કે જો જિનશાસનમાં શ્રમણોનું પ્રભુત્વ ખતમ થશે તો જિનશાસન જ છિન્નભિન્ન થઈ જશે. કબૂલ છે કે શ્રમણોમાં દોષો પણ ઊભા થયા છે. કેટલાક શ્રમણોમાં ઘણા મોટા દોષો પણ ઊભા થયા હશે. પણ એટલા માત્રથી જો આખી ય શ્રમણસંસ્થાને ખરાબ ગણાવી જો શ્રમણોની પ્રભુતા ખતમ કરાશે તો જે હાલત ભારત દેશની થઈ, એ હાલત જૈનસંઘની થશે.

ભારતના રાજાઓમાં દૂષણો ઘુસેલા. કેટલાક રાજાઓમાં ઘણા મોટા દોષો પણ હતા પણ અંગ્રેજોએ એ દોષોને ચારેબાજુ ફેલાવી દીધા, રાજાઓની પ્રભુતા ખતમ થઈ, અંગ્રેજો અધિપતિ બન્યા. પરિણામે ભારતની જે બરબાદી થઈ એ બધા જ જાણે જ છે.

એવું અહીં પણ બની શકે એમ છે. જો કેટલાક શ્રમણોના કોઈક દોષોને ઉઘાડા પાડી દઈ આખી ય

શ્રમણ સંસ્થાને વગોવવામાં આવે અને એ રીતે એની પ્રભુતા ખતમ કરવામાં આવે... તો એમાં નુકસાન સુશ્રમણોને નહિ, પણ જિનશાસનને - સંઘને ચોક્કસ થાય. એટલે જ સુશ્રમણો પોતાની પ્રભુતાની લાલચવાળા તો બિલકુલ નથી જ, છતાં તેઓ શ્રમણોની પ્રભુતા - પ્રધાનતા જળવાઈ રહે એ તો ઈચ્છે છે જ. કેમકે એમાં જ સંઘનું હિત છુપાયેલું છે.

સાર એટલો જ કે કુકાળ-કુનિમિત્તાદિના કારણે જૈન શ્રમણોમાં પણ ક્યાંક ક્યારેક અણઘટતી બાબતો બની હોય, બનતી હોય... પણ એટલા માત્રથી શ્રીસંઘમાં આખીય શ્રમણસંસ્થા વગોવાય, શ્રીસંઘમાં શ્રમણોની પ્રધાનતા પર પ્રહાર થાય, ગૃહસ્થોની પ્રધાનતા વધતી જાય એ શ્રીસંઘના હિતમાં નથી જ.

આ માટે સૌથી જરૂરી બાબત એ છે કે શ્રાવક-શ્રાવિકા વગેરેના મનમાં સાધુ-સાધ્વીઓ પ્રત્યેનો સદ્ભાવ-બહુમાનભાવ અકબંધ રહે, વધે... જો એમ થાય તો જ તેઓ સદાય માટે શ્રમણ-શ્રમણીઓના માર્ગદર્શન મુજબ જ પ્રવૃત્તિ કરે અને તો જ સંઘનું હિત સચવાય.

વળી ક્યારેક તો એવું પણ બને છે કે કેટલાક મુગ્ધ સાધુ-સધ્વીઓ પણ કોઈક કોઈક પ્રસંગો સાંભળીને એમ માનતા થઈ ગયા છે કે "હવે આપણો શ્રમણસંઘ લગભગ ખલાસ થઈ ચૂક્યો છે..." આમ ખુદ કેટલાક શ્રમણ-શ્રમણીઓ પણ પોતાના જ ઘર ઉપરની શ્રદ્ધા ગુમાવી બેસે છે.

હંમેશાં ખરાબ વાતો વધુ બહાર આવતી હોય, વધુ ફેલાતી હોય એટલે એ બધી વાતોની અસર જલદી થાય એ સ્વાભાવિક છે.

આ તમામને વાસ્તવિકતા દર્શાવવી એ અત્યંત મહત્ત્વનું કાર્ય છે.

એમને એ જણાવવું જરૂરી છે કે "જ્યાં સમાજના લગભગ પ્રત્યેક ઘટકમાં ૫% શુદ્ધિ બચી છે, ત્યાં આ શ્રમણસંઘમાં ૭૫% થી ૮૦% શુદ્ધિ અકબંધ છે, એ વાત તમે ન ભૂલો."

એમને એ જણાવવું જરૂરી છે કે "આજે પણ આવી ભયંકર અવસ્થામાં પણ સેંકડો શ્રમણ-શ્રમણીઓ આશ્ચર્યજનક-બહુમાનજનક-અગાધ સદ્ભાવજનક બેનમૂન આરાધના કરી રહ્યા છે. આવા ઉત્તમ શ્રમણ-શ્રમણીઓથી ભરેલા સંઘ પ્રત્યે ઉપેક્ષા-તિરસ્કાર-નિંદાભાવ બિલકુલ ઉચિત બની શકતો નથી."

આ જણાવવા માટે, શ્રમણ-શ્રમણીસંઘ પ્રત્યે ચતુર્વિધસંઘને ઉત્કૃષ્ટ, વાત્સલ્યવાળો, આદરવાળો, સદ્ભાવ-સન્માનવાળો બનાવવા માટે આ પુસ્તિકામાં કુલ જુદા જુદા શ્રમણ-શ્રમણીઓના પ્રસંગો આલેખવામાં આવ્યા છે. આશરે ૪૩ જેટલા પ્રસંગો ત્રીજા ભાગમાં લેવામાં આવ્યા છે.

જૈનસંઘના પ્રત્યેક સભ્યોએ આ અવશ્ય વાંચવું જોઈએ અને એ વાંચીને મનમાં ભરાયેલી ખોટી ખોટી વાતોને દૂર ફગાવવી જોઈએ. કોઈક દોષવાળાઓની નિંદા કરવાને બદલે આવા ઉત્તમોત્તમ સંયમીઓની હાર્દિક પ્રશંસા એ જ સ્વપરકલ્યાણનો નિર્દોષ માર્ગ છે.

**આમાં નીચેની વિશેષતાઓ ધ્યાનમાં રાખવી**

(૧) લગભગ તમામે તમામ પ્રસંગો વર્તમાન કે નજીકના જ ભૂતકાળના સાધુ-સાધ્વીજી ભગવંતોના છે. બહુ જૂના પ્રસંગો લગભગ લીધા નથી તથા ગૃહસ્થોના પ્રસંગો પણ માંડ ૪-૫ લીધા છે.

(૨) આ દરેક બાબત તદ્દન સત્ય છે. એમાં અમે જરાય વધારી વધારીને લખ્યું નથી. અણુનો મેરુ બનાવ્યો નથી. હા, કેટલાક પ્રસંગો દ્વેષ-નિંદાદાદિના નિમિત્ત ન બને એ હેતુથી થોડાક બદલીને લખ્યા છે.

(૩) વિરતિદૂત પરીક્ષામાં એક પ્રશ્ન પૂછેલો કે "સાધુ-સાધ્વીજીઓ પોતાના જીવનમાં અનુભવેલા સુંદર પ્રસંગો અમને લખી મોકલે." આશરે અઢીસો-ત્રણસો સંયમીઓએ પરીક્ષા આપી. પોતાના જીવનમાં

જાતે જોયેલા - અનુભવેલા કે સાંભળેલા પ્રસંગો અમને જણાવ્યા. એમાંથી પણ જે વધુ આકર્ષક, વધુ વિશિષ્ટ જણાયા, એ પ્રસંગો જુદા તારવી આ પુસ્તક તૈયાર કર્યું છે. અમે તો માત્ર સંયમીઓએ લખેલા પ્રસંગોને અમારી ભાષામાં ઢાળ્યા છે, ઘણી જગ્યાએ તો એ બધા પ્રસંગો તે તે સંયમીની ભાષામાં જ સીધે સીધા લખી દીધા છે.

(૪) આ પ્રસંગોમાં કેટલાક પ્રસંગો એ રીતે પણ લખ્યા છે કે "જાણે તે તે સંયમી પોતે જ પોતાના અનુભવ લખતો હોય..."

દા.ત. "અમારા ગુરુણીની સહનશક્તિ અજબગજબની હતી." આવી રીતે આખો પ્રસંગ લખેલો હોય, તો એમાં **અમારા** = એ પ્રસંગ લખનારા સાધ્વીજી પોતે જ.

**ગુરુણી** = એ સાધ્વીજીના ગુરુણી. એમાં **અમારા** = આ પુસ્તકના લેખકને ન સમજવા.

"મારો દીક્ષાપર્યાય એ વખતે માત્ર બે વર્ષનો હતો, ત્યારે...." આવું લખાણ હોય, ત્યાં **મારો** = આ પુસ્તકના લેખકનો નહિ, પણ એ પ્રસંગ જે સાધુએ-સાધ્વીજીએ લખેલો હોય - એમનો...

ટૂંકમાં એ પ્રસંગો એમના જ શબ્દોમાં ઢાળેલા છે....

એટલે વાંચતી વખતે જ્યારે આવા પ્રસંગો આવે ત્યારે ખ્યાલ રાખવો.

(૫) કોઈ એમ ન સમજે કે "આ તો માત્ર ૪૩ જ પ્રસંગ! તો બીજા બધાનું શું?"

કેમકે અમે તો વિશિષ્ટ અને આંખે ઊડીને વળગે એવી આરાધનાઓનો ઉલ્લેખ કરેલો છે. જે ઘણા બધામાં સામાન્ય આરાધનાઓ હોય, તેવી તો હજારો છે. એ બધાનો ઉલ્લેખ અત્રે કર્યો નથી. **દા.ત.** ૧૦૦-૧૫૦ સાધુ-સાધ્વીજીઓ ૧૦૦ વર્ધમાનતપની ઓળીઓ કરી ચૂક્યા છે પણ એ બધાનો અમે જુદો જુદો ઉલ્લેખ નથી કર્યો.

આમ નાની નાની ઢગલાબંધ બાબતો અમે નોંધી જ નથી.

વળી આના વધુ ભાગ પણ છપાશે.

(૬) આમાં લગભગ અમે કોઈના પણ નામ લખ્યા નથી. આડકતરા નિર્દેશ કરેલા હોય એ સંભવિત છે.

(૭) આ કોઈ એક ગ્રુપ કે એક ગચ્છના બધા પ્રસંગો નથી. પણ જુદા જુદા લગભગ ૧૫-૧૭ ગચ્છોનાં પ્રસંગો આ પુસ્તિકામાં છે.

(૮) શ્રી સંઘને વિનંતી કે આવા કોઈપણ વિશિષ્ટ પ્રસંગો તમારા ખ્યાલમાં હોય તો એ અમને મોકલાવે. **"આશિષ જે. મહેતા, ૭, સુનીષ એપાર્ટમેન્ટ, રત્નસાગર સ્કૂલ સામે, ગોપીપુરા, કાજીનું મેદાન, સુરત. (ગુજરાત)."** આ સરનામે એ લખાણ મોકલવું. કવર ઉપર **સુકૃતાનુમોદનના પ્રસંગો** એમ શબ્દ લખવો.

જે કોઈપણ શાસ્ત્રાનુસારી વિશિષ્ટ પ્રસંગો હશે તેનો હવે પછીના વિભાગોમાં સમાવેશ કરવામાં આવશે. કોઈપણ સમુદાયના સાધુ-સાધ્વીજીઓ આવા વિશિષ્ટ પ્રસંગો મોકલી શકે છે. એ પ્રસંગો-આરાધનાઓ માત્ર સાધુ-સાધ્વી સંબંધી જ હોવા જોઈએ.

(૯) "કેવા પ્રસંગો વધુ અસરકારક અને વિશિષ્ટ ગણાય." એ આ પુસ્તક વાંચવાથી ખ્યાલમાં આવી શકશે.

(૧૦) સંયમીઓએ અમને નાના-મોટા ઘણા પ્રસંગો લખેલા, એમાંથી અમે ચૂંટીચૂંટીને આ પ્રસંગો લીધા છે. કોઈક કોઈક સંયમીએ લખેલા પ્રસંગો આમાં ન પણ આવ્યા હોય.. તેઓ પાસે અમે હાર્દિક ક્ષમા માગીએ છીએ.

(૧૧) કેટલીક અનુમોદના એવી હોય કે જેમાં બીજાના દોષોનો ઉલ્લેખ આવવાનો. દા.ત. કોઈ સાધ્વીજીની અદ્ભુત ક્ષમાની અનુમોદના કરવાની હોય ત્યારે એમના પર ક્રોધ કરનારાના એ ક્રોધ દોષનો ઉલ્લેખ આવવાનો જ. જો ક્રોધાદિ થયા જ ન હોત તો આમની ક્ષમા સિદ્ધ જ ન થાત. એટલે આવી અનુમોદનામાં આડકતરી રીતે કોઈકના દોષોનો ઉલ્લેખ થવાનો પણ ત્યાં એમની નિંદા કરવાની નથી, એ કર્મવશ હોવાથી એવું વર્તન કરી બેઠા એમ સમજવાનું છે. આપણે તો ક્ષમાશીલ સાધ્વીજીની ક્ષમાની અનુમોદના જ મુખ્ય બનાવવાની છે.

(૧૨) मिथ्यादृशामप्युपकारसारं.... मार्गानुसारीत्यनुमोदयाम: શ્રી શાંતસુધારસની આ ગાથામાં કહ્યું છે કે "મિથ્યાત્વીઓના પણ જે જે મોક્ષમાર્ગાનુસારી ગુણો - અનુષ્ઠાનો છે, તેની હું અનુમોદના કરું છું." અર્થાત્ માર્ગાનુસારી કોઈપણ કૃત્ય અનુમોદનીય બને, ભલે પછી એ મિથ્યાત્વીઓનું પણ કેમ ન હોય? હવે આ તો બધા સંયમીઓ છે, એમના જે જે કૃત્યો માર્ગાનુસારી હોય એ અનુમોદનીય બનવાના જ. એમાં ગચ્છભેદ જોવાનો ન હોય.

(૧૩) આ જે કોઈપણ પ્રસંગો મળેલા છે. એ મોટાભાગે વિરતિદૂતની પરીક્ષાના ઉત્તરપત્રોમાંથી પ્રાપ્ત થયા છે. સાધુ-સાધ્વીજી ભગવંતોએ કમલ પ્રકાશન ઉપર ઉત્તરપત્રો મોકલ્યા. એ તપાસવામાં જે જે સુંદર પ્રસંગો પ્રાપ્ત થયા, તેનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. સાધુ ભગવંતો કે સાધ્વીજી ભગવંતો પાસેથી સીધા જ આ પ્રસંગો સાંભળ્યા નથી કે પત્રથી પણ જાણ્યા નથી. ઉત્તરપત્રોમાં લખાયેલા પ્રસંગને આધારે આ બધું લખાણ છે. એટલે ભૂલથી કોઈક પ્રસંગોમાં થોડોક ફેર થઈ ગયો હોય તો એ અંગે ક્ષમા ચાહીએ છીએ.

અમે બધાને વિનંતી કરીએ છીએ કે આ પુસ્તક વાંચ્યા બાદ તમે પણ તમારી આસપાસના સાધુ-સાધ્વીજીઓમાં જે કોઈપણ મોક્ષમાર્ગાનુસારી અનુષ્ઠાનો-ગુણો જોયા હોય, તે વ્યવસ્થિત લખીને અમને મોકલાવશો. જેથી એ સુકૃતો ઘણા લોકો સુધી પહોંચાડી શકાય.

(૧૪) આ પુસ્તક વંચાઈ જાય, એટલે એમને એમ મૂકી ન રાખશો, પણ બીજાને વાંચવા આપશો. કોઈપણ એક જણને આ આખું પુસ્તક વંચાવી દેવું એ જ આ પુસ્તકની સાચી કિંમત ચૂકવેલી ગણાશે.

અંતે

જિનાજ્ઞાવિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

– મુનિ ગુણહંસવિજય

**લેખ મોકલવાનું સરનામું :**


**આશિષભાઈ મહેતા**
૭, સુનીષ એપાર્ટમેન્ટ,
રત્નસાગર સ્કૂલની સામે,
કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત.
**મોબાઈલ : ૯૩૭૪૫૧૨૨૫૯**

**હિતેશભાઈ ગાલા**
બી-૧૭, તૃપ્તિ સોસાયટી,
હનુમાન રોડ, વિલે પાર્લે (પૂર્વ),
મુંબઈ- ૪૦૦ ૦૫૭.
**મોબાઈલ : ૯૮૨૦૯૨૮૪૫૭**

## પ્રાપ્તિસ્થાન

**હિતેશભાઈ ગાલા**

બી-૧૭, તૃપ્તિ સોસાયટી, હનુમાન રોડ,

વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ- ૪૦૦ ૦૫૭.

**મોબાઈલ : ૦ ૯૮૨૦૯ ૨૮ ૪૫૭**

**આશિષભાઈ મહેતા**

૭, સુનીષ એપાર્ટમેન્ટ, રત્નસાગર સ્કૂલની સામે,

કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત

**મોબાઈલ : ૦ ૯૩૭૪૫ ૧૨૨ ૫૯**

**દીપેશભાઈ દીક્ષિત**

બી-૨, અમર એપાર્ટમેન્ટ,

ડીવાઈન લાઈફ સ્કૂલની સામે,બેરેજ રોડ, વાસણા,

અમદાવાદ. **મોબાઈલ : ૦ ૯૪૨૮૬ ૦૮૨ ૭૯**

# અનુક્રમણિકા


| ક્ર. | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧. | પ્રોત્સાહન આપો | ૧૩ |
| ૨. | શરત પણ સારી; જો ધર્મ વધારે તો! | ૧૪ |
| ૩. | શુભાનુષ્ઠાનો આદરો, બની એકતાન! | ૧૪ |
| ૪. | વૈરાગ્યના રંગો સજી ક્યારે પ્રભુ! સંયમ ગ્રહું? | ૧૬ |
| ૫. | તમે વૃદ્ધ સંયમીઓની સેવા કરો છો ને? | ૧૭ |
| ૬. | विद्या विनयेन शोभते | ૨૪ |
| ૭. | સૌ મારી ક્ષમાપના સ્વીકારજો | ૨૬ |
| ૮. | ઊંડાઈ | ૩૧ |
| ૯. | આચારથી શાસન પ્રભાવના | ૪૮ |
| ૧૦. | વૃદ્ધ સંયમીઓ માટે સુંદર આદર્શ ! | ૪૯ |
| ૧૧. | ઓ બાલ મુનિરાજ ! તમારી નિર્મળ પ્રજ્ઞાને અમારી અનંતશઃ વંદના | ૫૧ |
| ૧૨. | ચૌદ રાજલોકવ્યાપી જિનશાસન | ૫૫ |
| ૧૩. | સરસ્વતીદેવીની સાચી આરાધના : જ્ઞાનાભ્યાસનો સખત પુરુષાર્થ | ૫૮ |
| ૧૪. | મારી દીક્ષાતિથિની ઉજવણી ન હોય ! | ૫૯ |
| ૧૫. | અપવાદમાર્ગના સેવનમાં યતનાપાલન કેવું હોવું જોઈએ ? | ૬૦ |
| ૧૬. | નિઃસ્પૃહતા એક શ્રાવકની, શાસ્ત્રાનુસારિતા એક આચાર્યદેવની ! | ૬૨ |
| ૧૭. | ઘણા મોટા છતાં ઘણા નાના : એક પંન્યાસજી | ૬૩ |
| ૧૮. | આંબિલ-ઉપવાસ વિનાનો અનોખો તપસ્વી | ૬૪ |
| ૧૯. | વૈયાવચ્ચનો પ્રકાર આવો પણ હોઈ શકે ખરો ? | ૬૭ |
| ૨૦. | આવા પણ પૌષધવ્રતી શ્રાવકો હોય છે ! | ૬૮ |
| ૨૧. | શાસનપ્રભાવના કરવાની જોરદાર કુનેહ ! | ૭૦ |
| ૨૨. | મારો સાધુભવ વૈયાવચ્ચ લેવા માટે નથી, કરવા માટે છે. | ૭૧ |
| ૨૩. | અનાસક્ત અનાસક્તિ (એક મુનિરાજના શબ્દોમાં) | ૭૨ |

| ક્ર. | વિષય | પાન નં. |
|---|---|---|
| ૨૪. | જ્યોતિષના ભરોસે બેસી ન રહેવાય ! | ૭૪ |
| ૨૫. | મહાસંયમી સૂરિદેવ | ૭૭ |
| ૨૬. | એ મહાત્માને સંનિધિની દવા પણ મંજુર નથી | ૮૦ |
| ૨૭. | મારા ગુરુ આવું કરી શકે ? હું કલ્પના પણ કરી શકતો નથી | ૮૧ |
| ૨૮. | મારા નિમિત્તે કોઈ દુર્લભબોધિ ન બનવો જોઈએ. | ૮૭ |
| ૨૯. | વીસમી સદીના એક મહાન ગચ્છાચાર્યની સંયમસભર જીવનકહાણી ! | ૮૯ |
| ૩૦. | રાગ-દ્વેષ મળ ગાળવા, ઉપશમરસ ઝીલો | ૯૩ |
| ૩૧. | જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાનતણા બહુમાન... સલુણા | ૯૪ |
| ૩૨. | અશક્ય... અશક્ય... ના રે ના ! | ૯૫ |
| ૩૩. | વૈરાગ્ય કેવો ? ચોલમજીઠના રંગ જેવો | ૧૦૧ |
| ૩૪. | ભૂલ કોની ? ઠપકો કોને ? છતાં ક્ષમા કેવી ? | ૧૦૨ |
| ૩૫. | બધું શક્ય છે : જરૂર છે સત્ત્વની અને પુરુષાર્થની | ૧૦૫ |
| ૩૬. | જુગુપ્સામોહ ઉપર વિજય | ૧૦૬ |
| ૩૭. | સર્વજીવસ્નેહી મુનિ સ્વજનો પર નિઃસ્નેહી બનતા... | ૧૦૭ |
| ૩૮. | ગાથાઓ ખૂબ ગોખો. | ૧૦૯ |
| ૩૯. | સાચો પ્રજ્ઞાચક્ષુ સાધુ | ૧૧૦ |
| ૪૦. | કથિરમાંથી કંચન બની શકે છે. | ૧૧૧ |
| ૪૧. | ગૌતમસ્વામીના વારસદારો જીવંત છે ! | ૧૧૪ |
| ૪૨. | અપવાદ માર્ગ | ૧૧૫ |
| ૪૩. | રોગી બન્યા સંયમરાગી ! | ૧૧૯ |

## સૌજન્ય

# તપોવન જ્ઞાનનિધિ

ખાસ સુચના:
ગૃહસ્થો આ પુસ્તક વાંચી શકે છે, વંચાવી શકે છે..
પણ જો એમણે પોતાની પાસે રાખવું હોય, તો રૂ. ૪૫/- આપીને ખરીદવું,
કારણ કે આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ છે.

**શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ**
**ખૂબ ખૂબ ધન્યવાદ....**

લિ.
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

# પ્રોત્સાહન આપો

જેમ કાંટો કાંટાને કાઢે, એમ અહંભાવ નામનો કાંટો હતાશા, નિરાશા નામના કાંટાને કાઢી મૂકે... 'હે આત્મન! તું સૂર્ય છે, તું મહાન છે...' આ બધા શબ્દોથી માણસની અંદર રહેલા અહંભાવને પોષવો પડે છે, પણ એ જરૂરી છે. એનાથી મોટો લાભ આ થાય કે એ દોડતો થઈ જાય.

મારા જીવનમાં જ બનેલો પ્રસંગ! એક મુનિવર સંયમમાં અસ્થિર બન્યા, ગુરુ સાથેના અણબનાવના કારણે આર્તધ્યાનમાં ચડી ગયા. ઘણા ખોટા વિચારો કરી બેઠા... ને એ બધી વાતની ખબર એમના એક દિવસના રુદન સાથેના કેટલાક શબ્દો પરથી પડી. મારે સામાન્ય પરિચય તો ખરો જ, પણ અંગત પરિચય, આત્મીયતા... બંધાઈ ન હતી.

પણ એ મુનિ છે અને નજીવા કારણોસર ગંભીર વિચારો કરી બેઠા છે... એ જાણકારીથી જ મારું મન દ્રવી ઊઠ્યું. લાગણીસભર હૈયું ચિંતિત બન્યું. બપોરના સમયે એ મુનિને મારી પાસે બોલાવ્યા.

મેં એમને આ ગીતના જેવા જ શબ્દોથી આવકાર્યા :

'મુનિવર! તમે તો કેવો ઉત્તમ સંયમ પાળો છો, સ્વભાવ તમારો કેટલો બધો મિલનસાર છે? ક્ષયોપશમ પણ તમારો કેટલો બધો તીવ્ર છે? મુનિવર! તમે તો ક્યાં ને ક્યાં પહોંચી શકશો... તમારું ભવિષ્ય ભવ્યાતિભવ્ય બની શકે એમ છે;... તમે આ સાવ નાની બાબતોમાં ક્યાં અટવાઈ પડ્યા..'

અને એ મુનિ તો મચ્છુ ડેમનાં બારણાં ખૂલે અને પાણીનો ધોધ વહે... એમ ચોધાર આંસુએ રડવા માંડયા. પાંચેક મિનિટમાં હૈયું ખાલી થઈ ગયું. મારે એ જ જોઈતું હતું. એમને લાગ્યું કે 'હું કંઈક છું, કોઈક મારું મહત્ત્વ જાણે છે - મને જણાવે છે, મારા અસ્તિત્વની પણ કંઈક કિંમત છે. મારું જીવન ઘણા માટે લાભદાયી બની શકે એમ છે. હું નકામો નથી...'

આ જે ભાવ પોષાયો, એનાથી એ પાછા ઉત્સાહમાં આવી ગયા,.... ભલે એમનો રોગ ઊંડો હોવાથી વારંવાર એમને ઈંજેક્શન આપવું પડ્યું, પણ એ ઈંજેક્શનનો કોર્સ પૂરો થઈ ગયો. એ પછી હવે એમને એની જરૂર પડતી નથી. ઠીક છે, સામાન્ય દવાની ક્યારેક જરૂરી પડી પણ જાય.

આ તાકાત છે ઉત્સાહવર્ધક શબ્દોની!

ધ્યાન રાખજો,

માણસ માત્રને, (પછી ભલે એ સંયમી કેમ ન હોય?) દરેકને ઊંડે ઊંડે આવા અહંકારાદિ દોષો અલ્પાંશમાં પણ પડેલા હોય જ છે. એ દોષની લાંબી પંચાત કરવાને બદલે અત્યારે એ પોષીને એને બીજા બધા દોષોમાંથી બચાવી લો.

# શરત પણ સારી; જો ધર્મ વધારે તો !

"જો આ નાના મ. આજે આખી રાત એક પણ ઝોકું ખાધા વિના આરાધના-સ્વાધ્યાયાદિ કરે તો મારે ૭૦મી ઓળી માત્ર ત્રણ દ્રવ્યથી જ કરવી," વડીલ તપસ્વી મુનિ બોલ્યા.

એક વિહારધામમાં રાત્રે ચાર સાધુઓ સંથારો કરીને સૂઈ રહ્યા હતા ત્યારે જ વડીલે આ વાત શરૂ કરી. એમને ૬૯મી ઓળી ચાલુ જ હતી, ૭૦મી ઓળી સળંગ કરવાની જ હતી, એ ઓળી ૩ દ્રવ્યથી જ કરવાની એમણે શરત મૂકી, નાના મ. ને ઉલ્લાસમાં લાવવા માટે !

"જો નાના મ. આજે બિલકુલ ન ઊંઘે તો હું નવ આંબિલ કરીશ." બીજા બોલ્યા,

"મારી તો શક્તિ જ નથી, છતાં હું એક આંબિલ કરીશ." ત્રીજા બોલ્યા અને નાના મ. ને ાનક ચડી.

"જુઓ, પછી ફરી નહિ જતા. પાકું પાળવું પડશે."

હા! હા! ચોક્કસ પાળશું."

અને નાના મ. એ સંથારો વાળી દીધો.

૧૦ વાગ્યા હતા.

સવારે ચાર વાગ્યા સુધી સળંગ છ કલાક જાપ-ખમાસમણા-પંચસૂત્રનો સ્વાધ્યાય - નવસ્મરણનો સ્વાધ્યાય... વગેરે કરીને બિલકુલ ઊંઘ્યા વિના પસાર કર્યા.

સવારે ચાર વાગે વડીલ ઊઠ્યા, ખૂબ શાબાશી આપી, અને શરત મુજબ ૭૦મી ઓળી ત્રણ દ્રવ્યથી કરવાની તૈયારી પણ બતાવી.

આ પ્રસંગ બન્યો છે નાગેશ્વરધામમાં !

તિથિ હતી મહાસુદ-૧૨-૨૦૬૬.

એ રાતે એમણે ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ + ૧૦૮ ખમાસમણા... એમ કુલ ત્રણવાર કરેલું...

# શુભાનુષ્ઠાનો આદરો, બની એકતાન !

"અત્યારે ક્યાં જાય છે ? આ ઝોળી-તરપણી લઈને હમણાં ક્યાં નીકળ્યો ?" ગુરુજીએ શિષ્યને પ્રશ્ન કર્યો.

રાતના બે વાગ્યા હતા અને શિષ્ય ગોચરી માટેની બધી તૈયારી કરીને ઉપાશ્રય બહાર નીકળી રહ્યો હતો. રાતના બે વાગે ઊઠીને શિષ્યે ઝોળી-પાત્રાદિનું પ્રતિલેખન શરૂ કરેલું અને એનો અવાજ થતાં ગુરુ જાગી ગયેલા. આશ્ચર્ય પામીને ગુરુ એ દૃશ્ય જોઈ રહ્યા. "આ ચેલો રાત્રે બે વાગે શું કરે છે ?" પછી તો રીતસર ગોચરી જવા માટે તૈયારી કરતો જોઈને ગુરુ આભા જ બની ગયા.

તરત નજીક જઈ ઉપર મુજબ પ્રશ્ન કર્યો.

"ગુરુજી! પેલા વૃદ્ધ મુનિ માટે ગોચરી લાવવાની છે ને? એ લેવા જાઉં છું." શિષ્યે જવાબ આપ્યો. શિષ્યના ઉત્તરથી ગુરુજી બધી હકીકત સમજી ગયા.

હકીકત એ હતી કે એ વૃંદમાં એક વૃદ્ધ મુનિ હતા. આ શિષ્યને એમની તમામ પ્રકારની સેવા સોંપવામાં આવેલી. "વૈયાવચ્ચ, વૃદ્ધસેવા મહાન ધર્મ છે." એ શાસ્ત્રીય પદાર્થને સારી પેઠે સમજી ચૂકેલા શિષ્યે મન મૂકીને વૃદ્ધની સેવા આરંભી દીધી હતી. દિવસ-રાત જોયા વિના વૃદ્ધ મુનિને સમાધિ આપવાના એકમાત્ર લક્ષ્ય સાથે એ લગભગ મંડી જ પડ્યા હતા.

મહિનાઓના, વર્ષોના આ વૈયાવચ્ચ-સંસ્કાર એટલા બધા ગાઢ બની ગયેલા કે એમને ઉંઘમાં પણ આ વૈયાવચ્ચના સંસ્કારો અસર કરે.

એનું જ પરિણામ આ બનેલો પ્રસંગ હતો. આગલા દિવસે ગોચરી લાવવાની કોઈક બાબત અંગે મનમાં વિચારો સતત ચાલ્યા હશે. પરિણામે રાત્રે ઉંઘમાં એ વિચારોએ પોતાનું ફળ દર્શાવી જ દીધું.

ચાલાક ગુરુ બધી વાત પામી ગયા. સાધુને બરાબર ઢંઢોળી ભાનમાં લાવ્યા "જરા જો તો ખરા! રાતના બે વાગ્યા છે. આ કંઈ ગોચરીનો સમય છે. ચાલ, સૂઈ જા..." અને ભાનમાં આવેલા શિષ્યને પોતાની ભૂલ સમજાઈ. ક્ષમા માંગી બધી ઉપાધિ મૂકી શાંતિથી સંથારી ગયા.

(+ પૂર્વે થઈ ગયેલા શોભનમુનિ ગોચરી વહોરવાની ક્રિયામાં જ સ્તુતિઓ બનાવવામાં એવા લીન થયેલા કે ગૃહસ્થે પથરા વહોરાવ્યા તો પણ એમને ખબર ન પડી પણ 'એ મુનિ ઉંઘમાં પણ સ્તુતિ બનાવતા.' એવું સાંભળ્યું નથી. જ્યારે આ મુનિ જાગતા તો સતત વૈયાવચ્ચની ધૂનમાં રહેતા જ, પણ ઊંઘમાં ય વૈયાવચ્ચની લગની ચાલુ રહી. આ કેવી વિશેષતા!

+ જેમ ઈર્ષ્યા, ક્રોધાદિ દોષો તીવ્રતા સાથે સેવીએ તો એના સંસ્કારો ગાઢ બને અને ભવોભવમાં જીવ ક્રોધી, ઈર્ષ્યાળુ બન્યા જ કરે, એમ સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિ ગુણો તીવ્રતા સાથે, એકાગ્રતા સાથે, પુષ્કળ હર્ષોલ્લાસ સાથે સેવીએ, તો એના સંસ્કારો ગાઢ બને અને આવતા ભવોમાં જીવ ફરી સ્વાધ્યાયી, વૈયાવચ્ચી... બને. એટલે જ કોઈપણ શુભયોગમાં વેઠ ન ઉતારવી, ઉતાવળે પૂરું કરવાનું લક્ષ્ય ન રાખવું, કંટાળા-ખેદથી શુભયોગ ન આદરવા... નહિ તો એ શુભયોગો ભવાંતરોમાં પ્રાપ્ત ન થવાદિ રૂપ મોટા નુકસાનોની સંભાવના છે. એમાં ય પ્રતિલેખન, પ્રતિક્રમણ, લોચ આદિ કે જે યોગો અવશ્ય આદરવાના જ છે, રુચિ ન હોય તો પણ જે શુભયોગો આચરવાના જ છે, તે યોગોમાં ભાવોલ્લાસ, હર્ષોલ્લાસ ભેળવીને એને સુમધુર જ ન બનાવી દઈએ! શા માટે એ પ્રબળ પુરુષાર્થને નકામો-નિષ્ફળ થવા દઈએ?)

## વૈરાગ્યના રંગો સજી ક્યારે પ્રભુ! સંયમ ગ્રહું ?

એક સંયમીએ દીક્ષા લેતા પહેલાં લગાતાર ચાર વર્ષ સુધી અખંડ એકાસણા કરેલા (ગાઢ કારણસર ક્યારેક છૂટું રાખ્યું.) અને માટે જ એના ઘરે કાયમી ઉકાળેલું પાણી રહેતું. પણ ઉપાશ્રયથી એનું ઘર ૩૦૦-૪૦૦ ડગલાં દૂર હતું. એટલે ત્યાં પાણી વહોરવા ભાગ્યે જ કોઈ સંયમી જતા. એમાં ય આંબિલ ખાતાનાજ પાણી શરૂ થયા પછી તો ઘરે-ઘરે એક-એક ગ્લાસ પાણી વહોરનારા તો ભાગ્યે જ કોઈક સંયમી મળે.

''ધર્મલાભ!''

સાંજે પાંચ-સાડા પાંચ વાગ્યાના સમયે એક મુનિરાજે મુમુક્ષુના ઘરે પ્રવેશ કર્યો. સાથે લોટ હતો.

'ઉકાળેલું પાણી છે?' એમ પૃચ્છા કરી.

મુમુક્ષુ (કે જે એ વખતે મુમુક્ષુ ન હતો, મુનિ સાથે કોઈપણ પરિચય વિનાનો જ હતો. માત્ર પ્રાયશ્ચિત્તરૂપે અખંડ એકાસણા કરતો હતો.) આ રીતે ઘરે પાણી વહોરવા આવેલા મુનિને જોઈ અત્યંત આનંદમાં આવી ગયો. 'આવો અણમોલ સુપાત્રદાનનો લાભ ક્યાંથી?' એમ વિચારી નાનકડો ઘડો લઈ મુનિ પાસે આવ્યો.

'સાહેબ! લાભ આપો.'

મુનિરાજે જોયું કે 'સૂર્યાસ્ત થવાને પોણો - એક કલાકની જ વાર હતી. અને ઘડામાં મુમુક્ષુને ચાલે એટલું બે ત્રણ ગ્લાસ જેટલું જ પાણી હતું. જો પાણી લઈ લે તો મુમુક્ષુ શું વાપરે? અને એ જો નવું પાણી ઉકાળે તો તો દોષો લાગે જ.' એટલે મુનિવર પાણી વહોરતા ખચકાયા. બે - પળમાં જ મુનિના ખચકાટનું રહસ્ય સમજી ગયેલા ચકોર મુમુક્ષુએ ત્યાં જ ઘડો મૂકી દઈ બે હાથ જોડી 'પાણાહાર દિવસ ચરિમં...' પચ્ચક્ખાણ જાતે જ લઈ લીધું અને બોલી ઊઠ્યો,

'સાહેબ! હવે મારે પાણી વાપરવાનું નથી. આ બધા પાણીનો આપે લાભ આપવો જ પડશે.'

મુનિરાજે પાણી નિર્દોષ જાણી એ વહોરી લીધું.

એક નિર્દોષ સંયમ જીવન જીવનારા સંયમીનો આવો અણધાર્યો, અપૂર્વ સુપાત્રદાનનો લાભ મળવાથી મુમુક્ષુનો મન-મોરલો નાચી ઊઠ્યો. સંયમીના નિર્મળ સંયમે જ એ મુમુક્ષુની ભાવનાને વેગ આપ્યો હતો.

આ મુમુક્ષુ જ્યારે દીક્ષા લેવાની કોઈ જ ભાવનાવાળો ન હતો ત્યારે એને એકવાર વિચાર આવ્યો કે 'હું દરરોજ સ્નાન કર્યા બાદ દર્પણ સામે ઊભો રહી વાળ ઓળું છું. દિવસમાં ત્રણ-ચાર વાર વાળને કાંસકાથી દર્પણ સામે રહીને બરાબર કરું છું. આ મારો મારા રૂપ ઉપરનો કેટલો રાગ! આમાં મને મોક્ષ શી રીતે મળે?' અને એ દિવસથી પોતાની મેળે જ એણે દર્પણમાં જોવાનો ત્યાગ કર્યો. સ્નાન બાદ દર્પણ વિના જ વાળ ઓળી લેવાની પ્રેક્ટિસ પાડી.

પણ લલાટમાં મોટો કેસરી ચાંદલો ભગવાનની આજ્ઞાના પ્રતીકરૂપે કરવો તો ખૂબ ગમતો. અને એ તો દર્પણમાં જોયા વિના શી રીતે કરવો ફાવે? મુમુક્ષુએ એનો પણં ઉપાય અજમાવ્યો. ખેસનો અષ્ટ પડવાળો મુખકોશ એવી રીતે બાંધે કે માત્ર કપાળ અને બે આંખ સિવાય મુખનો કોઈ જ ભાગ ન દેખાય અને એ રીતે કરીને જ પછી ચાંદલો કરે જેથી મુખદર્શનનું પાપ ન લાગે.

માત્ર એક ગ્લાસ પાણી વડે જ એ રોજ સ્નાન કરતો. અને એ બધું પાણી ટબમાં લઈ બહાર પરઠવી દેતો. એક ગ્લાસ પાણીનો એવો તો વ્યવસ્થિત ઉપયોગ કરે કે જેથી એટલા ઓછા પાણીમાં પણ સંપૂર્ણ સ્નાન થઈ જતું.

દીક્ષાં પૂર્વે દીક્ષાની ભાવના વિનાના ચાર વર્ષ આવા વિરતિપરિણામ સહિત એ મુમુક્ષુએ વિતાવ્યા.

મુમુક્ષુ કહે છે કે આ ભાવોએ જ મને સર્વવિરતિની ઈચ્છા પ્રગટાવી.

(જો અદીક્ષાર્થી આત્મા પણ સાધુની ભક્તિ કરવા પાણી છોડી રાતભર તરસ્યો રહેવા તૈયાર થાય, પોતાનું મુખ સુધ્ધાં જોવામાં પાપ માને, તો આપણે બધા તો સર્વવિરતિધરો છીએ. શાસનને જો ખરેખર સમજ્યા હોઈએ તો સાધુની ભક્તિ માટે આપણો ભાવ કેવો હોય? આપણા નામ લખાવવા કે ફોટો મુકાવવાની ઈચ્છા સુધ્ધાં પણ શું આપણને શોભે ખરી? વિચારશો.)

## તમે વૃદ્ધ સંયમીઓની સેવા કરો છો ને?

હું એક ઘરડો સાધુ છું, મારી ઉંમર થઈ છે ૭૨ વર્ષ! દીક્ષાપર્યાય મારો ૪૦ વર્ષનો છે. મારું પુણ્ય આમ ઘણું ઓછું, એટલે હું વ્યાખ્યાનાદિની શક્તિ ધરાવતો નથી. મારે કોઈ શિષ્ય પણ નથી. હું એવો ઘોર તપસ્વી પણ નથી, કે મેં એવી કોઈ વૈયાવચ્ચ પણ કોઈની કરી નથી.

આમ જોવા જઈએ તો મારામાં એવી કોઈ જ વિશિષ્ટતા નથી કે જેના કારણે કોઈને મારા તરફ આકર્ષણ થાય. હા! શરૂઆતનાં ૨૦-૨૫ વર્ષ મેં એકાસણા કર્યા છે, મોટા દિવસોમાં આંબિલ-ઉપવાસ કર્યા છે. મારા ગુરુના આદેશ મુજબ લગભગ આખું જીવન પસાર કર્યું છે. જીવનમાં કદી મૂલગુણોનો ભંગ કર્યો નથી. જ્યાં શક્ય હતું ત્યાં નિર્દોષ ગોચરી જ વાપરી છે, વિહારધામ વગેરેમાં જ્યારે જ્યારે દોષિત ગોચરી વાપરવાનો અવસર આવ્યો ત્યારે બે-ત્રણ દ્રવ્ય જ વાપરીને બરાબર યતના પાળી છે, દર બે-ચાર મહિને મારા મનના સૂક્ષ્મ પાપોની પણ મેં આલોચના કરી છે. રોજ લગભગ ૫-૭ કલાકનો સ્વાધ્યાય કર્યો છે. ઝઘડા-કંકાસ વગેરેથી લગભગ દૂર જ રહ્યો છું. ક્યારેક આવેશ આવ્યો પણ છે, ગમે તેમ બોલ્યો પણ છું, પણ એ જ દિવસે એની માફી માગ્યા વિના રહ્યો નથી. મનમાં ક્યારેક વિકારો જાગ્યા છે ખરા, આંખોથી

વિજાતીયને જોઈ લેવાનાં પાપ પણ થયા છે ખરા, પણ સાચું કહું ? મને ત્યાર પછી દુ:ખ પણ થયું છે. મારી જાત ઉપર ધિક્કાર પણ થયો છે. હું પ્રભુ પાસે ખૂબ રડ્યો પણ છું. ગુરુ પાસે એનું પ્રાયશ્ચિત્ત પણ લીધું છે છતાં યુવાની અને કુસંસ્કારોના કારણે ૫૫-૬૦ વર્ષની ઉંમર સુધી માનસિક દોષોનો શિકાર હું ચોક્કસ બન્યો છું પણ સાથે એ પણ કહીશ કે મેં વ્યવહાર બગાડ્યો નથી. મેં કદી એકલાં બહેનો સાથે વાત કરી નથી. કદી કોઈની સામે ટીકી ટીકીને જોયું નથી. સૂર્યાસ્ત બાદ મેં ઉપાશ્રયમાં બહેનોને પ્રવેશવા દીધા નથી. ટૂંકમાં કોઈને પણ મારી સામે આંગળી ચીંધવાનું મન થાય કે મારા પર શંકા જાય એવું કશું જ મેં કર્યું નથી. બંધબારણે કદી બેઠો નથી. ઉપાશ્રયમાં કાયમ માટે ખુલ્લા સ્થાનમાં = હોલમાં બેસું છું, રૂમમાં કદી પણ બેસતો નથી.

આમ ભલે હું તપસ્વી-પ્રભાવક-વૈયાવચ્ચી-જ્ઞાની... જેવો વિશિષ્ટ સાધુ નથી, પણ અસંયમી - પતિત સાધુ પણ નથી. એકંદરે મારી શક્તિ પ્રમાણે મેં સારું જીવન પસાર કર્યું.

હવે હું મુખ્ય વાત કરું.

લગભગ પચાસેક વર્ષની ઉંમર સુધી તો મને કશી ચિંતા ભવિષ્યની ન હતી પણ ધીરે ધીરે નાનામોટા રોગો થવા લાગ્યા, શરીર ઘસાવા લાગ્યું, બધા જ સંયમયોગો સ્ફૂર્તિ સાથે એકલે હાથે પાળવા અઘરા પડવા લાગ્યા. મને શ્વાસની તકલીફ હતી એટલે બે-ત્રણ માળ ચડતા પણ મને શ્વાસ ચડી જતો. એટલે જ ઘડાઓ ઊંચકી-ઊંચકીને લાવવા એ મારા માટે અઘરું થઈ પડ્યું. વિહારમાં પણ - પાણીનો મોટો ઘડો ઊંચકવાની મારી શક્તિ ન રહી. વાયુના રોગના કારણે મારા હાથ પણ થોડા થોડા ધ્રૂજવા લાગેલા, એટલે કોઈપણ પાત્ર વગેરે હાથમાં પકડતા મને જ ભય લાગતો કે 'આ પડી જશે તો ?' એટલે ગોચરી જવાનું પણ મને ભારે પડવા લાગ્યું. ઉપાશ્રયમાં જો માત્રુ પરઠવવા એક-બે માળ ચડ-ઊતર કરવી પડે એમ હોય તો મને ચિંતા થઈ પડતી.

આવી ઘણી નાની-મોટી ચિંતાઓ મને ઘેરી રહી હતી. એ વખતે તો મારા ગુરુ સાથે હતા અને એમનો વિશાળ પરિવાર પણ સાથે હતો એટલે ગુરુના પ્રભાવથી મારું બધું જ સચવાઈ જતું હતું પણ આશરે પંચાવન વર્ષની ઉંમરથી મારામાં એક ચિંતાનો કીડો સળવળવા લાગ્યો. "મારા ગુરુની ઉંમર ઘણી થઈ ગઈ છે, એ ગમે ત્યારે જતા રહેશે. એમના ગયા પછી મને કોણ સાચવશે ? હું કોની સાથે રહીશ ? બીજા બધા સાધુઓના પોત-પોતાના ગ્રુપ બની ગયા છે. પણ મારે તો કોઈ શિષ્ય નથી. એવી કોઈક અંગત આત્મીયતા પણ નથી. સંસાર સ્વાર્થી છે, કોણ મને રાખશે ? બધાને હું બોજારૂપ લાગીશ. કેમકે હું તો કોઈને પણ કશા કામમાં આવવાનો નથી. ઊલટું મારે બધાની સેવા લેવી પડે એવી હાલત છે. તો મને તો કોઈ નહિ રાખે.

તો શું હું એકલો પડી જઈશ ? મારે એકલા રહેવું પડશે ? કે પછી દીન બનીને કોઈકના ગ્રુપમાં અપમાન સહેતા રહેવું પડશે ? મારી સમાધિનું શું ? મારું મરણ કમોતે થશે ?"

આ વિચારોથી મારી માનસિક પીડા ખૂબ જ વધી ગઈ. એ તો ભાઈ ! જેના પર વીતે એને

ખબર પડે. મને મારી જાત સાવ એકલી પડી જતી દેખાઈ. બધા સાધુઓ પોતપોતાના ગ્રુપ બની જવાથી આનંદમાં હતા, પણ કોઈને મારા જેવા નોંધારાઓનો વિચાર પણ નહિ આવ્યો હોય કે આ ઘરડા થઈ રહેલા, એકલા સાધુની શી હાલત થતી હશે ?

મારી મુંઝવણ વધી અને હું આખો દિવસ ઉદાસ રહેવા લાગ્યો. ગુરુને પણ આ વાત કરવાની મારી હિંમત ન થઈ. મારો સ્વભાવ પાછો સ્વમાની! એટલે માગણી કરવી કોઈની પાસે દીન બનવું... એ મારા સ્વભાવમાં જ ન હતું.

હવે એક બાજુ સ્વમાન ! સ્વાભિમાન ! બીજી બાજુ ઘડપણના કારણે ઊભી થયેલી પરાધીનતા ! આ બે વચ્ચે કેમ મેળ ખાય ?

પણ

જિનશાસન તો રત્નોની ખાણ છે ! મારી સમજ ઊંધી પડી.

અમારા ગ્રુપના એક સંયમી-પ્રભાવક સાધુ એક રાત્રે મારી પાસે આવ્યા. દસેક મિનિટ બીજી બધી વાતો કર્યા બાદ એ મને ખાનગીમાં લઈ ગયા.

''ઘણા દિવસથી તમે ચિંતામાં લાગો છો, મોઢા પર આનંદ દેખાતો નથી. એવું શા માટે ? અમારી કોઈ ભૂલ ? તમે અમને તમારી મૂંઝવણ ન કહો ? અમે તમારા બાળક જેવા છીએ.''

એ સાધુએ ભરપૂર વાત્સલ્ય અને લાગણીભરી વાણીથી મને પ્રશ્ન કર્યો.

''ના. ના. કશી ચિંતા નથી. તમે બધા છો. પછી મારે શી ચિંતા ?'' મેં વાત છુપાવી.

પણ એ યુવાન સાધુ ભારે હોંશિયાર ! એક મિનિટ શાંત રહી એણે ગદ્ગદ્ બની ગયેલા સ્વર સાથે શબ્દો ઉચ્ચાર્યા.

''મુનિવર ! અમને પારકા ન ગણો. તમારી કોઈપણ ચિંતા દૂર કરવાની જવાબદારી મારી છે. મને આપની સેવાની તક આપો. મારા પર ઉપકાર કરો.''

અને દિવસોની મારી ચિંતા ધ્રુસકે ધ્રુસકે રૂદન સાથે, ચોંધાર આંસુ સાથે બહાર વરસી પડી. બે મિનિટ સુધી હું રડતો જ રહ્યો. એ સાધુ મારી પીઠ પર હાથ ફેરવતો રહ્યો.

''મને માત્ર મારા ઘડપણની ચિંતા છે, મને કોણ સાચવશે ? ગુરુ તો હવે ગમે ત્યારે ઉપડી જશે. પછી હું એકલો ? તદ્દન નકામો અને બોજારૂપ. મારી સારસંભાળ કોણ લેશે ?'' મેં કહ્યું,

અને મારા આશ્ચર્ય વચ્ચે એ પ્રભાવક મુનિ બોલી ઊઠ્યા, ''બસ, આટલી જ વાત છે ને ? તો તમે જરાય ચિંતા ન કરો. હું હમણા જ તમારી પાસે બાધા લઈ લઉં છું કે હું આખી જિંદગી તમારી સાથે રહીશ. તમારા શિષ્યની જેમ રહીશ. મારે બે શિષ્યો થઈ ગયા છે. બીજા પણ થશે પણ એ બધા કરતા પણ મારે મન તમારું મહત્ત્વ સૌથી વધારે રહેશે. મારા શિષ્યો મારી નહિ, તમારી કાળજી સૌપ્રથમ કરશે. અને તમે વિશ્વાસ રાખજો કે આ મારું વચન હું અક્ષરશઃ પાળીશ. તમારી સેવા દ્વારા તો મને ભગવાનની સેવાનો લાભ મળશે. મારું મોહનીય કર્મ તૂટશે. મારી શક્તિઓ સાચા માર્ગે જ વપરાશે. આ બધું તમારી સેવાના પ્રભાવથી થશે. હું તમારો ઉપકારી નહિ, પરંતુ

તમે મારા અત્યંત ઉપકારી બનશો. હવે પછી આ ચિંતા બિલકુલ નહિ કરવાની.''

અને ખરેખર ત્યાં ને ત્યાં બે હાથ જોડીને મારી સામે ત્યારે ને ત્યારે એ સાધુએ પ્રતિજ્ઞા લઈ લીધી.

એ વાતને આજે ૧૭ વર્ષ થઈ ગયાં, મારા ગુરુ કાળધર્મ પામ્યાને ૧૬ જેટલા વર્ષ થઈ ગયાં પણ સાડા ત્રણ કરોડ રુવાંડાથી હું આ જવાબ આપું છું કે ''એ સાધુએ એ વચન સવાયું પાળ્યું છે. આજે એના ૧૫-૧૫ શિષ્યો હોવા છતાં એ સાધુ મારું પડિલેહણ કરવા આવે છે. દિવસમાં બે-બે વાર મને શાતા પૂછવા આવે છે.''

હું લગભગ બેસણા કરું છું, પણ મારી ગોચરી કોણ લાવશે ? એ ચિંતા મને થતી જ નથી કેમકે રોજ મને સમયસર ગોચરી વપરાવે છે. મારી દવાની પણ કાળજી રખાવે છે.

'પાણી કોણ લાવી આપશે ?' એ પ્રશ્ન જ મને ઊભો નથી થતો. કેમકે પહેલીનું પાણી અને બીજીનું પાણી મારી જગ્યાએ સમયસર આવી જ ગયું હોય.

''વિહારમાં તો હું ઘડો નહીં ઊંચકી શકું. તો મને વિહારમાં પાણી કોણ વપરાવશે ? અને મારી ઝડપ ઓછી છે, તો મારી સાથે કોણ ચાલશે ?'' એવી ચિંતાઓ મને રહી નથી. કેમકે કાયમ માટે વિહારમાં એક સાધુ મારી સાથે ને સાથે જ ચાલે છે. મારા માટે પોતાની ઝડપ ઘટાડીને ચાલે છે. અને મને ઘડો તો ઠીક, પણ તરપણી પણ ઊંચકવા દેતા નથી. પાણી વાપરવા કે સ્થંડિલ જવા માટે એ જ મને પાણી આપે. મારે ઊંચકવાનું નહિ જ.

''મારા કપડાનો કાપ કોણ કાઢશે ? ૭૨ વર્ષે મારી કાપ કાઢવાની કોઈ શક્તિ નથી.'' એ વિચાર સ્વપ્નમાં પણ મને આવવા દીધો નથી. એ સાધુઓમાંથી કોઈપણ સાધુ કાપ કાઢે એટલે મારી પાસે આવી જીદ કરી, ખેંચીને મારા એક-બે, એક-બે કપડા લઈ જઈ, બરાબર કાપ કાઢી પાછા આપી જાય.

'મારા માત્રા-સ્થંડિલના પ્યાલા મૂકવા-પરઠવવા કોણ જશે ?'' એવો વિચાર છેલ્લાં ૧૫ વર્ષમાં આ સાધુઓએ આવવા દીધો નથી. મને કડક આજ્ઞા છે કે ''તમારે માત્રુ પરઠવવા ઉપર ચડવું નહિ કે નીચે ઊતરવું નહિ.'' મારી પાસે કોઈપણ એકાદ સાધુ કાયમ બેસે, અને જ્યારે હું માત્રુ કરું કે તરત પરઠવી આવે. સ્થંડિલ જવાનું પણ એ જ રીતે. જો બહાર જગ્યા મળે, તો સાધુ જ મારો સ્થંડિલનો પ્યાલો પરઠવી આવે. ન મળે તો નીચે વાડામાં મૂકી આવે. પણ મને ઊતર-ચડ ન કરવા દે.

મારી પ્રસન્નતા ખાતર એમણે પોતાના બે-ત્રણ મુમુક્ષુઓ મારા નામે જ દીક્ષિત કરવાનો સખત પ્રયત્ન કરેલો, પણ મેં જીદ પકડી અને એમ થતાં અટકાવ્યું. ''મોટી ઉંમરે મારા શિષ્ય બને, અને હું વિદાય થાઉં, તો એમનું શું ? વળી મને એ સાધુ અને એના ૧૫ શિષ્યો કદી પરાયા લાગ્યા જ નથી. તેઓનો વ્યવહાર જ એટલો બધો ઊચ્ચ કોટિનો, લાગણીભરેલો, સંયમભરેલો છે.

મારી વૈયાવચ્ચમાં જો ખામી આવે તો એ સાધુ પોતાના શિષ્યોને ઠપકો આપ્યા વિના ન રહે. ચોખ્ખું કહી દે કે "મારી સેવા પછી, પહેલા આ વૃદ્ધ મુનિની સેવા કરવાની."

કેટલું લખું ?

મારી આંખો આંસુથી છલકાય છે, મને આ ઘડપણમાં પણ સ્વર્ગીય પ્રસન્નતા અનુભવાય છે. ડાયાબિટીસ + શ્વાસ + હૃદયનો દુઃખાવો + વકરેલો વાયુ... વગેરે વગેરે વિચિત્ર રોગો વચ્ચે પણ નીરોગી કરતા ય વધુ પ્રસન્નતા મારું હૈયું અનુભવે છે.

હું એ સાધુઓનો ગુરુ નથી, ઉપકારી નથી, સગો-વહાલો નથી, કોઈપણ પ્રકારે સહકાર આપનાર પણ નથી. છતાં તે બધા મને ફૂલની જેમ સાચવે છે, એ શા માટે ? એનો ઉત્તર એક જ છે કે 'હું સાધુ છું અને વૃદ્ધ છું' બસ માત્ર ને માત્ર એક અગાધ-અમાપ શુભભાવનાથી પ્રેરાઈને તેઓ મને સાચવી રહ્યા છે, મને પ્રસન્નતાની ભેટ બક્ષી રહ્યા છે.

મને તો હવે કોઈ ચિંતા નથી. પણ મને ચિંતા છે મારા જેવા બીજા હજારો વૃદ્ધ સાધુ-સાધ્વીઓજીની! કુલ ૧૫૦૦૦ સાધુ-સાધ્વીજીઓમાં ૧૦૦૦ સંયમીઓ તો એવા હશે જ કે જેઓ ૬૦ વર્ષની ઉંમર વટાવી ગયા હોય. એમને સેવાની ખરેખર જરૂર હોય. શું એ બધાને મારા વૈયાવચ્ચીઓ જેવા સાધુઓ મળ્યા હશે ? શિષ્યવિહોણા અને સહાયકવિહોણા સેંકડો સંયમીઓ અવનવી ચિંતાઓમાં પીડાતા તો નહિ હોય ને ? મેં એ પીડા અનુભવી છે, એ ચિંતાનો ભાર મેં એકવાર વેંઢાર્યો છે.

મારી એક વાત સૌ માનશો ખરા ?

તમે સૌ તમારા ગચ્છના, તમારા ગ્રુપના વૃદ્ધોને હૈયાના ઉમળકા સાથે વધાવી લેજો. એમની માનસિક પીડાઓને મીઠાં-મધુરાં આશ્વાસનના અને અનુમોદનાના શબ્દો દ્વારા શમાવી દેજો. એમના આંખમાં એકલવાયાપણાના, અસહાયતાના આંસુનું એક ટીપું પણ ન પડવા દેશો. એ આંસુ નથી, પણ ધગધગતી આગ છે, જે તમારા પુણ્યકર્મને રાખ બનાવી દેશે એ ન ભૂલશો. તમે શ્રાવકોને, ભક્તોને સાચવવા માટે આ વૃદ્ધોને નોંધારા ન મૂકશો. ગૃહસ્થો માટે તમારી પાસે કલાકોનો સમય હોય અને આ વૃદ્ધ સાધુઓને માટે દસ-પંદર મિનિટ પણ ન હોય એવી અધમતા તમારા જીવનમાં તમે ન આવવા દેશો. ગૃહસ્થોને પડતા મૂકીને પણ વૃદ્ધ સાધુઓ પાસે હોંશે હોંશે દોડી જનારા તમે બનજો.

તમે ગૃહસ્થોને તો કેવો મોટો ઉપદેશ આપો છો કે "મા-બાપ તમારા ઉપકારી છે, એમને બરાબર સાચવજો. એ ઘરડાં થાય ત્યારે એમની લાકડી તમે બનજો." તો શું આ વૃદ્ધ સાધુઓની લાકડી તમે ન બની શકો. એમને સમાધિ આપવાની તમારી ફરજ તમે ચૂકી જશો ?

હું માનું છું કે ઉંમર થાય એટલે માણસનો સ્વભાવ બગડે. વૃદ્ધ માણસો ચીડિયા સ્વભાવવાળા, જિદ્દી બાળક જેવા પણ બની જાય પણ એટલા માત્રથી એમની ઉપેક્ષા કરવી એ યોગ્ય તો ન જ

ગણાય ને ? આવતીકાલે તમારી પણ એ જ હાલત થવાની જ છે ને ? ત્યારે તમને કોઈ છોડી દે ત તમને ગમશે ?

જરાક આંખો બંધ કરીને વિચારો કે એ ઘરડા સાધુના સ્થાને તમે હો તો તમારી હાલત કે હોય? તમને શું શું અપેક્ષાઓ હોય? તમને કઈ કઈ મુશ્કેલીઓ હોય? યુવાનીના મદમ વૃદ્ધત્વની વાસ્તવિકતાને વીસરી ન જશો.

વૃદ્ધોને કઈ કઈ મુશ્કેલીઓ હોય છે? એ કોઈક ઘરડા સાધુને સતત જોશો, તો ખ્યાલ આવશે.

– ગોચરી વાપર્યા બાદ ઊભા થવામાં પણ વૃદ્ધનો દમ નીકળી જતો હોય.

– ચાલતી વખતે લથડતા હોય તો સતત ટેકાની જરૂર રહે, પડી જવાનો ભય લાગે.

– ત્રણ ટાઈમ કંઈક ભાવતી ચીજ વાપરવાનું મન થાય, એ અપેક્ષા પૂરી ન થાય તો મન રિબાય...

– કાનેથી સંભળાતું ન હોય એટલે કોઈની સાથે વાતચીત કરી ન શકે. પરિણામે નવરા પડે અને મનમાં વિચારો ચાલે. કોઈક વાતો કરતા હોય, તો એ સાંભળવાની ઈચ્છા થાય, એવી શંકા પણ થાય કે "આ બધા મારી વિરુદ્ધમાં જ બધી વાત કરતા હશે."

– પડિલેહણમાં, સ્થંડિલ-માત્રુમાં જે શારીરિક પરિશ્રમ પડે, એ પણ એમના માટે અસહ્ય બને. ઘડપણના કારણે રાત્રે ત્રણ-ચાર વાર પણ માત્રુ જવું પડે, રાત્રે કોને પરઠવવા મોકલે ? બધા સૂતાં હોય. એ વખતે કોઈકને ઉઠાડે, પણ જો એ ઉત્સાહ ન બતાવે તો એનો આઘાત ભારે લાગે.

– નાના - નવા સાધુઓ વૃદ્ધોની મશ્કરી કરે, "થોડું થોડું કામ કરતા રહો, તો ખાવાનું પચશે." એમ કહીને કામ સોંપતા જાય અને હસતા જાય. આવું જો બને તો પોતાની આ અસહાય દશા, અશક્ત દશા એમને માનસિક પીડા ખૂબ આપે.

– સૌથી અગત્યની વાત એ છે કે વૃદ્ધને બીજી બધી વસ્તુ કરતા પણ સૌથી વધુ જરૂર હોય છે હૂંફની, આશ્વાસનની, વહાલભરેલા શબ્દોની! એ જો મળે તો મોટા રોગો વચ્ચે પણ એ માનસિક પ્રસન્નતા - સમાધિ કેળવી શકે છે. પણ આ બધું જો ન મળે, તો વગર રોગે પણ ભારે બેચેની એ અનુભવશે.

– કપડાં મેલાં થાય, ક્યારેક ઝાડા થઈ જવાથી કપડાં બગડે, ક્યારેક ઉંઘમાં માત્રુ થઈ જવાથી કપડા બગડે. આ બધું કોણ ધોશે ? એની એમને ફિકર રહે જ. ઘડપણના કારણે આવા બધા કપડા પહેરવા ન ગમે એ પણ શક્ય છે, પણ એ બધા કામ સોંપે કોને ?

એવું ન વિચારશો કે "અમે તો સંયમી વૃદ્ધની સેવા કરીએ. જે વૃદ્ધને ખાવા-પીવામાં રસ હોય, ચોખ્ખાં કપડાં જ પહેરવામાં રસ હોય, ઉંઘ્યા કરવામાં રસ હોય, ગૃહસ્થો સાથે વાતોચીતો

કરવામાં જ હોય એવા ઘરડાની સેવાથી શું લાભ મળે?''

આ વિચાર ખોટો છે. કેમકે આ બધા કંઈ મૂલગુણોના દોષો નથી, આ બધા જ દોષો ઉત્તરગુણોના દોષો છે. વળી આ ઉંમરે આવા કાળમાં આવા આવા દોષો તો કોનામાં નથી જાગતાં? શું ખુદ તમારામાં આવા કે એના જેવા બીજા કોઈ દોષો નથી? તો તમે તમારા દોષ નિભાવી શકો અને પારકાના ન નિભાવો, એ કેમ ચાલે?

ખરી વાત એ તો નથી ને? કે વૈયાવચ્ચ કરવાની ઈચ્છા જ નથી, વૃદ્ધ માટે ઘસાઈ છૂટવાની તૈયારી નથી, સેવા લેવી છે પણ સેવા કરવી નથી. મોટા બનવું છે, પણ નાના બનવું નથી. અંદરની આ મલિન ભાવના જ વૃદ્ધોની વૈયાવચ્ચ ન કરવા માટેના ખોટાખોટા કુતર્કો ઊભા કરાવતી નથી ને? એ અંદર જોઈજોઈને ચકાસજો.

તમે એ ન ભૂલશો કે

**વૃદ્ધોની સેવા તમારા કામવિકારાદિ દોષોને સળગાવીને સાફ કરી નાખશે.**

**વૃદ્ધોની સેવા તમારી જ્ઞાનશક્તિ, પ્રવચનશક્તિ, લેખનશક્તિને પચાવનારી પાચનશક્તિ આપશે.**

**વૃદ્ધોની સેવા તમને આ ભવમાં અને ભવાંતરમાં સંયમસાધક નીરોગી દેહની ભેટ આપશે.**

**વૃદ્ધોની સેવા તમારી વાણીમાં અમૃતતૂલ્ય મીઠાશને જન્માવી દેશે.**

**વૃદ્ધોની સેવા સદૈવ તમને પ્રસન્નતા બક્ષનારા વાતાવરણમાં જ રાખનારું પુણ્ય જન્માવશે.**

**વૃદ્ધોની સેવા તમને ઘડપણમા ઉત્તમ વૈયાવચ્ચીઓ મેળવી આપશે.**

જો તમે વૃદ્ધોની સેવા નહિ કરો, ઉપેક્ષા કરશો તો

કાં તો તમે કદી વૃદ્ધ જ નહિ બનો, અર્થાત્ યૌવનવયમાં જ મોત આવી પડશે.

કાં તો વૃદ્ધાવસ્થામાં નિરાધાર-નિઃસહાય-અત્યંત પીડિત બની રહેશો.

મને મારી ચિંતા નથી, પણ મને મારા જેવા હજારેક વૃદ્ધોની ચિંતા તો છે જ, એમની ક્યાંક ક્યાંક ઉપેક્ષા થતી જોઈને મને કરુણા ઉત્પન્ન થાય છે. મને એ ઉપેક્ષા કરનારા સક્ષમ સાધુઓ પ્રત્યે પણ દયા પ્રગટે છે કે ''બિચારા તેઓનું શું થશે?'

બસ મારી એક અંતિમ પ્રાર્થના છે,

કકળતા હૈયાની અંતિમ વિનંતી છે.

સૌના હિત માટેની અંતિમ ભાવના છે -

- કે ૫૦ વર્ષ સુધીના પ્રત્યેક સંયમીઓ = સાધુઓ અને સાધ્વીજીઓ એવો દૃઢ સંકલ્પ કરે, પ્રતિજ્ઞા લે કે હું ઓછામાં ઓછા એક વૃદ્ધને સાચવી લઈશ. એમની સેવા કરીશ. એ વૃદ્ધ સંયમી મારો શિષ્ય હોય કે મારા ગુરુનો શિષ્ય હોય કે મારા ગુરુભાઈનો શિષ્ય હોય કે બીજા કોઈ ગ્રુપનો હોય કે બીજા કોઈ ગચ્છનો હોય. પણ જો એને જરૂર હશે તો હું ચોક્કસ એની સેવા કરીશ જ. એ વૃદ્ધની જવાબદારી ભલે ખરેખર બીજાની હોય અને તેઓ એ જવાબદારી ન નિભાવતા

હોય, પણ હું એ જવાબદારી ઉપાડી લઈશ. એ જવાબદારી ન નિભાવનારાની પણ નિંદા નહિ કરું. એમના પ્રત્યે કરુણા ધારણ કરીશ. શાસ્ત્રોમાં પાસત્થા વગેરે શિથિલાચારીઓની પણ સેવા કરવાની આજ્ઞા ફરમાવી છે, તો આ વૃદ્ધ સંયમીઓ તો એકંદરે ઘણા જ મહાન છે. એમની સેવા તો મારે કરવી જ.''

આ એક જ પ્રતિજ્ઞા! સૌ સક્ષમ સંયમીઓ સ્વીકારે, અને પોતાના ગ્રુપમાં જો કોઈ વૃદ્ધ હોય તો એની સેવા દ્વારા આ પ્રતિજ્ઞાનો નાના પાયા પર પ્રારંભ કરે.

કદાચ સંપૂર્ણ સેવા કરવાના ઉલ્લાસ-શક્તિ ન હોય, તો છેવટે વૃદ્ધના વસ્ત્રોનું પ્રતિલેખન કે માત્રું પરઠવવું કે સંથારો પાથરી આપવો કે એને માટે ગોચરી લાવી આપવી. આમાંથી એકાદ પણ અવશ્ય કરવું.

છેલ્લામાં છેલ્લું એટલું તો કરવું જ કે એ વૃદ્ધ મુનિ પાસે રોજ પાંચેક મિનિટ જવું, મધુર વાતો કરવી, એમના ગુણોની પ્રશંસા કરવી. એમની સાથે મૈત્રી ભરેલો વ્યવહાર કરવો, એમને પ્રસન્ન બનાવી દેતી વાતો કરવી, એમને આશ્વાસન આપવું.

બસ, મારી આટલી વિનંતી સૌ સ્વીકારે.

**લિ. ૭૨ વર્ષનો સૌથી વધુ પ્રસન્ન એક વૃદ્ધ સાધુ**

(આ પત્ર બધાએ ગંભીરતાથી વાંચવો, વિચારવો.

વૃદ્ધની માફક જ ગ્લાન માટે પણ આ જ બધી વાત સમજી લેવી. જો સક્ષમ સંયમીઓ આવી પ્રતિજ્ઞા લે, અમલ શરૂ કરે તો હજારેક વૃદ્ધ સંયમીઓની વ્યવસ્થા એની મેળે ગોઠવાઈ જાય. એમને માટે એક સ્થાને રોકાવું પડે, મોટા નુકસાન ન હોય તો એ સ્વીકારી લેવું.

બધા આ વિનંતિ માનશે?)

# विद्या विनयेन शोभते

નવેક વર્ષ પહેલા અમે અમદાવાદ તપોવનની પાસે આવેલા કોબા-મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં રોકાયેલા, ત્યાં **પૂ.પં. યશોવિજયજી મ.** પણ હાજર હતા. આ મહાત્માને પ્રાયઃ બધા ઓળખે છે, અઘરા અઘરા ગ્રન્થોની સંસ્કૃત ટીકાઓ ગુજરાતી / હિન્દી વિવેચન સહિત એમણે લખેલી છે. શ્રુતજ્ઞાનનો ભંડાર છે. ઘણા લોકો એમને 'લઘુ યશોવિજય'ના નામથી ઓળખે છે. (૩૦૦ વર્ષ પૂર્વે થયેલા મહોપાધ્યાય યશોવિજયજી મ.ની પ્રતિકૃતિ...)

એ વખતે એમનું બત્રીશ-બત્રીશીનું કામ ચાલુ હતું, મને અમુક મેટર તપાસવા આપેલું. જો કે સમયના અભાવે હું સંશોધક તો ન બની શક્યો પણ અમુક પાનાં જોયા, એમાં એક પદાર્થ ધ્યાનમાં આવ્યો. ''જિનશાસનમાં બે પ્રકારના પદાર્થો છે આજ્ઞાગ્રાહ્ય અને યુક્તિગ્રાહ્ય!'' આ પદાર્થ પ્રસિદ્ધ જ છે, પણ મારા ધ્યાનમાં દશ વૈ. વૃત્તિનો પાઠ હતો, એના આધારે એવો અર્થ

નીકળતો હતો કે ખરેખર તો તમામેતમામ પદાર્થો યુક્તિબાહ્ય (= તર્કથી સાચા સાબિત થઈ શકે તેવા...) જ છે, પરંતુ જે તર્કગ્રાહ્ય પદાર્થોના તર્કો આપણી સમજવાની તાકાત ન હોય, એ પદાર્થો તર્કગ્રાહ્ય હોવા છતાં પણ આપણા માટે આજ્ઞાગ્રાહ્ય જ બની જાય... (આનું વિસ્તારથી નિરૂપણ વિ.દૂતમાં જ પૂર્વે કરેલું જ છે...)

આ પદાર્થ ઘણા વખત પહેલા મેં એમને લખી જણાવેલો, પછી કોઈ એની ચર્ચા થઈ ન હતી પણ જ્યારે કોબામાં અમુક દિવસો સાથે રહેવાનું થયું, ત્યારે એક દિવસ હું બપોરે ગોચરી વાપર્યા બાદ લુણા કાઢતો હતો, અને અચાનક તેઓ હાથમાં એક પાનું લઈને મારી પાસે આવી ચડયા. હું આશ્ચર્ય પામ્યો, કારણ કે તેઓશ્રી તો એક રૂમમાં દિવસનો મોટા ભાગનો સમય સ્વાધ્યાયમાં એવા તરબોળ બનેલા રહેતા કે એમને ગોચરી માટે પણ માંડ ઊભા કરવા પડે, .... તો અચાનક એમણે અહીં મારી પાસે કેમ આવવું પડ્યું? મારા કરતા દીક્ષાપર્યાયમાં તેઓશ્રી ઓછામાં ઓછા દસેક વર્ષ તો મોટા હશે જ, અને જ્ઞાનની બાબતમા તો પૂછવું જ શું? મેરુ-અણુનું અંતર હતું તેઓશ્રી અને મારા વચ્ચે! એમને કંઈપણ કામ હોય તો એ મને પોતાની પાસે જ બોલાવી શકે... એટલે જ આમ પચીસેક ડગલાં ચાલીને, હાથમાં પ્રતના પાનાં સાથે મારી પાસે એમનું આવવું અજુગતું જ લાગ્યું.

એ વખતે જો કે મારી ફરજ હતી કે લુણા ધોતાં ધોતાં પણ ઊભા થઈ જવું.. છતાં ત્યારે એ વિવેક જાગ્રત ન થયો એટલે હું ઊભડક પગે બેસી રહી એમની સાથે વાતો કરવા લાગ્યો...

'સાહેબજી! આપ કેમ અહીં પધાર્યા?'

'અરે, એ બધું પછી! જુઓ, તમે કહેતા હતા ને, એ પાઠ બત્રીશીમાં પણ ઉપાધ્યાયજીએ લખેલો છે. તમે તદ્દન સાચા છો, જુઓ, આ પાઠ! સર્વં જિનવચનં તર્કસહં તમામે તમામ જિનવચનો તર્કસંગત છે. એટલે કે બધા જ પદાર્થો યુક્તિગ્રાહ્ય છે જ, પણ જ્યાં આપણે યુક્તિ સમજી ન શકીએ, ત્યાં એ પદાર્થો આજ્ઞાગ્રાહ્ય બને...'

બસ, આટલું બોલી, મારી અનુમોદના કરી, હસતા મુખે એ પાછા ફર્યા. હું તો તેઓશ્રીની આ નમ્રતા, આ બીજાના નાના ગુણને પણ અનુમોદવાની નિખાલસતા, બધું કામ પડતું મૂકીને મારી પાસે - સાવ નાના સાધુ પાસે સામેથી ચાલીને આવવાની આ નિરભિમાનિતા... જોઈને આભો જ બની ગયો.

મને હવે સમજાઈ ગયું કે તેઓ શા માટે આટલો તીવ્ર ક્ષયોપશમ ધરાવે છે, તેઓ આટલા બધા ગ્રન્થોની આટલી બધી ટીકાઓ શી રીતે લખી શક્યા? એક એક ગ્રન્થમાં હજારો સાક્ષીપાઠો શી રીતે આપી શક્યા? હજારો જૈન જૈનેતર ગ્રન્થોનું વાંચન નાની ઉંમરમાં તેઓશ્રીએ શી રીતે કરી લીધું? દીક્ષાના છઠ્ઠા જ વર્ષે ભાષારહસ્ય જેવા અતિકપરા ગ્રન્થ ઉપર એમની હિન્દી અને સંસ્કૃત ભાષામાં કલમ શી રીતે ચાલી?

સંયમીઓ ! વિનય તો જિનશાસનમાં મૂળ છે, એની ઉપેક્ષા કરનારો સંયમી જિનશાસનની જ ઉપેક્ષા કરે છે.

હવે તમે જ મને કહો કે જો આવા મહાન સાધુ પણ આવો વિનય આચરતા હોય, તો આપણે બધાએ શું કરવું જોઈએ? આપણે આ બધું શીખવું નથી? સાચા-સારા-શ્રેષ્ઠ સંયમી બનવું નથી? બધાની ભાવના આવી તો છે જ ને? તો પછી એનો સાચો માર્ગ આ જ છે કે ગુરુના, વડીલના અને ગુણિયલ નાનાઓના પણ વિનયમાં લેશ પણ ખામી ન આવવા દેવી. પ્રભુએ ઉત્તરાધ્યયનના ૩૬મા અધ્યયનમાં સર્વપ્રથમ અધ્યયન આ જ રાખ્યું છે, એનો સંદેશ પણ આ જ છે કે સંયમીઓએ પહેલા તો વિનયી જ બનવાનું છે.

ચાલો, આપણે સૌ પ્રભુના આ સંદેશને આત્મસાત્ કરીએ, ગૌતમસ્વામીને આપણો આદર્શ બનાવીએ અને વહેલા વહેલા પરમપદને પામીએ.

# સૌ મારી ક્ષમાપના સ્વીકારજો

(પૂજ્યપાદ ગુરુદેવશ્રી શાસનપ્રભાવક પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ શ્રાવણ સુદ-૧૦, વિક્રમ સંવત ૨૦૬૭, બપોરે ૧૨-૩૯ની આસપાસના સમયે જ અમદાવાદ આં ાવાડી જૈનસંઘના ઉપાશ્રયમાં જ સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે.

છેલ્લા કેટલાક દિવસો-મહિનાઓથી તેઓશ્રી શરીરની અશક્તિના કારણે બોલી શકતા ન હતા. કોઈક કોઈક દિવસ, થોડુંક થોડુંક બોલી શક્યા હતા.

પણ એ પૂર્વે જ્યારે એમની વાગ્ધારા અસ્ખલિતપણે વહેતી હતી ત્યારે એમણે પોતાના હૈયાના જે ભાવો રજૂ કરેલા, એ આધારે એમ ચોક્કસ કહી શકાય કે અંતિમ દિવસોમાં - પળોમાં પ્રગટ-અપ્રગટરૂપે, તેઓશ્રીના આત્મામાં લબ્ધિરૂપે કે ઉપયોગરૂપે એ ભાવો ચોક્કસ પડેલા જ હશે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી સ્વયં પોતાના ભાવો રજૂ કરત તો તો હજારો સંયમીઓને એમની એ અમૂલ્ય-અવર્ણનીય ભાવધારાનો સાક્ષાત્ સ્પર્શ કરવા મળત.

અમારી પાસે એમની ભાવધારાને એમના જ શબ્દોમાં મૂકવાની શક્તિ નથી જ, છતાં "ન મામા કરતાં કહાણો મામો સારો" એ ન્યાયે એમની પવિત્રતમ ભાવધારાને શબ્દોમાં રજૂ કરવા પ્રયત્ન કરીએ છીએ.. એમની સર્વોત્તમ ભાવધારાના લાખમાં ભાગ જેટલું પણ અમે શબ્દોમાં રજૂ કરી શકવાના નથી, એટલે સૌ આ લખેલું લાખગણું કરીને વાંચશો, અને અમારી આ ઊણપને - ખામીને માફી આપશો એ જ એકમાત્ર અભ્યર્થના)

**(પરમાત્મા પાસે ક્ષમાની પ્રાર્થના)**

મારા પ્યારા પ્રભુ વીર!

ખરેખર સાચું કહું છું કે આખી જિંદગી તારા શાસનને રોમેરોમમાં વસાવીને જીવ્યો છું. મને ગાંડી ધૂન લાગી હતી, તારા શાસનની સેવા-રક્ષા-પ્રભાવના કરવાની. અને એ માટે મેં મારું શરીર એટલી હદે ઘસી નાખ્યું કે પ્રભુ! તારી સાથે વાત કરવા માટેની મારી શારીરિક શક્તિ પણ રહી નથી.

પ્રભુ! ગમે તેમ તો ય હું વીતરાગી તો નથી જ, અને માટે જ તારા શાસનની સેવા કરવામાં અનેકાનેક વાર તારી જ આજ્ઞાઓનું ઉલ્લંઘન મેં કર્યું છે, હું રાગ-દ્વેષને પરવશ પણ બન્યો છું. મારા મનમાં વિષય-કષાયો પણ જાગ્યા છે, ... પ્રભુ! એ તમામેતમામ પાપની આલોચના મેં મારા પૂજ્ય ગુરુ ભગવંતો પાસે વારંવાર કરી જ છે, મેં કોઈ પાપ છુપાવ્યા નથી, ચોધાર આંસુએ, સાચા હૈયે રડ્યો છું.

હવે તો અંતિમ પળો આવી ચૂકી છે. પરલોકની વાટે વિચરવાનું છે મારે!

પ્રભુ! ઓ વ્હાલા સ્વામી! મારી છેલ્લી એક જ વિનંતી સ્વીકારશો? મેં આખા જીવન દરમ્યાન જાણે-અજાણે તારા જે કોઈપણ અપરાધો કર્યા હોય, એની તું મને ક્ષમા આપી દે. તારા શાસનની જે સેવા મેં કરી છે, એનાથી જો તું ખુશ થયો હોય, તો કમસેકમ આટલું તો મને આપી જ દે.

અને બીજી એક વિનંતી....

નિખાલસ હૈયે તને કહું છું કે હું જેમ પાપથી ખૂબ ડરું છું, એમ દુર્ગતિના દુઃખોથી પણ ખૂબ ડરું છું. નરક કે તિર્યંચના દુઃખોનું સ્મરણ પણ મને ધ્રુજાવી દે છે. એટલે જ સદ્ગતિ મળે એની તીવ્ર તમન્ના છે જ.

છતાં... છતાં.. એ વાત અત્યારે ગૌણ કરું છું. ભલે જે ગતિ મળવી હોય, તે મળે... પણ.. પણ... ત્યાં મારા હૈયામાં તારું શાસન મળે, એટલું તો તું મને આપજે જ. તારો રાગ, તારા શાસનનો અનુરાગ, રુવાંડે રુવાંડે સમ્યગદર્શનની ધગધગતી ખુમારી... આટલું તું આપી દેજે. બસ, પછી દુઃખોના વાવાઝોડા તૂટી પડે ને, તો ય વાંધો નહિ. મારા માટે એ સૌથી મોટી સદ્ગતિ જ છે.

ઓ પ્રભુ! આ ગરીબને, આ યાચકને આટલી ભીખ તો તું આપજે જ. જો જે, કંજુસ ન બનીશ, ઉપેક્ષા કરનાર ન બનીશ, મારા દોષોનું દર્શન કરનાર ન બનીશ.

**(શ્રી શ્રમણસંઘના વિદ્યમાન-અવિદ્યમાન આચાર્ય ભગવંતો - વડીલો પાસે ક્ષમાની પ્રાર્થના)**

**જિનશાસનની ધુરા વહન કરનારા પરમપૂજ્ય ઉપકારી આચાર્ય ભગવંતો અને સ્થવિર મહાત્માઓ!**

૩૫ થી ૭૫ની મારી ઉંમર દરમ્યાન, કુલ ૪૦ વર્ષ દરમ્યાન મેં સંઘ-શાસનનાં કાર્યોમાં મારો યથાશક્તિ ભોગ આપ્યો. આ ૪૦ વર્ષ દરમ્યાન સંઘ-શાસન ઉપર અનેક પ્રકારની આફતો આવી અને એ દરેક વખતે શાસનદાઝથી પ્રેરાઈને હું એ આફતો દૂર કરવા માટે પૂરેપૂરા જોશ સાથે તૂટી જ પડ્યો.

પણ આજે એ યાદ કરું છું ત્યારે મને એ લાગ્યા કરે છે કે એ વખતે મારી ભાવના ચોક્કસ પવિત્ર હતી, એ વખતે મારો પ્રયત્ન પણ માત્ર ને માત્ર આફતો દૂર કરવાનો હતો પણ એ વખતે હું જે જુસ્સાથી લડ્યો, જુસ્સામાં જે મેં વિધાનો કર્યા. જે નિર્ણયો કર્યા, જે નીતિ અપનાવી.. એ શાસનના કોઈક પૂજ્યવર્યોને નથી પણ ગમી. પૂજ્યવર્યોની નીતિ અને મારી નીતિ જુદી પડવાથી માનસિક સ્તર પર સંઘર્ષ પણ થયો. મને ત્યારે તે તે પૂજ્યવર્યો માટે એવા વિચાર પણ આવ્યા કે "આમની નીતિ બરાબર નથી..'' એટલે હું એમનો વિરોધ પણ કરી બેઠો.

આ બધાં કારણોસર તે તે પૂજ્યોને દુઃખ પમાડવામાં, આઘાત લગાડવામાં હું નિમિત્ત બન્યો છું, શાસનના કાર્યો ભલે થયાં, એ ભલે સારું થયું... પણ એમાં પૂજ્યોની, વડીલોની આશાતના કરવામાં હું જાણે-અજાણે નિમિત્ત બની ગયો છું.

સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતો કે વિદ્યમાન પૂજ્યો! એ સૌ પાસે હું અંતઃકરણથી ક્ષમાપના માગું છું. મારે કોઈ જ બચાવ કરવો નથી, બચાવ કરી શકાય પણ નહિ. આપ સૌ પણ શાસનના રાગી હતા, અને છો. મારી શક્તિ, પુણ્યાઈના બળે હું આપની અવગણના પણ કરી બેઠો.

છતાં ખરા અંતરથી કહું છું, આપનો સેવક છું, સેવકની ભૂલની ક્ષમા આપશો, ભૂલ ભૂલી જવી એ જ તો આપ જેવા મહાપુરુષોની મહાનતા છે. મારા અવિનયની, અવિવેકની આજે માફી માગું છું.

### (શિષ્યો-પ્રશિષ્યો પાસે ક્ષમાની પ્રાર્થના)

શિષ્યો! તમે તો મને અત્યંત વહાલા છો. એટલા માટે નહિ કે તમે મારી ખૂબ સેવા કરો છો, પણ એટલા માટે કે તમે તમારાં મા-બાપ-ભાઈ-બહેન... આખો સંસાર છોડીને તમારું સૌથી અમૂલ્ય જીવન મને સોંપી દઈને એક અદ્વિતીય કોટિનું મહાન સુકૃત કરેલું છે.

તમે સૌ વર્ષો સુધી મારી સાથે રહ્યા છો, મારા ભાવોને સૌથી વધારે તમે જ જાણો છો. 'આ શિષ્ય છે કે આ પ્રશિષ્ય છે.' 'આ મારી સેવા ખૂબ કરે છે કે આ મારી સેવા કરનારો નથી.' 'આ ખૂબ ભણે છે અને આ અભણ છે' 'આ નૂતન છે કે આ જૂનો સાધુ છે' 'આ ઘરડો છે કે આ યુવાન છે'... મેં ક્યાંય કોઈપણ બાબતમાં ભેદભાવ રાખ્યો નથી. એક સગી માતાની જેમ તમને સૌને ખૂબ ખૂબ વાત્સલ્ય આપ્યું છે, જે નબળા હતા, એમને તો વધુ વાત્સલ્યથી સાચવ્યા છે.

પણ હું માત્ર સંસારી બા જેવો નથી. જૈનશાસનનો શ્રમણ છું, એટલે જ મારી અંગત ફરજ

એ હતી કે તમને સૌને ઉત્તમ કોટિના સંયમી બનાવવા, જ્ઞાની બનાવવા અને તમને મોક્ષમાર્ગે આગળ ધપાવવા...

એટલે જ સ્નેહસભર હૈયાને દબાવી રાખીને હું વારંવાર કડક બન્યો છું. હું તમારામાં નાનું પણ અસંયમ સેવન જોઈ ન શકતોં, અને માટે જ ઠપકો પણ આપી બેસતો. કદાચ એટલે જ મારી છાપ કડક, આચારચુસ્ત સાધુ તરીકેની છે.

આ કડકાઈના કારણે તમને અણગમો થયો જ હશે, મારી કડકાઈ ક્યારેક તમને ભારે પણ લાગી હશે. મારો ઠપકો ક્યારેક તમને આઘાત પમાડનારો પણ બન્યો હશે, મારી લાલ આંખથી ક્યારેક તમને સંસાર લીલો બાગ લાગવા માંડ્યો હશે...

આ બધું જ શક્ય છે.

હવે તો હું જાઉં છું,

બસ! હવે તમારે કોઈ ચિંતા નહિ રહે. હવે તમને કોઈ ઠપકો નહિ આપે, કોઈ નહિ અટકાવે, કોઈ તમારી સામે લાલ આંખ નહિ કરે... હવે તો તમારે શાંતિ ને ?

ના! ના! જો તમે ખરેખર મારા શિષ્ય - પ્રશિષ્ય હો, તો તમને...

વધુ કશું જ કહેવું નથી. કોઈ હિતશિક્ષા આપવી નથી, બસ એટલું જ...

**શક્ય હોય તો તમારા આ કડક ગુરુને માફ કરજો...**

**શક્ય હોય તો તમારા આ કડક ગુરુની કડકાઈ પાછળની હૈયાની મીઠાશને યાદ કરજો...**

**શક્ય હોય તો તમારા આ છદ્મસ્થ ગુરુથી તમને જાણે-અજાણે જે કોઈપણ અન્યાય થયો હોય, એને ઉદાર હૈયે ભૂલી જજો...**

**શક્ય હોય તો તમારા આ ગુરુને પરલોકમાં જવા માટે તમારી તપ-સંયમાદિની આરાધનામાંથી એકાદ ટકો પણ સાથે ભાથું બાંધી આપજો...**

મારા પ્યારા શિષ્યો!

ખૂબ ઉત્તમ સંયમજીવન જીવજો.

ખૂબ વિશિષ્ટ કોટિનો સ્વાધ્યાય કરજો.

ખૂબ વિશિષ્ટ કોટિનો સ્વભાવ કેળવજો.

તમારા આ ગુરુની અંતિમ શિક્ષા અંતિમ પળ સુધી યાદ રાખજો.

**(શ્રેષ્ઠ વૈયાવચ્ચી શિષ્યો-પ્રશિષ્યો પાસે ક્ષમાની પ્રાર્થના)**

હું સમયની બાબતમાં ચુસ્ત છું, કડક છું... એ બધા જ જાણે છે, એટલે જ મારી વૈયાવચ્ચ કરવી એ સરળ કામ નથી. વૈયાવચ્ચનું કોઈપણ કામ સમયસર થવું જોઈએ, બરાબર થવું જોઈએ, એ ન થાય તો ગુરુ તરીકે હું કડક શિક્ષા આપી જ દઉં...

એમાંય મોટી ઉંમરે સ્વભાવ ચીડિયો બને, આવેશવાળો બને... એ મને ય ખબર છે. હું ય હવે મોટી ઉંમરવાળો ક્યારનોય બની ગયો છું. મારામાં પણ આ બધી અસર ઓછા-વત્તા અંશમાં આવી જ હોય.

છતાં તમે ખડેપગે મારી સેવા કરી છે, મારા સ્થંડિલ-માત્રુ પરઠવ્યા છે, મારા સ્થંડિલ-માત્રુ સાફ કર્યા છે, મારા માટે રાત્રિના ઉજાગરા કર્યા છે, મારા માટે તમારો સ્વાધ્યાય-તમારા ભક્તો-તમારા ચોમાસાઓ ગૌણ કર્યા છે, તમે આટલું બધું કર્યું છતાં મેં એની કદર કરવાને બદલે ઠપકા આપ્યા હોય તો ય તમે તો હસતા જ રહ્યા છો, ભરયુવાન ઉંમરમાં તમારી આ ગુરુભક્તિને બિરદાવવા માટે મારી પાસે માત્ર આંખના આંસુ જ છે, પણ એમાં જ બધું આવી જાય છે. શબ્દો એ માટે વામણાં જ પડવાના.

**મને ગર્વ હતો કે 'મેં મારા ગુરુદેવની જેવી સેવા કરી છે તેવી કદાચ કોઈએ પોતાના ગુરુની નહિ કરી હોય.' પણ આજે તમે મારો ગર્વ સાવ ઉતારી નાખ્યો. તમારી ગુરુસેવા રૂપી મેરુની સામે મારી ગુરુસેવા તો મને ધૂળની રજકણ સમાન પણ નથી લાગતી. જ્યાં સુધી મને મોક્ષ ન મળે, ત્યાં સુધી દરેક માનવ ભવમાં છેલ્લે વૈયાવચ્ચી તરીકે, સમાધિદાતા તરીકે તમે જ મળો... એવી મને ભાવના થાય છે.**

તમારી ઉત્તમોત્તમ વૈયાવચ્ચમાં ય મેં તો ભૂલો કાઢીકાઢીને તમને ખૂબ પરેશાન કર્યા છે, તમારી વૈયાવચ્ચના બદલામાં હું તમને કશું આપી શકયો નથી, તમારી કદરદાની કરી શક્યો નથી. મને ક્ષમા આપજો પણ મારા અંતરના આશિષ છે કે પ્રભુ તો તમારી વૈયાવચ્ચની કદર કરશે જ.

તમે મને સમાધિ આપી છે, તો પ્રભુ તમને જીવનમાં અને મરણમાં સર્વત્ર સમાધિ આપશે જ, આ મારા તમને આશીર્વાદ છે, અને એ નિષ્ફળ નહિ જ જાય એની મને શ્રદ્ધા છે.

.... ચાલો, હવે વિદાય લઉં છું.

ફરી ક્યારે ક્યાં મળશું? એ ખબર નથી. છેલ્લે મોક્ષમાં તો ભેગા થશું જ ને?

(પોતાના અણુ જેવા દોષને મેરુ જેવો મોટો જ જોવાનો પૂજ્યપાદ ગુરુદેવશ્રીનો સ્વભાવ હતો. અમે ઉપર એમના એ સ્વભાવ પ્રમાણે જ લખ્યું છે, એટલે સૌને વિનંતી કે પૂજ્યપાદશ્રીને 'મેરુ જેવા મોટા દોષવાળા માનવાની ભૂલ ન કરે.'

અને... એમની ક્ષમાપનાની પરાકાષ્ઠાની ભાવધારાને સ્પર્શ કરવાનો, હૈયાથી અનુભવવાનો પ્રયત્ન કરે.

સંયમીઓને આનાથી વધુ સૂચન કરવાની જરૂર ખરી?)

# ઊંડાઈ

(૧) એક સાધુ અજવાળામાં વિહાર કરવાની પૂર્ણ ભાવનાવાળા! અને શક્ય હોય તો એમ જ કરે. પણ વધારે વિહાર હોય, ગુરુનો આદેશ હોય એટલે જો અંધારામાં વિહાર કરવો પડે તો એમાં ગુર્વાજ્ઞાને પ્રમાણ કરી અંધારામાં વિહાર કરે. અંધારામાં પડિલેહણ પણ કરે. પણ એમાં એમની બે કાળજી આંખે ઊડીને વળગે. આપણે તો ઉપધિનો વીંટીઓ બાંધીએ, દાંડામાં દંડાસન લગાડીએ, પ્યાલો + મચ્છરદાની બાંધીએ અને વિહાર કરવા લાગીએ પણ એ મુનિવર વિચારે કે

"ઉપાશ્રયની બહાર ખુલ્લામાં દંડાસનનો ઉપયોગ ન થઈ શકે એ વાત સાચી. પણ ઉપાશ્રયના બારણાં સુધી તો દંડાસનનો ઉપયોગ થઈ જ શકે ને? જો દંડાસન બાંધી દઉં, તો સંથારાના સ્થાનથી ઉપાશ્રયના બારણાં સુધી પણ નીચે પૂંજ્યા વિના જ ચાલવું પડે. એવું શા માટે કરવું? આમાં તો યતના પાળી શકાય છે."

અને આ વિચાર પ્રમાણે એ મુનિ ઉપધિ બાંધી, ઝોળી ગળે લટકાવી એક હાથમાં દાંડો + પ્યાલો + મચ્છરદાની ઊંચકી, બીજા હાથમાં દંડાસન રાખી એનાથી બરાબર પૂંજતા પૂંજતા છેક દરવાજા સુધી જાય. જ્યાંથી ખુલ્લો ભાગ શરૂ થાય ત્યાં પહોંચી ત્યાં દંડાસન દાંડામાં બાંધીને પ્યાલો + મચ્છરદાની બાંધીને વિહાર કરે.

વિહાર કરીને ઉપાશ્રયે પહોંચે એટલે બધી ઉપધિ બરાબર એકવાર અજવાળામાં જોઈ લે. જ્યારે મેં પૃચ્છા કરી ત્યારે કહે કે "અંધારામાં પડિલેહણ તો કર્યું, પણ એમાં ક્યાં જીવ દેખાવાના છે? હવે અજવાળામાં આવીને એકવાર જોઈ લઉં તો જીવવિરાધના થઈ છે કે નથી થઈ? એનો ખ્યાલ તો આવે."

દસ કિ.મી. અંધારામાં વિહાર કરવાનો અપવાદ ગુર્વાજ્ઞાદિ કારણોસર સેવે, છતાં દસ ડગલાંની પણ જયણા જો શક્ય હોય તો તો પાળવી જ જોઈએ. એ એમનો સ્પષ્ટ અભિપ્રાય આમાં ધ્વનિત થાય છે અને એ શાસ્ત્રાનુસારી છે.

(૨) એક મુનિ પોતાના સ્થાપનાજીનું પ્રતિલેખન કર્યા બાદ સ્થાપનાજીને ઠવણી પર મૂકે પણ સ્થાપનાજીને ઝોળીઆમાં ન બાંધે. ઝોળીઆને ઠવણીમાં વચ્ચે બરાબર ભેરવી દે. મેં જ્યારે પૂછ્યું કે "કેમ ઝોળીઆને જુદું રાખો છો? કેમ એમાં સ્થાપનાજી બાંધી દેતા નથી?"

એ મુનિ કહે "ઝોળીઆમાં સ્થાપનાજી બાંધુ, તો ઝોળીઆના બે છેડા ઉપર લટકતા રહે, અને એ પવનથી સતત ઊડ્યા કરે. એ રીતે વાયુકાયની વિરાધના થાય. એ અટકાવવા માટે ઝોળીઆના છેડા ન ઊડે એનો પ્રયત્ન કરું છું."

મેં કહ્યું કે "એમ તો પાત્રાની ઝોળી બાંધ્યા પછી એના બે છેટા પણ ઊડ્યા જ કરે ને?" ત્યારે મુનિ કહે "માટે જ એ બે છેડા પણ ઝોળીની ઉપર લટકતા રાખવાને બદલે ઝોળીની નીચે

બરાબર દબાવી દઉં છું. જેથી એ બિલકુલ ઊડે નહિ..''

વાયુકાયની વિરાધના ન થવા દેવા માટે આ મુનિ એટલી બધી ચીવટવાળા છે કે બપોરે પોતે ગોચરી વહોરીને આવે ત્યારે ભીના કપડા, ઝોળી-પલ્લા દોરી પર સૂકવે તો ખરા. પણ પછી પોતે એકાસણું કરવા બેસે એટલે અડધો-પોણો કલાક તો ઊભા ન થઈ શકે, ત્યારે પેલા કપડા ઊડ્યા કરે, તો વાયુકાયની વિરાધના થાય ને ?

એટલે આ મુનિ વાપરવા તો બેસે, પણ એમનું મન ઊડતા કપડા તરફ! એટલે જ નવકારશીવાળા જે સાધુ વાપરીને વહેલા ઊભા થાય એમને તરત વિનંતીપૂર્વક કહે કે ''પેલા કપડાં નીચે ઉતારી લેશો ?'' બધા કપડાં ઊડતા બંધ થાય, ત્યારે એમને હાશ થાય.

જો એમને લાગે કે ''બધા એકાસણાવાળા છે, એટલે બધાને વાપરતા વાર લાગશે. કપડા સુકાયા બાદ પણ ખોટા ઊડ્યા જ કરશે.'' તો એ પંદર મિનિટ મોડા વાપરવા બેસે. કપડા સૂકાઈ જાય એટલે ઉતારી લીધા બાદ ગોચરી વાપરવા બેસે.

જીવદયાની કેવી સૂક્ષ્મતમ પરિણતિ!

(૩) દાંતમાં પાયોરિયા વગેરે રોગો ન થાય એ માટે એક સાધુ આયુર્વેદિક મંજન હાથથી ઘસતો હતો. (બ્રશથી નહિ.) મંજન ઘસ્યા બાદ પ્યાલામાં એના કોગળા કરતી વખતે ગળામાં કફનો ગળફો આવવાથી તરત ઈશારાથી મારી પાસે માગણી કરી કે ''મારું ખેરિયું આપજો ને!'' મેં કહ્યું ''પ્યાલામાં જ થૂંકી નાંખો ને!'' પણ એમણે ના કહીને ફરી ખેરીયું માંગ્યું. મેં ખેરીયું લાવીને આપ્યું ત્યારે એમાં કફ થુંકી બરાબર ઘસી નાખ્યો.

પાછળથી મેં કારણ પૂછ્યું કે ''તમે પ્યાલામાં જ કેમ ન થૂંક્યા ?'' ત્યારે એ કહે ''જુઓ, મંજનનું પાણી તો રેતીમાં - કપચીમાં એકમેક થઈ જવાથી એમાં સંમૂર્ચ્છિમ ન થાય. પણ એમાં જ જો કફનો ગળફો કાઢું તો એ ગળફો પણ મંજનના પ્યાલા સાથે જ પરઠવવો પડે ને ? પણ એ તો માટી વગેરે સાથે એકમેક ન થાય. એ ગળફો હવે ઘસવો પણ ઉચિત ન લાગે. એટલે હું કદી પણ મંજનના પ્યાલામાં ગળફો થુંકતો નથી. એ તો હું ખેરિયામાં જ થૂંકીને ઘસી લઉં.''

(૪) એક સાધુ વિહારમાં ઉપધિ રાખવા માટે પ્લાસ્ટિક તો રાખે કે જેથી ઉપધિ ભીની ન થાય. પણ એ પ્લાસ્ટિક થેલી જેવું નહિ, પણ સીવેલા વિનાનું ચોરસ કપડું હોય એવું પ્લાસ્ટિક રાખે. એમ ઓઘો પણ ભીનો ન થાય એ માટે ઓઘાનું પ્લાસ્ટિક રાખે. પણ એ પણ સીવેલું નહિ, ઓઘારિયા જેવા આકારનું પ્લાસ્ટિક રાખે. હું આ બંનેમાં ઊંધું કરતો હતો. મારી પાસે પ્લાસ્ટીકની કોથળી હતી, અને ઓઘા માટે સીવેલું પ્લાસ્ટીક હતું. કેટલાક પાસે તો મેં આખી દસીઓ જ સમાઈ જાય અને ઉપર ચેન લગાવી શકાય એવું પણ પ્લાસ્ટિક જોયેલું.

મેં આ સાધુને પ્રશ્ન કર્યો ત્યારે એમણે જંવાબ આપ્યો કે ''કોથળી વગેરેમાં જો અંદર કીડી-મચ્છર વગેરે નાના જીવો ફસાઈ જાય તો એ જલદી નીકળી ન શકે. આપણને પણ એ કાઢવામાં

મુશ્કેલી પડે. એટલે જ તો સીવેલી વસ્તુ વાપરવાનો નિષેધ છે. એટલે આવું ખુલ્લું સીવ્યા વિનાનું પ્લાસ્ટિક રાખ્યું છે. આસનની જેમ એનું પડિલેહણ પણ સહેલાઈથી કરી શકાય. એમ ઓઘા ઉપર ઓઘારિયાની સાથે જ ઓઘારિયા જેવું પ્લાસ્ટિક વીંટાળી દઉં. એના ઉપર જ ઓઘાની દોરી બાંધી દઉં. એટલે ઉનાળામાં વિહારમાં કે બપોરે ગોચરીમાં ઓઘો ભીનો ન થાય.''

(૫) ચોમાસું પૂર્ણ થયા બાદ ચાલુ વિહારમાં એક સ્થાને એક મુનિરાજ મળ્યા. સહજ રીતે મેં પૂછ્યું કે ''ચોમાસું કેવું ગયું? વ્યાખ્યાનમાં કેટલી સંખ્યા થતી હતી?''

ત્યારે એ મુનિ કહે ''ચોમાસું સારું ગયું. ભાઈઓની સંખ્યા સારી, બહેનોનો મને અંદાજ નથી.''

મેં પૂછ્યું કે ''કેમ? અંદાજે તો ખ્યાલ આવે ને?''

ત્યારે એ કહે કે ''ચાર મહિના મેં કદી બહેનોની સભા તરફ દૃષ્ટિ પણ પાડી નથી. એટલે એ તરફ અડધો હોલ ભરાયો, પા હોલ ભરાયો કે આખો હોલ ભરાયો? વગેરે મને કશી ખબર નથી પડી. તમને કદાચ વિશ્વાસ ન પણ બેસે, પણ આ ખરેખર સાચી વાત છે. મારે મારા સંયમની સુરક્ષા કરવી જ રહી. એટલે માત્ર ને માત્ર ભાઈઓ તરફ જ દૃષ્ટિ રહે એ રીતે જ બેસતો અને એ રીતે જ પ્રવચન આપતો.''

આશ્ચર્યચકિત થઈ જવાય એવી આ વાત સાંભળીને મને આનંદની સાથે દુઃખ પણ એ વાતનું થયું કે ''આવી સૂક્ષ્મતમ કાળજી તો મારી પાસે ન ય હતી. પરિણતિ સાથે જ આચારપાલનમાં પણ કેવી ગંભીરતા!

(૬) મુંબઈ-ભાયંદરમાં એક પ્રભાવક મુનિ મળ્યા, એ કહે કે અમારા ગુરુજી આચાર્ય છે, ૫૦થી વધુ વર્ષનો દીક્ષાપર્યાય છે, ૫૦-૬૦ સાધુઓનું એમનું ગ્રુપ છે. વિદ્વાન અને લોકોમાં પૂજ્ય છે. આટલી બધી વિશિષ્ટતા અને ૭૦ વર્ષ વટાવી ચૂકેલી ઉંમર હોવા છતાં એ આજે પણ કાચી મલમલની પાંગરણી વાપરતા નથી. પણ સામાન્ય સાધુઓ જે વાપરે છે, એવી પાંગરણી વાપરે છે. ચોલપટ્ટો પણ લોનનો નહિ, પણ L.L.B. નો. વાપરે છે, કંદોરા તરીકે આજે પણ નાડુ વાપરે છે. નવા જમાનાની, આકર્ષક નાયલોનની બનેલી દોરીઓ વાપરતા નથી.

પ્રભાવકતા, વિદ્વત્તા, વિશાળ પરિવાર, વૃદ્ધત્વ... આ તમામ ન હોવા છતાં ય આ બધી બાબતોમાં ધડાધડ છૂટ લેવાતી જ્યારે દેખાય ત્યારે પોતાના જીવનમાં એ આચારને વણી લઈને જગતને મૌનપણે ઉપદેશ દેનારા એ આચાર્યની ઉંડાઈને ભાગ્યે જ કોઈક અનુભવી શકે.

(૭) ગોચરી માંડલીમાં મારે ગોચરી વહેંચવાની હતી. આહાર-વ્યંજનાદિ વહેંચી દીધા બાદ મિષ્ટ વગેરે વિશિષ્ટ વસ્તુઓ વહેંચવાની શરૂ કરી. એક મહાત્મા પાસે પહોંચ્યો તો એમણે ના પાડી કે 'મને નહિ ચાલે.'

મેં પૂછ્યું કે ''કેમ બાધા છે?''

એનો જવાબ એ આપે એ પૂર્વે તો એમના ગુરુએ જ આપી દીધો કે "એમને ઓળી ચાલે છે.. માટે મિષ્ટ નહિ ચાલે."

હું સમજ્યો કે 'એ મજાક કરે છે.' કેમકે ચોપડેલી રોટલી, લીલું શાક, દૂધ, મસાલાવાળી દાળ... આ બધું મેં જ તો એ સાધુને આપેલું. એમાં ઓળી શી રીતે હોઈ શકે?

પણ મારા મોઢા પરની મૂંઝવણ જોઈને એમણે વ્યવસ્થિત ખુલાસો કર્યો કે "પહેલા એ વર્ધમાન તપની ઓળી કરતા હતા. પણ પિત્તના કારણે ઊલટી + અશક્તિ વગેરેને લીધે આંબિલો કરવા ખૂબ અઘરા પડવા માંડ્યા. એટલે એમણે ઓળી છોડી. પણ એક દિવસ એમને વિચાર આવ્યો કે હું આંબિલની ઓળી ભલે ન કરી શકું, પણ એનો અર્થ એ પણ નથી કે 'મારે બધું જ ખાવું  મીઠાઈ-મેવો-ફરસાણાદિ વાપરવું.' એના બદલે હું એકાસણાની ઓળી કરું. અર્થાત્ રોટલી-શાક-દાળ-ભાત-દૂધ આ પાંચ જ વસ્તુઓવાળા એકાસણા કરવા અને એ રીતે ઓળી કરવી.

દા.ત. ૨૦મી ઓળી હોય, તો ૨૦ દિવસ આવા સાદા એકાસણા કરવાના. પછી બે-ચાર દિવસ પારણા.. એટલે કે મિષ્ટાન્નાદિ વાપરી લેવાનું. વળી ૨૧ દિવસ સાદા એકાસણા. આ રીતે ઓળીઓ કરવાની.

અત્યારે એમને ૩૩મી ઓળી ચાલે છે. રોજ એકાસણાનું પચ્ચક્ખાણ અને ધારણા અભિગ્રહ લે છે. એટલે એમને પાંચ વસ્તુ સિવાય કશું આપવાનું નહિ."

હું તો આભો જ બની ગયો. કેવો ગજબનો સાપેક્ષભાવ! તપની ઓળી નહિ, તો ત્યાગની ઓળી તો ખરી જ! વાહ રે વાહ!

(૮) એક પ્રભાવક પ્રવચનકાર પંન્યાસજી મને મળ્યા. એ શક્ય હોય ત્યાં સુધી મોટા હોલમાં અને એ પણ પ્રવચન હોલમાં  જ બેસે. રૂમોમાં કે પ્રવચન હોલ સિવાયના મોટા હોલમાં પણ ન બેસે. મેં એમને જ્યારે કારણ પૂછ્યું ત્યારે એ કહે કે "જુઓ, જ્યારે શ્રાવકો ઉપાશ્રય બનાવે, ત્યારે પ્રવચન હોલ બનાવવા પાછળ તો એમનો આશય સ્પષ્ટ જ હોય છે કે અહીં આપણે વ્યાખ્યાન સાંભળશું, આરાધકો સામાયિક-પ્રતિક્રમણાદિ કરશે." એટલે પ્રવચન હોલ મુખ્યત્વે શ્રાવક-શ્રાવિકાના માટે જ બનતો હોવાથી એ સાધુ માટે આધાકર્મી દોષવાળો ન બને.

પણ ઉપાશ્રયમાં સ્વાધ્યાયખંડ-ધ્યાનખંડ-બીજા ત્રીજા માળે મોટા હોલ... વગેરે જે બનાવવામાં આવે, તેમાં તો શ્રાવકોનો આશય આ જ હોય છે કે "અહીં સાધુઓ ભણશે, અહીં સાધુઓ રહેશે, અહીં ગોચરી વાપરશે..." એટલે એ બધા સ્થાનો સાધુના ઉદ્દેશથી બનતા હોવાથી એ આધાકર્માદિ દોષવાળા બને.

એટલે હું શક્ય હોય ત્યાં સુધી પ્રવચન હોલમાં જ બેસું છું. ગોચરી પણ ત્યાં જ ગોઠવું છું. મારા શિષ્યોને પણ ત્યાં જ બેસાડું છું. હા! ના છૂટકે છેવટે રૂમ વગેરેનો ઉપયોગ કરું પણ ખરો."

(૯) એક સાધુ મને કહે "બહાર સ્થંડિલ જવાની જગ્યા ન મળે, તો પ્યાલામાં જઈને ઉચિત સ્થાને પરઠવી આવું. એ વખતે ઉપાશ્રયમાં રાખેલી વાડાની રૂમોનો ઉપયોગ કરવો પડે. એ સ્પેશિયલ સાધુ માટે બની હોવાથી એમાં દોષ તો છે જ, છતાં એ તો ના છૂટકે સેવવો પડે છે. પણ એ વાડાની નાનકડી રૂમમાં બેસવા માટે જે ઊંચી બે પાળ બનાવેલી હોય છે, હું કદી એના પર નથી બેસતો. એને બદલે ત્યાં જ પાળની બાજુમાં જ બેસીને કામ પતાવું છું. રૂમ તો ના છુટકે વાપરવી પડે છે, પણ પેલી પાળ તો ન વાપરે તો પણ ચાલી જ શકે છે. તો શા માટે એ આધાકર્મી પાળ વાપરવી?"

(૧૦) એક સાધુએ વારંવાર ફીટ આવવાથી છેવટે ડોક્ટરના કહેવા પ્રમાણે બે ટાઈમ દવા શરૂ કરી. એ દવા એવી કે અવશ્ય લેવી જ પડે. એકાદવાર પણ ભુલાઈ જાય તો તરત ફીટ આવે. (શરીર ખેંચાય - માણસ બેભાન થઈ જાય... જેનું બીજું નામ આંચકી છે...) એટલે રોજ બંને ટાઈમ દવા સમયસર અવશ્ય લેવી જ પડે.

વળી એ દવા ગરમ પડે એવી હોવાથી સાથે કંઈક ખોરાક લેવો પડે. જો એકલી દવા લેવામાં આવે તો રીતસર છાતીમાં દુઃખવા માંડે.

બાર-બાર વર્ષથી પ્રાયઃ સળંગ એકાસણા કરનાર એ સાધુ એકાસણા છોડવા ઈચ્છતો ન હતો. એટલે જ એણે ડોક્ટરોની પાસે રજા માગી કે "ખોરાક વિના એકલી ગોળી લઈએ તો ચાલે કે નહિ?" પણ ડોક્ટરોની સખત ના અને છાતીમાં બળવાનો જાત અનુભવ એટલે સવાર-સાંજ ગોળી સાથે કંઈક વાપરવું અનિવાર્ય બન્યું.

છેવટે દુઃખી હૈયે એકાસણા છોડી નવકારશી શરૂ તો કરી. પણ એમાં એમણે જે કાળજી કરી એ અદ્વિતીય હતી.

એ મુનિ કહે કે "સવારે કોઈપણ એક જ વસ્તુ વાપરવાનો મેં નિર્ણય કર્યો. જો જૈનોના ઘરો હોય તો નિર્દોષ દૂધ મળી રહે પણ માત્ર ને માત્ર દૂધ જ વાપરવાનું. એમાં ખાંડ નહિ જ નંખાવવાની. ખાખરા પણ નહિ, તો પૌઆ-ઉપમા-મિષ્ટ-ખજૂર વગેરેની તો વાત જ ક્યાં રહી? સાધુઓ ભક્તિભાવથી બધુ વપરાવવા પ્રયત્ન કરે. પણ હું રોજ ધારણા અભિગ્રહ જ કરી લઉં એટલે એક જ વસ્તુ મારે વાપરવાની રહે.

જ્યાં જૈનોના ઘર ન હોય, એટલે દૂધ ન મળે ત્યાં પણ ગોળ તો મળી જ જાયને? એવા સ્થાનોમાં ગોળ લાવી ગોળનું પાણી કરીને માત્ર એ એક જ વસ્તુ વાપરી લઉં.

આ થઈ સવારની વાત!

સાંજની ગોચરી માટે મને લગભગ શંકા જ રહે છે કે 'એ દોષિત હોય છે.' કેમકે રાત્રિભોજનના ત્યાગવાળા ઘણા ઘણા ઓછા હોય. એટલે સાંજે ગોચરી ચોક્કસ ઘરોમાં જ મળે. એમને પણ ખબર હોય કે સાધુ-સાધ્વીઓ આવશે જ.. એટલે મિશ્રાદિ દોષ તો લાગે જ. વળી આપણે તો

સૂર્યાસ્તના એક કલાક પૂર્વે તો એમના ઘરે ગોચરી-વહોરવા પહોંચી જ જઈએ. એટલે એ બધાએ ગોચરી આપણા માટે વહેલી બનાવવી જ પડે...

એટલે સાંજે રાંધેલી રસોઈ હું લેતો નથી. એના બદલે કોરા મમરા અથવા ચણા અથવા એકલા ખાખરા (દૂધ પણ નહિ...) લાવીને એનાથી જ સાંજની ગોચરી પૂરી કરી લઉં.

સવારે નવકારશીમાં દૂધ/ગોળપાણી વાપરતા બે મિનિટ અને સાંજે ચણા/મમરા/ખાખરા વાપરતા પાંચ મિનિટ લાગે.

હું સાંજની ગોચરીમાંડલીમાં નથી જતો,મારી જગ્યાએ જ વાપરું છું. મને ભય રહે છે કે સાંજની ગોચરીની ગરમ-ગરમ, અલગ અલગ વસ્તુઓ જોઈને હું લલચાઈ જઈશ તો? મારો વૈરાગ્ય તૂટી જશે તો? તો હું પણ ધીરે ધીરે એ બધું વાપરવા લાગીશ. ના! એકાસણાના ન થાય તો ભલે, પણ હવે આટલો ત્યાગ તો કમસેકમ મારામાં ટકવો જ જોઈએ ને?''

મુનિના આ શબ્દોએ મારી આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં.

(૧૧) એક મોટી ઉંમરના મુનિરાજ ચોમાસામાં કદી પણ બારી પાસે ન બેસે. ભીંતથી પણ બે ત્રણ ચાર હાથ દૂર બેસે. જ્યારે મેં આનું રહસ્ય પૂછ્યું ત્યારે અભણ ગણાતા એ મુનિ બોલ્યા કે

''ચોમાસામાં ગમે ત્યારે વરસાદ પડે અને એ વખતે બારી ઉપર, ધાર ઉપર પણ પાણીના છાંટા પડે. એ પછી પાણી અંદર આવતું અટકાવવા એ બારી બંધ કરીએ તો પેલા ટીપાં રીતસર ચકદાઈ જ જાય ને? અને બારી બંધ કર્યા બાદ થોડીવારે વરસાદ બંધ થયા પછી ખોલીએ તો ય એ બારી પર રહેલા ટીપાઓની તથા બહારના ભાગમાં રહેલા ટીપાઓની વિરાધના થાય જ. એટલે મેં નક્કી કર્યું કે વરસાદના સમયમાં બારી ખોલવી પણ નહિ કે બંધ પણ કરવી નહિ. એ રીતે જ ટેવાઈ ગયો છું.''

(૧૨) ''તમે એકલા આવ્યા છો? સાથે કોઈ ભાઈ નથી?''

એ મુનિરાજે મળવા આવેલા ૬૦ વર્ષની ઉંમરના એક બહેનને પ્રશ્ન કર્યો. હું ત્યાં જ જરાક દૂર બેઠેલો હતો. પેલા બહેન બોલ્યાં, ''ના, સાહેબજી! કોઈ ઘરે નથી. એ તો બહાર ગયા છે. હું એકલી જ આવી છું.''

આ મુનિએ કહી દીધું કે ''અમારાથી એકલા બહેન સાથે વાત કરવા ન બેસાય. તમે કોઈ ભાઈને લેતા આવો તો બેસાય.''

અને પેલા બહેને વંદન કરીને વિદાય લીધી. મેં તરત પેલા સાધુને પૂછ્યું કે ''એ કોણ હતું?''

સાધુએ જવાબ આપ્યો કે ''મારા સંસારી બા હતા.''

હું તો આ જવાબ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો.'' ભલા માણસ! સગા બા, ૬૦ આસપાસની ઉંમર, સાંજનો ચાર વાગ્યાનો સમય! તમને ક્યાં આમાં કોઈ દોષ લાગવાનો છે?'' મેં એમને

ઠપકાની ભાષામાં શબ્દો કહ્યા.

એ વખતે મુનિ કહે ''આપની વાત એ અપેક્ષાએ ચોક્કસ સાચી કે આમાં મારા મનમાં કોઈ જ ખરાબ ભાવ નથી પણ છતાં મને લાગે છે કે આપણે વ્યવહાર તો બરાબર પાળવો જ જોઈએ. આજે જો એમાં ઢીલ મૂકું તો આજે બા છે, આવતી કાલે યુવાન બહેન વગેરે પણ હોય. આજે ચાર વાગ્યા છે, આવતી કાલે સૂર્યાસ્ત બાદ અંધારાનો સમય પણ હોય.. આવા દૂષણો ઘૂસી ન જાય એ માટે પાણી પહેલા પાળ બાંધી લેવી જરૂરી છે.''

બ્રહ્મચર્ય ગુણ માટેની કેટલી બધી સજાગતા! વ્યવહારની શુદ્ધિ જાળવવા માટેની કેટલી બધી જાગૃતિ!

(૧૩) પોષ મહિનાની થીજવી નાખતી ઠંડીમાં અમે અમદાવાદ તપોવનમાં હતા. ચારે બાજુ ખુલ્લી જગ્યા હોવાના કારણે શહેર કરતા તપોવનમાં ૨૦% ઠંડી વધારે લાગે. આખો દિવસ કામળી ઓઢીને જ બેસવાનું મન થાય. ગોચરી વખતે કે પડિલેહણ વખતે વસ્ત્રો ન પહેરીએ એટલું જ!

એવા વખતે રાત્રે તો કેવી ઠંડી લાગે? અમે ઉપાશ્રયમાં પણ એક રૂમમાં સંથારો કરતા, ઉપાશ્રયના અને આ રૂમના તમામ બારી-બારણાં બરાબર બંધ રાખતા. રૂમમાં નીચે લાકડું હોવાથી ઠંડી ઓછી થતી, છતાં એકાદ ધાબળો પાથરવામાં અને એકાદ ધાબળો ઓઢવા માટે તો અવશ્ય લેવો પડતો. એ પછી પણ ટુંટિયુ વાળીને ઊંઘવાનું થતું.

આવી પરિસ્થિતિમાં એક પ્રભાવક પંન્યાસજી ભગવંત બહાર હોલમાં સંથારો કરતા. નીચે લાકડાને બદલે કોટાસ્ટોન (લાદી) હોવાથી ઠંડી પુષ્કળ લાગે, છતાં એ પૂજનીય પંન્યાસજી માત્ર સંથારો અને ઉત્તરપટ્ટો જ પાથરતા. ઓઢવામાં માત્ર કામળી જ વાપરતા. ધાબળો એકપણ નહિ. અમે ઘણી વાર વિનંતી કરી કે 'આપ રૂમમાં આવીને સંથારી જાઓ.' પણ તે કહે 'મને કોઈ તકલીફ નથી. તમને રૂમ જરૂરી છે, તો તમે ખુશીથી ત્યાં આરામ કરો.'

વળી રાત્રે ઊંઘ ઓછી થાય, ને એટલે દિવસે એક-બે કલાક ઊંઘી જાય એવું પણ એ ન કરતા. દિવસે માંડ ૨૦ મિનિટ આરામ કરે. બાકી આખો દિવસ પાઠ આપવાદિમાં પસાર કરે.

બીજા એક મુનિ તો માત્ર ને માત્ર કપડો જ ઓઢે છે. કામળી પણ ઓઢતા નથી.

દેહ પ્રત્યેની મમતા કેટલી બધી ઘટાડી દીધી હશે આ મહાત્માઓએ!

(૧૪) એક ગુરુએ પોતાના શિષ્યોને શીખવાડ્યું છે કે કોઈપણ બહેનની સાથે કારણસર વાતચીત કરવી પડે, એમને સંબોધન કરવું પડે તો એકલા નામથી એમને ન બોલાવવા. નિશા, રંજન.. વગેરે પણ નિશાબહેન, રંજનબહેન... એમ દરેક જગ્યાએ બહેન શબ્દ અવશ્ય લગાડવો.

મેં જ્યારે આ વાત જાણી ત્યારે એ ગુરુને આમ કરવાનું કારણ પૂછ્યું, મેં દલીલ પણ કરી કે ''દસવૈકાલિકના સાતમા અધ્યયનમા તો **नामधिज्जेण णं बुआ...** એમ કહ્યું જ છે. એ રીતે કોઈ

સ્ત્રીને એના નામથી સંબોધન કરવાની રજા આપી જ છે...''

ત્યારે એ ગુરુ કહે - ''નામ જ નહિ બોલવું એવું હું નથી કહેતો. મારી વાત એટલી જ છે કે નામની સાથે બહેન શબ્દ બોલવો. આમાં ફરક ચોક્કસ છે. કોઈપણ પતિ પોતાની પત્નીને બોલાવે ત્યારે એકલું નામ જ બોલે છે ને ? ત્યાં એ બહેન શબ્દ બોલે છે ખરો ? એ બોલવો એને ફાંવે ખરો ? ન જ ફાવે. આનો અર્થ એ કે પતિ-પત્ની વચ્ચે કામરાગ, સ્નેહરાગ છે, ત્યાં બહેન શબ્દ બોલવો ફાવતો નથી. તો સીધો અર્થ એ થાય કે જો બહેન શબ્દ બોલવામાં આવે, તો અપ્રશસ્તભાવ જાગવાની શક્યતા ઘણી ઘટી જાય. વળી વ્યવહારમાં પણ એ જ વધુ યોગ્ય લાગે.

બહેન શબ્દમાં સન્માન છે, એટલે જ ત્યાં અપ્રશસ્ત રાગ પ્રાયઃ ઊભો થતો નથી.

આથી જ હું એ પણ શીખવું છું કે કોઈપણ બહેનને 'તું'કારાથી નહિ બોલાવવા. આપણા કરતા ઉંમરમાં નાના હોય, રે! પાંચ વર્ષની નાનકડી છોકરી હોય તો પણ 'તમે' શબ્દથી જ બોલાવવા.

તમે જ કહો કે ''એ છોકરી! તારું નામ શું ? તું ક્યાં રહે છે ?'' એ શબ્દો કેવા લાગે ? અને ''તમારું નામ શું ? તમારું ઘર ક્યાં છે ? રસોઈ કેટલા વાગે બને છે ?'' એ શબ્દો કેવા લાગે ?

એમ ''એ નિશા! રંજનને બોલાવી લાવ ને ?'' એ શબ્દો સાધુના મોઢે શોભશે ખરા ? એને બદલે ''નિશાબહેન! પેલા રંજનબહેનને બોલાવી લાવજો ને ?...'' આ શબ્દો કેવા લાગે ?

એ ગુરુની વાતો મને સ્પર્શી ગઈ. અને જે પાંચ-સાત દિવસ સાથે રહેવાનું થયું. એમાં મેં એમના વર્તનમાં પણ આ ઉચ્ચતમ આચાર નિહાળ્યો. કોઈપણ બહેન માટે, નાની છોકરી માટે પણ 'તું' કારો મેં એમના મોઢે સાંભળ્યો નથી. પોતે ખુદ ૬૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા હોવા છતાં વ્યવહારની સુરક્ષા કરવામાં એકદમ સજાગ હતા.

(૧૫) ''લગભગ બધા સાધુ પાસે એકાદ પોટલાનો પરિગ્રહ તો હોય જ છે. તો તમારે પણ પોટલા તો હશે જ ને ?'' મેં એક સાધુને પ્રશ્ન કર્યો.

એ કહે ''ના, મારી પાસે એકપણ પોટલું નથી.''

મને આંચકો લાગ્યો. મેં ફરી પૃચ્છા કરી ''આવું બને જ શી રીતે ? એકાદ પોટલું તો હોય જ...''

પણ એમણે ફરી કહ્યું કે ''ના, દેવગુરુની કૃપાથી મારે પરિગ્રહ કરવો નથી પડ્યો.''

''પણ તમો તો ન્યાય વગેરે ઘણું ભણેલા છો. સાંભળ્યું છે કે ખાલી ન્યાય ઉપર તો તમે ૧૦,૦૦૦ પાનાં જેટલું લખાણ કરેલું છે. એ બધી નોટો ક્યાં ગઈ ? એ સિવાય પણ તમે જે ભણતા, એની નોટો તો બનાવતા જ હતા. તો તમે તો ઢગલાબંધ ગ્રન્થોનો અભ્યાસ કરેલો છે, એ બધાની પણ નોટો તો હશે ને ?'' મેં હેબતાઈ જઈને પ્રશ્ન કર્યો.

એમણે જવાબ દીધો કે ''હા! ઢગલાબંધ નોટો હતી, પણ મેં બધી જ કાઢી નાંખી. જે

બીજાઓને ઉપયોગી થાય એવી હતી, એ જ્ઞાનભંડારમાં આપી દીધી. જે માત્ર મારા અભ્યાસ માટે હતી, એવી નોટો પરઠવી દીધી. કેટલીક અગત્યની નોટોના પુસ્તકો છપાઈ ગયા પછી તો એ નોટો પણ પરઠવી દીધી... હવે તો નક્કી જ કર્યું છે કે જે છપાવવાનું હોય, એવું અગત્યનું જ લખવું અને છપાયા બાદ એ તરત જ પરઠવી દેવુ. એ સિવાયનું કોઈપણ લખાણ થાય તો કોઈ માગે તો આપી દેવું, નહિ તો પરઠવી દેવું. પણ એકાદ પણ નાનકડું પણ પોટલું બનાવવું નહિ.''

**પ્રશ્ન :** ''પણ પુસ્તકોની તો જરૂર પડે ને? એનું પોટલું તો હશે ને?''

**ઉત્તર :** ''પુસ્તકો તો જ્ઞાનભંડારમાંથી જ્યારે જોઈએ ત્યારે, જ્યાં જોઈએ ત્યાં મળે છે. શા માટે એનો પરિગ્રહ કરી પાંચમા મહાવ્રતને મલિન કરવું?''

**પ્રશ્ન :** પણ તમારી પોતાની લખેલી નોટ હોય, તો ભવિષ્યમાં બીજાને ભણાવવામાં એ નોટ અનુકૂળ રહે. મહેનત ન કરવી પડે.

**ઉત્તર :** જુઓ, પહેલી વાત તો એ કે હવે લગભગ દરેક દરેક વિષય ઉપર સારામાં સારાં પુસ્તકો છપાઈ જ ગયાં છે. આપણી લખેલી નોટ કરતા એ વ્યવસ્થિત પુસ્તકો જ અભ્યાસ કરાવવામાં વધુ ઉપયોગી બને. છતાં એકવાર તમારી વાત માની લઈએ તો પણ મારે બીજાને ભણાવવા માટે કદી મારી નોટોની જરૂર પડતી નથી. હા! કોઈક વિષયમાં મહેનત કરવી પડે, પણ એ તો મને તો ગમે છે. એમાં નવો ક્ષયોપશમ પણ ખીલે. હા! જેને આ બધું ન ફાવે તેઓની વાત જુદી! તેઓ અપવાદ માર્ગે ભલે એ નોટો રાખે ય ખરા પણ મારે તો રાખવી પડી નથી. આખી જિંદગી રાખવાની ઈચ્છા ય નથી.

**પ્રશ્ન :** ભલે પુસ્તકો-નોટોનો પરિગ્રહ ન હોય, પણ વધારાની કામળીઓ + પાત્રાઓ + કપડાં + ચોલપટ્ટાદિના તો પોટલા હશે જ ને? એકાદ તો છેવટે એ ઉપધિઓનું પોટલું હોય જ....

**ઉત્તર :** ના રે ના! ઉપધિ તો આ જમાનામાં પુષ્કળ મળે છે. શ્રાવકોની ભક્તિ બેહદ છે, ભારતમાં ગમે તે સ્થાને આપણને બધું મળી રહે છે. પછી આ બધી વસ્તુ ભેગી કરવાની જરૂર શી? મારી પાસે આમાંનું કશું જ વધારે નથી. ચોલપટ્ટો પણ માત્ર એક જ છે. જે વપરાશમાં ચાલુ છે. શિયાળામાં ઠંડીથી બચવા માટે એક પશમીનાની કામળી રાખી છે, પણ એ કાયમ સાથે જ ઊંચકું છું. એટલે એનું ય પોટલું બનાવવું પડ્યું નથી.

આ બધી પ્રશ્નોત્તરી બાદ મેં એમને પૃચ્છા કરી કે ''પરિગ્રહ ન કરવાનો આટલો બધો સખત પુરુષાર્થ શા માટે?''

ત્યારે એમણે પાંચમા મહાવ્રતના ભંગથી માંડીને ઢગલાબંધ નુકસાનો બતાવ્યા. (એ બધા જ સંવિગ્ન સંયમીઓની નિયમાવલિ વગેરેમાં દર્શાવેલા છે, એટલે અહીં ફરી લખતો નથી.)

(૧૬) એક મહાત્માને પ્રતિક્રમણ માંડલીમાં રોજ આયરિય ઉવજ્ઝાએ... પછી બેસી જઈને બેઠા બેઠા પ્રતિક્રમણ કરતા મેં જોયા. મને કુતૂહલ થતું. ત્યાં સુધી ઊભા ઊભા કરે, વિધિસર કરે

અને આયરિય... પછી સાવ બેસી જ જાય.. આવું શા માટે? વળી એ મહાત્મા સારા હતા. બેસીને કરે તો પણ એકદમ ટટ્ટાર બેસે, હાથ બરાબર જોડેલા રાખે...

પહેલા તો મને થયું કે થાક લાગ્યો હશે... એટલે બેઠા બેઠા કરતા હશે, પણ આવું મેં ઘણા દિવસો સુધી જોયું. છેવટે મારાથી ન રહેવાયું અને એકવાર સાંજે વંદન કરવા આવેલા મેં એમને પૂછી જ લીધું.

એમણે જવાબ દીધો કે "મને એક વિચિત્ર રોગ છે. એલર્જી છે કે શું? એ ખબર નથી પણ જો વધુ સમય ઊભો રહું તો મને પગમાં પુષ્કળ ખંજવાળ શરૂ થઈ જાય. એ ખંજવાળ એવી આવે કે જોરજોરથી ખણ્યા વિના ન રહી શકાય. હા! જો હું બેસી જાઉં, તો ખંજવાળ પણ બેસી જાય.

આવું પાછું રોજ જ થાય એવું નથી. અમુક કાળે, અમુક ખોરાકના લીધે આવું થતું હશે. બધા આને રક્તવિકાર કહે છે. આખો દિવસ તો કોઈ મુશ્કેલી હોતી નથી, કેમકે એમાં ઊભા રહેવાનું આવતું નથી. પણ રોજ સાંજના પ્રતિક્રમણમાં આયરિય... પછી ખંજવાળની શરૂઆત થવા લાગે. મને એ અંદાજ આવી જાય એટલે હું તરત બેસી જાઉં...

અપવાદરૂપે બેસવું પડે છે, પણ એમાં એટલી તો કાળજી રાખું જ કે એકદમ ટટ્ટાર બેસું, હાથ બરાબર જોડેલા રાખું, સ્તવન.વખતે ચૈત્યવંદન મુદ્રા બરાબર જાળવું. આટલો સાપેક્ષભાવ ન રાખું તો મારો અપવાદ ખોટો ઠરે."

એ મહાત્માની કાળજી મેં બરાબર જોઈ છે. ક્રિયા દરમ્યાન એ કદી પણ કોઈની સાથે વાત ન કરે, આજુબાજુ પણ ન જુએ, સીસકારા પણ ન કરે. સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં જ કરે. ૧૦૨ ડીગ્રી તાવ હતો, ત્યારે પણ એમણે માંડલી ન છોડી. બેઠા બેઠા કર્યું, પણ ન ટેકો દીધો કે ન હાથ જોડી રાખવામાં પ્રમાદ કર્યો. શાંતભાવે તાવની વેદના સાથે ય માંડલીનું પ્રતિક્રમણ ન છોડ્યું, એ કહે કે "જે પ્રતિક્રમણમાંડલીમાં પ્રવેશ કરવા માટે આંબિલ કરેલા, જે માંડલીનો મહિમા એવો છે કે શાસ્ત્રીય દૃષ્ટિએ તો આચાર્ય સુદ્ધાં પણ માંડલીમાં જ પ્રતિક્રમણ કરે એ માંડલી નજીવા કારણોસર મારે શીદને છોડવી?"

રે! એ સાધુને મળવા માટે ભક્તો આવેલા હોય તો પણ પ્રતિક્રમણ શરૂ થાય એટલે બધાને પડતા મૂકીને એ સાધુ માંડલીમાં આવી જ જાય. પોતે વડીલ હોય તો પણ આમાં મીનમેખ ફેરફાર નહિ. હા! એવા અત્યંત વિશિષ્ટ કામ આવી પડે ત્યારે જ નાછૂટકે માંડલી છોડે. પણ એ પણ એમને બિલકુલ ઈષ્ટ નહિ.

એમના અંગત પરિચય બાદ એમના જીવનમાં અનુભવાયેલું આ અમૃત મને મળ્યું છે અને મારા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન શરૂ કર્યો છે.

(૧૭) લેખક, પ્રવચનપ્રભાવક, વિદ્વાન એક મહાત્મા પાસે એક સંઘ વિનંતી કરવા આવેલો. ત્યારે જોગાનુજોગ હું પણ ત્યાં જ બેઠેલો. સંઘે ચોમાસાની વિનંતી કરી. એ મહાત્માએ પોતાની

અનુકૂળતા હોવાથી સંમતિ આપી. જય બોલાઈ. એ પછી એ મહાત્માએ સંઘ સમક્ષ કરેલી વાત સાંભળીને મારી આંખમાં હર્ષના આંસુ આવી ગયાં. હું તો વિચારમાં પડી ગયો કે "બધા મહાત્માઓ આવા બની જાય તો?"

આ રહ્યા એમના શબ્દો :

– જુઓ, પહેલી વાત એ કે મારા ચાતુર્માસના ખર્ચ નિમિત્તે ચાતુર્માસિક ફંડ કરવાની કોઈ જ જરૂર નથી. કેમકે મારા ચોમાસામાં સંઘના આગેવાનોના માથે ખર્ચાનો લેશ પણ બોજો આવે એવું હું કશું જ કરાવતો નથી. જે કોઈપણ ખર્ચવાળા અનુષ્ઠાન હશે, એની જાહેરાત જાહેરમાં જ કરવાની, સંઘના સભ્યો લાભ લે તો એ અનુષ્ઠાન કરાવવાનું. નહિ તો અનુષ્ઠાન રદ્દ કરવાનું. દા.ત. કોઈપણ તપ કરાવીએ, એમાં ૧૦ બેસણા કરાવવાના થાય તો એ તમારે કરાવવા જ પડે એવું બિલકુલ નહિ. સંઘમાં જ જાહેરાત કરવાની, જેટલા ભાગ્યશાળીઓ લાભ લે એટલા બેસણા કરાવવાના, બાકીના બેસણા બધા ઘરે કરે. એકપણ બેસણું ન નોંધાય, તો બધા જ ઘરે કરાવવાના. એમાં સંખ્યા ઓછી થાય તો પણ ચિંતા ન કરવી.

એ જ વાત રવિવારીય શિબિરાદિમાં પણ સમજવી. શિબિર પછી અલ્પાહાર રાખવો જ પડે એવું કંઈ નહિ. સંઘમાં જાહેરાત કર્યા બાદ કોઈ લાભ લે, તો અલ્પાહાર રાખવાનો. નહિ તો એના વિનાની જ શિબિરો કરાવવાની. કોઈ લાભ ન લે, તો આગેવાનો તરીકે એ જવાબદારી તમારા પર આવે એવું બિલકુલ નહિ.

એમ બાળકોની આરાધના, એમના ઈનામો વગેરેમાં પણ સમજી જ લેવું.

તથા તમારે ત્યાં કોઈપણ ફંડ મારે કરાવવાનું નથી. તમે જે કહેશો, તે ફંડ કરવામાં હું પ્રેરક બનીશ. મારા પોતાના કોઈ જ ફંડફાળા નહિ થાય. એ બાબતમાં તમે નિશ્ચિંત રહેજો.

તમારે ત્યાં દેવદ્રવ્યાદિમાં જે આવક થાય, એ યોગ્યસ્થાને વપરાઈ જાય એ માટેની મારી પ્રેરણા ચોક્કસ છે. એ માટે માર્ગદર્શન પણ આપું છું, પણ થયેલી આવકમાંથી અમુક રકમ મારા કહ્યા પ્રમાણે અમુક જ સ્થાનમાં કે અમુક જ ટ્રસ્ટમાં ખર્ચવી પડશે... એવો મારો લેશ પણ આગ્રહ નહિ. રકમ યોગ્ય સ્થાને ખર્ચાય એ જ જરૂરી...

અગત્યની વાત એ કે "અમે આગેવાન = ટ્રસ્ટી છીએ, એટલે તે તે ફંડફાળામાં, તે તે અનુષ્ઠાનોમાં અમે રકમ નહિ લખાવીએ તો મહારાજને ખોટું લાગશે. મહારાજના મનમાં અમારી છાપ કંજૂસ તરીકેની પડશે. મહારાજને આપણા પ્રત્યે આદર નહિ રહે. માટે આપણે અમુક ખર્ચો તો કરવો જ પડશે. અમુક અનુષ્ઠાનો તો કરાવવા જ પડશે. નહિ તો પાછળથી આ મહારાજ જ બધે કહેશે કે આ સંઘના ટ્રસ્ટીઓ ઠંડા છે, રસ વિનાના છે..." આવા આવા કોઈ જ વિચારો કરશો નહિ. હું તમારી પાસે આવા પ્રકારની કોઈ જ અપેક્ષા રાખતો નથી. તમને મારી પ્રેરણા સાંભળીને ખરા હૈયાથી દાન કરવાની ભાવના થાય તો કરજો. પણ આવા દબાણ હેઠળ રહેશો

નહિ. એક રૂપિયો પણ તમે આખા ચોમાસા દરમ્યાન નહિ ખર્ચો, તો પણ મારો તમારા પ્રત્યેનો આદર આજ જેટલો જ રહેશે. હું ચોમાસું મુખ્યત્વે મારી આરાધના માટે કરું છું. બીજાની આરાધના એમાં ગૌણ છે. એ થાય તો ઠીક, ન થાય તો હું મારા પરિણામમાં લેશ પણ મલિનતા આવવા દેવા માગતો નથી. એટલે તમે નિશ્ચિંત જ રહેશો...''

હું તો આભો બનીને આ બધું સાંભળતો જ રહ્યો. એમના એકએક શબ્દોમાં નિઃસ્પૃહતાના, 'સંઘના આગેવાનો વગેરે અધર્મ ન જ પામવા જોઈએ.' એવી દઢતાના, પોતાની આરાધનાની મુખ્યતાના પડઘા મને સંભળાતા હતા.

અડધો કલાક બાદ જ્યારે હું નીચે આંબિલ ખાતે ગોચરી વહોરવા ગયો, ત્યારે એ આગેવાનોને પરસ્પર વાતચીત કરતા મેં સાંભળ્યા. એ બોલતા હતા કે ''આ મહારાજ સાહેબ તો ગજબ છે. આપણને સંપૂર્ણ ચિંતામુક્ત કરી દીધા. શું એમના વિચારો છે! શું એમની દીર્ઘદૃષ્ટિ છે. જો બધા મહાત્માઓ આવી જ ઉદાર મનોવૃત્તિવાળા બની જાય, તો ક્યાંય કોઈ ઝઘડા-સંકલેશો - અણબનાવો બનવાનો પ્રશ્ન જ ઊભો ન થાય.''

આ બધું હું સાંભળતો ગયો, ગોચરી વહોરતો ગયો. પણ મારી આંખમાંથી ટપક ટપક આંસુ પડી ગયાં. કેમકે મેં મારા પૂર્વેના ચોમાસાઓમાં આરાધનાઓના ખર્ચા માટે જીદ કરી હતી. ટ્રસ્ટીઓએ રસ ન દાખવ્યો ત્યારે બીજાઓ સામે એમની નિંદા કરી હતી. એ જ કારણે મારે આગેવાનો સાથે અણબનાવ પણ બન્યો હતો. હાય! ''મારા ચોમાસામાં આટલા તપ થયા, આટલા લાખ રૂપિયા ખર્ચાયા, આટલા લાખનું ફંડ થયું, આટલી શિબિરો-જમણવારાદિ થયા, આટલા જુદા જુદા અનુષ્ઠાનો થયા...'' આ બધો યશ મેળવવાની ભૂખ મને એટલી બધી લાગેલી કે એમાં ભાન ભૂલીને મેં આવેશમાં આવીને ન બોલવાના શબ્દો પણ ઉચ્ચારી દીધેલા. એ અનુષ્ઠાનાદિ દ્વારા લોકો ખરેખર કેટલું પામ્યા, એ તો ભગવાન જાણે પણ ભાવની ભારોભાર મલિનતાઓના પ્રતાપે હું તો સાધુતાનું કચ્ચરઘાણ કાઢી ચૂક્યો. મારા વિચિત્ર વર્તનના કારણે કેટલાય લોકો ધર્મથી વિમુખ પણ બન્યા જ હશે... એવું મને એ દિવસે ભાન થયું. મને લાગ્યું કે 'જો ખરો પશ્ચાત્તાપ નહિ કરું, અકરણનિયમ નહિ કરું તો આવતા ભવોમાં હું દુર્લભબોધિ થઈશ.'

અને મેં ગુરુ પાસે આલોચના કરી. એ આગેવાનોને બોલાવીને રડતી આંખે એમની ખૂબ ક્ષમા માગી. ઉદારદિલ એ શ્રાવકો ય એ વખતે રડી પડ્યા, મારા પશ્ચાત્તાપે એમની પડી ગયેલી ભાવનાઓને ફરી ઊંચે ચડાવવાનું ભગીરથ કામ પૂરું કરી દીધું. એ ટ્રસ્ટીઓ બોલ્યા ''સાહેબ! થયું તે ભૂલી જાઓ. પણ તમારે આ પાપના પ્રાયશ્ચિત્તરૂપે આવતું ચોમાસું અમારે ત્યાં જ કરવાનું છે...'' અને મેં બે-ચાર વર્ષના આંતરા બાદ ફરી એક ચોમાસા માટે વર્તમાનજોગ કહી પણ દીધા.

પણ તે દિવસથી મેં પણ એ મહાત્મા જેવી જ પદ્ધતિ અપનાવી લીધી છે. શ્રાવકો પાસેથી લેશ પણ અપેક્ષા રાખવાનું સાવ છોડી દીધું છે. ''મારા પ્રવચનમાં આગેવાનોએ તો આવવું જ જોઈએ

કે રોજ એક-બે આગેવાનોએ તો હાજરી આપવા આવવું જ જોઈએ.'' આવો આગ્રહ મેં છોડી દીધો. હા! એમને એમના ઉચિત કર્તવ્યો સમજાવું છું. શાંત ભાવે સમજાવું છું, પણ મારી વાત એમણે માનવી જ પડે એવી અપેક્ષા બિલકુલ રાખતો નથી.

કેટકેટલા ધન્યવાદ આપવા એ મહાત્માને! જેમણે મને આવતા ભવોમાં દુર્લભબોધિ બનતા અટકાવ્યો.

(૧૮) વિશાળગચ્છના એક આચાર્યના અત્યંત કૃપાપાત્ર સાધુને સારો એવો પર્યાય હોવા છતાં, શાસ્ત્રાભ્યાસ સારો એવો હોવા છતાં, આચાર્યની અસીમ કૃપા હોવા છતાં, સ્વભાવાદિ સારા હોવા છતાં પણ એકે ય શિષ્ય ન હતો. આ વાતનું મને આશ્ચર્ય પણ હતું અને કુતૂહલ પણ હતું. એકવાર હિંમત કરીને મેં આચાર્યશ્રીને પૂછી લીધું કે ''આપનામાં શિષ્યની તમામ પ્રકારની પાત્રતા હોવા છતાં શિષ્યપરિવાર કેમ નહિ? ખુદ આપે તો આ બાબત તરફ ધ્યાન આપીને એમના શિષ્યો કરી આપવા જોઈએ ને?''

આચાર્યે જવાબ દીધો ''અમારા ગ્રુપમાં છેલ્લા ઘણા સાધુઓ એનાથી જ તૈયાર થયેલા હતા અને એના શિષ્ય બનવા તૈયાર પણ હતા. પણ એ કહે છે કે 'આ બધાને આપના જ શિષ્ય બનાવો.' એની જીદના કારણે મેં બધાને મારા શિષ્યો બનાવ્યા છે. શું કરું? તમે જ એને સમજાવો. એ માની જાય તો નવા શિષ્યો હું એના બનાવું. પણ બળજબરી કરવાનો મારો સ્વભાવ નથી.''

મને એમની વાત સાંભળી એમ લાગ્યું કે પેલા મહાત્મા સારી વાતમાં પણ જડતાવાળા બન્યા લાગે છે. 'શિષ્ય કરવો નહિ' એ નિઃસ્પૃહતાગુણનો આદર્શ ચોક્કસ હોઈ શકે પણ એમાં એકાંત પકડી લેવો એ તો અણસમજ છે. હા! અપાત્રે શિષ્યો ન જ કરવા. પણ પાત્ર પણ જો નહિ કરે તો જિનશાસન આગળ ચાલશે શી રીતે?

હું એ મહાત્મા પાસે ગયો. મારા તરફથી ધડાધડ રજૂઆત કરી દીધી. મને એમ જ હતું કે ''એ ખોટા છે અને હું સાચો છું.'' પણ મારી રજૂઆત બાદ એમણે પોતાની જે વાત રજૂ કરી, એ સાંભળીને હું વિચારમાં પડી ગયો. એમની વાત મને એકદમ માર્મિક લાગી.

એ મુનિએ મને કહ્યું કે ''એકવાર મારા ગુરુજી આચાર્યશ્રીએ મને કહેલું કે → મારી તો હવે ઉંમર થઈ. થોડાક વર્ષનો હું મહેમાન! મારા પછી મારા શિષ્યોને સાચવશે કોણ? એમાં ઘરડા-માંદા-નબળા ઘણા છે. એ બધાને કોણ સંભાળી લેશે? તું જ એક સમર્થ છે. પણ તું સમર્થ હોવાથી જ તારા પણ અનેક શિષ્યો થવાના. સ્વાભાવિક છે કે તું એમને જ વધારે સાચવશે, કેમકે એ જુવાન-સ્વસ્થ-તગડા હશે અને સૌથી વધુ તો એ કે એ તારા પોતાના હશે. એટલે તારા શિષ્યો તો સચવાઈ જશે, પણ મારા નહિ સચવાય. કોણ જાણે? એ બિચારાઓનું શું થશે? ખેર! જે થવાનું હશે એ થશે. એને તો કોણ મિથ્યા કરી શકે? ← ગુરુજીની આ વેદના મને સ્પર્શી ગઈ.

એમને માટે બધા જ સરખા હતા, એટલે જ એમના વૃદ્ધાદિ શિષ્યો રખડતા થઈ જાય, રિબાય એનો ભયંકર આઘાત એમને લાગે જ.

એક શિષ્ય તરીકે મારી ફરજ એ જ કે જે ગુરુએ મારા ઉપર અનંત ઉપકાર કરેલો છે, એનો બદલો વાળવા હું એમને સંપૂર્ણ પ્રસન્નતા આપું.

એનો એક જ ઉપાય મને દેખાયો 'મારે શિષ્યો ન કરવા.' મારે એકપણ શિષ્ય ન હોય એટલે મારા મનમાં 'આ મારો અને આ પારકો' એ ભેદ જ ઊભો ન થાય. ખુદ ગુરુ પણ મારા પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકે કે 'આને ક્યાં પોતાનો શિષ્ય છે કે જેથી પોતા-પારકાનો ભેદ રહે.'

અને ખરું કહું ? ગુરુજી મને શિષ્ય કરવાનું ખરેખર કહે પણ છે. એ એમની ફરજ સમજે છે છતાં મારો એકપણ શિષ્ય મેં નથી થવા દીધો. એનાથી ગુરુજીને હૃદયથી અપાર સંતોષ પણ થયો છે. એ પોતાના ઘરડા વગેરે સાધુઓને કહ્યા જ કરે છે કે ''તમારે આની પાસે રહેવાનું. એ તમને બધાને સાચવી લેશે. મારા બધા જ શિષ્યો એના જ થઈ જશે...''

અલબત્ત મેં એવી પરિણતિ તો કેળવી જ છે કે મારા શિષ્યો થાય તો ય હું કદી પક્ષપાતી નહિ જ બનું. મારા માટે સાધુમાત્ર સમાન છે પણ એની પ્રતીતિ ગુરુને મારે શી રીતે કરાવવી? એમનું મન શંકાશીલ રહે એ એમના માટે સ્વાભાવિક છે. એટલે એમને વિશ્વાસ આપવાનો એકમાત્ર રસ્તો આ જ હતો અને એ મેં અપનાવ્યો.

ભલે, મારા એક પણ શિષ્ય નથી થયા, પણ મારા અનંત ઉપકારી ગુરુને હું આ રીતે પણ પરમ સંતોષ તો આપી શક્યો ને ? આનાથી જ મને તો મોટી નિર્જરા મળવાની. પછી શિષ્ય ન હોય તો ય શું ?...''

આવી આવી ઘણી વાતો એ મુનિવરે મને કરી. શિષ્ય નહિ કરવા પાછળનો એમનો આશય સ્પષ્ટ હતો, એમાં જડતા ન હતી પણ સમજણપૂર્વકનો ત્યાગ હતો. અલબત્ત એમના ગુરુ એમના આ સાધુની વિશ્વાસપાત્રતા ન પિછાણી શક્યા એ ચોક્કસ એમનો દોષ, પણ એટલા માત્રથી એમણે કરેલા ઉપકારો ખતમ થઈ જતા નથી. એ ઉપકારોનો બદલો વાળી આપવાની ફરજ શિષ્યે નિભાવવાની મટી જતી નથી.

બોલો, જોયા છે કોઈ આવા ત્યાગી મહાત્મા!

(૧૯) એક મુનિરાજ પોતાના ગચ્છના જે કોઈપણ ઘરડા સાધુઓ મળે, એમને ભારોભાર આશ્વાસન આપે. સ્પષ્ટ કહે ''તમારી સેવા કરનાર કોઈ હોય તો તો વાંધો જ નથી. પણ તમને જે દિવસે એમ લાગે કે 'અમને કોણ સાચવશે?' એ દિવસે મને યાદ કરજો. આ સેવકને તમારી ભક્તિનો લાભ આપજો. હું ગમે ત્યાં હોઈશ, તમારી સેવા માટે દોડતો આવીશ. તમારા માટે જેટલું ઘસાઈ જવું પડે એટલું ઘસાઈશ. વિહારો અટકે, પ્રોગ્રામો અટકે, એક જ જગ્યાએ વધુ રહેવું પડે, પ્રવચનો અટકે.. તો ય હું એ બધું જ સ્વીકારીશ...''

જ્યારે બે-ત્રણ ઘરડા સાધુઓ પાસેથી એ મુનિ દ્વારા મળેલા આ આશ્વાસનની વાતો મેં સાંભળી ત્યારે મને જરાક આશ્ચર્ય તો થયું જ કે "એ મુનિરાજ શા માટે ઘરડા સાધુઓની સેવા માટે આટલા બધા તત્પર છે ?" મેં જ્યારે એ સાધુને પ્રશ્ન કર્યો ત્યારે એમણે ખૂબ જ સુંદર જવાબ આપ્યો.

એ કહે "આપણી આખી જિંદગીની આરાધનાની સફળતા અંતે તો સમાધિમરણ પર જ આધારિત છે ને ? જો છેલ્લે અસમાધિથી મર્યા અને ઊંધા રસ્તે ચડી ગયા, તો ફરી પાછું મોક્ષમાર્ગે ચડવું ખૂબ જ કપરું જ પડવાનું. એટલે સમાધિમરણ તો જોઈએ જ.

હવે ગ્લાન વગેરે સાધુઓને જો કે સમાધિની જરૂર છે. પણ એમની સામે મરણનો પ્રશ્ન તત્કાળ નથી. જ્યારે ઘરડા સાધુઓને તો મોત નજર સામે દેખાતું હોય, અને તેઓને સમાધિની જરૂર ખૂબ જ હોય. કેમકે છેલ્લી ઉંમરમાં તેઓ શું કરી શકે ?

મને જો એમની સેવાનો લાભ મળે તો એમને સમાધિમરણ પ્રાપ્ત કરાવવામાં હું નિમિત્ત બનું, એનાથી એવું પુણ્ય મને બંધાય કે મને પણ મૃત્યુ વખતે સમાધિ મળે.

ભાઈ! સમાધિમરણ મળતું હોય, તો ઘસાઈ છૂટવું એ તો સાવ સામાન્ય ગણાય. એટલે જ જેટલા ઘરડા સાધુઓ મળે એ તમામને માટે મને આ ભાવના થાય કે મને એમની સેવાની તક મળે. એમાં ય જેની સેવા કરનાર કોઈ ન હોય એની તો સેવા કરવામાં ઘણો જ વધારે લાભ થાય.

બસ, આ એક જ કારણસર હું તમામ વૃદ્ધ સાધુઓને આશ્વાસન આપવાનું, એમની સેવાની તક મને આપવાની વિનંતી કરવાનું કામ કર્યે રાખું છું."

આ મુનિરાજ ઓછી બુદ્ધિના, બોલતા ન આવડે એવા, ઓછા પુણ્યવા ા નથી હોં! વિદ્વાનોમાં એમની આગળ પડતી ગણના થાય છે, પ્રવચનાદિ આપવામાં એ લોકપ્રિય છે, પુણ્ય તો એમનું સૂક્ષ્મ રીતે ઝગારા મારે છે. એટલે રખે ને કોઈ એવું વિચારે કે વૈયાવચ્ચ તો અભણો-અપ્રભાવકો-અલ્પપુણ્યશાળીઓ જ કરે...ના. એ ભ્રમણા છે.

(૨૦) એક મહાત્મા પાણી ચૂકવીને સૂર્યાસ્ત સમયે સાંજે દર્શન કરવા જાય ત્યારે જો દીવા શરૂ થઈ ગયા હોય તો બહાર જ ઊભા રહીને સ્તુતિઓ બોલે, અરિહંત ચેઈયાણં કરી લે. ક્યારેક અંધારું થવા આવ્યું હોય તો પછી દેરાસર જવાનું માંડી વાળે.

એ મુનિ કહે કે "જ્યારે મેં શાસ્ત્રોમાં વાંચ્યું કે ઉજઈવાળી જગ્યાએ રહેવું નહિ. રહેવું જ પડે તો બોલવું નહિ - હરવું-ફરવું નહિ... વગેરે. ત્યારે મને ખ્યાલ આવ્યો કે તેજસકાયની રક્ષા માટે તો કેટલી બધી કાળજી કરવાની છે. ત્યારથી મારા જીવનમાં મેં શક્ય એટલો પ્રયત્ન શરૂ કર્યો છે. સૂર્યાસ્ત બાદ દેરાસરની અંદર તો ખાસ્સું અંધારું અનુભવાય એટલે ત્યાં જો દીવો શરૂ થઈ ગયેલો હોય તો એ ઉજઈ તરીકે ચોખ્ખો દેખાય. એ વખતે મને સ્તુતિ બોલવાના ભાવ જ ન જાગે. સ્તુતિ બોલવા જાઉં કે મનમાં વિચાર આવે કે 'તેજસકાયના જીવોની વિરાધના થાય છે.' આ વિચારના

કારણે જ મારું મન વ્યાકુળ થઈ જાય. સ્તુતિરૂપી ભક્તિ દ્વારા જીવહિંસા રૂપી કમભક્તિ સાધુ તરીકે મને ન શોભે. શ્રાવકોનો આચાર જુદો છે. સાધુનો આચાર જુદો છે.

એટલે હું સાંજે દેરાસરની બહાર ઊભો રહીને જ સ્તુતિ વગેરે બોલું. બહારના ભાગમાં તો સારો એવો પ્રકાશ હોવાથી દીવાની ઉજઈ ત્યાં ન ગણાય, હણાઈ જાય.

શક્ય હોય ત્યાં સુધી હું કામળી ઓઢીને પણ ઉજઈમાં ઊભો રહેતો નથી. કેમકે મોઢું-હાથ-પગ વગેરે ભાગો તો ખુલ્લા છે. એ બધા પર ઉજઈ પડે તો એ જીવોની હિંસા થાય જ ને ? એટલે જ ઉજઈમાં ઊભો રહીને વાતચીત પણ ન કરું. આપણા શબ્દોથી-વાયુથી પણ તેજસકાયની હિંસા થવાની વાત શાસ્ત્રમાં છે જ. એટલું જ નહિ, મારી ઉપધિ પર એટલે કે દાંડા-પાત્રા વગેરે ઉપર પણ જો ઉજઈ પડતી હોય તો મને ચેન ન પડે. હું તરત જ એ ઉપધિ ત્યાંથી હટાવી લઉં,.... એ પછી જ મને સંતોષ થાય.

હું કદી ઉપાશ્રયમાં લાઈટ ચાલુ કરાવતો નથી. ગમે એટલું અંધારું હોય, પણ એમાં જ જીવવાનું હું શીખી ગયો છું. હા! બીજાઓને જરૂર હોય અને કરાવે તો એ એમનો અપવાદ છે. મારે જરૂર નથી, માટે હું આ અપવાદ સેવતો નથી.

તેજસકાયની વિરાધનાથી બચવા માટે જ મોબાઈલ-ફેક્સ-ઝેરોક્ષ વગેરે મને ખૂબ ખૂંચે છે. એનાથી બચવા માટે ખૂબ પ્રયત્નો કરું છું. ક્યારેક નાછૂટકે એ દોષો સેવવા પડે તો પ્રાયશ્ચિત્ત તો કરી જ લઉં છું.''

બોલો, તેજસકાયની વિરાધનાથી બચવા માટે આપણા જીવનમાં આવી કોઈ યતના ખરી? અત્યાર સુધીમાં કેટલા ફોન કરાવ્યા? એમાં ય કારણસર કેટલા? એમાં નકામી વાતો પણ, જેના વિના ચાલી શકે એવી વાતો પણ કેટલી કરાવી? આ મહાત્મા તો કહેતા હતા કે ''ફોન કરાવવો જ પડે તો ''મહારાજ સાહેબ તમને ધર્મલાભ કહેવડાવે છે...' વગેરે વધારાની કોઈ જ વાત કરાવતો નથી.'' અને આપણે? જાતે જ મોબાઈલ પર બોલીએ ખરા કે? ફોન ઉપર માંગલિક સંભળાવીએ ખરા કે? ફોનનું સ્પીકર ચાલુ કરાવીને બધું સાંભળીએ ખરા કે? ફોનમાં જાતજાતનાં ચિત્રો જોઈએ ખરા કે? ધર્મ પામેલા શ્રાવક-શ્રાવિકાઓ દુ:ખી હૈયે વારંવાર વેદના ઠાલવતા સાંભળ્યા છે કે ''મહારાજ સાહેબ! મોબાઈલાદિનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. અમારા જેટલા ફોન હોય, એના કરતા વધારે ફોન કરાવવાના...'' આ બધામાં આપણે નિમિત્ત ન જ બનવું જોઈએ.

(૨૧) વિહાર કરીને આવેલા એક વડીલ સાધુ ઘડો તૈયાર કરીને ઉપાશ્રય બહાર નીકળતા હતા. મેં જોયા એટલે કહ્યું કે, ''સાહેબજી! પાણી બધું આવી ગયું છે.'' એ હસી પડ્યા. મને કહે ''એ તો આંબિલ ખાતાનું છે. હું ઘરોમાં વહોરવા જાઉં છું. કાયમ ઉકાળેલું પાણી પીનારા કેટલાક ઘરોનો મને ખ્યાલ છે. ત્યાંથી નિર્દોષ પાણી મળી રહે ને?''

મને ખૂબ આનંદ થયો. ૨૫ વર્ષના દીક્ષાપર્યાય પછી પણ એ મહાત્મા નિર્દોષ પાણી માટે સ્વયં આટલી કાળજી કરનારા હતા. એ પછી રાત્રે શાંતિથી એમની સાથે બેઠો ત્યારે એમણે મારા પ્રશ્નોને અનુસારે ઘણી વાતો કરી.

**પ્રશ્ન :** બારે મહિના નિર્દોષ પાણી મળી રહે છે ?

**ઉત્તર :** જુઓ ચોમાસાના ચાર મહિના તો દરેક સ્થાને એવા શ્રાવકઘરો મળી જ જાય છે કે જ્યાં નિર્દોષપાણી મળી રહે. શિયાળા-ઉનાળામાં પણ જો જૈનોના ઘરો હોય તો આઠમ-ચૌદશના દિવસે કંઈને કંઈ તપ કરનારા શ્રાવક-શ્રાવિકાઓના ઘરે ઉકાળેલું પાણી મળી રહે. એ સિવાય પણ કેટલાક સ્થાને બારેમાસ ઉકાળેલું પાણી પીનારા ધાર્મિક ગૃહસ્થો હોય છે. હા! જ્યાં આવું કશું ન હોય ત્યાં પણ મને ખબર ન હોવાથી કોઈક સ્થાનિક શ્રાવકને જ પૂછી લઉં કે "અહીં કોઈ ઉકાળેલું પાણી પીનારા છે ?...' એમ બે-ચાર જણને પૂછવાથી જો પીનારા મળી જાય તો સારું... આ બધા પ્રયત્નો પછી પણ જો પાણી ન મળે તો પછી છેવટે આંબિલ ખાતાનું પાણી લઉં કે જે સાધુ-સાધ્વી માટે થતું હોવાથી આધાકર્મી હોય છે અથવા તો મિશ્ર હોય છે.

**પ્રશ્ન :** પણ ખાલી પાણી માટે આ બધી ઝંઝટ કરવાનો કંટાળો નથી આવતો ?

**ઉત્તર :** તમે 'ઝંઝટઉ શબ્દ બોલો છો એ જ આશ્ચર્ય છે. ગોચરી માટે આપણે આ બધો પ્રયત્ન કરીએ જ છીએ ને ? ત્યાં 'ઝંઝટ' નથી લાગતી, તો આ 'ઝંઝટ' શા માટે ? ઊલટું મને તો ખૂબ જ આનંદ આવે છે. ક્યારેક તો અડધો-પોણો કિ.મી. દૂર પણ પાણી લેવા જવું પડે છે. પણ એ વખતે મારો હર્ષ તો વધી જાય છે.

બાકી જેને આ 'ઝંઝટ' લાગે, એને માટે તો આખું સાધુજીવન 'ઝંઝટ' જ છે ને ? જાતે કપડા ધોવા 'ઝંઝટ' નથી? વાહનવ્યવહારની ભરપૂર સગવડ હોવા છતાં ચાલીચાલીને પગ તોડી નાંખવા, છોલી નાખવા એ ઝંઝટ નથી? હજામોની કતાર લાગી હોવા છતાં વાળો ખેંચીખેંચીને ભારે દુ:ખી થવું એ 'ઝંઝટ' નથી? વિજ્ઞાનના બેનમૂન સાધનોનો લાભ આખું વિશ્વ લઈ રહ્યું હોવા છતાં એ જ બળદગાડાના યુગમાં જીવતા હોઈએ એમ ટી.વી., કમ્પ્યૂટર વગેરેનો બિલકુલ ઉપયોગ ન કરીને બાઘા રહેવું એ ઝંઝટ નથી?

મોક્ષાર્થી માટે સંયમની પ્રત્યેક ચર્યા મહાનન્દ છે, તો ભવાભિનન્દી માટે પ્રત્યેક ચર્યા ઝંઝટ છે....

એ મુનિરાજે મારા મોઢામાંથી નીકળી ગયેલા 'ઝંઝટ' શબ્દ માટે મને શાંતિથી છતાં વ્યવસ્થિત ઠપકો આપ્યો.

## આચારથી શાસન પ્રભાવના

જુઓ તો ખરા ત્યાગધર્મનો પ્રભાવ કેટલો છે!

એક મોટા ઘરમાં મહેમાનો હોવાદિ કારણોસર વેડમી બનાવેલી હતી. ૧૨-૧૫ માણસો હતા. સાધુ અચાનક વહોરવા જઈ ચડયા. બધા ભક્તિભાવથી ભેગા થઈને ઊભા રહ્યા. મુખ્ય વ્યક્તિઓ વહોરાવવા લાગ્યા. વેડમીનો જથ્થો પડેલો હતો પણ સાધુને આંબિલની રોટલીનો ખપ હતો. બધાએ બધી વસ્તુની વિનંતી કરી, પણ સાધુએ વેડમીના જથ્થાની નીચે રહેલી બે લૂખી રોટલીની યાચના કરી "મારે આનો ખપ છે." ગૃહસ્થો આભા જ બની ગયા. બે રોટલી વહોરી સાધુ હજી તો ઘરનાં બારણાની બહાર જ નીકળ્યા છે. ત્યાં એમના કાને શબ્દો સંભળાયા "શું આપણા જૈન સાધુઓ છે! વેડમીના જલસા ત્યાગી લૂખી રોટલી આરોગે છે. ધન્ય છે આ મહાત્માઓને!"

એક શ્રાવક સાધુને વિનંતી કરી છેક બારમા માળે વહોરવા લઈ ગયો. સાધુ માટે શીરો-ખમણ વગેરે બનાવી રાખેલું. સાધુને એ દોષિત લાગ્યું; માત્ર રોટલી-શાકાદિ નિર્દોષ લાગતી વસ્તુઓ વહોરીને નીકળી ગયા. શ્રાવક અચંબો પામ્યો. બાર-બાર માળ મેં ચડાવ્યા, તો પણ આ સાધુઓ શીરો દોષિત લાગવાથી વહોરતા નથી. એ કેવી ગજબની અનાસક્તિ!

શંખેશ્વર અઠ્ઠમ કરવા આવેલો એક યુવાન ત્યાં તપસ્વી મહાત્માના સંપર્કમાં આવ્યો. શંખેશ્વરમાં રસોડાઓ મોટા પાયે ચાલતા હોવા છતાં એ મહાત્મા નિર્દોષ ગોચરી માટે, આંબિલની લૂખી રોટલીઓ માટે શંખેશ્વરના જૈનેતર ઘરોમાં વહોરવા ગયા. એ યુવાન સાથે ગયો. જૈનેતરોનો જબરદસ્ત ભાવ અને મહાત્માની માત્ર લૂખી રોટલી-રોટલા વહોરવાની પ્રવૃત્તિ જોઈ એ યુવાન સ્તબ્ધ બની ગયો. "આ શંખેશ્વરમાં મોટું આંબિલ ખાતું ચાલું છે. ઢોકળા, ઢોસા, ઈડલી.. વગેરે બધું જ મળે છે, છતાં એ બધાની આસક્તિ ન પોષવા, એ દોષિત વસ્તુઓ ન લેવા આ સાધુ લૂખી રોટલી-રોટલાથી નિર્વાહ કરે છે." એ વિચારોથી યુવાન એટલો બધો ભાવિત બન્યો કે એણે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. એ પાકો મુમુક્ષુ બની ગયો. એક સાધુનો ત્યાગધર્મ એક સંસારીને છેક સાધુ બનવા સુધીની સફળ પ્રેરણા આપનારો બન્યો.

જૈનેતરોના ઘરે ગોચરી ગયેલા મહાત્માને પેંડા-માવાની વિનંતી થઈ "આ ઘરના છે કે બહારના? માવો કેવો? કેટલા દિવસ?...." વગેરેને લીધે એ વસ્તુઓ વહોરવા જેવી ન લાગવાથી સાધુએ ના પાડી. રોટલી, રોટલા, છાશ વહોર્યા. પરંતુ આ પ્રસંગથી પેલા જૈનેતરને લાગ્યું કે "આ જૈન સાધુઓ કંઈ ખાવાનું નથી મળતું એટલે અહીં આવનારા નથી. આ તો સારી સારી વસ્તુઓ પણ લેવાની ના પાડે છે. પૈસા આપીએ તો પણ ના પાડે છે. આ લોકોનો આચાર જબરો છે..."

# વૃદ્ધ સંયમીઓ માટે સુંદર આદર્શ !

અધ્યાત્મયોગી પૂજ્યપાદ આચાર્યદેવ કલાપૂર્ણસૂરિજી મ.સાહેબના સમુદાયના એક સાધ્વીજીની ઉંમર અત્યારે ૯૪ વર્ષની છે.

**આ ઉંમરે પણ તેઓ -**

(ક) સ્થાપનાજીનું પડિલેહણ જાતે કરે.

(ખ) દેરાસરે દર્શન કરવા પણ ચાલીને જાય.

(ગ) સવારે ૩ વાગે ઊઠી જાય અને ૪૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ વગેરે આરાધના કરે.

(ઘ) ૮૫ વર્ષ સુધી ચાલીને વિહાર કરેલો, છેલ્લા ચાર વર્ષથી સ્થિરવાસ છે.

(ચ) ૭૫ વર્ષની ઉંમર સુધી મોટા તપો ચાલુ હતા.

(છ) ૯૦ વર્ષની ઉંમર સુધી રોજ એકાસણા ચાલુ હતા.

(જ) આજે પણ પાંચતિથિ આંબિલ-એકાસણા-ઉપવાસ કરે.

(ઝ) ૭૦ શિષ્યાઓના ગુરુણી પદ પર બિરાજમાન છે.

(ટ) રોજ ૧૫ બાંધી નવકારવાળી = ૧૫૦૦ જેટલા નવકાર ગણે.

(ઠ) રોજ ત્રણ કલાક સ્વાધ્યાય આજે પણ ચાલુ જ છે.

એમણે પોતાના જીવનમાં જે તપ કરેલો છે, તેની નોંધ નીચે મુજબ છે.

એક માસક્ષમણ

સોળ ઉપવાસ

અગ્યાર ઉપવાસ

દસ ઉપવાસ

નવવાર અઠ્ઠાઈ

શ્રેણીતપ (૧૧૦ દિવસ, જેમાં ૮૩ ઉપવાસ)

સિદ્ધિતપ (૪૪ દિવસ, જેમાં ૩૬ ઉપવાસ)

કંઠાભરણતપ

મોટો ધર્મચક્રતપ (આશરે ૧૨૦ દિવસનો...)

ભદ્રતપ

ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય તપ

સિંહાસન તપ

શત્રુંજય તપ (૨ અઠ્ઠમ, ૭ છઠ્ઠ)

ક્ષીર સમુદ્ર તપ.

ગણધર તપ (૧૧ છઠ્ઠ)
વીશસ્થાનક તપ (૪૨૦ ઉપવાસ)
વર્ષીતપ
છમાસી તપ
ચારમાસી તપ
દોઢમાસી તપ
બેમાંસી તપ
રત્નપાવડી તપ (૯ છઠ્ઠ+૨ અઠ્ઠમ)
નવનિધાન તપ (નવં ઉપવાસ)
ચૌદરત્ન તપ (૧૫ ઉપવાસ)
શત્રુંજયટુંકના ૨૧ ઉપવાસ
શત્રુંજયટુંકના ૯ ઉપવાસ
દિવાળી તપ (૫ છઠ્ઠ)
સળંગ ૫૦૦ આંબિલ
**વર્ધમાન તપની ૧૦૦+૪૫ ઓળી**
૧૦૦ નવપદની ઓળી.
ચંદનબાળા તપ
ચોવીસ તીર્થવર્ણતપ (૨૪ આંબિલ)
(નીચેના તપો એકાસણાથી કર્યા છે...)
સહસ્રકૂટ તપ (૧૦૨૪ એકાસણા)
૪૫ આગમ તપ (૪૫ એકાસણા)
નવકાર તપ (૬૮ એકાસણા)
કર્મપ્રકૃતિ તપ (૧૫૮ એકાસણા)
ચોવીસ તીર્થંકરપદ તપ (૩૦૦ એકાસણા)

નવાડીસામાં આજે આ સાધ્વીજી ભગવંત પોતાનું શેષ સંયમજીવન પ્રસન્નતા પૂર્વક પસાર કરી રહ્યા છે.

## ઓ બાલ મુનિરાજ ! તમારી નિર્મળ પ્રજ્ઞાને અમારી અનંતશઃ વંદના

"મુનિવર ! મને એક મુંઝવણ છે, તમે મને ઉત્તર આપશો ?"

૧૪ વર્ષની ઉંમરના બાલ મુનિરાજે એક વડીલ મુનિરાજને વિનયપૂર્વક પ્રશ્ન કર્યો.

દીક્ષા લીધાને હજી તો ૭-૮ મહીના જ થયા હતા. પણ પૂર્વભવની કોઈક અપૂર્વ આરાધનાનો પ્રતાપ, કે તમામે તમામ મીઠાઈઓ અને તમામે તમામ ફરસાણો કોઈપણ છૂટ વિના ત્યાગી દીધા હતા. માત્ર ગુરુજી ક્યારેક સામેથી વપરાવે, ત્યારે જ વાપરે.

મુંબઈ કાંદિવલીમાં એ બે બંધુઓ સાથે જન્મ્યા હતા. અમુક કારણોસર મા-બાપે નિર્ણય લીધો કે 'એક ભાઈ એના મામાને ત્યાં જ ઉછરે અને એક આપણી પાસે રહે.' અને એક દીકરાને મામાને ત્યાં મૂકી આવ્યા.

પણ આશ્ચર્ય !

બંને ભાઈઓ વચ્ચે ૠણાનુબંધ કેવો ! કે મામાના ઘરે રહેલા ભાઈને સખત તાવ ચડ્યો, ગમે એટલા ઉપચારો કરવા છતાં ઠેકાણું પડે જ નહિ અને મા-બાપ પાસે રહેલો ભાઈ આખો દિવસ રડ્યા જ કરે તાવવાળા ભાઈને તો હોસ્પીટલમાં દાખલ કરવો પડ્યો, બધી ચકાસણી બાદ ખુદ ડોક્ટરે કહ્યું કે,"આને બીજો કોઈ જ તાવ નથી. પણ બે ભાઈઓ જોડિયા જન્મેલા છે, તો એમને સાથે જ રાખો. જુદા રાખશો તો આ તાવ જશે નહિ..."

અંતે જયારે મા-બાપે બંને દીકરાઓને પોતાની સાથે જ રાખવાનો નિર્ણય લીધો અને મામાને ત્યાંથી દીકરાને લઈ આવ્યા, ત્યારે એકનો તાવ અને બીજાનું રૂદન શાંત થયા. ઘોડિયામાં રમતા બે ભાઈઓ વચ્ચે પૂર્વભવનો આ કેવો સંબંધ !

એ બંને ભાઈઓએ ૧૪ વર્ષની ઉંમરે હજી ૮ મહીના પહેલા જ દીક્ષા લીધી છે. એમાંના નાના મુનિરાજે એક વડીલ મુનિરાજને ઉપર મુજબ પ્રશ્ન કર્યો.

'હા, હા ! બોલો ને ? શેની મુંઝવણ છે, તમને ?' વડીલે આત્મીયતા દર્શાવી.

અને એ વૈરાગી બાલમુનિ બોલી ઊઠ્યા.

'મેં સાંભળ્યું છે કે રવિવારે આદિનાથ સંઘમાંથી બે કિ.મી. જેટલો લાંબો અને ચાર-પાંચ કલાક આખા નવસારીમાં ફરનારો મોટો વરઘોડો નીકળવાનો છે. ધર્મચક્રતપનો એ વરઘોડો છે... એ વાત સાચી ?

પણ મુનિવર ! એમાં આપણે સાધુઓએ જોવા જવાય ખરું ? એમાં જાતજાતના બેંડો આવે, જાતજાતની બગીઓ, રચનાઓ, આકર્ષક આઈટમો જોવામાં આપણને કૌતુકનો દોષ ન લાગે?

આ બધું જોવાની ઉત્કંઠા, કૌતુક એ દોષ કહેવાય ને ?"

તદ્દન સરળભાવે એ બાલમુનિએ પ્રશ્ન કર્યો.

વડીલ મુનિ આશ્ચર્ય પામ્યા.

'જિનશાસનની પ્રભાવનાનું અજોડ નિમિત્ત બનનાર એ રથયાત્રા ચોક્કસ અનુમોદનીય, પરંતુ એમાંની ભાત-ભાતની વસ્તુઓ જોવાની ઉત્કંઠા સાધુને થાય એ ભલે ને નાનકડો તોય દોષ તો ખરો જ' એમ એ વડીલમુનિ સારી પેઠે સમજતા હતા.

પણ તદ્દન નૂતન બાલ મુનિની આવી ઊંડી સમજણ જોઈ એ આશ્ચર્ય પામ્યા, અતિ આનંદ પામ્યા.

એમણે જવાબ દીધો કે,

"રથયાત્રામાં હાજરી આપવા આપણે જવાના છીએ, એ તો બરાબર. પણ એની બધી આઈટમો જોવાની ઉત્કંઠા એ તો દોષ છે જ. હું પણ જોઈશ ખરો, પણ એ તમારી વાત તો બિલકુલ સાચી..."

આ સાંભળી મુનિરાજના મુખમાંથી રત્નોની વૃષ્ટિ થઈ.

એ બોલ્યા કે,"ભલે, ગુરુજીની અને પ્રભુની આજ્ઞા હોય તો હું રથયાત્રામાં જઈશ, પણ વરઘોડો જોવો, બધુ નિહાળવું એ તો પ્રભુની આજ્ઞા નથી જ ને ? તો હું તો બધા સાધુઓની સાથે સાથે ચાલીશ. વરઘોડો જોવા ક્યાંય ઊભો નહિ રહું.

અને હા ! રોડ ઉપર પણ જો છેક કિનારી ઉપર ચાલીશ, તો આગળ-પાછળના બધા દશ્યો મને દેખાઈ જ જાય. મારે એ કુતૂહલ નથી પોષવું.

હું તો બધા સાધુઓની બરાબર વચ્ચોવચ્ચ જ ચાલીશ."

પોતાના આત્માને બચાવી લેવા માટેની એમની આવી ઉદાત્તભાવના અને એમ છતાં જોવા જનારા અન્ય સાધુઓ માટે લેશ પણ અસદ્ભાવાદિ વિનાની એમની નિખાલસતા જોઈ એ વડીલમુનિનું હૈયું હર્ષના આંસુ વહાવી રહ્યું.

એ જ આદિનાથસંઘમાં આગલા દિવસે સાંજે ૬.૩૦ વાગ્યાથી મહાપૂજા શરૂ થવાની હતી. આખા નવસારીના હજારો જૈનો દર્શન કરવા, મહાપૂજા નિહાળવા પધારવાના હતા. આદિનાથ સંઘથી બે કિ.મી. દૂર રહેલા ઘણા સાધુઓ આ અદ્વિતીય મહાપૂજાના દર્શન માટે ત્યાં પહોંચી જવાના હતા.

પણ

આ જ બાલમુનિએ પોતાની મેળે મનમાં નિર્ણય કરી લીધો કે,

"સૂર્યાસ્ત બાદ સાધુથી દેરાસર વગેરેમાં ન જવાય. દીવાઓ થઈ ગયા હોય, બહેનો વગેરેની અવરજવર - ભીડ ખૂબ હોવાથી સંઘટ્ટો વગેરે પણ થઈ જાય. અને 'ત્યાં કેવું શણગાર્યું હશે ? ફૂલો કેવા લગાડ્યા હશે...?' એ બધું જોવામાં તો સાધુપણામાં દોષ લાગે. એટલે મારે નથી જોવું."

પણ જયારે ગુરુજીએ આદેશ કર્યો કે "આ` ાંજે ત્યાં જવાનું છે..." તો ગુર્વાજ્ઞાને પણ ખૂબ જ ઉમંગભેર વધાવી લીધી.

આ જ બાલમુનિએ વડીલ સાધુને જિજ્ઞાસાથી પૂછ્યું કે-

– આ બધી જાતજાતની પત્રિકાઓ આવે, એ બધું સાધુથી જોવાય. 'પત્રિકા કેવી આકર્ષક છે ?...' એમ વિચાર આવે, એમાં તો રાગભાવ જ પોષાય ને ? –

સમજુ વડીલ મુનિએ એ વાતનો 'હ' કારમાં જવાબ દીધો.

## ઓ બાલ મુનિરાજ ! તમારી નિર્મળ પ્રજ્ઞાને અમારી અનંતશઃ વંદના

બંને જોડિયા બાલમુનિઓએ દીક્ષા મેળવવા માટે ગૃહસ્થપણામાં છેલ્લા બે વર્ષ તમામ મીઠાઈઓનો ત્યાગ કરેલો હતો. આજે પણ બધું ત્યાગી દીધેલું છે.

બંને મુનિવરોએ તમામે તમામ પ્રકારના ફળો પણ ત્યાગી દીધા છે.

એકવાર એક વડીલે બંને બાલમુનિઓને પૃચ્છા કરી કે

"તમે સાચું બોલજો, આ ૪૦-૫૦ સાધુઓની મોટી ગોચરી માંડલીમાં મીષ્ટાન્ન-ફરસાણ પણ આવે છે, ઉનાળામાં કેરીનો રસ પણ આવતો હતો. બીજા સાધુઓ વાપરે પણ છે. તમે જુઓ પણ છો કે "આ કેરીનો રસ, મીઠાઈ, ફરસાણ વગેરે આવ્યા છે..." બીજાને વાપરતા જુઓ છો. તો શું તમને ઈચ્છા નથી થતી ? કે અમે પણ વાપરીએ... શું તમને એ સારી વસ્તુઓ વાપરવાનું મન નથી થતું ?

સાચું બોલજો હોં !"

અને બે ય બાલમુનિઓએ દઢતા સાથે જવાબ આપ્યો કે,

"આ બધું તમે અમને પૂછો છો, પણ અમને તો આ બધા વિચાર જ નથી આવતા. અમે સંસારમાં હતા, ત્યારે આ ઘણું બધું મળતું જ હતું... પણ અમે છેલ્લા બે વર્ષ કશું વાપરેલું નહિ. અમને આવા કોઈ વિચારો નથી આવતા. અમે ખરેખર આ વાત હૃદયથી કહીએ છીએ.."

વડીલ મુનિ બેહદ આશ્ચર્ય પામ્યા. ૧૫ વર્ષના બાલમુનિઓને શું ઘણી બધી આઈટમો જોયા પછી પણ, બધા વાપરતા હોય તો પણ જાતે વાપરવાની ઇચ્છા ન થાય ? આ શી રીતે સંભવે ?... એ પ્રશ્ન હજી પણ એમને મુંઝવી રહ્યો છે.

બંનેએ ૧૩ વર્ષની ઉંમરે શિખરજીની યાત્રા કરી. તે દિવસે એમને ઉપવાસનું પારણું હતું. ત્યારે તે બંને ભાઈઓ સંસારમાં હતા. પારણું કરવા બેઠા તો જોયું કે ૨૫-૨૫ આઈટમો પારણામાં હતી. (મોટું રસોડું, સંઘ હોવાથી એટલી આઈટમો હતી...)

બંનેને આશ્ચર્ય થયું. આટલી બધી આઈટમ કંઈ પારણામાં હોતી હશે ? ત્યાં ચાતુર્માસ માટે રોકાયેલી પોતાની સંસારી બહેનને બંનેએ વાત કરી કે, "શું આટલું બધું વાપરવાનું ?...' બહેન કહે 'આ તો અમારે રોજ હોય છે...'

બંને ભાઈઓ અલ્પદ્રવ્ય વાપરીને ઊભા થઈ ગયા.

બંને બાલમુનિઓ કાયમ એકાસણા કરે છે, વચ્ચે વચ્ચે ઓળીઓ કરે છે, એ બંનેની કેટલીક વિશેષતાઓ

(ક) માંડલીના કામ કરવા માટે અત્યંત ઉત્સાહી ! વ્યવસ્થાપકને આગ્રહ કરે કે, "અમને માંડલીના કામ સોંપો." વ્યવસ્થાપક કહે કે, "તમને એક કામ તો સોંપેલું જ છે. બધા એક-એક કામ કરે.."

પણ મુનિઓ કહે "અમને વધારે કામ આપો. અમારે બધાની ભક્તિ કરવી છે."

(ખ) તેઓ બંને એકાસણામાં હોય તો પણ સવારે નવકારશી જનારાઓને વિનંતિ કરે "તમે રોજ અમારી તરપણી લઈ જજો. એમાં તમે વસ્તુ લાવો, મહાત્માઓ વાપરે, એનો લાભ અમને મળે. એટલે અમારા ઉપર એટલો ઉપકાર કરજો..."

એમ બપોરે પણ પોતાની તરપણી-પાત્રા આપવા વધુ તત્પર ! "અમારા પાત્રા-તરપણીમાં ગોચરી આવે, તો એ ભક્તિનો લાભ અમને મળે.." એ જ એમનો ભાવ ! (સામાન્યથી એવું હોય છે કે જેઓ એકાસણા કરે, તેઓ પોતાના પાત્રા-તરપણી બીજાને આપવામાં મુંઝવાતા હોય, કેમકે પાત્રાપોરિસી વખતે બધા પાત્રાદિનું પાછું પ્રતિલેખન કરવું પડે, એટલે એ બધું શોધવા જવું પડે. પણ આ બંને મુનિઓ પોરિસી સમયે પોતાના પાત્રાદિ શોધી લાવવાનું કષ્ટ પણ ભક્તિના ઉછળતા હૈયે ઉઠાવે..)

(ગ) જયારે પણ કોઈ સ્તવન, સ્તુતિ ગવાય ત્યારે નાના બાલમુનિની આંખો સહજ રીતે બંધ થઈ જાય, એ આજુબાજુનું બધું ભાન ભૂલી જાય... એ સ્તવન-સ્તુતિના શબ્દોમાં ભીંજાવા લાગે. એમાંય વિશિષ્ટ સ્તવનાદિ વખતે તો એમની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગે. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડે. આવું તો વારંવાર બન્યા જ કરે.

આજે પણ ઘણાને આશ્ચર્ય થાય છે કે, "૧૫ વર્ષની ઉંમરમાં એવો તે કેવો ભક્તિભાવ ! કે આ રીતે અનરાધાર અશ્રુધારા વહે છે..."

પણ એ નક્કર સત્ય છે.

(ઘ) વડીલ મુનિએ બાલમુનિને પૂછેલું કે "કૌતુક, ભાતભાતની વસ્તુઓ જોવાની ઉત્કંઠા એ બધું દોષ છે..." એવું તમને શીખવાડ્યું કોણે ? તમારા ગુરુજીએ આ બધું શીખવાડ્યું છે ?"

ત્યારે એ બાલમુનિ કહે કે

"ના રે ના ! આ બધું કંઈ ગુરુજીએ શીખવાડવું પડે ? આ તો સીધી-સાદી વાત છે. એટલો તો ખ્યાલ કોઈને પણ આવે..." (એ મુનિ તો સાવ જ સરળ છે, એમને એ વાતનો ખ્યાલ જ નથી કે આવી સમજણ. તો ઘણા ઓછાઓને પડે. રે ! કોઈ સમજાવે એ પછી પણ આ બધું દોષરૂપ લાગવું અઘરું છે. તો વગર સમજાવ્યે આ બધું દોષરૂપ શી રીતે લાગે ?)

(કેટલીક ધ્યાનમાં લેવાની બાબતો

(ક) રથયાત્રા, મહાપૂજા એ શાસનપ્રભાવનાનું કારણ હોવાથી, મુગ્ધજીવોને બોધિબીજનું કારણ હોવાથી એ રીતે ઉપાદેય છે. સાધુઓએ પણ જિનાજ્ઞા પ્રમાણે તે તે કાર્યક્રમમાં ઔચિત્યપૂર્વક હાજરી આપવી એ પણ યોગ્ય છે. પરંતુ એ સમજી લેવું કે "રથયાત્રામાં જાતજાતના બેંડો - અવનવા કાર્યક્રમો... વગેરે જોવાની ઉત્કંઠા-કુતૂહલવૃત્તિ એ દોષ રૂપ છે." એમ મહાપૂજામાં પણ સમજી લેવું.

(ખ) કોઈક આ પ્રસંગ વાંચીને એમ પણ વિચારે કે "આ બાલમુનિઓ બધાના દોષો જ જોતા હશે ? એ નિંદા તો નહિ કરતા હોય ને ?...' પણ આવો વિચાર બિલકુલ યોગ્ય નથી. તેઓ નિખાલસ, સરળ, નમ્ર છે. આવી બધી મલિનતાઓ એમનામાં પ્રવેશી નથી. માટે જ તો ગચ્છના સાધુઓની ભક્તિ કરવા માટે તેઓ કેટલા બધા ઉત્સાહિત છે !

એમની સૂક્ષ્મ અને નિર્મળપ્રજ્ઞા ગુણદોષોનો જલ્દી બોધ કરાવી દે છે.

(ગ) કંઈપણ નવું થવાનું હોય, કંઈપણ નવી વસ્તુ હોય... તો એ જોવા-જાણવાની સહજ ઉત્કંઠા લગભગ દરેકને થતી હોય છે. એ દોષ ભલે નાનો હોય, પણ એ આપણા જીવનમાં પણ આપણે અનુભવતા હશું. આત્માને, શાસ્ત્રોને, શાસનને જોવું-જાણવું-અનુભવવું એ પરમાર્થ છે. આ બાલમુનિ આવડી ઉંમરમાં આવા સૂક્ષ્મ દોષોને પકડી શકે, ત્યાગી શકે, એ બધું છતાં નિરભિમાની રહી શકે... એ માસખમણના પારણે માસખમણ કરવા કરતા પણ ઘણી જ મોટી સિદ્ધિ છે. ઊંડાણથી વિચારશું તો આ વાત સમજાયા વિના નહિ રહે. જાતને જ પૂછીએ કે આવા આશ્ચર્યકારી પ્રસંગો, વસ્તુઓ, કાર્યક્રમો જોવા-જાણવાની ઈચ્છા-પ્રવૃત્તિને આપણે રોકી શકીએ છીએ ખરા ? નવું સાંભળવા, નવું જોવા... આપણી ઈન્દ્રિયો ઉત્કંઠિત નથી થતી ?...)

# ચૌદ રાજલોકવ્યાપી જિનશાસન

મુંબઈના એક સુખી પરિવારને ઘરના કામકાજ માટે એક કામવાળીની જરૂર હતી. અત્યારે ઘણે ઠેકાણે એવું પણ શરૂ થયું છે કે સુખી પરિવારો ગામડાઓમાંથી ગરીબ છોકરા-છોકરીઓને શહેરમાં લાવી પોતાને ત્યાં ચોવીશ કલાક માટે રાખે. એ ત્યાં જ રહે, ત્યાં જમે. મહીને-વર્ષે એને પગારની રકમ આપી દેવામાં આવે.

આ પરિવાર મહારાષ્ટ્રના જ એક ગામડામાંથી મહારાષ્ટ્રિયન ગરીબ છોકરીને મુંબઈ પોતાના ઘરે લઈ આવ્યો. કચરા-પોતા કરવા, રસોઈ બનાવવી... વગેરે ઘરના બધા કાર્યોમાં એ છોકરી સહાય કરે.

એ પરિવાર જ્યાં રહેતો હતો, એની બાજુમાં જ સાધ્વીજીઓનો ઉપાશ્રય હતો. આ શ્રીમંત પરિવાર ધાર્મિક પણ હતો. એમને ત્યાં જ ઘરદેરાસર હતું. જ્યારે પણ વિહાર કરીને સાધ્વીજી ભગવંતો પધારે ત્યારે ઉપાશ્રયમાં કચરા-પોતા કરવા તથા સાધ્વીજીઓને બીજી પણ કોઈક જરૂરિયાત હોય... તો શ્રીમંતપરિવાર એ મરાઠી-છોકરીને જ એ બધું કામકાજ સોંપતા.

આ રીતે એ છોકરીને ઉપાશ્રયમાં વારંવાર કંઈને કંઈ કામ અંગે જવાનું થતું.

ગમે તે હોય

પણ એ છોકરી પૂર્વભવનો કોઈક આરાધક આત્મા હતો. જૈન કુળમાં ભલે જન્મ ન મળ્યો, પણ આત્મામાં તો સાચા જૈનત્વને પામવાની ભરપૂર યોગ્યતા ધરબાયેલી પડી હતી.

એ છોકરીને સાધ્વીજીઓને જોઈ ખૂબ આનંદ આવતો. એમની જીવનચર્યા એને ખૂબ ગમતી. પણ પોતે તો એક કામવાળી, ગરીબ, મરાઠી છોકરી હતી..

સાધ્વીજીઓનો પરિચય વધવા લાગ્યો.

એમાં સાગર સમુદાયના એક સાધ્વીજીનો સંપર્ક તો એ છોકરી માટે પારસમણિ સમાન બની રહ્યો.

સાધ્વીજીની પ્રેરણાથી એ છોકરીને સામાયિક, અષ્ટપ્રકારી પૂજા વગેરે ધર્મારાધના કરવાનું મન થયું.

એનો પ્રચંડ ભાગ્યોદય.

શ્રીમંત પરિવાર એને સંપૂર્ણ અનુકૂળ થઈ ગયો.

એ મરાઠી ગરીબ છોકરી ઘરમાં જ અષ્ટપ્રકારી પૂજા કરવા લાગી. સામાયિકાદિ પણ શરૂ કરી દીધા.

શ્રીમંત પરિવારના બહેને એ છોકરીને કહી દીધું કે "તારે ઘરના કામની ચિંતા ન કરવી. એ બધું હું સંભાળી લઈશ. તું નિશ્ચિંત બનીને ધર્મારાધના કર. તારો એમાં ઉત્સાહ છે, એને અમે કદી નહિ રોકીએ. તું આગળ વધ..."

અને

સાધ્વીજી ભગવંતો સાથેનો પરિચય વધતો જ ગયો.

અભ્યાસ પણ શરૂ થઈ ગયો.

દીક્ષાની ભાવના પ્રગટી,

શ્રીમંત પરિવારે સંમતિ આપી, અને સંયમજીવનની તાલિમ માટે સાધ્વીજીઓ સાથે એ

મરાઠી છોકરીએ વિહારો પણ શરૂ કરી દીધા.

સંયમની તાલીમમાં સફળતા મળી, વૈશાખ-જેઠ મહિને ભાયંદરમાં થનારી સામુહિક ૯-૧૦ દીક્ષાઓમાં એમનો પણ સમાવેશ થયો.

દીક્ષાર્થીઓના અંતિમ મેળાવડામાં તમામ દીક્ષાર્થીઓએ પોતપોતાનું વક્તવ્ય આપ્યું. આ મરાઠી મુમુક્ષુએ ગુરુતત્ત્વનો મહિમા વર્ણવતું વક્તવ્ય આપ્યું. આશ્ચર્ય તો એ થયું કે તમામ દીક્ષાર્થીઓમાં આ મુમુક્ષુનું વક્તવ્ય લોકોને સૌથી વધુ અસરકારક = પ્રીતિકર બન્યું. લોકોએ બે મોઢે એ મરાઠી મુમુક્ષુના વક્તવ્યના વખાણ કર્યા.

અંતે

દીક્ષાના દિવસે તમામ મુમુક્ષુઓના વિદાયતિલકના ચડાવાઓ બોલાયા. એમાં પણ એક અજાયબ ઘટના બની ગઈ. મુંબઈના એક ગાંધી પરિવારે એ મરાઠી મુમુક્ષુને અંતિમ વિદાયતિલક કરવાનો ચડાવો રૂા. ૪ લાખમાં લીધો. બાકીના તમામ મુમુક્ષુઓના વિદાયતિલકના ચડાવા કરતા આ ચડાવો મોટો હતો.

એ ગરીબ મરાઠી મુમુક્ષુના મા-બાપનું રૂા. ૩૫૦૦૦ થી જાહેરમાં બહુમાન કરવામાં આપ્યું.

સામાન્યથી તો એવું બને કે કોઈક ગરીબ દીક્ષા લે, તો લોકો એમ બોલે કે, "ગરીબ હતી, એટલે દીક્ષા લીધી..." પણ આ મરાઠી મુમુક્ષુના મુખ ઉપર નીતરતો દેખાતો વૈરાગ્ય સૌ કોઈને બહુમાન જન્માવતો હતો.

આ બધી તો થઈ દીક્ષા પૂર્વેની વાતો !

દીક્ષાને માત્ર આઠેક મહીના જ થયા છે. એમણે હમણા જ સિદ્ધિતપની આરાધના કરી. કુલ ૩૬ ઉપવાસ અને ૮ બેસણા સાથે એ તપ પૂર્ણ કર્યો.

એમણે દીક્ષા દિવસથી જ પાંચ વર્ષ સુધી મૌનની પ્રતિજ્ઞા લીધી છે. (સૂત્રો બોલવા વગેરેની છૂટ, પણ વાતચીત વગેરે પાંચ વર્ષ સુધી બંધ...)

(મહોપાધ્યાયજી કહે છે કે જૈનકુળમાં જન્મ મળવા માત્રથી જ જે જૈન છે, એ દ્રવ્યજૈન છે. જ્યારે મોક્ષમાર્ગ તરફ લઈ જતા શુભભાવોનો સ્વામી ભલે ગમે ત્યાં હોય એ ભાવજૈન છે. એ ભાવજૈન નરકમાં કે દેવલોકમાં પણ હોય. તિર્યંચગતિમાં સાપ કે વાઘ કે સિંહ પણ હોય. માનવોમાં એ ભાવજૈન બહારથી મુસલમાન કે ક્રિશ્ચન પણ હોય.

માટે જ જિનશાસન ચૌદરાજલોક વ્યાપી છે. કેમકે સાતમી નારકથી માંડીને સિદ્ધશિલા સુધી બધે જ મોક્ષમાર્ગાનુસારી જીવો = ભાવજૈનો વિદ્યમાન છે, જેઓમાં જિનશાસન ધબકી રહ્યું છે.

આ સાધ્વીજી જન્મે જૈન નથી, મરાઠી છે. સુખી ઘરના નહિ, ગરીબ ઘરના હતા.. આમ છતાં પૂર્વભવની આરાધનાઓ કેવી જોરદાર હશે કે સાધ્વીજીવન તો પામ્યા જ, સાથે સાથે એની આરાધના કરવાનો અપૂર્વ ઉલ્લાસ પણ પામ્યા.

(એમના ગુરુણીનું ગ્રુપ મહાસંયમી તરીકે ખ્યાતિ પામેલું છે... એક વાત ધ્યાનમાં લેવી. જૈનેતરને દીક્ષા ચોક્કસ અપાય, પણ એમાં શાસન માટે ખરાબ બોલાવું ન જોઈએ. ગરીબ જૈનેતરોને ગાઢકારણ વિના, એની વિશિષ્ટ યોગ્યતા વિના દીક્ષા આપવામાં લોકનિંદાનો સંભવ ખાસ ધ્યાનમાં લેવો. આ દીક્ષા અપવાદ જેવી સમજવી.)

## સરસ્વતીદેવીની સાચી આરાધના : જ્ઞાનાભ્યાસનો સખત પુરુષાર્થ

મુંબઈના પ્રતિષ્ઠિત સંઘના પ્રમુખે વર્ષો સુધી સંઘની સેવા બજાવ્યા બાદ ૬૭ વર્ષની ઉંમરે દીક્ષાનો સ્વીકાર કર્યો. દીક્ષા બાદ સૂત્રો ગોખવાનો પુરુષાર્થ આરંભ્યો.

પણ

ઉંમર મોટી થઈ ગયેલી, એટલે ગાથાઓ ચડતી ન હતી.

છતાં એમણે પુરુષાર્થમાં ખામી ન આવવા દીધી. રોજ ૩-૪ કલાક કોઈપણ જાતનો કંટાળો લાવ્યા વિના સતત ગોખે. દર બે-ત્રણ કે ચાર દિવસે માંડ એક ગાથા થાય. અર્થાત્ રોજની ૩-૪ કલાકની મહેનત પછી માંડ એકાદ લીટી યાદ રહે.

કુલ ૬ મહીના થયા, ત્યારે આ રીતે પગામસિજ્જા (૫૦ ગાથા..) પૂરી થઈ.

(મહાનિશીથસૂત્રમાં એકદમ સ્પષ્ટશબ્દોમાં જણાવાયું છે કે રોજેરોજની સખત મહેનત કરવા દ્વારા એક વર્ષે એકગાથા કંઠસ્થ થાય, તો પણ એ પુરુષાર્થ એણે છોડવો નહિ. જો એક વર્ષે પણ એક ગાથા ન ચડે, તો છેવટે નમસ્કારમહામંત્રના જપમાં અને જ્ઞાનીઓની સેવામાં ઉદ્યમ કરવો.

આજે ૫૦ વર્ષની ઉંમરના કે એનાથી મોટી ઉંમરના ઘણા શ્રાવકો એવા હોય છે કે એમને હવે સંસારની કોઈ વિશેષ જવાબદારી નથી હોતી, દીકરાઓએ ધંધો-વેપાર સંભાળી લીધા હોય, લગ્નાદિ પ્રસંગો પણ પતી ગયા હોય, શરીર એકંદરે સારું હોવાથી દીક્ષા લઈ વિહાર-લોચાદિ તમામ કાર્યો સારી રીતે કરી શકવાની ક્ષમતા પણ હોય. મહાત્માઓના સંપર્કને લીધે સર્વવિરતિ પ્રત્યે ઉત્સાહિત પણ બનેલા હોય... છતાં એક જ મુશ્કેલી કે "જે ગોખે, એ ચડે નહિ. ગાથાઓ આવડે નહિ..." આવા શ્રાવકો માત્ર આટલા જ કારણસર દીક્ષા લેતા અટકે એવું પણ બને છે.

કોણ સમજાવે એમને કે ગાથાઓ ન ચડવા માત્રથી દીક્ષાની લાયકાત ખલાસ થતી જ નથી. દીક્ષા કર્મક્ષય માટે છે, રત્નત્રયીની આરાધના માટે છે. ગાથાઓ ઓછી ચડે તો પણ જ્ઞાન માટેનો સખત પુરુષાર્થ, જ્ઞાનીઓની ભક્તિ-સેવા... આ બધું પણ જ્ઞાનની આરાધના જ છે. "વધુ ગાથા ચડે તો જ્ઞાનની આરાધના વધુ અને ઓછી ગાથા ચડે તો જ્ઞાનની આરાધના ઓછી..." આ સમજણ જ સાવ ખોટી છે.

આવા વૃદ્ધિ મહાત્માનો આદર્શ સામે રાખી હજી પણ એ શ્રાવકો મિથ્યા માન્યતાઓના ફંદામાંથી છૂટીને સમ્યગ્ માર્ગે આગળ વધે એ જ શુભભાવના.)

## મારી દીક્ષાતિથિની ઉજવણી ન હોય !

"આજે કેમ સાધુઓના સ્વાધ્યાયનો ઘોષ સંભળાતો નથી. વાતાવરણ શાંત કેમ છે ? સાધુઓ ક્યાંક ગયા છે કે શું ?"

આચાર્યદેવે પ્રશ્ન કર્યો.

૪૦-૫૦ સાધુઓનું એ વૃંદ એક સંઘમાં બિરાજમાન હતું. આચાર્યદેવ સ્વાધ્યાયના અત્યંત રસિક ! શિષ્યોને એમણે સ્વાધ્યાયમાં જ ડુબાડી દીધા હતા. સંયમજીવનની સુરક્ષા કરવાનું અજોડ સાધન સ્વાધ્યાય છે, એવું તેઓશ્રી ખૂબ જ અંતરથી માનતા હતા. સાધુઓ આખો દિવસ સ્વાધ્યાય કરે એ એમને ખૂબ ખૂબ ગમે. આશ્ચર્ય તો એ હતું કે ચારેબાજુ સાધુઓ સ્વાધ્યાયનો ઘોષ કરતા હોય, એ વખતે એમને ઊંઘ જલ્દી આવી જાય. સ્વાધ્યાય એમની નિંદ્રામાં ખલેલરૂપ નહિ, પણ જાણે કે સંગીતનું કામ કરતો.

એટલે જ આખો દિવસ ઉપાશ્રય સ્વાધ્યાયના ઘોષથી ભર્યો ભર્યો રહેતો.

પણ આજે સ્વાધ્યાયનો અવાજ બિલકુલ સંભળાતો ન હતો. તદ્દન શાંત વાતાવરણ હતું એટલે આચાર્યદેવે પોતાની સેવામાં રહેલા સાધુને ઉપર મુજબ પ્રશ્ન કર્યો.

"સાહેબજી ! બધા વ્યાખ્યાનમાં ગયા છે." સાધુએ ગભરાટથી ટુંકોટચ જવાબ આપ્યો.

"વ્યાખ્યાનમાં ? કેમ ? મેં તો બધાને કહ્યું છે કે વ્યાખ્યાનો તો શ્રાવક-શ્રાવિકાઓ માટેના છે, સાધુ-સાધ્વીઓ માટેના નથી. એમણે તો વાચના સાંભળવાની, પાઠ કરવાનો. શા માટે સાધુઓ વ્યાખ્યાનમાં ગયા ? રોજ તો નથી જતા." આચાર્યદેવે વળતો પ્રશ્ન કર્યો.

"ગુરુદેવ ! વાત એમ છે કે.... આજે આપની દીક્ષાતિથિ છે, એટલે આપણા વડીલ સાધુઓએ આજે વ્યાખ્યાનમાં આપનો ગુણાનુવાદ રાખ્યો છે. આપના સંયમ, સ્વાધ્યાયાદિ યોગોની ભરપૂર અનુમોદના સાંભળીને સાધુઓ પણ ઉલ્લાસવાળા બને, એ માટે વડીલોએ આજે બધા સાધુઓને વ્યાખ્યાનમાં આવવાનું ફરમાવ્યું છે..." શિષ્યે સ્પષ્ટ જવાબ દીધો...

અને

આચાર્યદેવ એકદમ શોકમગ્ન બની ગયા. એમના મુખની પ્રસન્નતા છિનવાઈ ગઈ.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ મુખ્ય વડીલ મહાત્મા તમામ સાધુઓ સાથે આચાર્યદેવ પાસે આવ્યા. ભાવથી વંદન કરી વિનંતિ કરી કે "આપશ્રી દીક્ષાતિથિના નિમિત્તે હિતશિક્ષા આપશોજી..."

અને ત્યાં તો આચાર્યદેવની આંખોમાંથી અનરાધાર અશ્રુધારા વહેવા લાગી. "તમે આ શું કર્યું ? મારા ગુણાનુવાદ કર્યા ? મારામાં શું છે ? રે ! ગુણાનુવાદને લાયક તો આપણા ભૂતકાલીન મહાપુરુષો છે. એ બધાને છોડીને તમે મારા જેવી તુચ્છ વ્યક્તિના ગુણાનુવાદ કર્યા ? અરેરે ! તમે એ મહાપુરુષોની આશાતના કરી."

"અરે....! (મુખ્ય વડીલને ઉદ્દેશીને) તું તો સમજુ છે. આ બધા તો નવા છે, અણસમજુ છે. પણ તું પણ આ ભૂલ કરી બેઠો. તમને મારા આઘાતનો પણ કોઈ વિચાર ન આવ્યો...."

લગભગ પા-અડધો કલાક આચાર્યદેવે રડતી આંખે પોતાની વેદના ઠાલવી.

આચાર્યદેવની અમોઘ દેશના સંપૂર્ણ થઈ, એટલે મુખ્ય વડીલે કહ્યું, "ગુરુવર ! બસ, અમને આજે હિતશિક્ષા મળી ગઈ છે. આપે અમારી આંખ ઊઘાડી દીધી છે. હું આપની ક્ષમા ચાહુ છું."

(સારા કાર્યોમાં પણ ઔચિત્ય તો હોવું જ જોઈએ ને ?

નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

(ક) દેવાધિદેવનું જન્મકલ્યાણક ઉજવી શકાય, પણ ગુરુવર્યો વગેરેની જન્મતિથિની ઉજવણી કરવી એ ઉચિત જણાતી નથી.

(ખ) સ્વર્ગસ્થ ગુરુવર્યોની દીક્ષાતિથિ, કાળધર્મતિથિ ઉજવવામાં પણ આપણી સંયમમર્યાદાઓનું ઉલ્લંઘન ન થાય, એમના ગુણાનુવાદમાં અન્યોની હીલના ન થઈ જાય એ અત્યંત જરૂરી છે.

(ગ) જેમ આપણા ગુરુવર્યો આપણા ખૂબ ઉપકારી છે, એમ આ. હરિભદ્રસૂરિજી, મહોપાધ્યાય યશોવિજયજી, જગદ્‌ગુરુ હીરસૂરિજી વગેરે વગેરે અનેક મહાપુરુષો અદ્‌ભુત શાસ્ત્રો આપણા સુધી પહોંચાડવા દ્વારા અને આચારપરંપરાઓને અવિચ્છિન્નપણે આપણા સુધી પહોંચાડવા દ્વારા ખૂબ ઉપકારી છે જ ને ? યોગ્ય અવસરે એ મહાપુરુષોના ગુણાનુવાદ આપણે કરીએ છીએ ખરા ? એમની ઉપકારસ્મૃતિથી આપણું હૈયું ભીનું-ભીનું બને છે ખરું ? જો હા ! તો ખૂબ સરસ ! જો ના ! તો એ ભૂલ સુધારી લઈએ.)

## અપવાદમાર્ગના સેવનમાં યતનાપાલન કેવું હોવું જોઈએ ?

એક મુનિરાજની તબિયત એવી બગડી કે એમાં વૈદ્યોએ અનાજ લેવાનું બિલકુલ બંધ કરાવ્યું. આખો દિવસ માત્ર મગનું જ પાણી વાપરવાનું. સવાર-બપોર-સાંજ... મગના પાણી સિવાય કંઈ જ લેવાનું નહિ.

આ મુનિરાજ નિર્દોષ ગોચરીના ખપી હતા. પણ આખો દિવસ મગનું પાણી નિર્દોષ તો શી રીતે મળે ? એટલે શ્રાવકને ત્યાં એ મગનું પાણી આધાકર્મી કરાવ્યા વિના છૂટકો ન હતો.

એ મુનિરાજે દુઃખતા દિલે એની સુચના આપી તો ખરી,

પણ એની સાથે બીજી બધી જે કાળજીઓ કરી એ આશ્ચર્ય પમાડે એવી છે.

(ક) મગનું પાણી આખા મગમાંથી નહિ, પરંતુ ફોતરાવાળી મગની દાળમાંથી બનાવડાવ્યું. આખા મગ તો સચિત્ત હોય, એટલે એની વિરાધના વધારામાં થાય. મગની દાળ અચિત્ત હોવાથી એ વધારાની વિરાધના ન થાય.

(ખ) મગની દાળ રાંધવામાં જે પાણી નાંખવામાં આવે, એ પણ જો તે ઘરે સહજ ઉકાળેલું પાણી બનાવેલું હોય, તો તે જ નાંખવું. નવું સચિત્તપાણી નહિ. એટલે પોતાના નિમિત્તે એટલી પાણીની વધુ વિરાધના થતી અટકે.

(ગ) એ મગના પાણીમાં કાચું મીઠું નંખાવવાને બદલે બલવણ નંખાવ્યું. કાચું મીઠું રંધાઈ જવાથી અચિત્ત તો થઈ જાય, પણ પોતાના નિમિત્તે એ વધારાની વિરાધના થયેલી કહેવાય. જ્યારે પાકા મીઠામાં એ વધારાની વિરાધના નહિ. પાકું મીઠું બનાવવાની વિરાધના તો પહેલા જ બીજા માટે થઈ ચૂકી હોય.

(ઘ) એમાં કોઈપણ લીલોતરી-લીંબુ-મરચાં-લીમડો વગેરે નાંખવાની સ્પષ્ટ ના પાડે. કેમકે એમને માત્ર મગના પાણીની જ જરૂર હતી. આ બધાની નહિ. આ તો સ્વાંદ માંટેની વસ્તુઓ લાગી.

(ચ) એમાં આરોગ્યના માટે જીરૂ નંખાવવું જરૂરી હતું, પણ એ જીરુ આખું ન નંખાવ્યું. જે શેકેલું, અચિત્ત હોય એ જ નંખાવ્યું.

(આનું નામ જ સાચી સંયમપરિણતિ ! પડતો કાળ, નબળા સંઘયણાદિને કારણે ઉત્સર્ગમાર્ગનું સેવન શક્ય ન હોય એ વાત સાચી, એટલે જ અપવાદો સેવવા પડે એ વાત પણ સાચી... પણ એ અપવાદમાં ઓછામાં ઓછા દોષથી પતાવવાનો આવો ઉત્તમ પરિણામ એ જ સાચી સાધુતાની નિશાની છે.

આવું તો આપણે પણ કરી શકીએ.

● વિહારધામાદિમાં આધાકર્મી લેવું પડે તો માત્ર બે-ત્રણ દ્રવ્ય જ લેવા, મિષ્ટાન્નાદિ ન લેવા. ● સાથે સાઈકલાદિવાળો માણસ હોય તો પણ જેટલી ઉપધિ ઉપાડવાની શક્તિ હોય, એટલી તો જાતે જ ઊંચકવી. જે ન ઊંચકી શકાય એ જ દુઃભાતા દિલે સાઈકલવાળાને આપવી. પણ વ્યવસ્થા હોવાથી બધી જ ઉપધિ ન આપી દેવી.

● ઉંમર થયાના લીધે વિહાર થઈ શકતો ન હોય અને સ્થિરવાસની પણ અનુકૂળતા થતી ન હોય. આ કારણસર ડોળી વગેરેનો ઉપયોગ કરવો પડે તો પછી તીર્થયાત્રાદિ માટે એનો ઉપયોગ ન કરવો. શક્ય હોય એટલો એનો ઓછો વપરાશ કરવો. એમાં પણ જેટલું ચાલવાની શક્તિ હોય, એટલું તો ચાલવું જ. ડોળી વગેરે હોવાથી પાંચેક કિમી. ચાલવાની શક્તિ હોવા છતાં ન ચાલવું... એમ ન કરવું.

● એકાસણું ન થઈ શકે એટલે સીધી નવકારશી જ ન કરવી. પણ બેસણું કે પોરિસી વગેરે કરવા. રે ! નવકારશી કરવી પડે તો પણ ત્રણ ટંકનો અભિગ્રહ લેવો. એમાં દ્રવ્યોની મર્યાદા બાંધવી.

યતના વિનાનો અપવાદ ઉન્માર્ગ બની જવાની, દુર્ગતિકારક બનવાની પાકી શક્યતા છે.)

## નિઃસ્પૃહતા એક શ્રાવકની, શાસ્ત્રાનુસારિતા એક આચાર્યદેવની !

વિ.સં.૨૦૬૩માં ધર્મનગરી સુરત મુકામે પરમપવિત્ર ઉપધાનતપની આરાધનાના મંડાણ થયા. સ્થળ હતું પૂ.પાદ રામસૂરીશ્વરજી ડહેલાવાળાના અગ્નિદાહથી પવિત્ર થયેલ રામપાવનભૂમિ ! નિશ્રા હતી સાગરસમુદાયના એક સંયમી આચાર્યદેવની !

આશરે ૨૦૦ જેટલા આરાધકો ઉપધાન તપમાં જોડાયા હતા.

આમાં આંખે ઊડીને વળગે એવી મહત્ત્વની બાબત એ હતી કે એ આખાય ઉપધાનતપનો સંપૂર્ણ લાભ માત્ર એક ભાઈએ જ લીધો હતો. લાખો રૂપિયા ધર્મમાર્ગે ખરચવા છતાં પણ આશ્ચર્ય તો એ વાતનું હતું કે એ પોતાનું નામ જાહેર કરવા તૈયાર ન હતા. બધુ ગુપ્ત રીતે કરવા ઈચ્છતા હતા અને ખરેખર એમ જ થયું.

માત્ર આચાર્યદેવ અને કેટલાક મુખ્ય કાર્યકરોને જ આ વાતની ખબર હતી કે "કોણ વ્યક્તિ આ બધો લાભ લઈ રહી છે" બાકી એ સિવાય સેંકડો આરાધકો વગેરેને તો આજ દિન સુધી પણ એ ખબર નથી પડી કે "કોણે આ ઉપધાન કરાવ્યા છે." છેલ્લે માળનો દિવસ આવ્યો, ત્યારે આ ભાઈ પોતાના આખા પરિવાર સહિત એ પ્રસંગમાં ઉપસ્થિત રહ્યા, કેમકે પોતે કરેલા સુકૃતની અનુમોદના કરવાનો એ અપૂર્વ લ્હાવો હતો. પણ એ પણ માત્ર પ્રેક્ષક તરીકે, સભાસદ તરીકે ઉપસ્થિત થયા. અતિથિવિશેષ રૂપે કે અન્ય વિશેષ કોઈપણ સ્વરૂપે નહિ.

કર્મઠ કાર્યકરો આજે પણ એ શ્રાવકની ઉદારતા અને એ કરતાય વધુ ઊંચી નામનિઃસ્પૃહતાના વખાણ કરતા થાકતા નથી.

એમાં કુલ ૫૦ લાખ રૂા. જેટલી દેવદ્રવ્યની ઉપજ થઈ. નિશ્રાદાતા આચાર્યદેવે કમાલ કરી. જે જે સંઘોમાં નૂતન દેરાસર, જીર્ણોદ્ધાર વગેરે માટે દેવદ્રવ્યની જરૂર હતી એ બધા સંઘોને બોલાવડાવ્યા,ઉપધાનસમિતિને સમ્યગ્ માર્ગદર્શન આપી કબુલ કરાવ્યું કે "આ ઉપજના પૈસા રાખી મુકવા નહિ, પણ જરૂરિયાત હોય ત્યાં તરત જ વાપરી નાંખવા." અને અઠવાડિયામાં તો ૪૫-૪૭ લાખ રૂા.ની વ્યવસ્થિત વહેંચણી પણ થઈ ગઈ.

વહીવટકર્તાઓ પ્રશંસા કરે છે કે "આચાર્યદેવની પ્રેરણાથી કેટલાક તીર્થોના કામ ચાલુ છે. છતાં આચાર્યદેવે પોતાના માર્ગદર્શન હેઠળ તૈયાર થતા તીર્થો માટે આ રકમની માંગણી સુદ્ધા પણ ન કરી. ઉલ્ટું નાના નાના સંઘોને યાદ કરી એમની આવશ્યક્તા પૂરી કરવા તરફ ધ્યાન આપ્યું.

ધન્ય છે એમની નિઃસ્પૃહતાને !"

(દરવર્ષે આ ભારતમાં ઉપધાનતપમાં માળની ઉછામણી નિમિત્તે કરોડો રૂપિયાની દેવદ્રવ્યની આવક થાય છે. શ્રાવકો ખૂબ ઉદારતા અને ઉલ્લાસ દર્શાવે છે, અને મોટાભાગની રકમો ભરપાઈ પણ થાય છે. જો એ રકમ તે તે ટ્રસ્ટોમાં રાખી મૂકવાને બદલે ભારતભરના સેંકડો સંઘોમાં જરૂરિયાત પ્રમાણે એ રકમ તરત વહેંચી દેવામાં આવે તો દેવદ્રવ્યનો સાચો-સુંદર ઉપયોગ થાય. ટ્રસ્ટમાં રખાયેલી એ સંપત્તિ દ્વારા માછલા ઉદ્યોગાદિ હિંસક કાર્યોને પ્રોત્સાહન મળતું અટકે. શ્રાવકો પણ અનેક પ્રકારના પાપોમાંથી બચી જાય.

આ આદર્શ સૌ અપનાવે તો ઘણું સુંદર !)

## ઘણા મોટા છતાં ઘણા નાના : એક પંન્યાસજી

સાધુઓના એક વિરાટ વૃંદમાં બીજા-ત્રીજા નંબરે રહેલા એક અનુભવી પંન્યાસપ્રવરના જીવનની કેટલીક આદર્શભૂત વિશેષતાઓ

(ક) ૧૦૦ + ૨૩ વર્ધમાનતપની ઓળી

(ખ) ૧ વાર સળંગ ૫૦૦ આંબિલ.

(ગ) ૧ વાર સળંગ ૧૦૦૦ આંબિલ.

(ઘ) એક વર્ષીતપ એકાસણાથી કર્યો. જેમાં પાંચ વિગઈઓનો મૂળથી ત્યાગ કર્યો.

(ચ) ૧ વાર શ્રેણીતપ (આશરે ૧૧૦ દિવસનો તપ, એમાં ૮૨ ઉપવાસ, ૨૮ એકાસણા) જેમાં તમામ ઉપવાસ ચોવિહાર કર્યા અને આ તમામ દિવસોમાં રોજ વ્યાખ્યાન તો ચાલુ જ. એક જ દિવસ પારણું કરી તરત ૨૨મી ઓળી ઉપાડી, એમાં જ ૨૫૦ કિ.મી.નો વિહાર કર્યો.

(છ) એક સિદ્ધિતપમાં છેલ્લે માસક્ષમણ કર્યું, ૧૫ ઉપવાસ વધુ કરીને સિદ્ધિતપ પૂર્ણ કર્યો.

(જ) એ ગ્રુપના સાધુઓ કહે કે " આ અમારા પંન્યાસજી રાત્રે ઊંઘ લે છે કે નહિ ? એ જ અમને ખબર નથી પડતી. શિયાળામાં અમે રાત્રે ૧૨-૨-૪ વાગે માત્રુ માટે ઉઠીએ છીએ, ત્યારે એમને બેસીને જાપ કરતા જ જોઈએ છીએ. અમને આશ્ચર્ય થાય છે. ભાગ્યે જ એવું બન્યું છે કે અમે રાત્રે ઊઠ્યા હોઈએ અને અમે એમને સંથારામાં ઊંઘેલા જોયા હોય." (માંડ ત્રણેક કલાક આરામ લેતા હશે....)

(ઝ) એ માત્ર તપસ્વી, જપસ્વી જ નથી, સાથે સ્વાધ્યાયી પણ છે... સ્વાધ્યાય માટેનો એમનો ઉત્સાહ અદ્વિતીય ! સાવ નાનો સાધુ પણ જો એમને મનગમતા વિષયો ભણાવતો હોય, તો એની પાસે ભણવા બેસી જાય. લેશ પણ શરમ નહિ. એ નાના સાધુની સામે એક શિષ્યની માફક બેસી જાય. એમણે છેદગ્રન્થાદિ ઘણા ગ્રન્થોનો અભ્યાસ કર્યો છે.

(ટ) એમને મૌન ઘણું પ્રિય ! મોટા ભાગે મૌન જ રહે. છતાં જરૂર પડે તો સ્પષ્ટ શબ્દોમાં કહી પણ શકે. સાચી બાબત યોગ્ય સ્થાને યોગ્ય રીતે કહેવામાં એ કદી કોઈથી ડરતા નથી.

(ઠ) દર મહીને ૧ અટ્ઠમ ઓછામાં ઓછો કરે. આ સિવાય પણ ઢગલાબંધ છઠ્ઠ, અઠ્ઠમો, ઉપવાસો ગમે ત્યારે કર્યા જ કરે. પર્વતિથિઓમાં જ તપ કરવો એવું નહિ...

(ડ) આ બધા કરતા પણ સૌથી અગત્યની બાબત છે એમણે કરેલી વૈયાવચ્ચ ! એક વૃદ્ધ સાધુની એમણે કરેલી સેવા આશ્ચર્યજનક ઘટના રૂપ છે. એ મુનિને ઘણીવાર ઢીલા ઝાડા છૂટી જાય. ક્યારેક તો પાણી જેવા ઠલ્લા થઈ જાય. એની રીતસર ધાર પણ ક્યારેક છૂટતી. એ બધો મળ રૂમમાં બધી બાજુ વેરાઈ જતો. એવી પરિસ્થિતિમાં આ પંન્યાસજી પોતાની જાતે હાથ દ્વારા એ બધું ઉપાડી પ્યાલામાં લઈ પરઠવી આવતા. એ આખી રૂમ જાતે પાણી દ્વારા સાફ કરતા. આમાં એમને અરૂચિ. ઉદ્વેગ, કંટાળો ન આવતો. મોઢાના હાવભાવ ન બદલાતા. લકવાગ્રસ્ત એ વયોવૃદ્ધ મુનિની તમામ પ્રકારની સેવા આ પંન્યાસજીએ ઘણા વર્ષો સુધી કરી.

(ઢ) સાથેના સાધુઓની તબિયત જરાક પણ ખરાબ થાય કે તરત જ આ પંન્યાસજી એમની સેવામાં લાગી જાય. બે ટાઈમનું પડિલેહણ, ગોચરી-પાણી લાવવા... વગેરે તમામ કાર્યો વગર કહ્યે એ કરી લે. સાધુઓ ના પડતા રહે અને એ એમનું કામ કર્યા જ કરે.

(ત) ગોચરીમાં ક્યારેક બે-ત્રણ ટોકસી વ્યંજન કે એક-દોઢ ચેતનો સુપ વગેરે વધી પડે તો જે વસ્તુ બીજા કોઈ ન વાપરે એ બધું પોતે ખપાવવા માટે લઈ લે.

(આવી તો અનેક બાબતો છે. દરેક વૃંદમાં જો આવા ગુણસંપન્ન વડીલો હોય, તો વૃંદમાં સંકલેશાદિ ઘણા ઘટી જાય. પ્રસન્નતા, સંયમરાગાદિ ગુણો મહેકવા લાગે...)

## આંબિલ-ઉપવાસ વિનાનો અનોખો તપસ્વી

એક શહેરમાં ૪૫ સાધુઓ એક જ સ્થાને ચાતુર્માસ માટે રોકાયા હતા. એમાં વર્ધમાનતપની ઓળી, માસક્ષમણ વગેરે ઘોર તપશ્ચર્યા કરનારા તપસ્વીઓ પણ ઘણા !

એમાં વળી આસો માસની ઓળી શરૂ થઈ.

લગભગ ૩૬-૩૭ સાધુઓ નવપદની ઓળીમાં જોડાયા, માંડ ૮-૯ સાધુઓ ચાલુ ગોચરી વાપરનારા હતા. એમાં એક મહાત્મા રોજ એકાસણાનું પચ્ચક્ખાણ કરતા.

સ્વાભાવિક છે કે આસો-ઓળીમાં શ્રીસંઘમાં પણ પુષ્કળ આરાધકો આંબિલ કરતા હોય, આંબિલખાતામાં ૨૫-૩૦ વસ્તુઓ બનતી હોય. ૩૬-૩૭ સાધુઓ વાપરનારા હોવાથી અનેક પ્રકારની વસ્તુઓ આવે, એનું પ્રમાણ પણ વધારે હોય... આ બધુ ગોચરીમાં આવે, એટલે વધ-ઘટ થાય એ લગભગ બધાનો અનુભવ છે. એમાં ય આંબિલની ગોચરી ૩૬-૩૭ સાધુઓને

વહેંચવામાં સહેજે અડધો કલાક નીકળી જાય, એ પછી જે ગોચરી વધે એ ઠંડી થઈ ગઈ હોય એ પણ સ્પષ્ટ છે.

એક તો આંબિલની રુક્ષ ગોચરી !

એમાં વળી સાવ ઠંડી પડી ગયેલી ગોચરી !

એમાં ય જુદી જુદી આઈટમો !

આ બધું છેલ્લે ખપાવવા આપવું પડે, ત્યારે સાધુઓને મુશ્કેલી પડે એ સ્વાભાવિક છે.

આ તમામ સાધુઓની સેવાનો અમૂલ્ય લાભ એ એકાસણાવાળા મહાત્મા લેતા.

આંબિલમાં જેટલું વધે, એ બધું પોતે ખપાવવા લઈ લે, કોઈપણ સાધુને લેશ પણ પરેશાની ન થવા દે.

એક ચેતનો ભરીને ચટણી વધે કે ત્રણચાર ટોકસી મગ વધે, ઠંડી ઠંડી મગની દાળ વધે કે ઠંડી ઠંડી ખીચડી વધે.. વસ્તુ કઈ ? કેવી ? એ કશું જ એ મહાત્મા ન જુએ, ચેતનો ભરીને ચણા વધે તો પણ એ ખપાવી દે.

પચ્ચકખાણ એકાસણાનું, છતાં લગભગ રોજ જ આંબિલની જ આવી વધઘટ ગોચરી વાપરી. અમુક દિવસ એકાસણાની વધેલી ગોચરી પણ સાથે વાપરીને એમને પણ પુષ્કળ સહાય કરી.

એમનું સંયમ પણ એટલું બધું ઊંચુ કે અમદાવાદમાં એક સ્થાનમાં સંઘના શ્રાવકો એ મુનિ માટે કહે કે "અમારે ત્યાં આ મુનિરાજ ચોમાસામાં હતા. ચાર મહિનામાં અમે એમની આંખોની કીકી નિહાળી નથી. અર્થાત્ એ મુનિ સદા માટે આંખો નીચી ઢાળી રાખે. ઊંચે જુએ નહિ. ઈર્યાસમિતિનો ઉપયોગ તો બાપ રે બાપ !"

બોલતી વખતે મુહપત્તીનો ઉપયોગ ન રહ્યો હોય તેવું તેમના માટે ભાગ્યે જ બન્યું છે.

નમ્રતા, નિરહંકારિતા તો બેહદ ! સાધુઓ કહે કે "આ મુનિને કોઈ પાપ બદલ પ્રાયશ્ચિત્ત આપવાનું થાય તો શું આપવું ? એ પણ મોટો પ્રશ્ન થઈ પડે. કેમકે ઉપવાસ - છઠ્ઠ - અઠ્ઠમ તો એ રમતમાં કરી શકે છે, કશી તકલીફ નહિ. એનાથી વધુ કઠિન પ્રાયશ્ચિત્ત છેદ છે. પણ એમને છેદ આપીએ, તો પણ એ તો હોંશે હોંશે બધાને નાનાઓને પણ વંદન કરે. એ તો ઉલ્ટા વધુ ખુશ થાય. એટલે છેદ આપવો ય નકામો ! જેનાથી અપરાધીને કંઈક મુશ્કેલી પડે, એવી વસ્તુ પ્રાયશ્ચિત્તમાં અપાય. પણ આ તો છેદ જેવા પ્રાયશ્ચિત્તને પણ પચાવી જાય એવા `."

આ નિરૂપણ એમની નિરહંકારિતાની પ્રશંસા માટે કરાયેલું હતું.

જ્યારે મોટા ગ્રુપમાં સાથે વિહાર કરતા હોય, સાંજે ચૂનાનું પાણી ઘણું નીકળ્યું હોય, સવારે પાછો દસ-બાર કિ.મી.નો વિહાર હોય, એ વખતે એ વધેલું પાણી કોણ લે ? બધા બે-ચાર ટોક્સા લઈ લે, પણ બીજુ બધું પાણી પરઠવવું પડે.

એ વખતે આ મુનિરાજ આખો લોટ ભરચક ભરી દે, અને આખા વિહારમાં એ પાણી ઉંચકે. એ મનમાં વિચારે કે "આ પાણી આગળના સ્થાને સ્થંડિલ - કાપ - લુણાદિમાં કામ આવશે, એટલે એક ઘડો પાણી ઓછું ઉકળાવવું પડશે. એટલી વિરાધના તો ઓછી થાય..."

જે પાણી પોતે વાપરવાનું નથી, એ પાણી પણ ગચ્છને માટે લોટ ભરીને આખો વિહાર ઉંચકીને ચાલવું એ કેવી સુંદર ગચ્છ ભક્તિ ! કેવો જીવદયાનો પરિણામ !

વિહાર કરીને જેવા સ્થાન પર પહોંચે કે તરત પોતાનો પ્યાલો ખોલી દે. પ્યાલો લુંછવા માટેનું વસ્ત્ર (માતરીયું) પવનરહિત સ્થાને બાંધી દે. લુંછણિયું વગેરે પણ બહાર કાઢી રાખે. એમનો ભાવ એ કે "બધા મહાત્માઓ મારા પ્યાલામાં માત્રુ કરે, મારા માતરીયાનો ઉપયોગ કરે,... કોઈએ પોતાના પ્યાલા છોડવા ન પડે, એટલે જ સવારે પા ι બાંધવા ન પડે. એ બધાની ભક્તિનો લાભ આ રીતે મને મળે..."

સ્વાધ્યાયની ધગશ પણ ભારે ! જો ભણનારા સાધુઓ હોય, તો ચાર-પાંચ કલાક પાઠ આપવા તૈયાર ! કોઈ ભણનાર ન હોય તો પણ પોતે રોજ દસેક કલાક સ્વાધ્યાય કરે. રાત્રે ઊંઘવાનું પણ ઓછું !

જે કામ મોટા ભાગે સાધ્વીજીઓ જ કરતા હોય છેં અને એટલે જે કામો માટે સાધુઓએ સાધ્વીજીની સહાય લેવી પડતી હોય છે, એ બધા જ કામો આ મુનિએ બરાબર શીખી લીધા. પાટા રંગવાના હોય કે ઓઘા ટાંકવાના હોય કે ઓઘા-દંડાસનાદિનો કાપ કાઢવાનો હોય કે નવા દોરા વગેરે બનાવવાના હોય... બધામાં આ સાધુ હોંશિયાર ! આ સાધુનો મનનો ભાવ એ કે "મારા ગુરુ અને મારા દાદાગુરુ તથા તમામ શાસ્ત્રકારભગવંતો એમ ઈચ્છે છે અને ફરમાવી ગયા છે કેં સાધુઓએ સાધ્વીજીઓ સાથે બિલકુલ પરિચય ન કરવો જોઈએ. એટલે જ સાધુઓએ આ બધા કાર્યો શીખી લઈ જાતે જ કરવા જોઈએ કે જેથી તે નિમિત્તે પણ સાધ્વીજીઓનો પરિચય ન થાય. બસ, આ મહાપુરુષોની ભાવનાને હું સાર્થક કરું..."

આ ભાવના પણ માત્ર સ્વાર્થલક્ષી નહિ, પરંતુ ગચ્છના કોઈપણ સાધુ એમને આ કામ સોંપે, તો કરી આપે. "તમે શીખી લો ને ? હું ક્યા બધાના કામ કર્યા કરું ? હું તો મારૂ સંભાળું" આવા પ્રકારનો ઉત્તર એમણે સ્વપ્નમાં પણ વિચાર્યો નથી.

એમનો અતિ મહત્ત્વનો એક ગુણ છે <u>દાક્ષિણ્ય !</u> એ સદા માટે સર્વને અનુકૂળ થવા પ્રયત્ન કરે. ન એમના મોઢામાંથી કોઈ કાર્ય માટે ના નીકળે કે ન એમના મુખ પર કદી ઉદ્વેગ-આવેશ દેખાય. માટે જ એ બધા ય સાધુઓને ખૂબ જ પ્રિય ! <u>સુદાક્ષિણ્ય જન સર્વને ઉપાદેય વ્યવહાર</u> એ ઉપાધ્યાયજી મહારાજનું વચન એમનામાં એકદમ સાર્થક થતું દેખાય.

(૨૭-૨૮ વર્ષની ભરયૌવન વય ! આ ભીષણકાળ ! મુંબઈ મહાનગરીમાં જ સંપૂર્ણ

સંસારીજીવનનો ઉછેર !... આ બધા વિષમતમ પરિબળો વચ્ચે આટલી બધી ગુણવત્તા કેળવી લેવી એ આશ્ચર્ય જ નહિ, મહા આશ્ચર્ય છે. શાસ્ત્રકારો તો એમ કહે છે કે " **कालंमि अणाइए...** આ અનાદિકાળમાં જીવો અનાદિ કુવાસનાથી વાસિત હોવાથી તેમનામાં દોષોના ઢગલે-ઢગલા જ જોવા મળે એટલે જ જો કોઈનામાં એકાદ ગુણ પણ સાચો દેખાઈ જાય તો એ મોટું આશ્ચર્ય માનજો."

હવે આ મહાત્મામાં તો એક નહિ પણ વૈયાવચ્ચ - નિર્મળબ્રહ્મચર્ય - અપાર સહિષ્ણુતા - સ્વાધ્યાયરસિક્તા - પરોપકારિતા - દાક્ષિણ્ય - નમ્રતા - સરળતા... ગુણોની ફોજ જમા થયેલી જોવા મળે છે. આ માત્ર ગોખી કાઢેલા ગુણોનું લિસ્ટ આપવામાં નથી આવ્યું. પણ એમની સા` રહેનારા કોઈનેપણ જે ગુણોની સ્પષ્ટ પ્રતીતિ થયા વિના ન રહે એવા આ ગુણો છે.)

## વૈયાવચ્ચનો પ્રકાર આવો પણ હોઈ શકે ખરો ?

એ વૃદ્ધ મુનિરાજને ઊંઘમાં સાયકલ ચલાવવાની બિમારી હતી. અર્થાત્ જેમ સાયકલ ચલાવનારના પગ હલન-ચલન પામે, એ રીતે આ વૃદ્ધ મુનિ પણ ઊંઘમાં પગ હલાવે. જોનારાને એમ જ લાગે કે જાણે એ સાયકલ ચલાવી રહ્યા છે.

પણ આનું નુકસાન ભારે હતું. ઘડપણના કારણે હોજરી નબળી પડેલી જ હતી, એમાં વળી આ રીતે ઊંઘમાં પગ હલાવે એટલે ઘણીવાર એમને ઊંઘમાં ઝાડા થઈ જતા, સ્થંડિલના કારણે ચોલપટ્ટાદિ વસ્ત્રો બગડતા.

આ ઘરડા મુનિવાળું આખુ ગ્રુપ વૈયાવચ્ચ માટે અતિપ્રસિદ્ધ છે. કોઈપણ વુદ્ધ મહાત્માની સેવા કરવા માટે આ ગ્રુપ હંમેશા તૈયાર ! આજે પણ આ ગ્રુપમાં પાંચ-છ વૃદ્ધો છે. પણ વૈયાવચ્ચીઓ બેહદ સેવા કરે છે. એક પણ વૃદ્ધને અસમાધિ ન થવા દેવાની પુષ્કળ કાળજી કરે છે. એમાંય મુખ્ય વૈયાવચ્ચી પંન્યાસજી તો કંઈક અવનવા જ વૈયાવચ્ચી તરીકે જુદા તરી આવે છે.

આ વૃદ્ધ મુનિના કપડા જ્યારે આ રીતે રાત્રે બગડે, ત્યારે રાત્રે જ એ કપડાનો કાપ કાઢવાનું કામ આ વૈયાવચ્ચીઓ કરે.

એક દિવસ

ગમે તે કારણે માત્ર અડધા-પોણા ઘડા જેટલું જ ચૂનાનું પાણી નીકળ્યું. વ્યવસ્થાપકે વિચાર્યું કે "ચાલી જશે, વાંધો નહિ આવે." અને એ જ રાત્રે એ વૃદ્ધ મહાત્માને ઝાડા છૂટી ગયા. પહેલા તો કોઈને ખબર ન પડી. પણ ખબર પડતા જ તરત એ કપડા બદલાવ્યા.

મોટો પ્રશ્ન એ થયો તે બગડેલા ચોલપટ્ટા - ઉત્તરપટ્ટાદિનો કાપ કાઢવો શી રીતે શક્ય બને? કેમકે પાણી હતું માત્ર અડધો ઘડો !

અધૂરામાં પુરૂ એ ચોમાસાના દિવસો હોવાથી બહાર ધોધમાર વરસાદ વરસતો હતો. એમાં વળી મધરાતનો સમય ! એમાં શ્રાવકોને ઉઠાડવા, પાણી નવું ગરમ કરાવવું... એ બધુ એ સ્થાનમાં અત્યંત કપરું હતું.

શું કરવું ?

સ્થંડિલથી બગડેલા વસ્ત્રોનો કાપ કાઢ્યા વિના છુટકો ન હતો.

પણ કોઈને પણ કોઈપણ ઉપાય સુઝતો ન હતો.

એ જ વખતે પંન્યાસજીએ બધા સાધુઓને કહ્યું કે "તમે બધા હમણા જ ઉઠ્યા છો, તમને બધાને માત્રાની શંકા તો હશે જ ને ? તો એક મોટો પ્યાલો લાવો. અને બધા વારાફરતી એમાં માત્રુ કરો...."

પંન્સાયજીએ આવું શા માટે કહ્યું એ તો કોઈ સમજી ન શક્યા, પરંતુ એમની આજ્ઞા પ્રમાણે બધાએ પ્યાલામાં માત્રુ કર્યું. સાધુઓ ઘણા હોવાથી મોટો પ્યાલો લગભગ પોણાભાગનો તો ભરાઈ ગયો. એ પછી પંન્યાસજીએ કહ્યું, "બધા રૂમની બહાર જતા રહો..."

અને બધા સાધુના ગયા બાદ પંન્યાસજીએ સ્થંડિલથી બગડેલા વસ્ત્રો એ માત્રામાં જ ઘસી ઘસીને સાફ કર્યા. એ રીતે સ્થંડિલના બધા અંશો દૂર થઈ ગયા. એ પછી અડધા ઘડા જેટલું ચૂનાનું પાણી હતું, એમાં ક્રમશઃ બે વાર બધા વસ્ત્રો ઘસી ઘસીને ધોઈ લીધા. એટલે તત્કાળ તો એ બધા વસ્ત્રો સાફ થઈ ગયા. એ પછી બીજા દિવસે બધા વસ્ત્રોનો વ્યવસ્થિત કાપ કાઢી લીધો.

પણ સાધુઓ તો આ બધું જોઈને અવાચક જ બની ગયા. એક મોટા પંન્યાસજી ઘણા બધા સાધુઓના માત્રાના સહારે એક ઘરડા સાધુના સ્થંડિલવાળા કપડાને ચોકખા કરે અને એમાં એમને લેશ પણ જુગુપ્સા જ ન થાય... આ બધુ એ સાધુઓ પહેલી જ વાર જોઈ રહ્યા હતા.

(મધ્યસ્થ દૃષ્ટિથી વિચારવું કે "ઉત્સર્ગમાર્ગે આ ન કરાય પણ આવી કટોકટિના સમયે અપવાદ પણ હોય જ. વળી, આ પંન્યાસજીના મનમાં સાધુઓ પ્રત્યેનો સદ્ભાવ + જુગુપ્સાનો જ્વલંત વિજય + વૈયાવચ્ચ ઉપર અગાધ શ્રદ્ધા... વગેરે કેટલા બધા ગુણો હશે, એ આ નાનકડા પ્રસંગ ઉપરથી ધ્વનિત થાય છે.)

## આવા પણ પૌષધવ્રતી શ્રાવકો હોય છે !

"અરે ભાઈ ! તમે તો પૌષધમાં લાગો છો. આ બાજુ ક્યાં જાઓ છો ? હાથમાં પ્લાસ્ટીકની ડબી છે, પાણી છે, એટલે લાગે છે કે તમે બહાર ઠલ્લે જઈ રહ્યા છો. તમે બહાર ઠલ્લે જવાની જગ્યા જોઈ છે ?" સુરત ગોપીપુરાના એક રસ્તા ઉપર સાધુએ શ્રાવકને પૃચ્છા કરી.

એ મહાત્મા સંયમી હતા. વાડાનો પણ ઉપયોગ ન કરવો પડે એ માટે એક-બે કિ.મી. દૂર ઠલ્લે જવું પડે તો પણ એ તૈયાર ! લગભગ ગોચરી વાપર્યા બાદ ઠલ્લે જવાનો એમનો રોજીંદો ક્રમ ! એ દિવસે પણ ગોચરી વાપર્યા બાદ ઠલ્લે જવા નીકળ્યા. તાપી નદીના કિનારે ઠલ્લે જવાની જગ્યા છે, એ વાત એ મુનિ જાણતા હતા. પણ ત્યાં જવાનો ટુંકો રસ્તો ગલીઓમાંથી નીકળતો હોવાથી ભૂલ-ભૂલામણીમાં ફસાઈ જવાય તેવો હતો. છતાં "પૂછતા પૂછતા પહોંચી જઈશ." એમ વિચારી એ મહાત્મા નીકળેલા.

વળી એ આખો વિસ્તાર મુસ્લમાનોનો હતો. એટલે એમાંથી પસાર થવામાં પણ એ મુનિને થોડોક ભય લાગતો હતો.

ત્યાં જ એમણે ૧૦૦ ડગલા દૂર એક ધોતીયા-ખેસવાળા ભાઈને જતા જોયા, હાથમાં પ્લાસ્ટીકની ડબી અને બગલમાં ચરવળો જોઈ ખ્યાલ આવી ગયો કે "કોઈ પૌષધવ્રતધારી શ્રાવક છે."

"એને રસ્તો ખબર હશે અને મારે સોબત મળી રહેશે..." એમ ધારીને મુનિરાજ ઝડપથી ચાલી એ શ્રાવકની સાથે થઈ ગયા. અલબત્ત મુનિનું મન અચંબામાં પડી ગયું હતું. "શ્રાવકો પોષધમાં આ રીતે બહાર ઠલ્લે જાય છે ? શ્રાવકો તો પૌષધ કરે એ ય ઘણું છે. હવે તો પજુસણ સિવાય પૌષધીઓ પણ ઘણા ઓછા દેખાય છે... એમાં આ રીતે ઠલ્લે જનારા..."

મુનિએ શ્રાવકને જ્યારે આ પ્રશ્ન કર્યો ત્યારે નમ્રભાવે એણે ઉત્તર આપ્યો કે "અમારા ઉપાશ્રયમાં લગભગ ૮-૧૦ શ્રાવકો પાંચ તિથિ પૌષધ કરે છે. એમાં ઘણાખરા શ્રાવકો પોણો કિ.મી. ચાલીને બહાર જ ઠલ્લે જાય છે. આ સંસ્કાર અમારામાં એવા રૂઢ થઈ ગયા છે કે એમાં હવે કોઈપણ ફેરફાર થતો નથી. કશી મુશ્કેલી પડતી નથી."

મહીનાના ૨૫ દિવસ તો સંડાસ જ વાપરીએ છીએ, પરંતુ પાંચ દિવસ પણ આ આરાધના કરવા મળે એ અમારા માટે આનંદનો વિષય છે... "ચાલો, સાહેબજી ! હું આપને રસ્તો અને જગ્યા બતાવું. આજે મને સાધુ ભક્તિનો લાભ મળશે..."

એ મુનિરાજ ખૂબ આનંદ પામ્યા.

(એ શ્રાવકો તો સંસારમાં ચિક્કાર હિંસા કરે છે, એમનામાં જીવદયાના પરિણામ વિશિષ્ટ કક્ષાના ન હોય. છતાં પૌષધવ્રત લીધા બાદ પોણો કિ.મી. ચાલીને બહાર ઠલ્લે જવાનો પુરુષાર્થ તેઓ સમ્યક્ પ્રકારે આદરે છે.

આપણે તો મહાવ્રતધારી છીએ, આપણા જીવદયાના પરિણામ કેવા નિર્મળ હોય ! જો શરીરની શક્તિ પહોંચતી હોય તો આપણે કમ સે કમ એટલું તો નક્કી કરવું જ જોઈએ ને ? કે એક કિ.મી.ની અંદર જો બહાર ઠલ્લે જવાની જગ્યા મળશે, તો હું બહાર જ ઠલ્લે જઈશ. હું વાડાનો ઉપયોગ નહિ કરું."

હા ! આ વાત પણ મુખ્યત્વે સાધુ ભગવંતો માટે છે. સાધ્વીજીઓએ તો પ્રવચનહીલના ન થાય અને શીલની રક્ષા થાય એ રીતે જ લઘુનીતિ-વડીનીતિ કરવાના હોય છે. એમાં સંયમવિરાધના ન થાય તો તો ઘણું સરસ. બાકી સંયમવિરાધના = ષટ્કાયહિંસા એ પ્રવચનહીલના - શીલભંગની અપેક્ષાએ નાનો દોષ છે... એ વાત સ્પષ્ટ જ છે...)

## શાસનપ્રભાવના કરવાની જોરદાર કુનેહ !

૫૦-૬૦% મુસલમાનોની વસતિ ધરાવતું દક્ષિણ ગુજરાતનું એ નાનકડું ગામ !

જૈનોના ઘર ખુલ્લા ખરા, પણ ૨૦-૨૫ ! મોટા ભાગના બધા મુંબઈ - સુરત - અમદાવાદ! પણ દેરાસર પ્રાચીન !

એ જીર્ણોદ્ધારને યોગ્ય બન્યું હતું, મુંબઈના એક ધર્મનિષ્ઠ શ્રીમંત શ્રાવકે એ જીર્ણોદ્ધાર સહિતની નૂતન પ્રતિષ્ઠાનો મુખ્ય લાભ લીધો. એ મહોત્સવ દરમ્યાન આશરે કરોડ રૂા. જેટલી વિશાળ લક્ષ્મીનો સદ્વ્યય થયો.

પણ એ મહોત્સવના કારણે જે શાસનપ્રભાવના થઈ એ આંખે ઊડીને વળગે એવી હતી.

(ક) ગામના તમામે તમામ ઘરોમાં વાજતે ગાજતે, ઢોલ-નગારા સાથે જઈને આમંત્રણ પત્રિકા આપી. તમામ મુસ્લિમ ઘરોમાં પણ એ જ રીતે આમંત્રણ પત્રિકા મોકલી. મુસલમાનો આશ્ચર્ય પામ્યા, "અમને આમંત્રણ ! જૈનો એમના ભગવાનના મહોત્સવમાં અમને બોલાવે છે !"

(ખં) પાંચ-સાત દિવસના એ મહોત્સવમાં મુખ્ય બે દિવસ આખાય ગામનું જમણ ગોઠવવામાં આવ્યું. અઢારેય કોમમાં જૈન ધર્મ માટે સદ્ભાવની લાગણી પ્રગટી.

(ગ) આશ્ચર્ય તો એ વાતનું થયું કે આખાય જમણવારની વ્યવસ્થા કરવાની બધી જ જવાબદારી મુસ્લિમભાઈઓએ ઉપાડી લીધી. જમણવાર માટેનું વિશાળ મેદાન મુસ્લિમોએ ફાળવી આપ્યું. એમાં મંડપ બાંધવાથી માંડીને, પાટલાઓ ગોઠવવા, પીરસવું... વગેરે બધી જ જવાબદારી ભાવુક મુસલમાનોએ ઉત્સાહથી સ્વયં ઉપાડી અને નિભાવી.

(ઘ) રથયાત્રા, સામૈયુ નીકળ્યું ત્યારે ઠેર ઠેર સ્વાગતના બેનરો લગાડવામાં આવેલા. એમાં મુસ્લિમ વેપારીઓએ પોતાના દુકાનોની આગળ જૈનસંઘાદિનું સ્વાગત કરનારા મોટા બેનરો લગાવ્યા. મુસલમાનોના બેનરો સૌથી વધારે હતા.

(ચ) મહોત્સવના પાંચેય દિવસ મુસ્લિમોએ પોતાની ઈચ્છાથી જીવોની કતલ બંધ રાખી. "જૈનોની ભાવનાને આપણે પુષ્ટિ આપવી જોઈએ, કમ સે કમ પાંચ દિવસ તો આપણે કતલ બંધ રાખીએ." એ એમની ભાવના હતી.

(છ) મુસ્લિમ સમાજે નિર્ણય લીધો કે "હવે પછીના વર્ષોમાં પ્રતિષ્ઠા-ધજાના દિવસે મુસ્લિમ સમાજ કતલ બંધ રાખશે..."

(જ) પ્રતિષ્ઠા-મહોત્સવ આદિ તમામ કાર્યક્રમોમાં ભક્તિમંત શ્રીમંત શ્રાવકોએ કુલ સવા કરોડ રૂપિયાનો સદ્વ્યય કર્યો.

(છ'રી પાલિત સંઘો, અંજનશલાકા પ્રતિષ્ઠાદિ મહોત્સવો વગેરે વિશિષ્ટ પ્રસંગોમાં જુદી જુદી રીતે જૈનેતરોને યાદ કરવાથી, સાથે લેવાથી, સત્કાર-સન્માન કરવાથી બેસુમાર ફાયદાઓ થાય. (૧) તેઓ જૈનધર્મ પ્રત્યે સદ્ભાવવાળા બને, સમ્યક્ત્વ કે બોધિબીજ પામનારા બને. (૨) જૈનેતરો તરફથી તીર્થોને ભય તો ન રહે, ઉલ્ટું તેઓ જ જૈનતીર્થોની રક્ષા માટે ઉત્સાહી બને. (૩) ષોડશક પ્રકરણમાં કહ્યું છે કે "જ્યાં દેરાસર બનાવવાનું હોય, ત્યાં આજુબાજુમાં રહેનારા જૈનેતરાદિને દાન, માન અને સત્કાર આપવા દ્વારા કુશલ આશયવાળા બનાવવા. આવું થવાથી તેઓ સમ્યકત્વનું બીજ પામનારા બનશે." આ વાત ઉપલક્ષણથી બીજા પણ શાસનપ્રભાવનાના કાર્યોમાં સમજી લેવાની છે. એટલે આવા વિશિષ્ટ કાર્યોમાં ઉચિત રીતે જૈનેતરોને પણ જોડવામાં આવે તો શાસ્ત્રાજ્ઞાનું પાલન કરવા વગેરે રૂપ પણ ઘણા લાભો થાય.)

## મારો સાધુભવ વૈયાવચ્ચ લેવા માટે નથી, કરવા માટે છે.

(એક મુનિવરના શબ્દોમાં) અમારા ગ્રુપના ૨૫ વર્ષના દીક્ષા પર્યાયવાળા એ મુનિવર ! અમારા બધાના વડીલ ! પણ એમને દીક્ષાના બીજા જ મહિનાથી અશાતાવેદનીયનો વિચિત્ર પ્રકારનો ઉદય થયો. એના કારણે એમને વારંવાર તાવ આવી જાય.

પરિસ્થિતિ એવી કે સવાર-સાંજ દૂધ સિવાય કંઈ ન વાપરી શકે અને બપોરે દાળ-ભાત સિવાય કંઈ જ નહિ. એ રીતે એમણે વર્ષો વીતાવ્યા.

છતાં એમની વિશેષતા એ કે કોઈની સેવા લેવા માટે એ તૈયાર નહિ, ઉલ્ટું સમુદાયમાં કોઈપણ માંદા પડે તો એને માટે આ મુનિ ખડે પગે તૈયાર ! એ વખતે એ પોતાની શારીરિક મુશ્કેલીનો વિચાર પણ ન કરે.

એમણે પોતાના જીવનમાં એક વૃદ્ધમુનિની કુલ ૭-૮ વર્ષ સેવા કરી છે. એ સેવા પણ જેવી તેવી નહિ, પણ

(ક) ઘણીવાર આખી આખી રાતના ઉજાગરા કરવા પડે.

(ખ) ત્રણ ટાઈમ ગોચરી-પાણી, સ્થંડિલ પરઠવવું, દવા આપવી વગેરે બધું કંટાળ્યા વિના એકલે હાથે કરે.

(ગ) ઈન્જેક્શન આપવું, ટેસ્ટીંગ માટે લોહી લેવું, ઓક્સીજનનો બાટલો ચડાવવો, બી.પી.

માપવું... આ બધું જ એમણે શીખી લીધેલું. ગ્લાનની સેવામાં આ બધું જ એ જાતે જ કરતા.

(ઘ) એ વૃદ્ધમુનિને છેલ્લા વર્ષોમાં સ્થંડિલ માંડ માંડ થાય, એ વખતે એ મળની શુદ્ધિ વગેરે કરવાનું કામ આ મુનિરાજ જ પોતાના હાથે કરે. ન સંકોચ ! ન જુગુપ્સા ! વૃદ્ધસેવાનો એક માત્ર આનંદ !

(ઘડપણ એટલે પરાધીનતાનું જ બીજું નામ ! એકવાર આપણે સૌએ ઘરડા બનવાનું છે. તે વખતે સેવા કરનારા સંયમીઓની જરૂર પડવાની જ છે. જો એવા સંયમી નહિ મળે, તો અસમાધિ થયા વિના નહિ રહે. જો ઘડપણમાં આપણને સમાધિ આપનારા સેવાભાવી સંયમીઓની સહાય જોઈતી હોય તો એ માટે એવું જ પુણ્ય ભેગું કરવું પડે. એનો ઉપાય એ છે કે આજે યૌવનદશામાં આપણે કોઈક વૃદ્ધને સાચવીએ, એની સેવા કરીએ, એને પરમશાતા આપીએ. જો આવું કરશું તો આપણને પણ એવા જ સમાધિદાયક મહાત્માઓ મળશે.

જો શ્રમણસંસ્થામાં ત્રણ-ત્રણ કે ચાર-ચાર સંયમીઓના ગ્રુપો પરસ્પર એવો નિર્ણય કરવા લાગે કે "આપણે ત્રણ જણે કે ચાર જણે ભેગા મળીને આપણા સમુદાયના એક વૃદ્ધને સાચવી લેવા." તો વૃદ્ધ સાધુ-સાધ્વીઓનો પ્રશ્ન આપોઆપ ઉકલી જાય.

આમાં લાભ પણ ઘણા !

– એકાદ વૃદ્ધ હાજર હોય તો બ્રહ્મચર્યાદિ સંબંધમાં પણ સુરક્ષા મળે.

– સેવા કરવાનો અમૂલ્ય અવસર મળે.

– ગચ્છના વૃદ્ધો આ રીતે જુદા જુદા ગ્રુપોમાં સચવાઈ જવાથી ગચ્છનો મોટો પ્રશ્ન ઉકલી જાય. આ રીતે ગચ્છ સેવાનો લાભ મળે.

– વૃદ્ધની સેવાથી મોહનીય કર્મના, જ્ઞાનાવરણાદિના પણ ચૂરેચૂરા થાય. સંયમ નિર્મળ બને.

બસ આટલું જ કરવાનું છે કે -

દર ચાર સંયમી દીઠ એક વૃદ્ધ સાધુની સંપૂર્ણ જવાબદારી વહેંચાઈ જાય.

અલબત્ત, વૃદ્ધસેવામાં ગચ્છભેદ ન જોવાય, પણ પોતપોતાના ગચ્છની પણ જો આવી વ્યવસ્થા ગોઠવાઈ જાય તો એકંદરે તો પુષ્કળ લાભ જ છે ને ?)

## અનાસક્ત અનાસક્તિ (એક મુનિરાજના શબ્દોમાં)

"આજે આહાર ઘણો વધ્યો છે, કોઈને ખપાવવા ચાલે, તો લેજો. પરઠવવો પડશે..." માંડલીમાં જાહેરાત થઈ, એટલે મેં અમુક આહાર ખપાવવા માટે લીધો. મારે ઓળી ચાલતી હતી. આહાર તો લીધો, પણ મારી પાસે દાળ વગેરે કોઈ સાધન ન હતું. મારી બાજુમાં જ બેઠેલા મુનિરાજની તરપણીમાં આંબિલની મગની દાળ હતી જ. મેં તરપણીમાંથી થોડીક જ દાળ

ટેક્સીમાં લીધી. એ મુનિરાજનું એ તરફ ધ્યાન ન ગયું.

મેં દાળ જીભને અડાડી અને હું ચોંક્યો. એ કડવી કડવી હતી. મોઢામાંથી અંદર જ ન ઉતરે. મેં તરત પેલા મુનિને પૂછ્યું કે "આ શું છે ? મગની દાળ કડવી કેમ છે ?"

ત્યારે એ મુનિને ભાન થયું કે "એમની દાળ મેં લીધી છે." એ ગળગળા થઈ ગયા. મને કહે "ક્ષમા કરજો, મને ખ્યાલ ન રહ્યો. એમાં કરિયાતું ભેગું કરેલું છે."

"શા માટે ?" મેં પૂછ્યું.

એ કંઈ ન બોલ્યા.

"રોજ આવું કરો છો ?" મેં ફરી પૂછ્યું.

એ મૌન રહ્યા.

એમના મૌનમાં મને જવાબ મળી ગયો. હું જાણી ગયો કે આ વૈરાગી મુનિરાજે ખાવાની આસક્તિ તોડવા માટે આંબિલો શરુ કર્યા. અને આંબિલમાં પણ આસક્તિ ન થાય, એ માટે કરિયાતાવાળી કડવી દાળ રોજ વાપરતા. આસક્તિ તોડવા આ કેવો ઘોર પુરુષાર્થ !

આંબિલની ગોચરી રોજ હું જતો હતો. આ પ્રસંગ બન્યા બાદ મેં કરિયાતું લાવવાનું બંધ કર્યું. "મારે એમને આવી કડવી ગોચરી શી રીતે વાપરવા દેવાય ?" મારું મન બોલતું હતું.

પણ એક-બે દિવસ બાદ એ મુનિ મારી પાસે આવ્યા. રીતસર મને કરગરવા લાગ્યા. "તમે કરિયાતું બંધ ન કરશો. મારી આત્મસાધનામાં બાધક ન બનશો."

એમનો વૈરાગ્ય, અનાસક્તિ માટેની એમની લાલસા જોઈ હું સ્તબ્ધ થઈ ગયો. બીજા દિવસથી મેં પુનઃ એમની ઈચ્છા પ્રમાણે કરિયાતું લાવી આપવા માંડ્યું. પ્રસન્ન બનેલા એ મુનિની આ અનાસક્તિની સાધના પુનઃ શરુ થઈ.

અમારા ભવોદધિતારક ગુરુ મહારાજ તો કહે કે "આપણા બધામાં આ સાધુ પહેલો મોક્ષે જશે, એમ લાગે છે."

અને ખરેખર એમની ગુણવત્તા જબરી !

– ગોચરીમાંડલીમાં ગમે એટલું વધે, અણભાવતું વધે તો પણ આ મુનિ પ્રાયઃ કદી ના ન પાડે.

– એટલા પરગજુ કે બધાના કામ હોંશે હોંશે કરે. એમને કામ ભળાવવામાં કોઈને સંકોચ નહિ.

– માંડલી વ્યવસ્થાપક માટે આ મુનિ કોરા ચેક જેવા ! ગમે એટલું કામ સોંપો તો પણ એ પ્રસન્નતા સાથે, હોંશે હોંશે કરે.

– વડીલો માત્રુ જાય એટલે પ્યાલો પરઠવવાનો લાભ લેવા પહોંચી જ જાય. "મને પણ માત્રાની શંકા થઈ છે..." એમ બહાનું કાઢીને પણ પ્યાલો પરઠવવા લઈ જાય.

– નાના કે મોટા સંયમીઓ ક્યારેક આ મુનિને ઠપકો આપે કે કંઈક જેમ તેમ બોલી દે તો પણ આ મુનિ બધું સાંભળી લે, બચાવ ન કરે. ગુસ્સો ન કરે.

– ઊંઘમાં પડખું ફેરવે ત્યારે એમનો ઓઘો ફરી જ ગયો હોય. જગ્યા પુંજાઈ જ ગઈ હોય. જીવદયાના એવા ગાઢ સંસ્કાર !

– વચ્ચે માંદગીના કારણે ૮-૧૦ મહિના ત્રણ ટાઈમ વાપરવું પડતું. તો સાંજની ગોચરી બપોરની ગોચરીમાંથી જ કાઢી લે. સાંજની ગોચરી દોષિત થઈ જવાની શક્યતાંના કારણે જ બપોરની કાઢેલી ગોચરી સાંજે વાપરી લે.

– ગોચરીમાંડલીમાં કંઈપણ સામેથી ન માંગે. એમણે મંગાવેલી વસ્તુ ભૂલથી એમને ન પહોંચે. તો યાદ પણ ન કરાવે કે બીજીવાર મંગાવે પણ નહિ.

(અનાસક્તિ બે પ્રકારની હોય છે. (૧) જેમાં એવી અપેક્ષા હોય કે "લોકો મને ત્યાગી, વૈરાગી તરીકે જાણે. મારી અનાસક્તિની પ્રશંસા કરે." એ યશ-કીર્તિની આસક્તિવાળી એવી ભોજનાદિની અનાસક્તિ છે. અર્થાત્ આસક્ત અનાસક્તિ છે. જો આવું હોય તો એ વ્યક્તિને પોતાની પ્રશંસા ખૂબ ગમે. એ પોતાની અનાસક્તિની વાતો જાતે જ બીજાઓને કરે. એ બધું ખાનગી રાખવાને બદલે જાહેર કરવાની જ એની વધુ કામના હોય.

(૨) જેમાં આવી કોઈ મલિન અપેક્ષા ન હોય. પોતાનો વૈરાગ્ય, ત્યાગ છાનો રહે, લોકો જાણી ન જાય એવી જ ભાવના મનમાં રમતી હોય એ **અનાસક્ત અનાસક્તિ** કહેવાય. કરિયાતા સાથે રોજ કડવું વાપરવું એ અનાસક્તિ ! અને એની કોઈને ખબર ન પડવા દેવી, કહેવું નહિ એ **અનાસક્ત અનાસક્તિ !**

આપણે આવા ક્યારે બનશું ?)

## જ્યોતિષના ભરોસે બેસી ન રહેવાય !

"આ છોકરાની કુંડળી જોતા સ્પષ્ટ ખ્યાલ આવે છે કે આને કોઈપણ હિસાબે દીક્ષા ન અપાય. દીક્ષા આપશો તો એ પાછો ઘરે આવશે. તમારી ઈજ્જત બગડશે."

વિદ્વાન જ્યોતિષીએ યુવાન મુમુક્ષુ પુત્ર માટે કડક + કટુશબ્દો ઉચ્ચાર્યા.

છ વર્ષ પૂર્વે આ જ યુવાને એના પિતાની દીક્ષા અટકાવેલી. દીકરો નાસ્તિક જેવો હતો. દીક્ષાનો વિરોધી ! પણ અંતે સદ્ગુરુનો ભેટો થયો અને ખુદ દીકરો પણ દીક્ષા માટે તૈયાર થયો. પિતાજી ખુશ હતા. એમની છ વર્ષની મહેચ્છા પૂર્ણ થતી હતી.

પણ...

જ્યોતિષીએ કાળજુ કંપાવનારી આગાહી કરી.

સગો દીકરો દીક્ષા બાદ પાછો ઘેર જાય, એ શી રીતે પરવડે ?

એમાં વળી કુટુંબ ઘણું વિશાળ, ખાનદાન, ઈજ્જતદાર !

પિતાશ્રી નિર્ણય લેતા મુંઝાયા.

ઘરના બધા સભ્યો, પરિવાર ભેગો થયો.

ત્યારે એ યુવાનના સગા કાકા ખુમારીભેર બોલી ઉઠ્યા. "જ્યોતિષની વાતોથી બિલકુલ ગભરાવાની જરૂર નથી. મારો ભાઈ અને ભત્રીજો દીક્ષા લેશે જ. અને જો ખરેખર આગાહી સાચી પડે તો પણ ચિંતા ન કરશો. મારા ત્રણ દીકરા છે. ઘરે પાછા ફરેલા ભત્રીજાને હું મારા ચોથા દીકરા તરીકે રાખી લઈશ."

અને કાકાની આ ધરપત, દૃઢતાના પરિણામે રંગેચંગે દીક્ષા થઈ.

એ યુવાન ઘરે તો ન ગયો, પણ આજે મહાન જૈનાચાર્ય બનીને શાસનપ્રભાવનાના અજોડ કાર્યો કરે છે. એ યુવાનના કાકાએ પણ ૬૪ વર્ષે દીક્ષા લીધી. પરિવારના ૮ જણને દીક્ષા અપાવવામાં નિમિત્ત બન્યા.

એ કાકાનો ધર્મરાગ એવો જોરદાર કે વેકેશનમાં પોતાના દીકરા-દીકરીઓને ફરજિયાત સાધુ-સાધ્વીઓ પાસે ભણવા મોકલે. તિથિના પૌષધ ફરજિયાત કરે અને કરાવે.

એ કાકા ૬૪ વર્ષની ઉંમરે દીક્ષાનું મુહૂર્ત ખાનગીમાં કઢાવીને ઘરે ગયા. પણ પત્નીને ગમે તે રીતે એ વાતની ખબર પડી અને એણે ધમકી આપી "હું ઉપરથી ભુસકો મારીને આત્મહત્યા કરીશ, જો તમે દીક્ષા લીધી તો..."

પણ છેવટે પત્ની પણ માની ગઈ અને એ કાકાએ દીક્ષા લીધી.

આજે એ વૃદ્ધ કાકા મુનિરાજ સંયમજીવન મસ્તીથી મળે છે.

સંયમજીવનમાં હજી સુધી એકપણ દિવસ એવો નથી ગયો કે જેમાં આ મુનિ ગુરુજનાદિના ઉપકારોને યાદ કરીને રડ્યા ન હોય. ખૂબ ખૂબ સંવેદનશીલ એમનું હૈયું !

જે નાના સાધુઓ એમની સેવા કરે, એમનો આભાર માનીને આંસુ વહાવે.

મચ્છરદાનીમાંથી જો એકાદ પણ મચ્છર મરેલું નીકળે, તો આ મુનિ રીતસર ધ્રુસકે ધ્રુસકે રડી પડે. સહવર્તીઓએ એ મુનિને આવી રીતે ઘણીવાર રડતા જોયા છે.

સહવર્તીઓ લખે છે કે "સાંજે પ્રતિક્રમણમાં જ્યારે **सव्वस्स वि...** સૂત્ર બોલાય, ત્યારે પોતાના દિવસ દરમ્યાનનાં પાપો બદલ આ મુનિની આંખોમાંથી આંસુ પડે, પડે ને પડે જ." જાણે કે એમની આંખોમાં પાણીની ટાંકી ન ગોઠવી હોય, એમ નાની નાની બાબતોમાં પણ આંખો છલકાઈ જાય.

એમના ભત્રીજાએ (આચાર્યદેવે) પ્રથમપીઠિકાનો જપ શરુ કર્યો, તેમને જપમાં બળ મળે એ માટે આ વૃદ્ધ કાકા મુનિએ ૨૫ શુદ્ધ આંબિલ સળંગ કર્યા. (માત્ર ભાત + પાણી જ...)

આચાર્યદેવે પૂછ્યું કે "તમારા માટે જપમાં શું સંકલ્પ કરું ?" તો કહે "આ જીંદગીમાં મારી ૬૮ ઓળી પૂર્ણ થાય, એ જ મારી ઈચ્છા છે."

આજે ૮૧ વર્ષની ઉંમરે તેઓ ૮૧ ઓળી સુધી પહોંચી ગયા છે.

૪૫-૫૦ ડીગ્રી ગરમીવાળા અને 0° ડીગ્રી કે ૧-૨ ડીગ્રી જેવી ભયંકર ઠંડીવાળા સ્થાનમાં શાસનના કામ માટે આચાર્યદેવે બે-ત્રણ વર્ષ સતત રોકાઈ જવાનો પ્રસંગ આવ્યો. આચાર્યદેવને શાસનના કાર્યોમાં બળ મળે, એ માટે આખા ગ્રુપે સળંગ રોજ એક-એક આંબિલ ચાલુ રાખવાનો નિર્ણય લીધો. પણ ત્યાં આંબિલખાતા નહિ અને ઘરો ઓછા, વળી ઠંડી-ગરમી બંને અતિ વધારે... એમાં વળી ૬ સાધુઓ ટાઈફોઈડ-જોન્ડીસના રોગમાં સપડાયા. સળંગ આંબિલ ચાલુ રાખવાનો વિચાર પડી ભાંગ્યો.

પણ એ વખતે આ વૃદ્ધ મુનિએ કહ્યું કે "આપણા આચાર્યદેવને શાસનના કાર્યોમાં બળ મળે એ માટે અખંડ આંબિલ ચાલવા જ જોઈએ. કોઈ નહિ કરે, તો હું એકલો કરીશ. માત્ર રોટલી અને પાણી મળશે. તો પણ ચાલશે. મારા તરફથી કોઈપણ ફરિયાદ નહિ આવે. એની હું બાંહેધરી આપું છું."

અને ખરેખર ભીષ્મસંકલ્પી મુનિરાજે ૭૮,૭૯,૮૦ ત્રણ ઓળી સળંગ કરી.

આજે ૮૧ વર્ષની ઉંમરે એ જે નાની નાની આરાધના કરે છે. તે જરાક જોઈએ.

(ક) એક આંખ બિલકુલ નથી, છતાં આખા દિવસમાં પાંચ કલાક સ્વાધ્યાય કરે.

(ખ) આઠ કર્મના ક્ષય માટે ૨૦ લોગસ્સ, વિશુદ્ધસંયમ પાલન માટે ૧૭ લોગસ્સ, જિનશાસન રક્ષા માટે ૧૨ લોગસ્સ, સિદ્ધભગવંતોની આરાધના માટે ૮ લોગસ્સ, પાંચજ્ઞાનની આરાધના માટે ૫ લોગસ્સનો કાઉસ્સગ્ગ રોજ કરે છે.

(ગ) 'નમો જિણાણં જિઅભયાણં'ની પાંચ, ગુરુએ આપેલા મંત્રની પાંચ, નવકારમંત્રની ૧, 'નમો સિદ્ધાણં'ની ૨૦, સ્થૂલભદ્રજી અને ધન્ના અણગારની એક, **रक्खामि महव्वए पंच** ની ૧, નાગેશ્વર પાર્શ્વનાથ, ગૌતમસ્વામી, સિદ્ધાચલતીર્થાધિપતિ આદિનાથ, શંખેશ્વર પાર્શ્વનાથની એક-એક અને **तित्थयरा मे पसीयंतु** ની એક માળા રોજ ગણે છે.

(જ્યોતિષ સાચું છે, એની ના નહિ. પણ

(ક) આજે સચોટ, એકદમ સાચું જોનારાઓ ઓછા...

(ખ) એ કર્મો નિકાચિત ન હોય તો તૂટી જવાની શક્યતા ઘણી

(ગ) નિકાચિત હોય તો પણ પતન થતા પૂર્વે જેટલા વર્ષ આરાધના થઈ, એ તો સારા માટે જ ને ?... એટલે જ જ્યોતિષ જોવડાવવું ખરું, પણ એના ભરોસે બેસી ન રહેવું.)

# મહાસંયમી સૂરિદેવ

(ક) સળંગ ૫૦૦ આંબિલના પારણાનો એ દિવસ !

આચાર્યદેવે એ પારણામાં મમરાની ચીકી વાપરી.

૫૦૦ આંબિલની અનાસક્તિ એટલી બધી આત્મસાત થયેલી કે આ મમરાની ચીકી વાપરતી વખતે જે નાનકડી આસક્તિ થઈ, એ પણ એમને ધ્રુજાવનારી બની.

ગોચરી બાદ એ ખૂબ ઉદાસ બની ગયા. શિષ્યોની આગળ બળાપો રજુ કરતા એ સૂરિદેવ બોલ્યા કે - હાય ! મારા ૫૦૦ આંબિલ પાણીમાં ગયા. મને આજે મમરાની ચીકીમાં રાગ થયો.

(જે કપડું આખું કાળું જ હોય, એમાં કોઈ મોટો કાળો ડાઘ લાગે તો પણ એ નજરમાં ન આવે. એની કોઈ નોંધ ન લેવાય. એમ જેમના જીવન આસક્તિ વગેરે દોષોથી કાળા કાળા હોય, તેઓને કોઈ ખાવાની મોટી આસક્તિ જાગે, તો પણ એમને એ દોષરૂપ ન લાગે. એનો ખેદ ન થાય. રે ! એ દોષની નોંધ પણ ન લેવાય.

પણ ધોળાધબ વસ્ત્ર ઉપર નાનકડો પણ મેશનો ડાઘ એ જલ્દી નજરમાં આવે, એ જલ્દી ખેદ ઉપજાવનારો બને. આ સૂરિદેવ ૫૦૦ આંબિલમાં પોતાનું મન ધોળું ધબ બનાવી ચૂક્યા હતા. અનાસક્તિની સફેદાઈ એમના આતમમાં છવાઈ ચૂકી હતી. એટલે જ મમરાની ચીકી જેવી સામાન્ય વસ્તુની સામાન્ય આસક્તિ પણ એમને ખૂબ પશ્ચાત્તાપ કરાવનારી બની.)

(ખ) ઘડપણમાં એ સૂરિદેવ પરાધીન બન્યા. શિષ્યો જે ગોચરી-પાણી લાવે એ જ એમણે વાપરવાના. સૂરિજીને શંકા પડતી કે "મારા પ્રત્યેના અતિભક્તિભાવથી અને મારા ઘડપણને લીધે આ શિષ્યો બધું દોષિત તો નહિ લાવતા હોય ને ? બધી રસોઈ ગરમાગરમ, આધાકર્માદિરૂપ તો નહિ કરાવતા હોય ને ?"

પણ આ શંકાનું સમાધાન મેળવવું શી રીતે ? પોતે તો એની તપાસ કરવા જઈ શકે એમ ન હતા.

છેવટે ગોચરી લાવનારા શિષ્યને પોતાની પાસે બોલાવી સૂરિદેવ બોલ્યા કે -

"જો. તું મને નિર્દોષ ગોચરી જ વપરાવશે, એવો મેં તારામાં વિશ્વાસ મુક્યો છે. હવે તું વિશ્વાસઘાત ન કરતો. મને ઝેર (દોષિતગોચરી) પીવડાવવું કે અમૃત પીવડાવવું (નિર્દોષ ગોચરી) એ તારા હાથમાં છે."

આચાર્યદેવની તબિયત અને ઘડપણ જોઈને ભક્તિમંત શિષ્યને એવી ઈચ્છા થયેલી ખરી કે "સૂરિજીને સ્વાસ્થ્યને અનુકૂળ વસ્તુ દોષિત કરાવીને પણ વપરાવું." પણ સૂરિજીની લાગણીસભર વિનંતિ સાંભળી શિષ્ય સજ્જડ બની ગયો. નિર્દોષ ગોચરી માટે દઢતા કેળવી લીધી.

(ગ) "સાહેબજી ! વાપરવા પધારો. નવકારશી આવી ગઈ છે." શિષ્યે વૃદ્ધ સૂરિજીને વિનંતિ કરી.

"અરે, આટલી જલ્દી ગોચરી આવી ગઈ ? કેટલા વાગ્યા ? શ્રાવકોને ત્યાં આટલી વહેલી નવકારશી મળે જ નહિ. તું શી રીતે આ બધું લઈ આવ્યો ? મને લાગે છે કે તેં કોઈ શ્રાવકને ત્યાંથી દોષિત ગોચરી વહોરી છે. એ વિના આટલી વહેલી ગોચરી મળે જ નહિ. મને પાકી ખબર છે.

બસ ! મારે આજે નવકારશી નથી કરવી. આજે પોરિસી કરીશ."

સૂરિદેવ બોલી ઉઠ્યા અને ત્યાં જ પોરિસીનું પચ્ચક્ખાણ લઈ લીધું. પોરિસીમાં પણ દૂધ વગેરે પ્રવાહી ન લીધું. કેમકે એ વહેલું આવેલું હોવાથી દોષિતની શંકા હતી. પણ જે ખાખરા વગેરે તદ્દન નિર્દોષ વસ્તુઓની હતી, એ જ વાપરી.

(ઘ) "આજે અધ્યાત્મયોગી મહાપુરુષ પધારવાના છે, એટલે એમના આવ્યા બાદ હું ગોચરી વાપરીશ." સૂરિદેવે શિષ્યને કહ્યું.

સૂરિદેવ તો એ અધ્યાત્મયોગી મહાપુરુષના પિતાના સ્થાને હતા. છતાં એમને અધ્યાત્મયોગી ઉપર ભારે બહુમાન !

"પણ, સાહેબજી ! એમને આવતા તો દસ વાગશે." શિષ્યે કહ્યું.

"ભલે ને દસ વાગે ! પરદેશ કમાવા ગયેલો દીકરો કમાઈને પાછો આવતો હોય તો બાપને કેટલો આનંદ હોય. આજે તો હું એ મહાપુરુષના હાથે જ ગોચરી વાપરીશ. મારે કોઈ ઉતાવળ નથી." સૂરિજીએ કહ્યું.

(પોતે ઘણા વડીલ હોવા છતાં, વૃદ્ધ હોવા છતાં, સમયનો ઘણો વિલંબ થવા છતાં પણ આગંતુક મહાત્મા પ્રત્યેનો વાત્સલ્યભાવ, બહુમાનભાવ કેટલો ગજબનો ? કે એના માટે દસ વાગ્યા સુધી નવકારશી કરવા પણ તૈયાર નહિ...)

(ચ) આસન કાયમ માટે સાદું રાખે. જો શિષ્યો જાડું આસન પાથરે, તો દૂર કરીને જ જંપે. એમની આચાર્ય પદવીના દિવસે જાડું આસન પાથરવામાં આવેલું. એ વખતે પણ એમણે એ આસન દૂર ફગાવી દીધેલું.

(છ) શિયાળામાં ઊંઘતી વખતે ત્રણ કામળી પહેરવી પડે, તો પણ જ્યારે સવારનું પ્રતિક્રમણ કરે, ત્યારે ત્રણેય કામળી, પાંગરણી, કપડો બધું કાઢી નાંખે. માત્ર ચોલપટ્ટો પહેરીને પ્રતિક્રમણ કરે.

(જ) ભયંકર ઠંડી હોય તો પણ સવારે પડિલેહણ વખતે બારી ખોલી જ નાંખે.

(ઝ) પોતાના શિષ્યોના વિકાસ માટે પોતાનાથી છૂટા પાડવા, બીજે મોકલવા પણ સહર્ષ તૈયાર ! "મારા શિષ્યો મારી પાસે જ રહેવા જોઈએ..." એવું લેશ પણ મમત્ત્વ નહિ. અને એ રીતે શિષ્યોને બીજા પાસે ભણવા મોકલીને ભણાવ્યા પણ ખરા.

(ટ) અધ્યાત્મયોગીને આ સૂરિદેવ પત્રમાં લખતા કે "તમારા જેવી પરમાત્મભક્તિ હજી મારામાં આવી નથી." (પોતે મોટા હોવા છતાં આ કેટલી બધી નમ્રતા ! નિખાલસતા ! નિરભિમાનિતા !)

(ઠ) સૂરિદેવને વંદનાદિ કરવા સાધ્વીજીઓ આવે, પણ એમની સામે ઊભા ઊભા જ વાત કરીને ચાલી જાય. "સૂરિદેવની સામે આસન ઉપર બેસીને વાતો કરવી" એ પ્રસંગ કદી ન બનતો. (બ્રહ્મચર્યની રક્ષા માટે, વ્યવહારના પાલન માટે સૂરિજી આવા સજાગ હતા)

(ડ) ઉંમર ઘણી થવાથી વિહાર કરી ન શકતા, તો પણ ડોળી કે વ્હીલચેરનો ઉપયોગ ન કરે. મોટા ભાગે માસકલ્પ કરે. વિહારો ઘટાડી દે. એક મહિને નજીકના સ્થાનમાં જાય ત્યારે શ્રાવકો કે સાધુઓ જ એમને ખુરશીમાં ઊંચકીને લઈ જાય.

આ સૂરિજીને માસકલ્પ વ્યવસ્થાનો પ્રેમ જબરદસ્ત ! ઘણા વિહારો, લાંબાવિહારો એમને નાપસંદ હતા.

(ઢ) આખો દિવસ લગભગ સ્વાધ્યાયમાં મગ્ન ! શ્લોકો, પુસ્તકો, ગ્રન્થોનું વાંચન-મનન કર્યા કરે. સંઘના મોટા મોટા ટ્રસ્ટીઓ વંદનાદિ માટે આવે તો પણ અધવચ્ચે વાંચન ન છોડે. અમુક પ્રકરણ પૂર્ણ થાય, પછી જ પુસ્તકમાંથી માથું ઊંચુ કરે અને પૂછે કે "બોલો, શું કામ છે ?" અને કંઈ કામ ન હોય તો એક મિનિટમાં તો એ મોટા મોટા ટ્રસ્ટીઓને પણ સ્નેહપૂર્વક વિદાય આપી દે.

(ત) સાધુઓને શ્રાવકોનો પરિચયાદિ ન કરવા દે. કોઈ સાધુ પાસે શ્રાવકોને બેઠેલા, વાતો કરતા જૂએ તો સૂરિદેવ તરત એ શ્રાવકને પોતાની પાસે બોલાવીને કહે કે "લે, એક નવકારવાળી ગણ." રાત્રે પણ શ્રાવકોને સાધુઓ પાસે બેસવા ન દે. સાધુઓને પોતાના સ્થાને જ સ્વાધ્યાય કરાવે.

(થ) આ સૂરિદેવ જ્યારે સાધુ હતા અને અભ્યાસ કરતા હતા. ત્યારે એક બાજુ પોતાના જ સ્થાનિક ઉપાશ્રયમાં ત્રણ ત્રણ પંડિતો ભણાવનારા હતા. બીજી બાજુ નજીકના એક ઉપાશ્રયમાં એક આચાર્યદેવ ભણાવનારા હતા. પણ એમનો સ્વભાવ ભારે કડક. ઠપકો આપતા વાર ન લગાડે.

છતાં આ સૂરિદેવ "ભલે ગમે એટલી કડકાઈ સહન કરવી પડે. પણ હું ભણીશ તો વ્રતધારી આચાર્યદેવ પાસે જ ! મારે પંડિતો પાસે નથી ભણવું." એમ દૃઢ નિશ્ચય કરીને ખરેખર ત્રણેય પંડિતોને ત્યાગી કડક આચાર્યદેવ પાસે કડકાઈ સહન કરવાપૂર્વક ભણ્યા.

# એ મહાત્માને સંનિધિની દવા પણ મંજુર નથી

"કોઈની પાસે ચોક્ખુ સુપ કે ઓદન છે ?" ૨૦ સાધુઓની માંડલીમાં વડીલ પંન્યાસજીએ બધાને પ્રશ્ન કર્યો.

છેલ્લા ચારેક દિવસથી ૭-૮ મહેમાન મહાત્માઓ પણ પધારેલા હતા. પંન્યાસજીએ પોતાના શિષ્યોને સુચન કરી દીધેલું જ હતું કે "મહેમાનોની ભક્તિ કરજો..."

નિર્દોષ ગોચરીના ખપી મહાત્માઓ દોષિત વસ્તુથી ભક્તિ કરવા તૈયાર ન હતા, તો મહેમાન મુનિઓ પણ નિર્દોષતાના જ ખપી હતા.

પણ એક દિવસ એક જગ્યાએ ધાર્મિક પ્રસંગ નિમિત્તે જમણવાર હતો, ગોચરી માટેની વિનંતિ પણ આવી... અને ભક્તિના માસુક સ્થાનિક મુનિઓ હોંશભેર શીરો લઈ આવ્યા. એ સિવાય એ દિવસે ઘરોમાંથી પણ સહજ રીતે ગોચરી વધી પડી.

પંન્યાસજીને શીરો બંધ, છતાં ખપાવવા માટે શીરો લીધો. પાત્રુ આખું ઘી-ઘી વાળું થઈ ગયું. વાપરી લીધા બાદ પાત્રુ બરાબર ધોવા માટે, ઘીની ચીકાશ દૂર કરવા માટે સુપ-ઓદન જરૂરી લાગવાથી એમણે માંડલીમાં ઉપર મુજબ પૃચ્છા કરી.

"સાહેબજી ! ચોકખા તો નથી, પણ હમણાં જ ઘરોમાંથી લઈ આવીએ, વાર નહિ લાગે." વિનયી સાધુએ જવાબ દીધો...

"ના રે ના ! એટલા માટે વધઘટ લેવા જવાની જરૂર નથી. આંગળીથી લુંછી લુંછીને સાફ કરી લઈશ." પંન્યાસજીએ સ્પષ્ટ ના પાડી, સાધુઓએ બે વાર વિનંતિ કરી, છતાં ના પાડી એટલે સાધુઓ વધુ જીદ ન કરી શક્યા.

મહેમાન સાધુઓ ગોચરી વાપરીને ઊભા થઈ ગયા. પણ એમણે જોયું કે પંન્યાસજીને હજી વાર લાગે એમ છે. સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે "શીરાએ મોઢું મારી નાખ્યું છે અને પાત્રામાં ફેલાયેલી ચીકાશ કાઢવી અઘરી પડે છે..."

"આપણી પાસે હિંગાષ્ટક છે. એ પંન્યાસજીને આપો ને ? એનાથી બે લાભ થશે. મોઢું મરી ગયું છે, તે સારું થશે અને પાત્રુ ઘસી ઘસીને સાફ કરવામાં પણ સરળતા રહેશે." એક મહેમાન સાધુએ કહ્યું અને તરત બીજો મહેમાન સાધુ પંન્યાસજી પાસે હિંગાષ્ટક લઈ ગયો. "સાહેબજી ! આ લો. જલ્દી કામ પતી જશે. બાકી તો આપ હેરાન થશો..." એમ વિનંતિ કરી.

"ના, જરૂર નથી. ચાલશે." પંન્યાસજીએ ટુંકમાં જવાબ દીધો.

"પણ, સાહેજી ! આપ હેરાન થાઓ છો, તો આ લઈ લ્યો ને ? અનુકૂળ રહેશે." મહેમાને ફરી વિનંતિ કરી.

"ના." પંન્યાસજીએ હસીને ટુંકમાં જવાબ દીધો.

મહેમાન સાધુ ચતુર હતો. શાસ્ત્રીય મર્યાદાઓ જાણતો હતો અને પંન્યાસજીની સંયમ કટ્ટરતાને પણ પિછાણતો હતો. અચાનક એને એક ઉપયોગ ગયો અને પ્રશ્ન કર્યો.

સાહેબજી ! આ દવા અમે અમારી પાસે રાખી છે. વહોર્યા વિના વાપરીએ છીએ... એટલે કે સંનિધિદોષવાળી છે... માટે આપ નથી લેતા ને ?

પંન્યાસજીએ ત્યારે જ ખુલાસો કર્યો કે - "હા ! હું આવી રીતે એકપણ દવા લેતો નથી. મારી શક્તિ છે. સંનિધિદોષ સેવવાનું મારે કોઈ વિશેષ કારણ નથી. એટલે મેં ના પાડી. આ કંઈ એવું ગાઢ કારણ નથી કે મારે આ દોષ સેવવો પડે. એના કરતા તો ઘરોમાંથી ઓદન મંગાવી લેવામાં મને ઓછો દોષ લાગે."

ત્યારે એ તમામ મહેમાનસાધુઓની આંખો ઉઘડી ગઈ. આશ્ચર્ય, આનંદ, બહુમાનભાવ પ્રગટ થયો.

(માંદગી વગેરે કારણોસર દવા લેવી જ પડતી હોય, તો પણ સૂર્યાસ્ત પૂર્વે એની પોટલી બનાવી ગૃહસ્થને ભળાવી દેવી અને સૂર્યોદય બાદ લઈ લેવી. તથા જે દવા વાપરવાની હોય તે પણ વહોરીને જ લેવી. રોજેરોજ જેટલી દવા લેવાની હોય, એટલી જ દવા વહોરવી એ જ સાચો માર્ગ છે.

ખરી હકીકત તો એ છે કે દવાઓ મોટું વિષચક્ર છે. એ રોગ મટાડનાર લાગે છે ખરી, પણ એ રોગ વધારનાર, ઉત્પન્ન કરનાર પણ ઘણીવાર બને છે એ વાત આપણે સમજવી જોઈએ. એમાં ય એલોપથી તો અતિભયંકર છે, એવું લગભગ બધા જ માને છે.

હિંમત કેળવી, ગભરાટ છોડી એકવાર એક ઝાટકે કે છેવટે ધીમે ધીમે પણ દવાઓ બધી છોડી દેવામાં આવે, થોડીક પરેશાની પડે તો પણ એકાદ મહીનો સહન કરી લેવામાં આવે તો ધીરે ધીરે ખરું સ્વાસ્થ્ય વગર દવાએ પ્રાપ્ત થાય એ શક્ય છે. છતાં...)

## મારા ગુરુ આવું કરી શકે ? હું કલ્પના પણ કરી શકતો નથી

(એક મુનિરાજના શબ્દોમાં)

"મારી એક ભાવના છે કે તું ખૂબ સારું ભણી લે. તારો ક્ષયોપશમ સારો છે, ઉંમર નાની છે. જો ખૂબ ભણીશ, તો તું તારું અને અનેકોનું હિત કરી શકીશ. શાસનની ઉત્તમ પ્રભાવના કરી શકીશ. હું તો કંઈ વધુ ભણ્યો નથી. પણ આપણા ગચ્છના એક વિદ્વાન આચાર્ય તને ભણાવવા તૈયાર છે. તું એમની સાથે રહીને ભણી લે..."

મારા ગુરુજીએ એકવાર મને ખૂબ સમજાવ્યો.

નાની ઉંમરમાં જ મને ગુરુજીનો પરિચય થયેલો. મોક્ષની કે દીક્ષાની ઝાઝી સમજણ નહિ.

પણ ગુરુજી મને ખૂબ ગમી ગયેલા. એમના તરફ એટલી બધી વધારે લાગણી બંધાઈ ગયેલી કે એક દિવસ પણ એમનાથી દૂર ન થઈ શકું. મારા માતા-પિતાને પણ હું સાવ ભૂલી ગયો. ઘરે જતો જ નહિ. ગુરુજી પાસે જ રહેતો.

આ લાગણીના ગાઢ બંધનથી પ્રેરાઈને જ મેં દીક્ષા લેવાનો નિર્ણય કર્યો, મારા માતા-પિતા સંમત થયા અને રંગેચંગે મારી દીક્ષા થઈ.

મારા ગુરુજી ભારે સમજુ ! મારા હિતની સાચી ભાવનાવાળા ! હું એમની સેવા કરવા તલસું પણ એ મને સેવા કરવા ન દે. આમ પણ હું નાનો ! એ જ મારી ખૂબ જ કાળજી રાખતા. હું જીદ કરી, છાની રીતે એમની સેવા કરી લેતો. પણ એમને મારા તરફથી સેવાની બિલકુલ અપેક્ષા નહિ.

શરુઆતના બે-ત્રણ ચાતુર્માસ પણ અમારા જુદા થયા. શેષકાળમાં ગચ્છ સાથે ભેગા થવાનું પંણ થતું. પણ અભ્યાસની વિશેષ ગોઠવણ થઈ ન હતી. એટલે જ પ્રારંભિક અભ્યાસ પૂર્ણ થઈ ગયા બાદ એક વાર એમણે ઉપર મુજબ મને એક વિદ્વાન આચાર્ય પાસે ભણવા જવા કહ્યું.

"આપ પણ મારી સાથે આવશો ને ?" મેં પૂછ્યું.

"ના. તારે એકલાએ જ જવાનું. હું અમુક કારણોસર સાથે રહી નહિ શકું." ગુરુજીએ કહ્યું.

"તો હું નહિ જાઉં. આપના વિના મારે રહેવું જ નથી, ભણવું જ નથી..." મેં જીદ કરી.

ગુરુજીએ મને ઘણો સમજાવ્યો, પણ મારી બાળહઠ અકબંધ રહી.

પ્રસંગ પૂરો થયો.

સમય વહેતો ગયો.

પણ ધીરે ધીરે મારા ગુરુજીનો સ્વભાવ ગમે તે કારણે વિચિત્ર થવા લાગ્યો. મારી સાથેનું વર્તન બદલાવા લાગ્યું. નાની નાની વાતોમાં પણ મને ખખડાવી નાંખે, જેમ તેમ સંભળાવી દે... ઘણીવાર અબોલા લઈ લે... આખો દિ' બોલે જ નહિ. એકવાર તો સાવ નાની વાતમાં ય મને તમાચો પણ મારી દીધો. મારી હાજરીમાં જ શ્રાવકો સામે મારા માટે નિંદાઓ કરી.

જાણે કે હું એમનો શત્રુ હોઉં, એ રીતે એ મારી સાથે વર્તવા લાગ્યા.

છેવટે હું પણ છદ્મસ્થ હતો. આ બધું સહન કરવાનું સામર્થ્ય મારામાં ન હતું. મને પણ ગુરુજી પ્રત્યે અસદ્ભાવ ઉત્પન્ન થયો. એમના પ્રત્યેની ગાઢલાગણી ધીમે ધીમે ઘટવા લાગી. હવે અમે બંને સાથે રહેવા છતાં પણ જાણે કે એકબીજાથી સાવ અલાયદા જેવા જ રહેતા. ગુરુજીને મારા પ્રત્યે ભારે અણગમો હોય એવું મને લાગ્યા કરતું.

મેં એક-બે વાર આ અંગે ખુલાસો પણ માંગ્યો. "મારી ભૂલ શું થઈ ? કે આપ મને તિરસ્કારો છો ?" મેં પૂછેલું. તો ગુરુજી મારા પર ઉકળી ગયેલા. "તારા માટે આટલો ભોગ આપું છું. તો ય તને ઓછો પડે છે ? તું મહેરબાની કરીને મને પરેશાન ન કર. તું કહે તો તારા

પગે પડું..." હું હેબતાઈ ગયો. એ પછી હું કદી ખુલાસો કરવાની હિંમત ન કરી શક્યો.

અચાનક

એક દિવસ

મારા ઉપર પેલા વિદ્વાન આચાર્યનો પત્ર આવ્યો. એમાં લખ્યું હતું કે "થોડા વખત પૂર્વે તમે મારી પાસે ભણવા આવવાના હતા. પણ ગમે તે કારણે તમે ન આવ્યા. હજી પણ તમારી ભાવના હોય તો ખુશીથી આવી શકશો. હું તમને ભણાવવા તૈયાર છું. બીજી કશી ચિંતા કરશો નહિ."

મેં પત્ર મારા ગુરુજીને વંચાવ્યો.

"તારી જેમ ઈચ્છા હોય, તેમ કર. મારી ના નથી." એમણે મને ઉપેક્ષાપૂર્વક સંમતિ આપી.

ગુરુજીને છોડવા અને અભ્યાસ કરવા હું તૈયાર થઈ ગયો. ગુરુજીએ મને વિદ્વાન આચાર્ય પાસે મુક્યો અને તેઓ પોતાના ગચ્છમાં જોડાઈ ગયા.

અમારા બંને વચ્ચે ભાવઅંતર તો પડી જ ગયેલું, હવે દ્રવ્ય-અંતર પણ પડી ગયું.

મારો અભ્યાસ શરુ થયો. 'ગુરુનો વિરહ સતાવે' એ પ્રશ્ન હવે રહ્યો ન હતો. વિદ્વાન આચાર્ય મને દીલ દઈને પાઠ આપતા હતા. મારો ક્ષયોપશમ ઘણો જ સારો, ઝપાટાબંધ અભ્યાસ થવા લાગ્યો. મને ભણવાની રુચિ પણ સખત હતી. જોત જોતામાં બે વર્ષના વહાણા પસાર થઈ ગયા. હું સારો એવો વિદ્વાન બની ગયો. હવે બાકીના ગ્રન્થો હું જાતે પણ ભણી શકું એ માટે સક્ષમ બની ગયો.

આ બે વર્ષ દરમ્યાન ન તો મેં મારા ગુરુજીને પત્ર લખેલો કે ન તો એમનો કોઈ પત્ર આવેલો. પત્રસંપર્ક પણ લગભગ બંધ થઈ ગયેલો. ક્યારેક અલપઝલપ સુખશાતાવંદનાપૃચ્છા રૂપ પરોક્ષ મૌખિક સંપર્ક થતો. વિશેષ કંઈ નહિ. લગભગ હું ગુરુજીને ભૂલી ચૂક્યો હતો, મારો માર્ગ બદલાઈ ગયો હતો.

પણ

એક એવો દિવસ ઉગ્યો કે

જે દિવસે હું ધ્રુસકે ધ્રુસકે રડ્યો.

એ દિવસ કદાચ મારા આખા ભવનો શ્રેષ્ઠતમ દિવસ બની રહ્યો.

એ દિવસે ન હું કંઈ ખાઈ શક્યો કે ન કંઈ પી શક્યો.

બસ, આખો દિવસ રડતો જ રહ્યો, ડુસકા ભરતો જ રહ્યો.

કારણ ?

**કારણ કે એ દિવસે મારા ભવોદધિતારક, અનંતકરુણાસંપન્ન, નિઃસ્પૃહશિરોમણી, મારા સર્વસ્વસમાન મારા ગુરુજીનો = મારા ભગવાનનો ઐતિહાસિક પત્ર આવ્યો.**

જે ગુરુજીને હું લગભગ ગુમાવી ચૂક્યો હતો, જે ગુરુજી માટે મેં ખોટી ખોટી ઘણી કલ્પનાઓ કરી હતી, જે ગુરુજી કદાચ મને ફરી મળવાના જ ન હતા. કદાચ, હું જ જેમને મેળવવા ઈચ્છતો ન હતો, એ મારા ગુરુજી મને એ દિવસે પાછા મળ્યા, બમણા ગુરુજી બનીને... ના, ના ! સાક્ષાત્ ભગવાન બનીને મને એ પાછા મળ્યા.

મારો એ અંગત પત્ર આજે હું જાહેરમાં સહુને વાંચવા માટે ખુલ્લો મૂકું છું. આ શ્રમણસંસ્થાને જણાવવા માંગું છું કે "જૈનશાસનના સાચા ગુરુવર્યો કેવા હોય !"

આ રહ્યા એ ગુરુજીના પત્રમાં રહેલા અમૃતબિંદુઓ !

મારી માત્ર એક જ વિનંતિ છે કે આ પત્રના શબ્દોને કોઈ ગાંડી ઘેલછા ન માનશો, કે એને માત્ર કલ્પના રૂપ પણ ન માનશો. મારા ગુરુજીના સાડા ત્રણ કરોડ રૂંવાડામાંથી ઉત્પન્ન થયેલા આ પાવન શબ્દો છે.

**પત્ર :** મારા આત્મીય, મારા નિર્દોષ પવિત્રસ્નેહનું એકમાત્ર ભાજન મુનિરાજશ્રી.....

તદ્દન નિર્દોષ છતાં ઘોર અપરાધી તારા ગુરુજીની અનુવંદના.

તું શાતામાં તો છે ને ?

પૂજ્ય વિદ્વાન આચાર્યશ્રીની નિશ્રામાં તારો સ્વાધ્યાય ખૂબ જ સારો થયો. લગભગ પૂર્ણ થયો... એના સમાચાર આચાર્યશ્રીના પત્ર દ્વારા જાણ્યા બાદ કદાચ આખા જગતમાં સૌથી વધુ આનંદ આ તારા ઘોર અપરાધી ગુરુને થયો છે, પણ એ તું સમજી નહિ શકે.

જે મેં ઈચ્છયું હતું, જે મારી ભાવના હતી, જે માટે મેં ભયંકર સાહસ ખેડ્યું, જે માટે મેં મારી જીંદગી જુગારમાં મૂકી એ ફળ આજે બે-બે વર્ષ બાદ સિદ્ધ થતું જોઈ હું શા માટે અત્યંત આનંદ ન પામું ?

મારે કેટલીક વાત વિસ્તારથી કરવી છે.

તારા હિતની અને તારા દ્વારા શાસનહિતની એકમાત્ર ભાવનાથી જ મેં તને દીક્ષા આપી. મારે તારી સેવા જોઈતી ન હતી, પણ તું શાસનનો સાચો સેવક બને, સ્વ-પરનો તારક બને એ જ એકમાત્ર મારી ભાવના હતી. અને આપણે શરુઆતના વર્ષો સાથે રહ્યા, એ વખતની મારી જીવનચર્યા ઉપરથી પણ તને એ વાત સમજાઈ જ હશે.

પણ આ માટે જરૂરી હતું કે 'તને ઠોસ શાસ્ત્રાભ્યાસ કરાવવો.' હું જાતે એ માટે અક્ષમ હતો. માટે જ વિદ્વાન આચાર્ય પાસે મુકવાનો મેં નિર્ણય કર્યો.

પણ તારી મારા તરફની ગાઢ લાગણીએ મારી ઈચ્છાને અટકાવી દીધી. હું પણ તારી સાથે જ ત્યાં રહું એ કેટલાક કારણોસર શક્ય ન હતું. એમાં એક કારણ એ પણ ખરું કે મારી હાજરી તારા સ્વાધ્યાયમાં વિઘ્ન તો ઊભું કરે જ.

મારે શું કરવું ?

પ્રભુવીરે ગૌતમસ્વામીનો સ્નેહરાગ દૂર કરવા માટે આજ્ઞા કરીને એમને છૂટા પાડ્યા. પણ તારી સામે મારું આજ્ઞાશસ્ત્ર ચાલે તેમ ન હતું. કેમકે ગૌતમસ્વામીની જેમ તું મારી આજ્ઞા માની લે એ શક્ય ન હતું.

ઘણા દિવસો વિચાર કર્યા બાદ છેવટે મારે એક વિચિત્ર માર્ગ અપનાવવો પડ્યો. જે ભયાવહ હતો, દેખાવમાં ડરામણો હતો, છતાં નાછુટકે મેં એ માર્ગ અપનાવ્યો.

મેં તારો મારા પ્રત્યેનો સ્નેહરાગ ઘટાડવા માટે તારી સાથેનું વર્તન બગાડી દીધું.

તારી સાથે અબોલા લીધા; જાણી જોઈને !

તને એક તમાચો માર્યો; જાણી જોઈને !

તારી હાજરીમાં લોકો સમક્ષ તારી નિંદા કરી; જાણી જોઈને !

તેં ખુલાસા માંગ્યા, ત્યારે ગુસ્સો કરીને તને ચૂપ કરી દીધો; જાણી જોઈને !

આત્મીય શિષ્ય ! તારા પ્રત્યેનું મારું વાત્સલ્ય ત્યારે પણ અગાધ હતું, માટે જ આ બધું હું શી રીતે કરી શક્યો ? એ મારું મન જાણે છે. હું રોજ ઊંઘતા પહેલા રડી પડતો. "એક નિર્દોષ આત્માને હું ત્રાસ આપી રહ્યો છું." એ વિચાર મને ખૂબ સતાવતો. એક સગી મા દીકરાને પરેશાન કરી શકે ? દીકરાને દુઃખી થતો જોઈ શકે ?

પણ મારા રોમેરોમમાં તારું હિત, શાસનનું હિત વસેલું હતું એ હું નિર્દંભભાવે કહું છું. તને મારી વાતમાં વિશ્વાસ પડશે કે નહિ ? એની તો મને ખબર નથી. પણ હું આ બાબતમાં શુદ્ધ છું, પવિત્ર છું... એ આત્મસાક્ષીએ કહી શકું છું.

મારે નિષ્ઠુર બનવા ઘણો પુરુષાર્થ કરવો પડ્યો છે હોં !

આમાં

તને આર્તધ્યાન થાય, આપણા બેના સંબંધો તૂટી જાય, તું ગુરુસમર્પણ ગુમાવીને ગુરુદ્રોહી પણ બની જાય... આ બધા જોખમસ્થાનો હતા જ. પણ મને મારી પવિત્રભાવના ઉપર વિશ્વાસ હતો.

અંતે જ્યારે મને લાગ્યું કે 'તારો મારા તરફનો સ્નેહ ઓગળી ગયો છે,' ત્યારે મેં જ એ આચાર્યશ્રીને જણાવીને તારા ઉપર પત્ર લખાવડાવ્યો.

એ પત્ર આવ્યો, તું તૈયાર થયો. મેં બહારથી તો ઉપેક્ષારૂપે રજા આપી. પણ અંદરખાને હું ઘણો ખુશ હતો.

તારો અભ્યાસ શરૂ થયો. આચાર્યશ્રી દ્વારા તારા બધા સમાચાર મને મળતા જ રહેતા હતા. પણ તારી સાથે મેં પત્રસંપર્ક જાણી જોઈને જ ન કર્યો, તારા સ્વાધ્યાયને અખંડિત બનાવવા !

છેલ્લે બે-ચાર દિન પૂર્વે જ આચાર્યશ્રીએ અત્યંત આનંદના સમાચાર મોકલ્યા કે "તું બધી રીતે તૈયાર થઈ ગયો છે. વિદ્વાન, પરિણત, સંયમી મુનિ બની ચૂક્યો છે."

તું કલ્પના નહિ કરી શકે કે આ સમાચાર વાંચી હું અંતરથી ખૂબ નાચ્યો છું.

તને ખબર છે ? તારો સ્વાધ્યાય ખૂબ સારો થાય એ માટે છેલ્લા બે વર્ષથી દર પાંચ તિથિ મેં આંબિલ કર્યા છે. રોજેરોજ પ્રભુ પાસે ભાવભીની પ્રાર્થના કરી છે કે "મારા શિષ્યનો ખૂબ સારો અભ્યાસ થાય, એટલું કરી આપજો." તારા માટે જ રોજ નમસ્કાર મહામંત્રની એક બાંધી માળા ગણી. તારા સ્વાધ્યાયની સફળતા માટે મેં બે વર્ષથી મીષ્ટાન્નનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે...

'હું ખરેખર નિર્દોષ છું' એટલું સાબિત કરવા માટે આટલી વાત પૂરતી થઈ રહેશે ને ?

અલબત્ત નિર્દોષ સાબિત થવા માટે મારો આ પ્રયત્ન નથી. પણ તું ગુરુ પ્રત્યેના અસદ્‌ભાવથી આત્મહિત ગુમાવી ન બેસે એ માટે આ ખુલાસો કર્યો છે.

છતાં

એક હકીકત તો છે જ કે આ પદ્ધતિમાં તને ખૂબ માનસિક ત્રાસ પડ્યો જ છે...

શિષ્ય ! આજે આંખના આંસુ સાથે તારા ચરણોમાં પડીને મારા અપરાધની ક્ષમા માંગુ છું.

તું મને માફી આપશે ને ?

તું ભલે મારી પાસે પાછો ન ફરે... હું સહન કરી લઈશ. પણ તારા આ ગુરુજી પ્રત્યે અસદ્‌ભાવ ન રાખતો એટલી જ એકમાત્ર સૂચના છે.

બસ, વિરમું છું.

તારા આત્માના હિતમાં અને શાસનના કાર્યોમાં તું ખૂબ જ સફળતા પામે એ એકમાત્ર પરમકૃપાળુ દેવાધિદેવને પ્રાર્થના.

પત્ર પૂરો થયો.

બે વાર, ચાર વાર એ પત્ર વાંચ્યો. આખો ભૂતકાળ મારી નજર સમક્ષ દેખાવા લાગ્યો. ગુરુજીએ આ શું કર્યું ? કેવું કર્યું ? શું કોઈપણ ગુરુ આવું કરી શકે ? એકના એક શિષ્યના મનમાં પોતાના માટેની ખરાબ છાપ ઉપસાવવાનો પ્રયત્ન કરી શકે ? અને એમાં એ ગુરુ શુદ્ધતમ હોઈ શકે ? આટલો બધો ભોગ શિષ્યના હિત માટે આ રીતે આપનાર તો કદાચ ૨૫૦૦ વર્ષમાં માત્ર મારા ગુરુજી જ હશે.

હું પત્ર લઈને પહોંચ્યો વિદ્વાન આચાર્યશ્રી પાસે ! બોલવાના તો હોંશકોશ જ ન હતા. મેં સીધો પત્ર આપી દીધો. આચાર્યશ્રીએ પત્ર વાંચ્યો. મારી ચોંધાર આંસુ વહાવતી આંખોને જોઈને એ સમજી ગયા કે "મને ઘોર પશ્ચાત્તાપ થયો છે..." મધુર સ્મિત વેરતા આચાર્યશ્રીએ મને "અથથી ઇતિ" સુધીનો આખો ઈતિહાસ કહી સંભળાવ્યો. તેઓશ્રી આ ભેદી નાટક (!)ની રજેરજ બાબત જાણતા હતા.

એ પછી તો હું જલ્દીમાં જલ્દી મારા ગુરુજીને = ભગવાંનને મળ્યો. અશ્રુઓથી એમના પગના અંગુઠાનું પ્રક્ષાલન કર્યું. હવે એમની સાથે જ રહું છું. એમના આ ઉપકારને સતત નજર સામે રાખી એમની સંપૂર્ણ સેવા કરવાનો પુરુષાર્થ આદરું છું.

(જો જિનશાસનના દરેકે દરેક ગુરુજનો આવા નિઃસ્પૃહી, શિષ્યહિતની સાચી ખેવ્નાવાળા, સ્વાર્થભાવના મલિનભાવોથી સદા માટે અલિપ્ત, શિષ્ય કાજે શક્ય એટલો વધુ ભોગ આપવા તૈયાર થાય તો કદાચ કોઈપણ શિષ્ય ગુરુ પ્રત્યે અસદ્‌ભાવવાળો, ગુરુની સામે થનારો, ગુરુના દોષો જોનારો ન બને.

તો બીજી બાજુ શિષ્યો પણ આ વાત સમજી રાખે કે ગુરુજનો પાસે વધુ પડતી અપેક્ષાઓ રાખવી, અને પછી એ અપેક્ષાઓ ગુરુ તરફથી પૂરી ન થાય ત્યારે ગુરુ ઉપર દોષારોપણ કરવું એ એમના માટે હિતકારી નથી. "ગુરુએ દીક્ષા આપી છે, સંયમયોગોનું માર્ગદર્શન આપ્યું છે, પ્રાથમિક અભ્યાસ કરાવ્યો છે અને એ રીતે સંયમમાં સ્થિર કર્યા છે..." એ પણ આ કાળની દૃષ્ટિએ નાનો ઉપકાર નથી જ.

**નોંધ :** આ આખો ય લેખ એક મુનિરાજ તરફથી પ્રાપ્ત થયો છે. તેઓશ્રીએ નામાદિ જણાવ્યા નથી. અને આમ પણ સુકૃતાનુમોદનમાં અમે મુખ્ય નામ આપતા પણ નથી... એ ધ્યાનમાં લેવું.)

## મારા નિમિત્તે કોઈ દુર્લભબોધિ ન બનવો જોઈએ.

"એ શિષ્ય ! અહીં આવ !" સ્થંડિલ જઈ આવી ઉપાશ્રયમાં પ્રવેશ કરતા શિષ્યને ગુરુએ તરત પાસે બોલાવ્યો.

"હાજી ! આવ્યો." કહી શિષ્ય તરત ગુરુની પાસે જઈ નમ્ર બની ઊભો રહ્યો.

ગુરુએ કહ્યું, "જો, જે પૂછું, એનો સાચો જવાબ આપજે. ગભરાઈશ નહિ, જૂઠું બોલીશ નહિ. હું છેલ્લા બે-ચાર દિવસથી જોઉં છું કે તું સ્થંડિલ જાય છે અને ૫૦ મિનિટે પાછો ફરે છે. જગ્યા દૂર હોય અને ૫૦ મિનિટ થાય, તો તો વાંધો નહિ. પણ જગ્યા તો નજીકમાં જ છે. રે ! તું જ પહેલા તો રોજ ૨૦ મિનિટમાં પાછો આવી જતો હતો. આજે અચાનક ૫૦ મિનિટ કેમ થવા લાગી ?"

ગુરુની વાત સાચી હતી. સ્વાભાવિક છે કે કોઈપણ સાચા ગુરુને આવું બને તો ચિંતા જ, અને વળી એમાં શિષ્યના હિતની જ એકાંતે ભાવના હતી.

પણ શિષ્યે જે વાત કરી, એ આશ્ચર્ય પમાડે, આંખ ઉઘાડે તેવી હતી.

શિષ્ય બોલ્યો, "ગુરુજી ! રોજ અમે રેલ્વે લાઈન પર આગળ આવેલી ઝાડીમાં સ્થંડિલ જઈએ

છીએ. એ માટે એક ઝુંપડપટ્ટીમાંથી પસાર થઈને જતા હતા. એ જગ્યાએ એક કાળો કુતરો છે, હું એ ગલીમાં પ્રવેશું ત્યારથી જ એ ભસવાનું શરૂ કરે અને છેક છેલ્લે સુધી ભસ્યા કરે. આવું ચાર-પાંચ દિવસ રોજ ચાલ્યું.

એ કરડતો ન હતો અને મને કુતરાનો કોઈ વિશેષ ભય પણ નથી. પણ ગુરુજી ! આપને એક વાત પૂછું ? આ રીતે એક કુતરો સાધુને જોઈને રોજેરોજ ભસ્યા જ કરે. તો એનામાં એના સંસ્કાર પડી જ જાય ને ? એ સંસ્કારને કારણે એવું પણ બને ને ? કે આવતા ભવોમાં જ્યાં પણ એ જાય, ત્યાં જ્યારે પણ સાધુ દેખાશે, ત્યારે એમના પ્રત્યે તિરસ્કાર અને ગાળોનો વરસાદ જ વરસાવશે.

હવે જો આવું થાય તો એ ભવિષ્યના ભવોમાં સુસાધુઓનો સંપર્ક ન પામે. પરિણામે સમ્યકત્વ ન પામે. દુર્લભબોધિ બને.

ગુરુજી ! આ શક્ય તો છે જ ને ?

મારા નિમિત્તે એક કુતરો દુર્લભબોધિ મને, એ કેમ ચાલે ?

એટલે જ એ ટુંકા રસ્તાને છોડીને હું છેક લાંબા રસ્તેથી ફરી ફરીને ઠલ્લે જાઉં છું. એટલે જ મને ૨૦ને બદલે ૫૦ મિનિટ થાય છે.

ગુરુજી ! આપને મારા નિમિત્તે ચિંતા થઈ, એ બદલ ક્ષમા કરશો. પણ મેં આ જે કર્યું, એ ખોટું તો નથી કર્યુ ને ?"

ગુરુજી આશ્ચર્યભરી આંખે આ શિષ્યને જોઈ જ રહ્યા.

(● આપણા નિમિત્તે કોઈ દુર્લભબોધિ બને, એ ઘણું ભયંકર પાપ છે. જો શક્ય હોય, તો આપણે એ નિમિત્ત બનતા અટકવું જોઈએ.

સ્થંડિલ, માત્રુ પરઠવવાના નિમિત્તથી કોઈ આપણા થકી અધર્મ પામતું નથી ને ?

કર્કશ ભાષા, પરસ્પરના અણબનાવાદિના કારણે આપણા થકી કોઈ અધર્મ પામતું નથી ને?

પૈસા માંગવા, પ્રોજેક્ટો માટે સંઘ ઉપર ફરજ પાડવી એ નિમિત્તે કોઈ અધર્મ પામતું નથી ને ?

શ્રાવકોને તુચ્છ ગણવા, એમને તિરસ્કારવા... વગેરે નિમિત્તે કોઈ અધર્મ પામતું નથીને?

યાદ રાખવું કે આપણા નિમિત્તે - આપણા પ્રમાદે કોઈપણ જીવ અધર્મ પામે, તો ખુદ આપણે પણ દુર્લભબોધિ બનીએ... સાવધ રહેવું ખૂબ જ જરૂરી છે.)

# વીસમી સદીના એક મહાન ગચ્છાચાર્યની સંયમસભર જીવનકહાણી !

(૧) પડિલેહણ પણ હાથની રેખાઓ દેખાય પછી જ કરવાનો આગ્રહ રાખતા. (અલબત્ત મૂળમાર્ગ જૂદો છે.)

(૨) દરેક ક્રિયાઓમાં મુદ્રાઓ અચૂક સાચવતા.

(૩) જયવીયરાયમાં જરૂર હાથ જોડી ઊંચા કરવાનો આગ્રહ રાખતા. (પ્રતિકૂળતામાં પણ) દેરાસરમાં દર્શન કરવા નિશ્રાવર્તી દરેક મહાત્માઓને સમૂહમાં જ લઈ જતા. કોઈએ એકલા નહિ જવું એવા આગ્રહી હતા.

(૪) કમ્મરની અત્યંત તકલીફમાં પણ દેરાસરમાં પ્રભુ સામે ખુરશી વગેરેનો ઉપયોગ કરતા નહિ.

એક હજારનો સ્વાધ્યાય ન થાય તો બીજા દિવસે દૂધ ત્યાગ કરતા. (દૂધ જ જેમનો મુખ્ય ખોરાક હતો છતાં)

(૫) વિહાર કરીને ગામમાં પહોંચતાં અગિયાર વાગી જાય છતાં સ્તોત્ર અને સૂરિમંત્રનો જાપ કરીને પછી જ નવકારશીનું પચ્ચક્ખાણ પાળતા.

(૬) ઉભયટંક પ્રતિક્રમણ સંપૂર્ણવિધિ અને સૂત્ર-અર્થના પૂર્ણ ઉપયોગમય બની કરતા. **(છેલ્લા દિવસે ૫-૩ મિ. કાળધર્મ પામ્યા તે પૂર્વે સાંજે ૪-૪૫ પડિલેહણ ના આદેશ અને વાંદણામાં પણ પૂર્ણ ઉપયોગ હતો.) દરેક આવર્તોમાં પૂર્ણ ઉપયોગ હતો.**

(૭) પડિલેહણમાં દરેક વસ્ત્રના પડિલેહણમાં અખ્ખોડા-પખ્ખોડા સાચવતા.

(૮) ચૌમાસી પક્ખી પ્રતિક્રમણ પૂજ્યશ્રીની નિશ્રામાં કરનારને ત્રણ-સાડાત્રણ કલાક લાગતા. (સંવત્સરી પ્રતિક્રમણ તો પૂજ્યશ્રી સાથે કરવાનો શ્રાવકો લ્હાવો માનતા અને ખાસ મુંબઈ-સુરત વગેરે શહેરોમાંથી પૂજ્યશ્રી જ્યાં બિરાજમાન હોય ત્યાં પ્રતિક્રમણ કરવા શ્રાવકો આવતા.)

(૯) બારી-બારણું ખોલવું-બંધ કરવું હોય ત્યારે સાધુને બંધ કરતાં પહેલાં પૂંજવાનો ઉપયોગ ખાસ આપતા.

(૧૦) સૂર્યાસ્ત થતાં જ પૂજ્યશ્રી દંડા ણ લઈને માંડલાં કરી લેતા.

(૧૧) સૂર્યાસ્ત થતાં આખા ઉપાશ્રયમાં નજર ફેરવી લેતા. કોઈ સાધુ બહાર ઊભા હોય તો બોલાવી સમયનો ખ્યાલ આપતા.

(૧૨) બીમારીમાં પણ રાત્રે અગિયાર વાગ્યા પહેલાં પૂજ્યશ્રી સંથારતા નહિ.

(૧૩) કોઈ સાધુને સ્વાધ્યાય કર્યા પહેલાં સુવા દેતા નહિ.

(૧૪) કોઈ સાધુ પ્રતિક્રમણ પૂર્ણ થયે સૂઈ જાય તો અવશ્ય ઉઠાડી સ્વાધ્યાય કરાવી પછી જ સંથારવાની સંમતિ આપતા.

(૧૫) સવારે પ્રતિક્રમણ ાદ પણ સ્વાધ્યાય કરવાનો અને કરાવવાનો પૂજ્યપાદશ્રીનો આગ્રહ હતો.

(૧૬) પાંચતિથિએ તો સાધુઓને ઉપવાસ-આયંબિલ આદિ વિશેષ તપની પૂજ્યશ્રી અવશ્ય કરવા પ્રેરણા કરતા.

(૧૭) ઉપકરણ-કાંબળી-ચશ્માની ફ્રેમ આદિ જરૂરી વસ્તુઓ સાવ સાદી વાપરતા.

(૧૮) આશ્રિત-સાધુ કે સાધ્વીજીના વધુ ઊજળાં કપડાં કે કિંમતી ફ્રેમ વગેરે જોતાં તરત અરુચિ બતાવતા અને કડક હિતશિક્ષા આપતા અને કહેતા કે બધા આચાર્ય થઈ ગયા છો ?

(૧૯) આંટીનો બનાવેલો સુતરાઉ ગુંથ્યા વિનાનો કટિસૂત્ર વાપરતા અને નિશ્રાવર્તી સાધુઓને તે જ વપરાવતા.

(૨૦) ઓઘારિયું ગરમ કાંબળીનું જ વાપરતા.

(૨૧) કાંબળી લાલ પટ્ટીની ગરમ જ ઓઢતા.

(૨૨) શરીરની અસ્વસ્થતામાંય મુહપત્તિનો ઉપયોગ ક્યારેય ચૂકતા નહિ.

(૨૩) એક કલાક વ્યાખ્યાનમાં મુહપત્તિનો ઉપયોગ એક સેકન્ડ પણ ચૂકતા નહિ.

(૨૪) ગોચરી વાપરતી વખતે દરેક વસ્તુ ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરતા.

(૨૫) ગોચરી વાપરતી વખતે પૂર્ણ મૌન રાખતા અને સાધુઓને રખાવતા.

(૨૬) કપડું કે લૂણું દોરી ઉપર જરા પણ ઉડતું હોય તો તરત સાધુઓને ટકોર કરતા. ‘વાયુકાયની વિરાધનાથી બચો..!’

(૨૭) આવશ્યક ક્રિયા કે દેરાસરમાં કોઈની નાની પણ અશુદ્ધિ હોય કે યોગ્ય ઉચ્ચાર શુદ્ધિ ન હોય તો પૂજ્યશ્રી જરાપણ ચલાવતા નહિ.

(૨૮) પક્ખી-ચૌમાસી કે સંવત્સરી સૂત્ર બીજા બોલે પણ સ્વયં સંપૂર્ણ ધારતા.

(૨૯) દેરાસરમાં તિથિને અનુરૂપ સ્તવન ગવરાવતા અને ગાનારની સાથે ધ્રુવ કડીઓ ખૂબ ભાર આપીને ભાવવાહિતા સાથે પોતે ગાતા.

(૩૦) પર્યુષણનો લોચ લગભગ એંશી વરસ સુધી તો સંવત્સરીના દિવસે જ કરતા. આઠેક વર્ષથી સંવત્સરીના એક-બે દિવસ પહેલાં કરતા.

(૩૧) કોઈ સાધુ ભગવંત કે સાધ્વીજી ભગવંત સુંદર લખાણ કરે કે અભ્યાસ કરે અથવા જ્ઞાનનો કોઈપણ રીતે વિકાસ કરે, કોઈ તપ કરે તો તેમને ખૂબ વાત્સલ્ય આપીને ઉપબૃંહણા અનુમોદના કરતા. કેટલું સુંદર કર્યુ છે ? તમે તો કેટલી શાસન સેવા કરો છો ? વગેરે સુંદર વચનોથી ઉપબૃંહણાં અવશ્ય કરતા.

(૩૨) પૂજ્યશ્રીને ૨૦૦ ગાથાનો સ્વાધ્યાય પણ એક કલાક ચાલતો. દરેક સ્વાધ્યાય અનુપ્રેક્ષા પૂર્વક કરતા.

(૩૩) અસ્વસ્થ સ્થિતિમાં પણ સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં જ કરવાનો આગ્રહ રાખતા અને છેલ્લે સુધી લગભગ માંડલીમાં જ કર્યું.

(૩૪) હસ્તપ્રતોનું સંરક્ષણ - સંશોધન - સંમાર્જન કેવી રીતે કરવું ? લિપિઓનું જ્ઞાન પૂજ્યશ્રી સાધુ અને સાધ્વીજીને સ્વયં શીખવતા.

(૩૫) તત્ત્વજ્ઞાનશાળા સ્થાપવાના ખૂબ આગ્રહી હતા - પ્રેમી હતા.

(૩૬) પૂજ્યશ્રીનો ખોરાક ઘણો ઓછો હતો એટલે કે તેઓશ્રી અલ્પાહારી હતા.

(૩૭) એક સેકન્ડ પણ ખોટી ન વેડફાઈ જાય તેની ખૂબ સાવધાની રાખતા.

(૩૮) કોઈ મોટો શ્રાવક હોય કે નાનો - કોઈ ફાલતુ વાતમાં સમય આપતા નહિ.

(૩૯) કોઈ શ્રાવક સાહેબજી પાસે આવીને નિરર્થક બેસે તો ધર્મલાભ કહીને ઉઠાડવાનો પ્રયત્ન કરતા.

(૪૦) પૂજ્યશ્રી વ્હીલચેરના સખત વિરોધી હતા. અને છેલ્લે સુધી ગમે તેવી કપરી પરિસ્થિતિમાં વાહનનો ઉપયોગ નથી કર્યો.

(૪૧) પૂજ્યશ્રી ગમે તેવી અસાધ્ય બિમારીમાં પણ હોસ્પિટલમાં નહિ જવાના આગ્રહી હતા. અને છેલ્લે કેન્સર જેવી અસાધ્ય બિમારીમાં એક કલાક પણ હોસ્પિટલ ગયા નથી, અને સાધુઓને કે સાધ્વીજીઓને પણ આ બાબતે વિરોધ કરતા.

(૪૨) મૂજ્યશ્રી પંચ્યાસી વર્ષની વય સુધી એક યુવાનને ટક્કર મારે તેવી ટટ્ટાર યોગ સાધનામાં કલાકો સુધી બેસતા હતા... સ્વાધ્યાય કરતા હતા.

(૪૩) કોઈપણ ગામમાં જ્ઞાનભંડાર અસ્ત વ્યસ્ત જુએ તો વ્યવસ્થિત કરવાના આગ્રહી હતા. સાધુ અને સાધ્વીજીઓ પાસે જ્ઞાનભંડારનું કાર્ય કરાવતા અને સુંદર માર્ગદર્શન સ્વયં આપતા.

(૪૪) વડીદીક્ષામાં મહાવ્રતોની સમજણ ખૂબ માર્મિકતાથી આપતા (નૂતન દીક્ષિતને)

(૪૫) સૂર્યાસ્ત બાદ શ્રાવિકાબહેન કે સાધ્વીજીનો પ્રવેશ ઉપાશ્રયમાં ક્યારેય ન થતો.

(૪૬) પૂજ્યશ્રી બેસવામાં સુવામાં કે ઉપર-નીચે વસ્તુ મુકવામાં જ્ઞાનની કોઈ આશાતના ન થઈ જાય તેની ખૂબ કાળજી રાખતા હતા. જ્ઞાનના કબાટને પણ પૂઠ ન થઈ જાય તેનું ધ્યાન રાખતા હતા.

(૪૭) પાલિતાણામાં ચાતુર્માસ કરવાનો વિરોધ કરતા હતા. યાત્રા સિવાય પાલિતાણા જવું નહિ કે ત્યાં રહેવું નહિ એવી સ્પષ્ટ આજ્ઞા હતી.

(૪૮) પૂજ્યશ્રીના હાથમાં જ્યારે જુઓ ત્યારે પ્રત કે પુસ્તક હોય જ.

(૪૯) સમુદાયના સાધુ-સાધ્વીજીને દર પંદર દિવસે ન લઈ શકો તો ચાર મહિને પણ આલોચના લઈ લો એવી હિતશિક્ષા આપતા.

(૫૦) યોગોદ્વહન કરતા સાધુ કે સાધ્વીજીનું અડધું ખમાસમણ ચલાવતા નહિ શુદ્ધ ક્રિયાના આગ્રહી રહેતા. જોગમાં આયંબિલ કરાવવાનો જ આગ્રહ રાખતા.

(૫૧) મહોત્સવો-ઉપાશ્રય-દેરાસર વગેરે બનાવવાની પૂજ્યશ્રીની પ્રેરણા ક્યારેય ન રહેતી.

(૫૨) દૂર બેઠા પણ વૃદ્ધ સાધ્વીજીઓનું ખૂબ ધ્યાન રાખતા. વૃદ્ધ સાધ્વીજીઓની વૈયાવચ્ચ સેવામાં જવા નાના નાના સાધ્વીજીઓને વારંવાર પ્રેરણા કરતા.

(૫૩) થૂંકની - કફની કુંડીની રોજ જયણા કરાવતા.

(૫૪) પાટ પર બિરાજતાં રજોહરણથી પૂંજ્યા-પ્રમાર્જના કર્યા વિના ક્યારેય ન બેસતા.

(૫૫) ડોળીમાં ગમે તેટલો વિહાર હોય તો સતત સ્વાધ્યાયમાં રહેતા.

(૫૬) નાના કે મોટા સાધુ કે સાધ્વીજી પૂજ્યશ્રીને વંદન કરે ત્યારે બીજા ખમાસમણે પૂજ્યશ્રી તે વંદન કરનાર મહાત્માઓને સ્વયં હાથ જોડીને 'મત્થએણં વંદામિ' કહેતા... લહુડા પ્રત્યે વિનય સાચવવાનું ક્યારેય ચૂકતા નહિ.

(૫૭) કોઈપણ પદસ્થ - આચાર્ય ભગવંતો કે મુનિઓ નાના હોય તો પણ પત્રમાં કે રૂબરૂ વાતચીતમાં 'આપ'થી સંબોધતા.

(૫૮) ચાતુર્માસમાં કોઈપણ તપ સમૂહમાં કરાવવો હોય તો તપના બિયાસણા વગેરે સંઘમાં નહિ કરાવવાનો આગ્રહ રાખતા.

(૫૯) કાંબળી એવી રીતે ઓઢતા કે છેડો ઉડે નહિ. વાયુકાયની વિરાધના ન થાય તેમજ કપડાં બધાં ઢંકાયેલા રહે.

(૬૦) મુહપત્તિ - ઓઘાના દોરા કે કોઈપણ વસ્તુમાં રંગીન દોરા વિ. ન હોય તેવા સાદા વાપરતા.

(૬૧) પૂજ્યશ્રી ૮૫ વર્ષ સુધી નાના બાળકની જેમ ગાથા-શ્લોક કંઠસ્થ કરતા હતા.

(૬૨) પૂજ્યશ્રીને ઘણો સ્વાધ્યાય મોઢે (કંઠસ્થ) ચાલતો હતો.

(૬૩) આધુનિક આડંબરોથી પૂજ્યશ્રી લાખો યોજન દૂર હતા. બેન્ડ-વાજા - ભભકાદાર પત્રિકા - ફોટા - પેપર્સ વગેરેમાં જાહેરાતો - સામૈયા વગેરેમાં નિર્લેપ હતા. નિઃસ્પૃહ શિરોમણિ હતા.

(૬૪) પૂજ્યશ્રી પોતાના સ્વાર્થ - માન-અપેક્ષા ઘવાય તો ક્યારેય ગુસ્સો કરતા નહિ, પરંતુ સારણાદિ યોગ્ય શિષ્યોને સ્થિર કરવા ગુસ્સો કરતા તો પણ બીજી જ મિનિટે કોણે ભૂલ કરી હતી તે વાત પૂજ્યશ્રી ભૂલી જતા હતા.

(૬૫) પૂજ્યશ્રી ઉપર આરોપ આપનાર વ્યક્તિ સામે આવે તો બીજા દિવસે પણ પૂજ્યશ્રી તેને ક્ષમા આપતા હતા અને એના અપરાધને યાદ પણ કરતા ન હતા.

(૬૬) પૂજ્યશ્રી દિવસ દરમ્યાન કરેલી આરાધના. સ્વાધ્યાય-વિશિષ્ટ સંઘ - શાસન કાર્યો અને વ્યાખ્યાનાદિમાં સમય ક્યાં ? કેટલો ફાળવ્યો તેનો રોજમેળ સ્વયં હાથે લખતા.

(૬૭) દીક્ષા થયા બાદ નુતન દીક્ષિતના ઘેર બીજા દિવસે પગલાં કરવા કે વ્હોરવા જવાનો પૂજ્યશ્રી સખત નિષેધ કરતા.

## રાગ-દ્વેષ મળ ગાળવા, ઉપશમરસ ઝીલો

"અરે, બાપ રે ! આ તો ભારે થઈ. એ મુનિ મને સખત ઠપકો આપ્યા વિના નહિ રહે." પાણી લાવનારો સાધુ ચિંતામાં પડી ગયો હતો.

વાત એમ બની કે કર્મસાહિત્યનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી રહેલા એક મહાત્માએ પાંચમા કર્મગ્રન્થનો તલસ્પર્શી અભ્યાસ કરી એની એક સારામાં સારી નોટ બનાવી હતી. આશરે દોઢસો-બસો પાંનાનું એ લખાણ ! સખત મહેનત ! સૂક્ષ્મ ચિંતનો એમાં ઉતારેલા. સ્વાભાવિક છે કે એ નોટની એ મુનિ બરાબર કાળજી કરે.

પણ એકવાર એવું બન્યું કે વિહારમાં એ નોટ મહાત્માએ પોતાના ખાલી ઘડાની અંદર મૂકી રાખેલી. સ્થાને પહોંચ્યા બાદ એ નોટ કાઢવાની રહી ગયેલી. ઘડો એમને એમ પડેલો. પાણી લાવનાર બીજા મુનિ ભગવંત એ જ ઘડો પાણી લાવવા માટે લઈ ગયા. "એ ઘડો પડિલેહણ થઈ ગયો હશે" એવા કોઈક વિચારથી એમણે કંઈ વિશેષ ધ્યાન ન આપ્યું. અને ઘડામાં ધગધગતું પાણી વહોરી લીધું. આખી નોટ એ ધગધગતા પાણીમાં પલળી ગઈ, ખલાસ થઈ ગઈ.

ઉપાશ્રયે આવ્યા બાદ પાણી ઠારતી વખતે એમને આ બાબતનો ઉપયોગ ગયો. એમને ખ્યાલ આવી ગયો કે "પાંચમા કર્મગ્રન્થની ભારે જહેમત સાથે બનાવેલી નોટ પાણીમાં ગઈ..."

"એ નોટ બનાવનાર મહાત્માને ભારે આઘાત લાગશે." એ વિચારે આ મુનિ મુંઝવણમાં પડ્યા. પણ હવે કહ્યા વિના કેમ ચાલે ? એ મહાત્મા પાસે જઈ હાથ જોડી દીનવદને ક્ષમા માંગી કે "મહાત્મન્ ! મારી ભૂલ થઈ. મને ક્ષમા આપો. તમારી નોટ અજાણતા જ મારા નિમિત્તે ખલાસ થઈ ગઈ..."

પણ આશ્ચર્ય ઉપજાવે એવી ઘટના એ વખતે બની. જે મહાત્માના સખત ઠપકાની, ભારે આઘાતની કલ્પના આ મુનિએ કરી હતી, એ મહાત્મા પ્રસન્નતા સાથે હસતા હસતા બોલ્યા "અરે, તમે તો મારા પર મોટો ઉપકાર કર્યો. આમ તો હું બીજી-ત્રીજી વાર પાંચમા કર્મગ્રન્થનું

પુનરાવર્તન કરત કે કેમ ? એ પ્રશ્ન હતો. પણ તમારી કૃપા ઉતરી, એટલે એ આખી નોટ બીજીવાર બનાવવાનો મને અવસર મળ્યો. આખી નોટ ફરી બનાવીશ, મને કેટલો લાભ થશે ! પાંચમો કર્મગ્રન્થ એકદમ પાકો થઈ જશે."

પેલા મુનિ તો આભા જ બની ગયા.

(● આપણે ઘણી મહેનત કરીને બનાવેલી કોઈપણ વસ્તુની ખરી કિંમત વિચારીએ તો આધ્યાત્મિક દૃષ્ટિએ માત્ર બે પૈસા જેટલી જ છે. પણ એની સામે ઉપશમભાવ, પ્રસન્નતાદિ શુભભાવોની કિંમત એક અબજ રૂપિયા જેટલી છે. બે પૈસાની વસ્તુ નાશ પામે ત્યારે ગુસ્સો કરી, સામેવાળા પર આરોપ-આક્રોશ કરી બીજા એક અબજ રૂપિયા પણ ગુમાવવા એ મહામૂર્ખતા છે.

● સંસ્કૃતમાં એક સુવાક્ય છે. **"गतं न शोच्यम्"** જે ખતમ થઈ ગયું, એનો શોક ન કરવો. આમ પણ એ હવે પાછું તો આવવાનું જ નથી. તો પછી નકામો શોક કરીને દુઃખી શીદને થવું ?

● આપણી ઉપધિ, નોટો, બેસવાની જગ્યા, ટેબલ, બોલપેનાદિ, શિષ્યાદિ, ભક્તો વગેરે ઢગલાબંધ વસ્તુઓને કોઈ લઈ જાય, ઝુંટવી જાય, પડાવી જાય, પાછી ન આપે... તો પણ એમાં સદૈવ હસતા જ રહીએ. એ જીવ પ્રત્યે લેશપણ અસદ્ભાવ ન કરીએ, એ જ આપણી સાચી સાધુતા છે.)

અલબત્ત, એ વસ્તુ અધિકરણ ન બને, એ માટેની કાળજી તો રાખવી જ જોઈએ.

## જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાનતણા બહુમાન... સલુણા

"સાહેબજી ! અમને તો ભારે આશ્ચર્ય થયું છે. આપ વિશાળ સમુદાયના ગચ્છાધિપતિ છો, સ્વયં આગમોના પારગામી છો, હજારોના પ્રાયશ્ચિત્તદાતા છો અને અમારા ગુરુજી કરતા પર્યાય અને પદવી બંને અપેક્ષાએ મોટા છો. છતાં આજે સાંજની ગોચરીમાં આપ પહેલા આસન ઉપર આવીને બેઠા અને મારા ગુરુજી બે મિનિટ પછી આવ્યા, તો આપ આસન ઉપર રીતસર આખા ને આખા ઊભા થઈ ગયા.

સાહેબજી ! આવું કેમ ? આપે અભ્યુત્થાન કરવાનું જ ન હોય."

એક મુનિરાજે ગચ્છાધિપતિશ્રીને પ્રશ્ન કર્યો.

વાત તદ્દન સાચી જ હતી. એ આચાર્યદેવ ખરેખર વિશાળસમુદાયાધિપતિ, વિશાળ શ્રુતસ્વામી, દીર્ઘપર્યાયવાળા... હતા જ. એટલે જ મુનિને આશ્ચર્ય થયું કે "મારા ગુરુજી આવે, અને આ ગચ્છપતિ ઊભા થાય એવું કેમ ?"

ગુણોના સમ્રાટ ગચ્છાધિપતિશ્રીએ સચોટ ઉત્તર આપ્યો. "તારા ગુરુ શાસન-પ્રભાવક છે. વિશિષ્ટગુણ સંપન્ન છે. હું એમનો વિનય કરું તો મારામાં પણ એ બધા ગુણો વિકસે. ખરેખર

તો મેં માત્ર તારા ગુરુનો નહિ, પણ એમનામાં રહેલા વિશિષ્ટ ગુણોનો વિનય કરેલો છે..."

વડીલોના વિનય પ્રત્યે પ્રમાદ સેવતા એ મુનિરાજનું મસ્તક શરમથી નમી પડ્યું.

(● પ્રત્યેક વડીલો તો આપણા માટે રત્નાધિક છે જ, પણ નાના મુનિઓ પણ વિશિષ્ટ ગુણોની અપેક્ષાએ રત્નાધિક જ છે. આપણે રત્નત્રયીના અભિલાષી છીએ ને ? તો એ રત્નાધિકોનું બહુમાન કરવાથી ખરેખર તો રત્નોનું જ બહુમાન થાય છે. એના દ્વારા એ રત્નોની પ્રાપ્તિ થાય છે. તો આપણે વડીલો કે ગુણાધિક નાના મુનિઓનો યથોચિત વિનય કરવો જ જોઈએ ને ?

● એ વિશાળ સમુદાયના અધિપતિ, આપણે તો સામાન્ય સાધુ ! એ મહાગીતાર્થ આગમજ્ઞ ! આપણે અભણ-અગીતાર્થ-અપરિપક્વ ! એ પોતાનાથી નાનાનો પણ વિનય કરે, આપણે શું આપણા વડીલોનો પણ વિનય ન કરી શકીએ ?

કમ સે કમ આટલું તો કરવું જ કે

– કોઈપણ વડીલ આપણી પાસે આવે તો આપણે ઊભા થવું જ, આસન આપવું.

– ગુરુ આપણી પાસે આવે કે હોલમાં આંટા લગાવતા હોય... એ દેખાતાની સાથે જ ઊભા થવું.

– આપણી પાસે કોઈપણ વંદનાદિ માટે આવે તો પહેલા ગુરુ પાસે એમને વંદનાદિ માટે મોકલવા, એ પછી જ એમની સાથે વાતચીત કરવી.

– વડીલોની સામે મોટા અવાજે ન બોલવું. એકદમ નમ્ર બનીને રહેવું. "હાજી ! નાજી !" એમ જી સાથેના ઉત્તરો આપવા, જેમાં ભારોભાર નમ્રતાનો ભાવ દેખાય.

– વડીલોને કોઈ સૂચન કરવું હોય, વડીલોને એમની ભૂલ બદલ નિર્દેશ કરવો હોય તો ખાનગીમાં, લાગણીપૂર્વક કહેવું.

વિનયના આવા અનેક પ્રકારો આપણે બધાએ ખાસ શીખવા જેવા છે.)

## અશક્ય... અશક્ય... ના રે ના !

૧૨ સાધુઓનું એક નાનકડું પણ ઘણું જ સુંદર સાધુવૃંદ ભારે આશ્ચર્ય જન્માવે એવું ચારિત્રજીવન જીવી રહ્યું છે. કદાચ આ વાંચતા વાંચતા કોઈને એમ પણ મનમાં વિચાર આવશે કે "આ બધું અશક્ય છે, આ તે કંઈ બનતું હશે ? આજના કાળમાં આવું જીવન જીવી શકાતું હશે..."

પણ આવી જો કોઈ શંકા કરે, તો એને કહેવું પડશે કે "ના, આ અશક્ય નથી. નજરોનજર જોવાયેલું આ મુનિવૃંદ છે. ભાગ્યવંત આત્માઓ આવા મુનિવૃંદના દર્શનનો લાભ મેળવી શકે."

સૌ પ્રથમ આ મુનિવૃંદના ગુરુની કેટલીક વિશેષતાઓ જોઈએ.

● એ વૃંદના ગુરુ = વડીલ જે મહાત્મા છે, એમનો દીક્ષાપર્યાય ૨૬ વર્ષ જેટલો થયો છે. છેલ્લા ૨૫ વર્ષથી એમણે એકાસણા કરતા ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી. અર્થાત્ ૯૦૦૦ જેટલા દિવસો સળંગ એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ નહિ.

એમાં જ એમણે ૧૦૦ + ૬૦ વર્ધમાનતપની ઓળીઓ કરી છે. અર્થાત્ આ ૯૦૦૦ દિવસોમાંથી ૬૫૦૦ જેટલા દિવસો આંબિલ કર્યા, અને બાકીના ૨૫૦૦ જેટલા દિવસો એકાસણા કર્યા. (બેસણું પણ ક્યારેય નહિ, તો નવકારશીનો તો પ્રશ્ન જ નથી.)

● આ ગુરુવર વર્ષો પૂર્વે પોતાના સમુદાયના એક વિદ્વાન મહાત્મા પાસે અભ્યાસ કરવા પાલિતાણામાં ૬-૮ માસ રોકાયા હતા. "આવા વિદ્વાન મહાત્માઓનો યોગ ભાગ્યે જ થાય." એમ વિચારી અભ્યાસ કરવાનો આ અમૂલો અવસર લેશ પણ ચૂકી ન જવાય એ માટે એ મુનિરાજ રોજ છ કલાક પાઠ લેતા. બાકીના સમયમાં એની સખત મહેનત કરતા. છેક બાર વાગે ત્યારે જ ઉપાશ્રયમાંથી બહાર નીકળે, દર્શન કરે. બાલાશ્રમમાં જઈ લુખી રોટલી અને ભાતનું ઓસામણ વહોરી લાવે. એ માત્ર બે જ દ્રવ્યથી આંબિલ કરે. આ રીતે કુલ ૬-૮ મહિના સુધી સખત સ્વાધ્યાય કર્યો.

એ મુનિરાજના શબ્દો : "આવો અવસર ફરી મળે કે ન મળે ? એ મને શંકા હતી. એટલે જ મારે એક પળ પણ ગુમાવવી ન હતી. એ ૬ માસ હું જંયતળેટીની સ્પર્શના કરવા પણ ગયો નથી."

● એકવાર એમના બે શિષ્યો દૂરથી વિહાર કરીને આવ્યા, ગુરુને મળ્યા. ગુરુએ વિહાર અંગેની પૃચ્છા કરી. શિષ્યોએ કહ્યું, "બે દિવસ પૂર્વે જ એક ગીતાર્થ વૃદ્ધ અનુભવી મહાત્મા અને તેમના વિશાળવૃંદ સાથે રહેવાનું થયું..."

તરત ગુરુએ પૃચ્છા કરી કે "એ મહાત્મા તો ઘણી સારી વાચના આપે છે. તે દિવસે વાચના હતી ?"

શિષ્યો કહે "ગુરુજી ! બપોરે વાચના તો હતી. તેમના બધા જ સાધુઓ વાચના માટે રૂમમાં ભેગા થયેલા હતા. પણ અમે ન ગયા. કેમકે આપણો અને એમનો સમુદાય જૂદો ! વંદનવ્યવહાર પણ પરસ્પર બંધ ! વાચના સાંભળવી હોય, તો વંદન તો કરવા જ પડે... એટલે અમે ન બેઠા..."

ગુરુએ ઠપકો આપ્યો કે "આવો સમુદાયભેદ તમને કોણે શીખવાડ્યો ? આવા ઉત્તમ મહાત્માની વિશિષ્ટ વાચનાઓ સાંભળવા મળે, ત્યારે તો વંદન પણ કરાય... 'વંદન વ્યવહાર બંધ છે.' એ તો સામાન્ય પરિસ્થિતિમાં ! હવે ધ્યાન રાખજો..."

(હૃદયની કેટલી બધી વિશાળતા ! ગુણગ્રાહિતા !)

હવે એમના ૧૨ સાધુઓના વૃંદની વિશેષ બાબતો.

– તમામ સાધુઓ ઓછામાં ઓછું એકાસણું કરે જ. એમના ગુરુજીને ૨૫ વર્ષ દરમ્યાન પોતાના કોઈપણ સાધુને એકાસણાથી આછું પચ્ચ. આપવાનો અવસર હજી સુધી આવ્યો નથી.

– સવારે સજ્ઝાય કરે, તે સૂર્યોદય વખતે. પ્રતિલેખન એ રીતે જ શરુ કરે. એટલે અજવાળામાં જ પ્રતિલેખન થાય.

– ગમે એટલો લાંબો વિહાર હોય પણ સવારે સૂર્યોદયે સજ્ઝાય કર્યા બાદ પાંચેક મિનિટ પછી વિહાર શરુ કરે.

– સાંજે પણ સૂર્યાસ્ત પૂર્વે પહોંચી જવાય એ રીતે વિહાર કરવાનો.

– અત્યાર સુધી કોઈએ પણ સ્થંડિલનો પ્યાલો વાડામાં મુક્યો નથી. પૂરતી કાળજી સાથે યોગ્ય વિધિ કરી છે.

– અત્યાર સુધી ક્યારેય વિહારમાં એકપણ માણસ સાથે રાખ્યો નથી.

– વિહાર-સ્થંડિલ-માત્રુ આ અનિવાર્ય કારણ સિવાય કાળવેળામાં કામળી ઓઢીને પણ બહાર જવાનું નહિ. (દેરાસર પણ કામળીકાળ બાદ...)

– વિહાર ન હોય ત્યારે બધા સાધુઓ સૂત્રપોરિસીમાં સ્વાધ્યાય કરે. પાત્રાપોરિસીનો સમય થાય એટલે બધા સાધુઓ સાથે જ પોરિસી ભણાવે. સાં` ારા પોરિસી પણ એ જ રીતે બધા સાથે ભણાવે, સમયસર ભણાવે.

– બપોરનું પ્રતિલેખન લગભગ સાડા ત્રણ કલાકે કરવાનું. વહેલું નહિ.

– કોઈપણ બહેનો કે સાધ્વીજીઓ સૂર્યોદય પૂર્વે કે સૂર્યાસ્ત બાદ ઉપાશ્રયમાં પ્રવેશ ન કરી શકે... એની પાકી કાળજી ! સાંજે કોઈ મળવા આવ્યા હોય, તો ય સૂર્યાસ્ત પૂર્વે તમામ બહેનોને કે સાધ્વીજીઓને બહાર નીકળી જવાનું કહેવામાં આવે.

– કેળા સિવાય તમામ ફળો બધાને સંપૂર્ણ બંધ. (કેરી વગેરે કંઈ જ નહિ, કોઈ છૂટ નહિ.) નિર્દોષ ફ્રૂટ મળે, તો પણ કોઈ જ ન વાપરે. બધાને બંધ.

– વિહારમાં જૈનઘરો ન હોય, તો જૈનેતરોમાંથી ગોચરી લાવવાની. એ પણ જો શક્ય ન બને અને રસોડાની આધાકર્મી ગોચરી લેવાનો પ્રસંગ આવે, તો માત્ર <u>ખીચડી + કઢી</u> આ સિવાય કોઈપણ વસ્તુ લેવાની નહિ.

– એક વૃદ્ધ મહાત્માને પગમાં તકલીફ હોવાથી મોજા પહેરે. બાકી કોઈ નહિ.

– શક્ય હોય તો ઘરોમાંથી જ પાણી લાવવાનું. (આંબિલખાતાનું નહિ... જે દોષિત હોય...) જો ઘરોમાં ન જ મળે, તો પછી દોષિતપાણી લેવું. પણ એનો ઉપયોગ માત્ર પીવા પૂરતો કરવાનો. (કાજો-લુણાં ખરા.) પણ કાપાદિમાં ઉપયોગ ન કરવો. અર્થાત્ દોષિતપાણીથી કાપ ન કાઢવો.

('પાણી પીવું' અનિવાર્ય હોવાથી એ માટે દોષિત પણ પીવું પડે. પણ કાપ એવો અનિવાર્ય નથી હોતો. જ્યારે ઘરોના પાણીની અનુકૂળતા મળે, ત્યારે થોડો મોડો કાપ કાઢી શકાય...)

– ૧ મહિના પહેલા કોઈપણ મુનિ કાપ કાઢતા નથી.

– મુમુક્ષુ જો એકાસણું કરવા સમર્થ હોય તો જ આ વૃંદમાં દીક્ષા લઈ શકે. નહિ તો આ વૃંદના અધિપતિ મુમુક્ષુને વિવેકપૂર્વક કહી દે કે "તમારી એકાસણું કરવાની શક્તિ નથી, તો તમે બીજા ગ્રુપમાં દીક્ષા લઈ શકો છો..." (શિષ્યસંપત્તિ વધારવાની લાલસા નહિ, મુમુક્ષુ બીજા પાસે દીક્ષા લે એની કોઈ જ ચિંતા નહિ.)

– બાર માસ દરમ્યાન ક્યારેય પાણી ઠારવાનું નહિ. ઉનાળામાં શીત કે અલ્પગરમ પાણી ન મળે, અને એકદમ ધગધગતું પાણી મળે તો પણ એ પરાતોમાં ઠારવાનું નહિ. પણ સાધુઓના પાત્રાઓમાં જ એ પાણી ઠારી દેવાનું.

– પ્લાસ્ટીકના ટોકસા-ટોકસી વાપરવાના નહિ. તુંબડાના કે લાકડાના પાત્રા વગેરે વાપરવા. ઘડા પણ પ્લાસ્ટીકના કે તાંબાના નહિ વાપરવા.

– સ્ટેશનરી, દવાઓ, કપડું વગેરે પણ જો શ્રાવકોની જ તે તે વસ્તુવાળી દુકાનો હોય તો એ દુકાનોમાંથી જ યોગ્ય પ્રમાણમાં લેવું. જેથી આધાકર્મી કે ક્રીત વગેરે દોષો ન લાગે. (શ્રાવકો પાસે મંગાવીએ ત્યારે તો તેઓ બીજી દુકાનોમાંથી ખરીદી લાવે, એમાં ક્રીતાદિ દોષો સંભવે...)

– આખા ગ્રુપમાં એકપણ સાધુ પાસે કોઈપણ શ્રાવકનો મોબાઈલ નંબર કે અન્ય કોઈ નંબર નથી. ગમે તે શ્રાવક આવે, કોઈના નંબર તેઓ નોંધતા નથી. હવે જ્યારે નંબર જ પાસે ન હોય તો ફોન કરાવવાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

– એકપણ ઝેરોક્ષ કરાવવાની નહિ.

– વિહારમાં જ્યાં જવાનું હોય, ત્યાં આગળથી સમાચાર નહિ મોકલવાના કે "અમે આટલા ઠાણા આવીએ છીએ. ગોચરી-પાણી-ઉપાશ્રયાદિની વ્યવસ્થા રાખવી." પણ વિહાર કરીને ત્યાં ગયા બાદ જ પાણી વગેરેની ગવેષણા-વ્યવસ્થા વિચારવાની.

– જો સૂર્યાસ્ત થઈ જાય અને હજી જે સ્થાને પહોંચવાનું હોય તે સ્થાન દૂર હોય તો જો રસ્તામાં બીજું કોઈ સ્થાન મળી જાય તો ત્યાં જ રોકાઈ જવું. પણ સૂર્યાસ્ત બાદ વિહાર ન કરવો. જો રસ્તામાં યોગ્ય સ્થાન ન જ મળે, તો પછી આગળ નાછૂટકે વિહાર કરવો.

– કોઈપણ સાધુ પાસે કોઈપણ બહેનો કે સાધ્વીજીઓ બેસી ન શકે, પરિચય ન કરે. હા ! સગીબેન, બા વગેરે સ્વજનો હોય તો એમના પૂરતી જયણા.

– ચોમાસું હોય તો પણ સાધ્વીજીઓ - દરરોજ વંદન કરવા ન આવી શકે. માત્ર પાં તિથિ જ વંદન માટે આવી શકે. એ સિવાય વ્યાખ્યાનમાં જ મુખ્ય મુનિને વંદન કરી લે.

— ઓઘો-પાત્રા વગેરે અમુક કાર્યો સિવાય સાધ્વીજીને કોઈ કાર્ય સોંપવું નહિ.

— સાધ્વીજીઓએ વહોરેલા ઉપકરણો-દવા વગેરે બિલકુલ લેવા નહિ.

— સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત બાદ દેરાસરે દર્શન માટે જવું નહિ, તથા સૂર્યાસ્ત પહેલા જ તમામ વડીલ મહાત્માઓને વંદન કરી લેવા. (સૂર્યાસ્ત બાદ વંદન કરવા એ બરાબર નહિ.)

— તમામ સાધુઓ સાંજે બે ઘડી પહેલા પાણી ચૂકવી દે, સૂર્યાસ્ત પહેલા જ વંદન પચ્ચક્ખાણ કરી લે.

— રેશમી વસ્ત્રો, રેશમી ઝોળીયા વાપરવાના નહિ.

— મુહપત્તી-કપડા વગેરેમાં દોરા નંખાવવાના નહિ.

— ઓઘાનો પાટો સફેદ રાખવાનો. એમાં અષ્ટમંગલનું ભરતકામ કે માત્ર આલેખન=ચિત્રામણ પણ કરાવવાનું નહિ. સાદો પાટો વાપરવાનો.

— જ્યારે સંઘમાં ઘણા આંબિલો હોય કે વર્ષીતપના બેસણા હોય ત્યારે સહજ રીતે જ નિર્દોષ પાણી વધુ પ્રમાણમાં મળે... તે વખતે જ કાપ કાઢવાનો.

— ઉપાશ્રયમાં અંધારુ હોય તો પણ લાઈટ કરાવવાની નહિ (ધીમે ધીમે જયણાપૂર્વક કામ કરવાના કારણે વિશેષ મુશ્કેલી ન પડે...)

— લગભગ બધા જ સાધુઓ ૧૨ માસમાંથી ૮ માસ તો આંબિલ જ કરે. એમાં પણ નિર્દોષ આહારની ગવેષણા પાકી કરે. જેઓ ઓળી ન કરે તેઓ પણ પાંચતિથિ આંબિલ કરે.

— બધા સાધુઓ સવારનું પ્રતિક્રમણ એક જ સ્થાપનાચાર્યજીની સામે માંડલીમાં બેસીને મનમાં બોલીને કરે. સાંજના પ્રતિક્રમણમાં જો શ્રાવકો ન આવવાના હોય તો સૂર્યાસ્ત બાદ તરત પ્રતિક્રમણ શરૂ થઈ જાય.

— પ્રતિક્રમણ બાદ બધાએ સ્વાધ્યાય કરવાનો. પોરિસી આવે, ત્યારે પોરિસી ભણાવવાની. સૂર્યોદય સુધી બધા મૌન રાખે. (મનમાં કે ધીરા સ્વરે પાઠ કરે...)

આ બધું સંયમજીવનનું સૌંદર્ય નિહાળ્યું.

આ વૃંદના ગુરુરાજનું સ્વાધ્યાયક્ષેત્ર પણ ઘણું વિશાળ છે.

તે આ પ્રમાણે

**પ્રશ્નોત્તર ગ્રન્થો :** હીરપ્રશ્ન — સેનપ્રશ્ન — વિવિધ પ્રશ્નોત્તર — પ્રશ્નોત્તર ચિંતામણી — પ્રશ્નોત્તર રત્નચિંતામણી — લબ્ધિપ્રશ્ન — પ્રશ્નોત્તરકર્ણિકા — પ્રશ્નપદ્ધતિ.

**પ્રકરણ ગ્રન્થો :** ચારપ્રકરણ - ત્રણ ભાષ્ય - ૬ કર્મગ્રન્થ (મૂળ-ટીકા-ભાવાર્થ) ચાર વાર બીજાઓને ભણાવ્યા. બૃહદ્સંગ્રહણી - પંચસંગ્રહ - હિતોપદેશ - વિચાર રત્નાકર - અષ્ટક-ષોડશક-બત્રીશ-બત્રીશી (ત્રણવાર) - અધ્યાત્મસાર - ઉપદેશરહસ્ય - ઉપદેશપદ - પંચસૂત્ર -

ધર્મબિંદુ (ત્રણવાર) - યોગવિંશિકા (સાતવાર), યોગશતક (પાંચવાર), યોગદષ્ટિસમુચ્ચય (બે વાર), યોગબિંદુ, વિંશતિવિંશિકા, પંચસૂત્ર (સટીક), પંચવસ્તુક, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, યોગસાર, ઉપદેશમાલા, ઉપદેશપ્રાસાદ, વીતરાગસ્તોત્ર (સટીક), યતિલક્ષણ સમુચ્ચય, વૈરાગ્યકલ્પલતા, શ્રાવકવિધિ પ્રકરણ, પિંડ વિશુદ્ધિ, અધ્યાત્મોપનિષદ - પ્રવચનસારોદ્ધાર - યતિદિનચર્યા - પક્ખિસૂત્ર (સટીક), - ઉપમિતિ ભવ પ્રપંચા કથા - યોગશાસ્ત્ર (સટીક ચાર પ્રકાશ) - ૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાના સ્તવનો અર્થસહિત - આઠદષ્ટિની સજ્ઝાય - સમક્તિના સડસઠ બોલની સજ્ઝાય - દ્રવ્યગુણપર્યાયનો રાસ - સિંદુરપ્રકરણ - વૈરાગ્યશતક - ત્રિષષ્ટિ ૧૦ પર્વ પરિશિષ્ટ પર્વ - સામાચારી પ્રકરણ કૂપદૃષ્ટાન્તવિશદીકરણ - ગુરુતત્ત્વવિનિશ્ચય.

**આગમગ્રન્થો :**

દશવૈકાલિક હારિભદ્રીટીકા + આવશ્યક નિર્યુક્તિ હારિભદ્રી ટીકા + ઓઘનિર્યુક્તિ દ્રોણવૃત્તિ + પિંડનિર્યુક્તિ મલયગિરિવૃત્તિ + ઉત્તરાધ્યયન (ભાવવિજયજીવૃત્તિ - શાંતિસૂરિવૃત્તિ) + આચારાંગ (શીલાંકવૃત્તિ) + અનુયોગદ્વાર + ૧૦ પયન્ના + કલ્પસૂત્ર + મહાનિશીથ.

૧૦૦ + ૬૦ ઓળીના ઘોર તપસ્વી, ૪૫-૪૭ વર્ષની નાની ઉંમરના ગુરુરાજે આટલો શાસ્ત્રાભ્યાસ પણ કરેલો છે.

આશ્ચર્ય તો એ છે કે પોતે ૧૧ શિષ્યોના ગુરુ હોવા છતાં, ઘોર તપસ્વી હોવા છતાં, સ્વયં વિદ્વાન વ્યાખ્યાનકાર હોવા છતાં પણ આજે પોતાનાથી સાવ નાના, પરગચ્છના મુનિ પાસે શાસ્ત્રાભ્યાસ કરવા કટિબદ્ધ બન્યા છે. કેવી નમ્રતા ! શાસ્ત્રાભ્યાસલંપટતા ! નિરહંકારિતા !

આ વૃંદના એક મુનિ સી.એ. પાસ થયા બાદ દીક્ષિત બનેલા છે. એ મુનિરાજે છ મુખ્ય આગમગ્રન્થોનો તો અભ્યાસ કર્યો જ, એ પછી પુનામાં ૩૦ માસ દરમ્યાન ત્યાંના ડૉ. બલીરામ શુક્લ (કાશીપંડિત) પાસે રોજના બે કલાક લેખે કુલ ૩૦ ન્યાયગ્રન્થોનો અભ્યાસ કર્યો. એ મહાત્માને ૫૮મી ઓળી પણ ચાલુ છે.

(કેટલીક ધ્યાનમાં લેવા જેવી બાબતો

જો પ્રેક્ટીસ પાડવામાં આવે, પુરુષાર્થ આદરવામાં આવે તો આ કાળમાં પણ શરીરને બરાબર ઘડીને ઘણા ઘણા ઊંચા આચારો પાળી જ શકાય છે. પણ એક-બે-ત્રણ વાર નિષ્ફળતા મળે, ધીરજ ખૂટે અને આપવાદિક આચારોને જ કાયમી જીવન બનાવી દઈએ એ આલોકમાં તો મસ્તી આપનારું બની શકશે, પણ પરલોકમાં ?

હા ! જેઓ ખરેખર આવા ઉચ્ચતમ આચારો પાળી શકવા કોઈપણ રીતે સમર્થ નથી, છતાં જેઓને એનો પશ્ચાત્તાપ છે. આવા આચારસંપન્ન મુનિવરો પ્રત્યે અગાધ બહુમાન છે... તેઓ

પણ ભાવથી તો આ સર્વ આચારોના પાલક જ છે. માટે જ તેઓ એ આચારપાલકો જેટલી જ નિર્જરા પામે છે, એ સંદેહ નથી.

આ જ કારણસર આવા મહાત્માઓમાં બાહ્યદૃષ્ટિએ આચારપાલન ન દેખાય તો એટલા માત્રથી એમને નબળી કોટિના સાધુ-શિથિલ સાધુ માનવાનું, બોલવાનું ગોઝારું પાપ બિલકુલ ન આદરવું. શાસ્ત્રકારોએ તો કેવી સુંદર સલાહ આપી છે કે "સ્થવીરકલ્પીઓએ અને જિનકલ્પીઓએ પરસ્પર કોઈની નિંદા વગેરે કરવા નહિ. ભલે સ્થવિરો જિનકલ્પીઓ કરતા આચારની અપેક્ષાએ ઘણા ઘણા નબળા છે. તો પણ એ બધા જિનાજ્ઞામાં વર્તે છે. માટે કોઈ હીલનીય બનતું નથી.

જેઓ આજ્ઞાભંજક બનેલા છે, તેઓ પણ નિંદનીય... તો નથી જ.)

# વૈરાગ્ય કેવો ? ચોલમજીઠના રંગ જેવો

"આ શું છે ? ગુંદરની ઘેંસ છે ? ઉનાળામાં તમારે ત્યાં ગુંદરની ઘેંસ શી રીતે હોઈ શકે ? નક્કી મારા માટે જ બનાવી છે ને ? અને આમ પણ છેક મુંબઈથી તમે મારા માટે અહીં સુધી આ ઘેંસ લાવ્યા. એટલે એ અભ્યાહૃત દોષવાળી તો બની જ ગઈ. હું એ બિલકુલ નહિ વહોરું."

ચોવીસ વર્ષનો ભરયુવાન, ગ્રેજ્યુએટ બનેલો વૈરાગી સાધુ એક બેન સામે નીચા ઢાળેલા નેત્રે ઉપર મુજબ બોલી રહ્યો હતો.

એ બેન હતી એ જ સાધુની સંસારી સગી બા ! દીકરાની દીક્ષાને ઝાઝો સમય થયો ન હતો અને બાને તો દીકરાનો રાગ સીમાતીત હોય એ સીધી સાદી વાત છે. એટલે જ ઉનાળામાંય દીકરાને ભાવતી ગુંદરની ઘેસ બાએ જાતે બનાવી અને દીકરાને મળવા સુરત બાજુ જઈ પહોંચી. દીકરાને ખૂબ વિનંતિ કરી, આજીજી કરી... પણ સંયમસંપન્ન પુત્રમુનિએ સ્પષ્ટ ના પાડી. આધાકર્મી અને અભ્યાહૃત આ બંનેય દોષો એમને હરગીજ મંજૂર ન હતા.

પુત્રમુનિ તો ના પાડી પોતાના સ્થાને જઈ બેસી ગયો. પણ બીજી બાજુ બાને ભારે આ લાગ્યો. એ તો ત્યાં જ ઊભી ઊભી રોવા લાગી. પુત્રસ્નેહ પરાકાષ્ઠાએ પહોંચ્યો.

એ વખતે આ ગ્રુપના એક વૃદ્ધ મુનિ દૂરથી આ દૃશ્ય જોઈ રહ્યા હતા. બાને આ રીતે દુઃખી બનીને ધ્રુસકે ધ્રુસકે રડતી જોઈ એમને ભારે આઘાત લાગ્યો.

વૃદ્ધમુનિ પહોંચી ગયા પેલા પુત્રમુનિ પાસે ! "મુનિવર ! તમારી બા આ રીતે ધ્રુસકે ધ્રુસકે રડે એ શું સારુ લાગે છે ? જાઓ. મારી આજ્ઞા છે કે તમે એ બાની ઈચ્છા પૂરી કરો. ગુંદરની ઘેંસ વહોરી લો. અપવાદ રૂપે આજે વાપરી લો."

વૃદ્ધ વડીલ મુનિના કહેવાથી પુત્રમુનિએ કકળતા હૈયે ગુંદરની ઘેંસ વહોરી. પડદાની અંદર જઈ વાપરવા બેઠા.

પાંચ-દસ મિનિટ થઈ, ત્યાં તો એ વૃદ્ધ મુનિએ સાધુની બાને બોલાવી "આ બાજુ આવો." બા નજીક પહોંચી કે તરત જ મુનિએ પડદો ખેંચીને દૂર કરી દીધો. "જુઓ, તમારા પુત્રમુનિ કેવી રીતે વાપરે છે ?"

બા તો અંદરનું દશ્ય જોઈ આભી જ બની ગઈ.

બાએ જોયું કે "દીકરો ઘેંસ ખાઈ તો રહ્યો જ હતો. પણ સાથે સાથે એની આંખેથી ચોધાર આંસુ વહી રહ્યા હતા. મોઢા ઉપર તીવ્ર વેદના સ્પષ્ટ દેખાઈ રહી હતી."

વૃદ્ધમુનિ બોલ્યા "શું તમે માનો છો કે આવી રીતે ગુંદરની ઘેંસ ખાઈને તમારા પુત્રમુનિના શરીરમાં લોહીનું એક બિંદુ પણ બનશે ? જુઓ, તો ખરા ! આ દીકરો કેટલો ત્રાસ અનુભવે છે ! શું તમે એક સગી બા થઈને દીકરાને દુઃખી કરશો ? આ તમને શોભશે ?"

બા તો સાંભળી જ રહી.

એ જ વખતે બાએ પ્રતિજ્ઞા લઈ લીધી. "બાધા આપો મને કે હું હવે કદીપણ મારા દીકરા માટે કશું જ નહિ લાવું..."

(ચારિત્રપરિણામ એટલે શું ? આહાર પ્રત્યેની અનાસક્તિ એટલે શું ? જિના ા પ્રત્યેનો અગાધ બહુમાનભાવ એટલે શું ?... આ બધા ય પ્રશ્નોના ઉત્તર આ પુત્રમુનિના નાનકડા પ્રસંગમાંથી જ પ્રાપ્ત થઈ જાય છે.

સગી બા છે ! મનભાવતી વસ્તુ છે ! ગુરુ વગેરે બધાની સહર્ષ સંમતિ છે. છતાં "મારે આધાકર્મી, અભ્યાહૃત વાપરવું નથી." એ નિર્મળ પરિણામના માલિક એ મુનિરાજ ખરેખર કોટિ કોટિ વંદનને પાત્ર છે.

ખૂબ જ ખેદની વાત છે કે આવા વૈરાગ્ય સંપન્ન, બુદ્ધિસંપન્ન યુવાન મુનિરાજ ભરયૌવનમાં જ વલભીપુર પાસે એક અકસ્માતમાં કાળધર્મ પામ્યા. વલભીપુર ગામના મુખ્ય દેરાસરની ભમતીમાં આખી ભમતી પૂરી થાય ત્યાં આરસ/પત્થરમાં કોતરેલું એમનું ચિત્ર આજે પણ વિદ્યમાન છે.)

## ભૂલ કોની ? ઠપકો કોને ? છતાં ક્ષમા કેવી ?

"જૂઓ, અહીં ભાત-દાળ બંને ગરમ છે, આચાર્યભગવંતને અનુકૂળ રહેશે. તરપણીમાં બંને ભેગાં જ વહોરી લો. એટલે ગરમ રહેશે." ગોચરી વહોરવા ગયેલા બે સાધુઓમાંથી વડીલ સાધુએ નાના સાધુને સૂચના કરી.

એ દિવસ હતો ૧૦૦થી વધુ શિષ્યોના ગુરુપદે બિરાજમાન પ્રવચનપ્રભાવક આચાર્યદેવની ૧૦૮મી ઓળીના પારણાનો દિવસ ! મુંબઈ લાલબાગ ભૂલેશ્વરનો ઉપાશ્રય ! મહોત્સવના દિવસો ! એ પ્રસંગ નિમિત્તે ૧૫૦થી વધુ સાધુઓ ભેગા થયેલા હતા. સવારે પારણાનો પ્રસંગ સુખપૂર્વક સંપન્ન થઈ ગયો. આચાર્યદેવ પારણાના શરૂઆતના દિવસોમાં બપોરે માત્ર દાળ-ભાત વાપરતા. અમુક દિવસો બાદ બીજો ખોરાક શરુ કરતા. આ તો પ્રથમ દિવસ જ હતો. એટલે બપોરે દાળ-ભાત જ વાપરવાના હતા. આચાર્યદેવની ગોચરીનું કામ એક મુનિરાજ સંભાળતા હતા, તે આચાર્યદેવશ્રીની અનુકૂળતાદિ બરાબર જાણતા અને એ પ્રમાણે જ ગોચરી લાવતા.

પણ આજે બીજા એક વડીલ સાધુએ આ વૈયાવચ્ચી મુનિને કહ્યું કે "હું પણ તમારી સાથે આજે બપોરે ગોચરી વહોરવા આવીશ. એ રીતે આચાર્યદેવની ગોચરી લાવવાનો મને પણ લાભ મળશે..." નાના વૈયાવચ્ચી મુનિ ના ન કહી શક્યા અને બંને મુનિઓ વહોરવા ગયા. એમાં એક ઘરે ગરમાગરમ દાળભાત જોઈને વડીલ મુનિએ ઉપર મુજબ પ્રેરણા કરી.

પણ નાના વૈયાવચ્ચી સાધુ આ બાબતમાં અનુભવી ! આચાર્યશ્રીની રુચિના જાણકાર ! એટલે એ બોલ્યા કે "આચાર્યશ્રી જુદા જુદા લાવેલા દાળ-ભાત જ લે છે. અને પાત્રામાં ભેગા કરે છે. આપણે જો પહેલેથી જ દાળ-ભાત ભેગા કરી લઈએ, તો આચાર્યશ્રીને એ બિલકુલ અનુકૂળ આવતા નથી. એટલે દાળ-ભાત બે જુદા જુદા પાત્રમાં જ વહોરો..."

પણ વડીલ સાધુ કહે "અરે, એમાં કંઈ વાંધો નહિ. ઉલ્ટું ભેગા કરેલા જ એમને વધારે ફાવશે. તમે ચિંતા ન કરો. મારી જવાબદારી !"

નાના સાધુ હવે શું કહે ? છેવટે વડીલની સૂચનાથી એમણે એક જ તરપણીમાં દાળ-ભાત ભેગા વહોર્યા. અને તરત ઉપાશ્રયે પહોંચ્યા. વિશાળ ગોચરીમાંડલીમાં આચાર્યદેવની આગળ તરપણી મૂકી. આચાર્યદેવે તરપણી ઉઘાડીને જોયું કે 'એમાં તો દાળ-ભાત બંને ભેગા કરેલા છે...' આચાર્યશ્રીને શી ખબર ? કે 'આ રીતે વહોરવાનું કામ વડીલે કરેલું છે, વૈયાવચ્ચીએ નહિ.' એ તો એમ જ સમજ્યા કે 'રોજ જે સાધુ ગોચરી વહોરી લાવે છે, મારી સેવામાં છે, એ જ આ લાવ્યો છે.' અને ખરેખર તરપણી એ સાધુએ જ મુકેલી ને ? એટલે જ આચાર્યશ્રીએ વિશાળ માંડલીમાં જ એ સાધુને ઠપકો આપ્યો કે "અલા ! આટલા વખતથી મારી ગોચરી લાવે છે, છતાં તને મારી રુચિ-અરુચિનું ભાન નથી ? તને ઓળીના પારણા પણ સાચવતા આવડતા નથી ? તને અનુભવ તો છે કે હું દાળ-ભાત ભેગા લાવેલા કદી લેતો નથી. મને એ રુચિકર નથી. છતાં આ ભૂલ ? સાવ જડ છે તું ?"

નાના સાધુ સાંભળી રહ્યા, "મારી ભૂલ થઈ ગઈ, ગુરુદેવ ! ફરીવાર બરાબર કાળજી રાખીશ." એમ કહી ભાવથી ક્ષમા માંગી.

પેલા ગોચરી વહોરાવનાર વડીલ સાધુ પ્રથમ તો ગભરાઈ ગયા. એમને થયું કે "નાના સાધુ હમણાં જ ખુલાસો કરશે કે હું તો દાળ-ભાત છૂટા છૂટા જ વહોરવાનો હતો, પણ આ વડીલ સાધુ ન માન્યા. મેં એમને સ્પષ્ટ કહેલું પણ ખરું, છતાં એમણે જીદ કરીને દાળ-ભાત ભેગા વહોરાવ્યા... હવે જો આવો ખુલાસો થાય તો આચાર્યશ્રી મને જ બધો ઠપકો આપે. બધા સાધુઓ વચ્ચે મારે ઠપકો સાંભળવો પડે. 'દોઢડાહ્યો' બિરુદ મળે..."

પણ વડીલ સાધુએ જોયું કે "નાના સાધુએ કોઈ જ ખુલાસો ન કર્યો. બધો દોષ પોતાના માથે સ્વીકારી લીધો. એક અક્ષર સુદ્ધાં પણ બચાવ ન કર્યો. એ ૧૦૦% નિર્દોષ હોવા છતાં, નિર્દોષ સાબિત થઈ શકતા હોવા છતાં એમણે ૧% પણ પોતાની જાતને નિર્દોષ સાબિત કરવાનો પ્રયત્ન પણ ન કર્યો."

વડીલસાધુ ગળગળા થઈ ગયા. એ નાના સાધુ પ્રત્યેનો અહોભાવ ખૂબ વધી ગયો. પ્રસંગ પત્યા બાદ સાંજે એકાંતમાં વડીલ સાધુએ નાનાને પૃચ્છા કરી "તમે તદ્દન સાચા હતા, છતાં તમે વાસ્તવિક રજૂઆત કેમ ન કરી..."

ત્યારે એ નાના વૈયાવચ્ચી સાધુ હસતા હસતા બોલી ઉઠ્યા... "હું જો ખુલાસો કરું તો આપશ્રીને બધો ઠપકો સાંભળવો પડે. એ ઉચિત થોડું ગણાય ? મારો ખુલાસો સાચો હોય, તો ય એના નિમિત્તે વડીલ સાધુએ ઠપકો સાંભળવો પડે એ મને મંજુર નથી. વળી ગુરુનો ઠપકો મળે એ તો મારું સૌભાગ્ય છે. એ સૌભાગ્ય હું શા માટે નંદવાવા દઉં ? વળી કોઈ ગંભીર બાબત હોય તો બરાબર ! પણ આ તો સામાન્ય બાબત છે. આમાં હું જેટલું સહન કરું એટલું મારુ જ હિત વધારે થાય ને ?"

વડીલ સાધુ સ્તબ્ધ થઈને આ શબ્દો સાંભળી જ રહ્યા.

(જરાક આપણા આત્મામાં ઉંડાણપૂર્વક દૃષ્ટિપાત કરશું તો કદાચ એવું દેખાશે કે આપણે તો આપણી ભૂલ હોય તો ય ગમે તે રીતે બચાવ કરવા જ તૈયાર હોઈએ. ચોકખે ચોકખી ભૂલ હોય તો ય કોઈને કોઈ બહાના આગળ ધરીને ભૂલને નબળી દેખાડવાનો પ્રયત્ન કરીએ.

રે ! બીજા ઉપર દોષ ઢોળીને આપણે છટકી શકતા હોઈએ, તો આપણે એમાં ય કદી પા ન પડીએ.

ક્યાં ખરેખરા દોષોને પણ ન સ્વીકારવાની, બચાવ કરવાની આપણી અધમતા !

ક્યાં ખોટા ય દોષોને સ્વીકારી લેવાની, બચાવ ન કરવાની, સહન કરવાની આ મુનિની મહાનતા !

ચોક્કસ ! બ્રહ્મચર્ય વગેરે સંબંધી ગંભીર બાબતોમાં ખોટું દોષારોપણ થાય, તો ઉચિત ખુલાસા કરવા પડે, પણ નાની નાની વાતોમાં પણ "હું દોષી નથી" એવું જ સ્થાપિત કરવાનો પુરુષાર્થ એ આત્માર્થી આત્માનું લક્ષણ નથી.

જો ખરેખર આપણને આપણો આ સ્વદોષ-અસ્વીકાર, સ્વદોષ બચાવ નામનો દોષ ખટકતો હોય, પ્રસ્તુત મુનિની મહાનતા હૈયાને સ્પર્શતી હોય તો આધ્યાત્મિક ક્ષેત્રના એ અજોડ વાક્યને જીવનમાં અપનાવી લેવું જોઈએ કે "આ મારી જ ભૂલ છે." અને તે તે પ્રસંગોમાં એને આત્મસાત કરી લેવું જોઈએ.

કરશું આપણે આ પુરુષાર્થ ?)

(સૂચન  આ પ્રસંગ પ્રાયઃ ૨૮-૩૦ વર્ષ પૂર્વેનો છે. પ્રસ્તુત મુનિ ૧૫ વર્ષની નાનકડી ઉંમરે દીક્ષિત થયેલા હતા. એમણે આજ સુધીમાં ઘણા મહાત્માઓની સેવા-ભક્તિ કરેલી છે.)

# બધું શક્ય છે : જરૂર છે સત્ત્વની અને પુરુષાર્થની

(એક મુનિરાજના શબ્દોમાં)

આજથી ચારવર્ષ પૂર્વે વિહારમાં ગોધરાની પૂર્વે એક સ્થાને અમને એ મુનિરાજનો ભેટો થઈ ગયો. સાગર સમુદાયના એ મહાત્મા ! એ વખતે ૮૦ વર્ષની એમની ઉંમર ! (આજે તો ૮૪ વર્ષની હશે.) એ દિવસે એમનો પરિચય થયો, એમની આરાધનાઓ જાણવા મળી, અમે તો ખૂબ જ આશ્ચર્ય પામ્યા.

આ રહી એમની આરાધનાની વિશેષતાઓ

+ ૬૩ વર્ષની ઉંમરે દીક્ષા લીધી, ૧૭ વર્ષનો દીક્ષાપર્યાય થયો. (આજે ૨૧ વર્ષનો...)

+ દીક્ષા લેતી વખતે શરત કરેલી કે 'હું ભણી નહિ શકું. મને કશું ચડતું નથી. જાપ-ધ્યાન કરીશ.' છતાં દીક્ષા બાદ એમને જ ભાવના થઈ કે મારે ભણવું છે અને ગુર્વાજ્ઞાથી એમણે ગોખવાનો પુરુષાર્થ શરુ કર્યો. એક બાળકની જેમ રોજ મોટે મોટેથી ગોખે. દીક્ષા બાદ જે **सयणासणन्न...** ગાથા ગોખાવવામાં આવે છે, એ પણ અડધી જ ગાથા માંડ સાત દિવસે પાકી થઈ. ૧૫ દિવસે એ ગાથા પૂર્ણ કરી.

પણ એમણે પુરુષાર્થ ન છોડ્યો, ગોખવાનું ચાલુ જ રાખ્યું.

અને આશ્ચર્યની વાત એ કે ૧૧ વર્ષે પક્ખીસૂત્ર કડકડાટ ગોખીને પૂર્ણ કર્યું. આવી સખત મહેનત અને ગુરુકૃપાના પ્રતાપે આજે તો રોજ એક ગાથા ગોખી શકે છે.

+ દીક્ષા બાદ એમણે જીવવિચાર-નવતત્ત્વ-ચઉશરણપયન્ના-પંચસૂત્ર-અનેક સ્તવનો અને અનેક સજ્ઝાયો કંઠસ્થ કરી લીધા છે.

+ ૮૦ વર્ષની ઉંમરે પણ રોજ ૨૦-૨૫ કિમી.નો વિહાર કરવો હોય તો ય ચાલીને જ કરે. ન ડોળી-ન વ્હીલચેર ! મક્કમતા ગજબની !

+ દીક્ષાથી માંડીને ૧૭ વર્ષ થયા. કદી એકાસણા અને પોરિસીથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી. અર્થાત્ ૬૦૦૦ થી પણ વધુ એકાસણા અખંડ કર્યા.

+ એકવાર વિહારમાં ભારે કસોટી થઈ. સવારે છ વાગે પીંપળી ગામેથી નીકળ્યા, પણ રસ્તો અતિશય ખરાબ ! છેક સાંજે ચાર વાગે એ મુનિરાજ વટામણ પહોંચ્યા. છતાં એ મુનિએ કોઈ જ ફરિયાદ ન કરી. સાંજે ચાર વાગે દર્શન કર્યા બાદ પાણી વાપરી એકાસણું કર્યું. વળી બીજા જ દિવસે પાછો ૧૮ કિ.મી.નો વિહાર તો હતો જ, એ કરીને છેક બપોરે એક વાગે પહોંચ્યા, તો પણ એકાસણામાં કોઈ જ બાંધછોડ નહિ.

+ જ્યારે ગોચરી વાપરવા બેસે ત્યારે "હું ગોચરી વાપરવા બેસું છું" એમ અવશ્ય બોલે.

(એક વાસ્તવિક્તા કદી ન ભૂલીએ કે આરાધકતા વિનાની પ્રભાવક્તા, વિદ્વત્તા, વ્યવસ્થાપકતા, સંચાલકતા નુકસાનકારી છે. પ્રભાવક્તાદિ વિનાની એકલી આરાધકતા કદી નુકસાનકારી બનતી નથી. હા ! બંને હોય તો સોનામાં સુગંધ ! પણ આપણે સમજી તો લેવું જ જોઈએ કે પહેલા આરાધકતા, પછી પ્રભાવકતાદિ !

અલબત્ત આરાધકતા એટલે શું ? એનું સ્પષ્ટ સ્વરૂપ ચોક્કસ વિચારી લેવું. રાગદ્વેષની હાનિ થાય એ જ સાચી આરાધકતા...)

## જુગુપ્સામોહ ઉપર વિજય

મુંબઈમાં એકસ્થાને ચોમાસામાં ચાર સાધુઓ બિરાજમાન હતા. એમાં એક હતા બાળમુનિ ! બાર વર્ષની નાની વયે દીક્ષા લીધેલી, પર્યાય બે વર્ષનો થઈ ગયેલો, એટલે પ્રસ્તુત ચોમાસા દરમ્યાન એમની ઉંમર ૧૪ વર્ષ !

એકવાર ચાર સાધુની એ માંડલીમાં ત્રણેક ચેતનાની તરપણી ભરીને દૂધ આવ્યું, પણ વહેંચતા વહેંચતા શરુઆતમાં જ વડીલના હાથમાંથી તરપણી છટકી અને અડધી તરપણી જેટલું દૂધ જમીન પર ઢોળાઈ ગયું.

હવે ? જ્યાં રોજ ગોચરી વપરાતી હોય, મેલું લુંછણિયું ફેરવાતું હોય, એવી જગ્યાએ ઢોળાયેલું દૂધ કોણ વાપરે ? રે ! તદ્દન ચોક્ખી જમીન હોય તો ય ત્યાં ઢોળાયેલું દૂધ હાથથી કે કપડાથી લેવું પડે... આવું દૂધ વાપરતા મોઢું બગડે એ સ્વાભાવિક છે.

વડીલ સાધુએ ખેદ વ્યક્ત કર્યો કે "આટલું દૂધ તો બગડી ગયું. ખેર ! હવે આ દૂધ લુંછણિયાથી લુંછી નાંખીને પ્યાલામાં ભેગું કરી પરઠવી દઈએ. બીજું વધારાનું દૂધ હું લઈ આવું છું."

પણ ત્યાં જ બાલમુનિ બોલ્યા "વધારાનું દૂધ લાવવું નહિ પડે. હું હાથથી આ બધું દૂધ લઈને વાપરી લઈશ. મને ચાલશે."

વડીલમુનિ આશ્ચર્ય પામ્યા. "આવું દૂધ તમે વાપરશો ? ફાવશે ? હું તો બિલકુલ વાપરી શકું નહિ. મને તો ઉલ્ટી જ થઈ જાય. અને તમે ય ન વાપરો તો ચાલશે. કેમકે બીજું દૂધ તો મળી જ રહેવાનું છે. આપણને કશી ખોટ પડવાની નથી."

પણ બાલમુનિ કહે "આપ ચિંતા ન કરશો. મેં આ રીતે પહેલા પણ એક-બે વાર દૂધ વાપરેલું છે. નકામું શા માટે દૂધ બગડવા દેવું ?"

વડીલ તો અહોભાવ સાથે બાલમુનિને જોઈ રહ્યા.

અને ખરેખર બે હાથે એ દૂધ પાત્રીમાં ભેગું કરી લઈને બાલમુનિ વાપરી ગયા. ન કોઈ ફરિયાદ ! ન દુગુંછા ! ન મોઢાની રેખામાં ય ફેરફાર ! વડીલમુનિ વિચારતા જ રહ્યા કે "વર્ષોના દીક્ષાપર્યાય બાદ પણ હું જે ન મેળવી શક્યો, એ આ બાલમુનિએ માત્ર બે વર્ષના દીક્ષાપર્યાયમાં મેળવી લીધું. કોટિ કોટિ વંદન હો એ બાલ છતાં પરિપક્વ મુનિરાજને !

(આમ તો આ વાત નાનકડી છે. છતાં એમાં ગર્ભિત રીતે પડેલો વૈરાગ્યગુણ અતિકિંમતી છે. ઘણી મોટી વાતો કરનારા આપણામાં આવા નાના નાના ગુણોની તો ખામી નથી ને ? એ આપણે જાતે જ તપાસી લેવું જોઈએ.)

## સર્વજીવસ્નેહી મુનિ સ્વજનો પર નિઃસ્નેહી બનતા...

'ખચ... ખચ' એક ગુંડાએ કોઈ માણસના પેટમાં જોરથી ચપ્પુ હુલરાવી દીધું. બે ગુંડાઓએ એને બરાબર પકડી રાખ્યો હતો.

સાંજનો સાડાપાંચ વાગ્યાનો સમય !

કલકત્તાના એ ઝવેરી, ઉંમર વર્ષ ૬૦ ! દુકાન બંધ કરીને ઘરે જઈ રહ્યા હતા, ત્યાં નજર સામે આ રીતે એક ભાઈનું નિર્દયતાથી ખૂન થતું નિહાળ્યું.

પૈસા માટે કે જૂનું વૈર વાળવા કે બીજા કોઈક કારણે ? કયા કારણે એ ખૂન થયું એ તો ખબર ન પડી. પણ આ દશ્ય જોઈને એ ઝવેરી ભાઈ ધ્રૂજી ઉઠ્યા. સંસારની અસારતા પ્રત્યક્ષ દેખાવા લાગી. 'આવતી કાલે મારું પણ મોત આ રીતે કે બીજી રીતે પણ અવશ્ય થવાનું જ છે.' એ સચ્ચાઈ એમને રૂંવાડે રૂંવાડે સ્પર્શી ગઈ.

તરત પાછા દુકાને ગયા, 'હું જાઉં છું, મારી કોઈ ચિંતા કરશો નહિ...' એમ નાનકડી ચિઠ્ઠી મૂકીને એ ભાઈ સીધા દીલ્હી પહોંચ્યા. એમની ઈચ્છા હતી પ્રવ્રજ્યા સ્વીકારી આત્મકલ્યાણ સાધી લેવાની !

ત્યાં કોઈક કલ્યાણમિત્રે સલાહ આપી કે "ગુજરાત જાઓ, શાશ્વત તીર્થ શત્રુંજય ગિરિરાજની સ્પર્શના કરો. એના પ્રભાવે તમને ચોક્કસ સદ્‌ગુરુની પ્રાપ્તિ થશે."

અને ભાઈ ઉપડ્યા ગુજરાત ! ત્યાં પાલિતાણામાં એક યોગીકક્ષાના આચાર્યદેવનો ભેટો થયો. ભાઈએ પોતાના મનની બધી રજુઆત કરી. આચાર્યશ્રીએ પાત્રતા નિહાળી દીક્ષાની રજા આપી.

દીક્ષા વખતે એ ભાઈએ નાનકડી ચબરખીમાં કલકત્તાનું પોતાનું સરનામું વગેરે લખીને આચાર્યશ્રીને આપ્યું. "મારું મરણ થઈ જાય, પછી તમે આ સરનામે મારા અંગેની વિગતવાર જાણ કરશો. ત્યાં સુધી નહિ..."

એકપણ સ્વજનને બોલાવ્યા વિના ભરપૂર વૈરાગ્ય સાથે એ ૬૦ વર્ષના વૃદ્ધ ઝવેરીએ દીક્ષા લીધી.

આજથી ૬૦ વર્ષ પૂર્વેની આ વાત ! તે વખતે વૈજ્ઞાનિક સાધનોની સગવડ પણ ઘણી ઓછી ! એટલે સ્વજનો પણ એમને શોધી શક્યા ન હતા. એમાં ય ક્યાં કલકત્તા ! ક્યાં ગુજરાત!

વૈરાગ્ય પાકો હતો એટલે મોટી ઉંમરે પણ સંયમમાં કડક બનીને જ જીવતા.

(૧) દર મહીને ઓછામાં ઓછા ૧૮ ઉપવાસ કરે.

(૨) જે ૧૨ દિવસ વાપરે, તે પણ એકાસણા જ.

(૩) એ એકાસણા પણ કાયમ અવડ્ઢના પચ્ચકખાણે કરે.

(૪) એ બધા એકાસણા ઠામચોવિહાર કરે. (વાપરતી વખતે જ પાણી ! એ પછી નહિ...)

એ સિવાય સ્વાધ્યાય-ધ્યાનાદિની આરાધના વધારાની !

એમની સૌથી મોટી આરાધના હતી સ્વજનધૂનનની ! વિચાર તો કરો કે દીક્ષામાં પણ સ્વજનોને યાદ ન કર્યા. (કદાચ મને અટકાવે તો ? એવો ભય પણ હોય.) અને દીક્ષા બાદ પણ કદીપણ એકાદ પત્ર પણ સંસારી ઘરે ન લખ્યો.

કુટુંબ ઘણું સુખી ! પત્ની, દીકરાઓ, દીકરીઓ, પૌત્રો, પૌત્રીઓ, વહુઓ, મિત્રો... આ બધાની યાદ આવ્યા વિના રહે ખરી ? એમને મળવાની, એમને હિતોપદેશ આપવાની ઈચ્છા થયા વિના રહે ખરી ?

પણ આ મહાત્મા વર્ષો સુધી જીવ્યા, છતાં ખરેખર મૃત બનીને જીવ્યા. ૨ના કોઈપણ સંબંધને યાદ કર્યા વિના જીવ્યા.

એમના કાળધર્મ બાદ વિગતવાર એ સમાચાર કલકત્તા મોકલવામાં આવ્યા.

(આપણે સ્વજનો-મિત્રો-ભક્તોને મહીને-વર્ષે કેટલી ટપાલ લખીએ ? કેટલા ફોન કરાવીએ ? કેટલીવાર મળવા માટે બોલાવીએ ? એ સ્વજનોને મળ્યાનો કેટલો આનંદ અનુભવાય ?... આ બધું આપણે ચકાસશું, તો આપણા વૈરાગ્યની પરીક્ષા કરાવવા બીજા કોઈપણ પાસે જવું નહિ પડે.)

# ગાથાઓ ખૂબ ગોખો.

એ હતા અધ્યાત્મયોગી !

ગાથાઓ ગોખાવવાનો એમનો આગ્રહ ઘણો !

પોતાના શિષ્યોને અને સાધ્વીજીઓને ગાથાઓ બરાબર ગોખાવડાવે.

રાત્રે આ આચાર્યશ્રી પોતાના શિષ્યોની ગાથાઓ સાંભળે, ભૂલ પડે તો સુધારે. પોતાના નજીકના જ સ્વજનો એમના શિષ્યો બનેલા, પણ તેઓ પણ જો ગાથા ન ગોખે, તો એમને ય ઠપકો આપ્યા વિના ન રહે.

બે શિષ્યો આચાર્ય પાસે બેસી વારાફરતી એકપછી એક ગાથાઓ બોલે, એમાં જો કોઈક શિષ્ય ઝોખા ખાય, ઉંઘવા લાગે, તો તરત ધીમેથી ટપલી મારીને જગાડે અને બરાબર પાઠ કરાવે.

એમના આ પરિશ્રમને કારણે એ સમુદાયમાં આજે ઘણા સાધુ-સાધ્વીઓ હજારો ગાથાઓ ગોખી ચૂક્યા છે.

આજે તો એ મહાયોગી હાજર નથી. પણ એમના સમુદાયના વિદ્વાન-સ્થવિર મહાત્માઓ પણ એવા છે કે જેમને આજે **૨૫ થી ૩૦ હજાર ગાથાઓ** ઉપસ્થિત છે. ક્યાંક કાચું થાય, તો પાકું કરી લે છે. સાંભળ્યું છે કે એમના સમુદાયના પ્રાયઃ એકપણ સાધુ-સાધ્વીજી એવા નહિ હોય, જેમને ઓછામાં ઓછી ત્રણેક હજાર ગાથા ગોખી ન હોય.

આ સમુદાયની કેટલીક વિશિષ્ટતાઓ.

→ આખા ય ગચ્છમાં આચાર્ય = ગચ્છાધિપતિ માત્ર એક જ ! બીજા મહાત્માઓ વિદ્વાન-સ્થવિર હોય, તો પણ તેઓ વધુમાં વધુ પંન્યાસપદવી જ લે છે. અર્થાત્ આ ગચ્છમાં બે આચાર્ય નહીં.

→ આ ગચ્છમાં એ જ દીક્ષા લઈ શકે કે જેને આખી જીંદગી માટે ચાનો ત્યાગ હોય. કેમકે ગુરુ પરંપરાથી આ ગચ્છમાં એ નિયમ ચાલ્યો આવે છે કે નાના કે મોટા, ઘરડા કે યુવાન, ગુરુ કે શિષ્ય કોઈએ પણ ચા પીવાની નહિ.

→ સાંજનું પ્રતિક્રમણ બધાએ ભેગા મળીને માંડલીમાં જ કરવાનું. માંડલી બહાર કોઈપણ પ્રતિક્રમણ ન કરી શકે.

(આ વાંચનારાઓમાંથી કેટલાકના મનમાં એવા પ્રશ્નો પણ ઉભા થાય કે

→ સૂત્ર કરતા અર્થનું મહત્ત્વ વધારે છે, સૂત્રનો આટલો આગ્રહ રાખવા કરતા અર્થનો આગ્રહ રાખે તો સારું.

→ એક જ ગચ્છમાં ઘણા આચાર્યો હોઈ શકે છે, એ શાસ્ત્રીય છે. એક જ આચાર્યનો આગ્રહ શા માટે ?

→ ઉત્સર્ગ-અપવાદમય જિનશાસન છે. અપવાદમાર્ગે ચા પી શકાય. એટલે માત્ર ચાના વ્યસનવાળાને એ ચાના કારણે દીક્ષા ન આપવી એ કેવી રીતે યોગ્ય ગણાય ?

→ વૃદ્ધો-ગ્લાન સાધુઓ માંડલીમાં વધુ સમય બેસવા અશક્ય હોય અને એટલે માંડલી સિવાય પ્રતિક્રમણ કરે તો એમાં ખોટું શું છે ?

આ બધી વાત અપેક્ષાએ સાચી હોય તો પણ અપેક્ષાએ ઉપરની ચાર બાબતો પણ એટલી જ સાચી છે. એ અધ્યાત્મયોગીએ અર્થને મહત્ત્વ નથી આપ્યું એવું થોડું છે ? પણ સૂત્રની જેટલી મહત્તા છે, એ પણ જ્યારે ઉપેક્ષિત થતી દેખાય, ત્યારે એને મહત્તા આપવામાં આવે તો એ યોગ્ય જ છે ને ?

દા.ત. સૂત્રનું મહત્ત્વ ૩૦% છે, અર્થનું મહત્ત્વ ૭૦% છે. પણ સૂત્રનું મહત્ત્વ ૧૦% પણ માંડ દેખાય,

ત્યારે એનું ૩૦% મહત્ત્વ પૂર્ણ કરવા એના પર ભાર આપવામાં આવે એ સ્વાભાવિક છે. અર્થનું મહત્ત્વ ૭૦% તો રાખેલું જ છે, એમાં કંઈ ઓછું નથી કર્યું.

● આવું અન્ય બાબતોમાં પણ સમજી લેવું. અપવાદ હોય એની ના નથી, પણ ઉત્સર્ગની આરાધનાના લાભો ઢગલાબંધ છે, આ અંગે ઘણી વિચારણા થઈ શકે.)

## સાચો પ્રજ્ઞાચક્ષુ સાધુ

૫૫ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવતા એ મુનિરાજની આજે ઉંમર ૯૨ વર્ષની આસપાસ છે. છેલ્લા ૧૫ વર્ષથી એ મુનિ બંને આંખો ગુમાવી ચૂક્યા છે. સૌરાષ્ટ્રના એક મોટા શહેરમાં એક સંઘમાં તેઓ સ્થિરવાસ રોકાયા છે. મોટા ભાગે તે એકલા જ હોય છે. ત્યાં કોઈ ચોમાસું કરે, તો સંખ્યા વધારે થાય, અન્યથા નહિ.

બંને આંખોનું તેજ હણાઈ ગયું હોય, સાથે કોઈ સહાયક ન હોય તો શી રીતે દિવસો-મહિનાઓ-વર્ષો પસાર થાય ? એ પ્રશ્ન સહજ રીતે જ આપણને બધાને થાય. પણ આવી વિકટ પરિસ્થિતિમાં પણ એમણે જે આરાધના જાળવી રાખી છે, એ ભારે આશ્ચર્ય ઉપજાવે એવી છે.

(ક) છેલ્લા ૧૫ વર્ષથી કાયમ એકાસણા કરે છે, લગભગ ૧૨ તિથિ આંબિલ કરે છે. આંબિલ એમના શરીરને માફક ન હોવા છતાં પણ તે આંબિલના અનુરાગી છે. "ત્રણ રોટલી, એક ટોક્સો દાળ અને બે ઢોકળા" આ એમનો આંબિલનો નિયમિત ખોરાક છે.

(ખ) પ્રશ્ન એ થાય કે "એ જોઈ શકતા નથી, તો ગોચરી કોણ લાવે ? સાથે કોઈ સાધુ નથી કે એ ગોચરી-પાણી લાવી આપે." પણ આ મુનિરાજ પાસે એક માણસ રાખવામાં આવ્યો છે. એ માણસ એમને જુદા જુદા ઘરોમાં ગોચરી લઈ જાય. પોતે જોઈ તો ન શકે, પણ પૂછી પૂછીને વસ્તુ વહોરે. શ્રાવકો પણ સમજુ ! એટલે બીજો કોઈ વાંધો ન આવે.

આ રીતે જાતે ગોચરી-પાણી લાવે.

(ગ) પોતે કાયમ એક જ સ્થાને બેસે, તે સ્થાનથી એમણે બે દોરી બાંધી છે. એક દોરી

પોતાના સ્થાનથી છેક વાડાની રૂમ સુધી બાંધી છે. બીજી દોરી પોતાના સ્થાનથી દેરાસરના દરવાજા સુધી બાંધી છે. પોતાની પાસે એક લાકડી રાખી છે, જેનો આગળનો ભાગ વળેલો છે. જ્યારે સ્થંડિલ-માત્રુ જવું હોય ત્યારે એ લાકડી ઉંચી કરી દોરીમાં ભેરવી દે, અને પછી એ દોરીને આધારે છેક વાડાની રૂમ સુધી પહોંચી જાય. જ્યારે દેરાસર જવું હોય, ત્યારે એ બાજુની દોરીમાં લાકડી ભેરવી એને આધારે દેરાસર સુધી પહોંચી જાય.

(ઘ) આંખો ન હોવાથી વાંચી શકતા નથી, પણ જુની જે ગાથાઓ ગોખી છે, એનું પુનરાવર્તન મનમાં કરે. જ્યારે સમય મળે, ત્યારે માળા ગણ્યા કરે. કોઈ હાય-વોય નહિ, અપેક્ષા નહિ.

(ચ) કાપ-લુણાનું કામ પણ જાતે કરે. સાથેનો માણસ જ્યાં જરૂર પડે ત્યાં સહાય કરે. બાકી જેટલું શક્ય હોય એટલું પોતે જાતે જ કરે.

(છ) જ્યારે આંખો હતી, ત્યારે એમણે વર્ષીતપાદિ ઘણી આરાધનાઓ પણ કરી છે. કુલ ૩૯ વર્ષીતપ કર્યા છે. (મુંબઈના એક સંઘમાં ખૂબ આરાધક એક શ્રાવકની બે આંખો જતી રહેલી, ત્યારે એક વિદ્વાન મુનિરાજે એમને હિતશિક્ષા આપેલી કે "તમારી બહારની આંખો જતી રહી, પણ અંદરની આંખો તો છે ને ? બહારની આંખોથી જગત દેખાતું. અંદરની આંખોથી આત્મા દેખાશે..." એ વખતે આરાધક શ્રાવકે ઉત્તર આપેલો કે "સાહેબ ! તમારે તો માત્ર બોલવાનું છે. મારા પર શું વીતે છે, એની તો મને જ ખબર પડે છે."

પરિવાર સંપન્ન શ્રાવકની આ વાત સાંભળતા અહેસાસ થાય કે "બે આંખો વિના જીવવું કેટલું બધું કપરું છે." છતાં આ મુનિ પંદર વર્ષથી આ રીતે એકલા રહે છે. ફરિયાદ વિના જીવે છે... એ એમની કેટલી વિશિષ્ટતા !

અલબત્ત શ્રમણસંઘની ફરજ છે કે એ ભલે ગમે તે સમુદાયના હોય, પણ એમની સેવા માટે ઓછામાં ઓછા એક-બે સાધુ ત્યાં ગોઠવવા. વૈયાવચ્ચમાં ગચ્છભેદ ન જોવાય એવું શાસ્ત્રવચન છે. કોઈક વૈયાવચ્ચી.સાધુ આ કામ ઉપાડી લે, તો એ ખૂબ પ્રશંસનીય બનશે.)

# કથિરમાંથી કંચન બની શકે છે.

**"बेटा ! गाडी आ चूकी हैं, ओर तुं अभी तक सो रहा है । मजुरी ऐसे तो नहि होगी ।"** હૈદ્રાબાદના સ્ટેશન ઉપર એક મારવાડી શેઠ સ્ટેશન પર રહેલા બાકડા ઉપર ઉંઘેલા એક મજુર બાળકને ઉઠાડી રહ્યા હતા.

આજથી ૫૦ વર્ષ પૂર્વેનો આ તદ્દન સાચો પ્રસંગ ! રાત્રે બાર વાગે શેઠ પોતાના પરિવાર સાથે સ્ટેશન પર ઉતર્યા. બધો સામાન ઘોડાગાડી સુધી લઈ જવા માટે મજુરની શોધ કરવા લાગ્યા, પણ અડધી રાતે મજુર-કુલી કોઈ નજરમાં ન આવ્યો. શેઠ મુંઝાયા, સામાન ઘણો હતો અને શ્રીમંતાઈમાં ઉછરેલો પરિવાર જાતે આ સામાન ઉંચકવાદિ કામ માટે અશક્ય પણ ખરો.

ત્યાં વળી સ્ટેશનના એકાદ માણસને કુલી અંગે પૂછપરછ કરતા એ ભાઈએ કહ્યું કે "આ બાકડા પર ઉંઘેલો નાનો છોકરો કુલીનું કામ કરે છે એને ઉઠાડો. એ તમારું કામ પતાવી દેશે."

શેઠે એને ઉપર મુજબ કહીને ઉઠાડ્યો.

આંખ ચોળતો ચોળતો એ છોકરો તરત ઉભો થયો. ''शेठजी ! माफ करना, जरा निंद जोर से आ गइ, इसलिए गाडी आ गइ, वो भी मालुम नहि पडा । फरमाइए, कौन सा सामान उठाना है ।''

શેઠે સામાન બતાવીને કહ્યું કે ''घोडागाडी तक उसे ले जाना है, बोल कितनी मजुरी लेगा ।''

''शेठ ! आप जो देंगे, वो ले लुंगा ।'' છોકરાએ નમ્રતાથી જવાબ દીધો. પણ શેઠ જમાનાના ખાધેલ હતા. આ બધી બાબતમાં પાછળથી ઝઘડા થાય એના કરતા પહેલેથી જ ચોક્કસ રકમ નક્કી કરી લેવામાં આવે તો પાછળથી ઝંઝટ ન રહે. એટલે શેઠે ફરી કહ્યું ''ऐसा नहि, पक्की मजुरी बोल दे, बाद में झंझट नहि ।''

પણ છોકરાએ પણ મીઠાશથી જવાબ દીધો. ''शेठजी ! आप कम थोडे ही देंगे ? आप जो देंगे, मुझे मंजुर हैं, आप चिंता मत कीजिए ।'' અને શેઠે વિશ્વાસ મૂકી બધો સામાન ઉંચકાવડાવ્યો. છોકરાએ ઝડપથી બધો સામાન-ઘોડાગાડી સુધી પહોંચાડ્યો. ઘોડાગાડીમાં ચડાવી દીધો.

છોકરાની હોંશિયારી, નમ્રતા જોઈ મારવાડી શેઠ એના તરફ આકર્ષાયા. "આને મારા ઘરે રાખી લઉં, તો ઘણો કામ આવે..." શેઠની અનુભવી આંખો રત્નને પારખી ચૂકી હતી.

''देख बेटे ! मेरा घर छोटी गली में है । गली के अंदर घोडागाडी नहि जा शकती । तुं एक काम करेगा ? मेरे साथ ही घोडागाडी में बेठ जा, गली के बाहर घोडागाडी खडी रहेगी, वहाँ से घर तक ये सामान फिर से उंचकना पडेगा । करेगा ये काम ? मजुरी पूरी दूंगा ।'' શેઠે વિનંતિ કરી.

છોકરાએ જવાબ દીધો. ''अरे शेठ ! मैं काम करने के लिए ही तो हूं । चलो, मैं साथ आता हूँ ।''

રસ્તામાં શેઠે છોકરાને બધું પૂછી લીધું કે "એ ક્યાં રહે છે, સ્ટેશન પર કેટલો સમય મજુરી કરે છે ? ક્યાં જમે છે ? મજુરીના પૈસા ક્યાં રાખે છે ? મા-બાપ ક્યાં રહે છે ?"

આ બધા જ પ્રશ્નોના જવાબો છોકરાએ કંઈક ઉદાસ બનીને આપ્યા. કારણ કે એની હાલત સારી ન હતી.

એ બોલ્યો ''शेठजी ! मेरा कोइ घर नहि है । मैं अनाथ हुं । न मेरे मा-बाप है, न मेरे भाइ-बहन । मैं कौन था, वो भी मैं नहि जानता ! मैं किस तरह बडा हुआ, ये भी मुझे मालुम नहि है । जब से मैं अक्कलमंद हूआ हूँ । तब से मैंने अपने आप को स्टेशन पे ही देखा है। स्टेशन मास्तर को मेरे पर लगाव है । बर्षो से मैं यह मजुरी का काम करता हूँ, स्टेशन की केन्टीन में भोजन करता हूँ, रात को स्टेशन के बाकडे पर सो जाता हूँ, जो कुछ पैसे बचत होते हैं, वो स्टेशन मास्तर को दे देता हूँ, वो भला आदमी है, मेरे पैसे वो संभालते हैं ।''

છોકરાની વાતો સાંભળી શેઠની આંખમાં આંસુ આવી ગયા. કોણ જાણે આવા અનાથ જીવો તો કરોડોની સંખ્યામાં આ ધરતી પર હશે. શું એમની દર્દનાક જીંદગી !

શેઠે કહ્યું "देख बेटे ! तुं मेरे घर पे रहेगा ? घर के काम करना, मैं तुझे बडा पगार दूँगा...."

છોકરો કહે "मैं तैयार हूं, परंतु आप को स्टेशनमास्तर की संमति लेनी पडेगी । वो मेरे पिता समान है ।"

શેઠે બે-ત્રણ દિવસમાં જ સ્ટેશનમાસ્તરને મળીને બધી વાત કરી. સ્ટેશનમાસ્તર તો ખુશ થઈ ગયા. એ જાણતા હતા કે "કુલીની જીંદગીમાં છોકરાનો વિકાસ કશો થવાનો નથી. એના બદલે આ મારવાડી શેઠને ત્યાં રહે તો એનું ભાગ્ય ઉઘડી જાય..." એમણે રજા આપી. છોકરાને ખાનગીમાં લઈ જઈને સૂચના આપી કે "शेठ के घर में बहोत सारी अच्छी अच्छी चीझ इधर-उधर पडी हुइ भी तुझे देखने को मीलेगी, लेकिन कभी भी मन बिगाडना मत, अपने हाथों को अपवित्र करना मत, प्रामाणिकता को गुमाना मत । काम करने में कभी गलती हो जाय, नुकसान हो जाय, तो कभी भी जुठ मत बोलना, सच्ची बात बता देना । शेठजी को हंमेशा वफादार रहेना ।"

અને એ છોકરાની મારવાડી શેઠના ઘરે નવી જીંદગી શરૂ થઈ.

કામ કરવાનો ઉત્સાહ, પ્રામાણિક્તા, મોઢાની મીઠાશ... શેઠ અને એમનો પરિવાર છોકરા પર ખુશ ખુશ થઈ ગયો.

શેઠના ઘરની નજીકમાં જ દેરાસર-ઉપાશ્રય ! ચોમાસામાં ત્યાં સાધુ ભગવંતો પધાર્યા. હવે તો અવાર નવાર સાધુભગવંતો ધાર્મિક શેઠને ત્યાં વહોરવા આવે. આ છોકરાને અનેકવાર ગોચરી વહોરાવવાનો લાભ મળે. એને તો આ બધું ખૂબ ગમે. પછી તો ઘરે કોઈ હાજર ન હોય તો પણ પોતે જાતે જ ઘરે આવેલા મુનિઓને વ્યવસ્થિત ગોચરી વહોરાવે. પરિસ્થિતિ એ સર્જાણી કે ઘરવાળા કરતાં ય આ નોકર છોકરાને ગોચરી વહોરાવવાનો અનુભવ વધી ગયો.

એકવાર છોકરાએ શેઠને વિનંતિ કરી કે "दोपहर को मुझे कुछ काम नहि होता, उस वक्त मैं उपाश्रय में साधु भगवंत के पास जाउं, मुझे उनसे मिलना बहुत अच्छा लगता है ।"

શેઠ તો આ સાંભળીને ખૂબ આનંદ આપ્યા. આવો વિચાર ઉત્તમ આત્માને જ આવે ને ? શેઠ જાતે જ એને ઉપાશ્રયમાં આચાર્યદેવ પાસે લઈ ગયા, એનો ઈતિહાસ કહી સંભળાવ્યો અને એની ભાવનાઓ પણ જણાવી. આચાર્યશ્રીએ છોકરાના મુખ પરથી જ ભવિષ્યની કલ્પના કરી લીધી અને આચાર્યદેવે રોજ એને સૂત્રાદિનો અભ્યાસ શરુ કરાવ્યો.

આશ્ચર્ય એ થયું કે ચોમાસુ પૂર્ણ થાય એ પહેલા તો આ છોકરાએ પાંચ પ્રતિક્રમણનો અભ્યાસ સંપૂર્ણ કરી લીધો. શેઠના તો આનંદનો પાર નથી. એક કુલી ક્યાં ? અને આજે પાંચપ્રતિક્રમણ ભણીને જૈન બની ગયેલો આ ધાર્મિક યુવાન ક્યાં ?

શેઠને સૌથી વધુ આશ્ચર્ય તો તે વખતે થયું કે જ્યારે એક દિવસ એ છોકરાએ નમ્ર મસ્તકે શેઠને વિનંતિ કરી કે "शेठजी ! मेरी इच्छा जैन साधु बनने की है । आप मुझे संमति देंगे ?"

શેઠે કહ્યું કે "મારી તો હા છે. પણ તારા પિતાતુલ્ય સ્ટેશનમાસ્તરની રજા લઈ લઉં." શેઠે સ્ટેશનમાસ્તરને બધી વાત જણાવી. તે પણ જાતે આવીને આચાર્યદેવને મળી ગયા. જૈન સાધુના જીવન અંગે પ્રશ્નોત્તરી કરીને બધું જાણી લીધા બાદ એમને પૂર્ણ સંતોષ થયો અને દીક્ષાની રજા આપી.

અને શેઠે દીક્ષાનો તમામ ખર્ચ પોતાના મસ્તકે ઉપાડી લઈ ધામધૂમથી દીક્ષા કરાવી, દીક્ષામાં સ્ટેશનમાસ્તરે માતા-પિતા તરીકેની બધી જવાબદારી નિભાવી.

આ વાતને આજે લગભગ પચાસ વર્ષ પસાર થઈ ચૂક્યા છે. આજે એ છોકરો ૬૫-૭૦ વર્ષની ઉંમરે પહોંચ્યો છે. આટલા વર્ષના વિશાળ દીક્ષાજીવનમાં એણે ઘણો સ્વાધ્યાય કર્યો, ઘણી આરાધનાઓ કરી. આજે એ આચાર્યપદ પર બિરાજમાન છે, પોતાના સમુદાયના ગચ્છાધિપતિ છે.

વિક્રમસંવત ૨૦૬૪-૬૫નું ચાતુર્માસ આ આચાર્યદેવે સુપાર્શ્વનાથ વાલકેશ્વર જૈનસંઘમાં કરેલું હતું.

ધન્ય છે એ સ્ટેશન માસ્તરને !

ધન્ય છે એ મારવાડી શેઠને !

ધન્ય છે એ બાલ મજુરને કે જે બન્યા કથિરમાંથી કંચન !

તો ધન્યાતિધન્ય છે એ જિનશાસનને ! જે આવા આત્માઓને ધન્ય બનાવે છે.

## ગૌતમસ્વામીના વારસદારો જીવંત છે !

"દસ વાગ્યા સુધી પાઠ કરવાનો, એ પહેલા ઉંઘવાનું નહિ. બરાબર ? હું દસ વાગે આવીશ. હું કહું, પછી સંથારો કરજે." સુરતના એક ઉપાશ્રયમાં ગુરુએ શિષ્યને ઉપર મુજબ સૂચન કર્યું.

ગૌતમસ્વામી તરીકે પ્રસિદ્ધિ પામેલ એ મુનિરાજ !

ગુરુની પ્રત્યેક વાત ભગવાનની આજ્ઞા માની સ્વીકારનાર એ મુનિરાજ !

'સમર્પણમાં તો આમનો જોટો ન જડે' એવી જબરદસ્ત પ્રસિદ્ધિ પામેલા એ મુનિરાજ !

ભરયૌવનવયમાં પણ ઉચ્છૃંખલતાને બદલે નમ્રતા-પરતંત્રતાને આત્મસાત કરી ચૂકેલા એ મુનિરાજ !

'હા જી' કહીને મુનિ ત્યાં બેસી સ્વાધ્યાય કરવા લાગ્યા.

દસ વાગી ગયા, પણ ગુરુ તો ન આવ્યા.

અગિયાર વાગી ગયા, તો પણ ગુરુ ન આવ્યા.

જ્યાં સુધી ગુરુ આવીને ઉંઘવાનું ન કહે, ત્યાં સુધી મારાથી ઉંઘાય કેમ ? એ વિચારથી મુનિ ત્યાં જ બેસી રહ્યા.

પણ શરીર તો શરીરનું કામ કરે જ ને ?

અંતે ટેબલના આધારે મુનિ ઝોકા ખાતા ખાતા ત્યાં જ બેઠા બેઠા સુઈ ગયા.

હકીકત એ બનેલી કે ગુરુ પોતાની સૂચના ભૂલી ગયેલા, અને સંથારી ગયેલા. એટલે એ દસ વાગે આવ્યા નહિ.

છેક રાત્રે બે વાગે ગુરુ માત્રુ કરવા માટે ઉઠ્યા, અચાનક એમને રાતની વાત યાદ આવી. સફાળા ઉભા થઈ એ શિષ્યના સ્થાને ગયા. જોયું તો ટેબલના આધારે શિષ્ય ઝોકા ખાતો, બેઠો બેઠો સૂતેલો હતો.

"અરેરે ! મારા પ્રમાદમાં આને કેટલી મુશ્કેલી પડી ?" ગુરૂને દુ:ખ થયું. તરત એનો સંથારો પાથરી દઈ શિષ્યને ઉઠાડ્યો, સંથારા પર સુવાડી દીધો. શિષ્યના આ ગજબ કોટિના સમર્પણ માટે ગુરુને પણ પુષ્કળ બહુમાન થયું.

આ શિષ્ય એવો છે કે ગચ્છના કોઈપણ સાધુ સાથે મળવાનું-બેસવાનું-વાતો કરવાનું થાય ત્યારે એ પહેલેથી જ કહી દે કે "જુઓ, તમે મને જે પણ વાત કરશો, એ બધી વાત હું મારા ગુરુને કહી જ દેવાનો છું. કશું છુપાવવાનો નથી. એટલે જે વાત તમે મારા ગુરુને જણાવવા ઈચ્છતા ન હો, એ વાત મને કરતા જ નહિ..."

(ગૌતમસ્વામી અને માષતુષમુનિ માત્ર ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયેલા આદર્શ પાત્રો જ છે, એમ ન માનશો. એમના વંશજો આજે પણ જીવતા જાગતા `

આપણું જીવન કેવું ?

શું આપણે દરેકે દરેક કામ ગુરુના કહ્યા પ્રમાણે જ કરીએ ?

શું આપણે આવતી-જતી બધી ટપાલો ગુરુને વંચાવીએ ?

શું આપણે ગુરુથી ખાનગી કોઈપણ વાત ન જ કરીએ ?

આપણી અપેક્ષાઓ, મહત્ત્વાકાંક્ષાઓ એટલી બધી વધી તો નથી ગઈ ને ? કે જેમાં ગુરુ આપણને પ્રતિબંધક લાગવાથી એમની ઉપેક્ષા કરીને જ જીવન જીવવાની વૃત્તિ-પ્રવૃત્તિ આપણામાં પ્રવેશી ગઈ હોય ?....

શાંતચિત્તે આપણે બધાએ વિચારવાનું છે, તો જ આપણને સાચો ધર્મનો લાભ થશે.)

## અપવાદ માર્ગ

"જુઓ, તપસ્વી મહારાજ ! ગુરુજીનો આદેશ આવ્યો છે કે આપણે તરત એમની પાસે પહોંચવું. ગુરુજી એ સ્થાનમાં હજી ઘણા દિવસો રોકાવાના છે. એટલે હવે આપણે વિહાર કરવો પડશે. પણ તમે વિહાર કરી શકશો ? પગમાં સોજો થયો છે, તેનું શું કરશો ?" એક યુવાન

મુનિરાજે પોતાની સાથે રહેલા વૃદ્ધમુનિને બધી વાત કરી.

મુંબઈના એક સંઘમાં એ બંને મુનિવરો રોકાયા હતા. વૃદ્ધમુનિની ઉંમર ૭૦ આસપાસ ! બે-ચાર દિવસ પહેલા રાત્રે માત્રુ કરવા જતા બે પગથિયા ચૂકી ગયા, પડ્યા અને સોજો આવી ગયો. "એની મેળે મટી જશે" એમ વિચારીને વૃદ્ધમુનિએ કોઈ ઉપચાર કરાવ્યા નહિ. પણ છેવટે દુઃખાવો વધ્યો. એ કારણસર અને બીજા પણ અમુક કારણસર બંને મુનિઓ ગુરુના કહેવાથી એ સંઘમાં રોકાઈ ગયા. ગુરુ શાસનના કાર્ય માટે વિહાર કરી મુંબઈના જ અન્ય સંઘમાં પહોંચ્યા.

વૃદ્ધ મુનિરાજ ! ૭૦ આસપાસ ઉંમર ! પણ તપસ્વી અને સંયમના ખપી મહાત્મા ! ૯૧થી ૯૬ ઓળી સળંગ કરી, વચ્ચે મહિનો આરામ કરી ૯૭ થી ૧૦૦ ઓળી એક સાથે ઉપાડી. આ સમયે એમને ૧૦૦મી ઓળી ચાલતી હતી. ૨૦ જેટલા આંબિલ થઈ ગયેલા.

એમની ભાવના રોજેરોજ ઉછાળા મારતી હતી. ગુરુની રજા લઈ એમણે સંકલ્પ કર્યો કે "આખી ૧૦૦મી ઓળી માત્ર ને માત્ર કોઈપણ એક જ દ્રવ્ય (માત્ર ખીચડી, માત્ર રોટલી, માત્ર ઢોકળી કે માત્ર મગ...) વાપરીને કરવી." અને ૨૦ જેટલા આંબિલ તો એ રીતે કરી પણ લીધા.

એ એકદ્રવ્ય પણ દોષિત ન લેવું પડે, એ માટે છેક બે કિ.મી. દૂર રહેલા આંબિલ ખાતે રોજ જાતે વહોરવા જાય, ત્યાં ૫૦-૬૦ આંબિલ રોજ થતા હોવાથી નિર્દોષ ગોચરી મળી રહે. કોઈપણ એક જ દ્રવ્ય વહોરી લાવે. પગમાં દુઃખાવો-સોજો હોવા છતાં તેમણે છૂટ લેવાનો વિચાર ન કર્યો. યુવાનમુનિએ કહ્યું કે "હું રોજ તમારા માટે ત્યાં જઈ આવું..." પણ એમની જીદ ભારે ! "મારા માટે મારે કોઈને ૨ કિ.મી. નથી મોકલવા." અને જીદ કરી જાતે જ ગોચરી જઈ આવે. આ રીતે નિર્દોષ ગોચરી માટે રોજ ૪ કિ.મી.નો વિહાર થાય. છતાં પ્રસન્નતા ફાટફાટ થાય.

પગનો સોજો ઉતરતો ન હોવાથી ત્યાં ડોક્ટરને બતાવ્યું, આંબિલમાં લઈ શકાય એવી દવાઓ શરુ કરી. પણ સોજો અને એનો દુઃખાવો ઘટતો ન હતો. આમ છતાં ધીમે ધીમે ચાલીને પણ જાતે જ દૂરથી ગોચરી લાવવાનું ચાલુ !

એ સંઘનો ઉપાશ્રય એવો કે એમાં માત્રુ પરઠવવાની કુંડી અગાસીમાં હતી, એટલે માત્રુ પરઠવવા ત્રણ માળ ચડવું પડે. અને આ વૃદ્ધમુનિને રોજ રાત્રે ત્રણથી ચાર વાર માત્રુ જવું પડે. છતાં અંધારામાં ગમે ત્યાં પરઠવી દેવાનો વિચાર પણ એમને ન આવ્યો. સાથેના મુનિને રાત્રે ઉઠાડવા પણ એ તૈયાર નહિ, રોજ રાત્રે ત્રણથી ચાર વાર ત્રણ માળ ચડે, અને ઉતરે. પગનો દુઃખાવો સહન કરતા જાય અને ધીમે ધીમે ચડ-ઉતર કરતા જાય. છતાં ફરિયાદનું નામ નહિ !

આવી પરિસ્થિતિમાં જ એક દિવસ ગુરુનો આદેશ આવ્યો કે "અગત્યના કામ હોવાથી તમે બંને મારી પાસે આવી જાઓ..."

કુલ ૬૦ કિ.મી.નો વિહાર કરવાનો હતો. યુવાનમુનિને ચિંતા હતી કે આ વૃદ્ધ મુનિ વિહાર નહિ કરી શકે ? ડોળી-વ્હીલચેરમાં લઈ જવા પડશે."

પણ સંયમાનુરાગી વૃદ્ધમુનિ કહે "મેં કદી ડોળી-વ્હીલચેર વાપરી નથી, અને હું ધીમે ધીમે તો ચાલી શકું છું, એટલે હું વિહાર કરીને જ આવીશ. મારે કશાનો ઉપયોગ કરવો નથી."

અને પગમાં મોટો પાટો બાંધેલો હોવા છતાં બધી ઉપધિ સાથે એમણે વિહાર કર્યો. પહેલા જ દિવસે ૧૦ કિ.મી. પહોંચ્યા અને દુ:ખાવો વધવા લાગ્યો. યુવાનમુનિએ ફરી સમજાવ્યા. છતાં "મારી શક્તિ જ્યાં સુધી પહોંચશે, ત્યાં સુધી હું ચાલીશ જ. મારે ડોળી-વ્હીલચેરના પાપ કરવા નથી." એ એક જ શબ્દો એમના મુખેથી નીકળ્યા.

બીજા દિવસે વળી પાછો વિહાર થયો. પણ દુ:ખાવો અસહ્ય બન્યો. બે દિવસ આરામ કરી થોડીક દવા બદલી ફરી વિહાર કર્યો અને પાછો દુ:ખાવો અતિ-અસહ્ય બન્યો. ફરી એક સંઘમાં ચાર દિવસ રોકાઈ જવું પડ્યું.

યુવાનમુનિએ આ દિવસો દરમ્યાન વૃદ્ધમુનિને કહ્યું કે "તમે તમારી ઉપધિ-ઝોળી મને આપી દો, હું ઉંચકી લઈશ." પણ યુવાનની જીદ સામે વૃદ્ધની જીદ ઘણી જોરદાર હતી. અને આ તમામ વિહાર પોતાની બધી જ ઉપધિ જાતે ઉંચકીને જ કર્યો. "મને પગમાં દુ:ખાવો છે, પીઠ પર કે ખભા પર દુ:ખાવો નથી. એટલે ઉપધિ-ઝોળી ઉંચકવામાં મને કોઈ જ વાંધો નથી." આ એમની વિચારધારા !

છેવટે યુવાનમુનિએ આ બધી વાત ગુરુને જણાવી. ગુરુને લાગ્યું કે "આ વૃદ્ધમુનિ વિહાર કરે એ ઉચિત નથી." એટલે ગુરુએ સીધી આજ્ઞા કરી કે "તમારે ડોળી/વ્હીલચેરમાં બેસીને અહીં આવી જવું. મારો આદેશ છે..."

એક બાજુ ગુર્વાજ્ઞા ! બીજી બાજુ સંયમરાગ !

છેવટે એક નાનકડી ભૂલ એ વૃદ્ધમુનિ કરી બેઠા. ગુર્વાજ્ઞાને ઉલ્લંઘીને એમણે પુષ્કળ દુ:ખાવા વચ્ચે પણ ચાલતા ચાલતા જ વિહાર કર્યો અને છેલ્લા બાકી રહેલા ૧૬ કિ.મી. કુલ ત્રણ વિહાર દ્વારા પૂર્ણ કરી ગુરુ પાસે પહોંચી ગયા.

પણ

પગનો સોજો બેહદ બન્યો, બે-ત્રણ સ્થાને 'લોહીના પત્થર જ હોય' એવા સોજા થઈ ગયા. લંગડાતે પગે જ ચાલવું પડે એવી પરિસ્થિતિ ! ગુરુએ આ બધું જોઈ ઠપકો આપ્યો, 'ગુર્વાજ્ઞા માનવામાં વધુ લાભ" એ સમજાવ્યું. આંખના આંસુ સાથે વૃદ્ધમુનિ બોલ્યા "હું ફરી આવી ભૂલ નહિ કરું. આપની આજ્ઞા અવશ્ય પાળીશ..."

૨૦ દિવસ એ જ સ્થાને રોકાયા, ઘણા ઉપચારો કર્યા, પણ એ સોજો વિહારાદિના કારણે પુષ્કળ પુષ્કળ વધી ગયેલો... ૨૦ દિવસે પણ ઠેકાણું ન પડ્યું. માત્ર આરામ થવાને લીધે ૪૦% થી ૫૦% જેટલો સુધારો થયો. પણ લંગડાતા પગે જ ચાલવું પડે... એવી પરિસ્થિતિ તો ઉભી જ રહી ! એ જ ગાળામાં બે-ચાર દિવસ હર્પિસના રોગની તીવ્રતમ બળતરાઓ અનુભવી.

આ બધું સહન કરતા રહ્યા અને મક્કમતા સાથે ૧૦૦મી ઓળીની આરાધના પણ કરતા રહ્યા. પારણું કરી લેવાનો વિચાર પણ નહિ. ગુરુના આદેશથી એકને બદલે બે-ત્રણ દ્રવ્યથી આંબિલ શરુ કર્યા.

ખરી વાત હવે આવે છે.

અચાનક ગુરુની જ તબિયત નબળી પડતા એ બધા સાધુઓએ તાત્કાલિક વિહાર નક્કી થયો. વૃદ્ધ મુનિ મુંઝાયા. ગુરુએ આદેશ કર્યો કે "તમને અહીં રાખી શકાય એમ નથી. તમારે મારી સાથે જ આવવાનું છે. હું ઘણું વિચાર્યા બાદ તમને આદેશ કરું છું કે તમારે વ્હીલચેરમાં બેસીને મારી સાથે આવવાનું. માત્ર એક જ દિવસનો વિહાર છે, ત્યાં પાછું અઠવાડિયું રોકાવાનું જ છે."

ગુર્વાજ્ઞા માનવાની પ્રતિજ્ઞા લઈ ચૂકેલા વૃદ્ધમુનિએ એ વાત તો સ્વીકારી, પણ અંદર પડેલો સંયમરાગ, વ્હીલચેરાદિ દોષો ન સેવવા માટેની ધગશ, જીવદયાનો પરિણામ... એ બધું થોડું જ જતું રહે ?

અને એમના મનમાં વલોપાત શરુ થયો.

અને સાંજે વિહારસમયે એ વ્હીલચેરમાં બેઠા. ૧૫-૧૭ સાધુઓ સાથે જ હતા. ગુરુ પણ માંદગી-ઘડપણાદિના કારણે વ્હીલચેરમાં હતા... પણ આ વૃદ્ધમુનિ ૭૦ વર્ષની ઉંમરે સૌ પ્રથમવાર વ્હીલચેરમાં બેસતા હતા.

સાથે માણસ ન રાખવો પડે એ માટે સાધુઓ જ વ્હીલચેરને ધક્કો લગાવતા. પણ હજી તો વ્હીલચેર ચલાવવાની શરુ પણ થઈ ન હતી, ત્યાં તો એ મુનિરાજનો પશ્ચાત્તાપ હદ વટાવી ગયો, અંતરની વેદના ધોધમાર આંસુ સાથે બહાર વહેવા લાગી. "મારે આ વ્હીલચેરનું પાપ કરવું પડે છે. ઓ ભગવાન ! મને બચાવજે..."

બીજા વડીલ સાધુઓએ હેતથી માથે હાથ ફેરવી આશ્વાસન આપ્યું, "તમે તો ગુર્વાજ્ઞાનું પાલન કરો છો, તમે કંઈ સુખશીલ થોડા જ બન્યા છો ! અને જો તમે ચાલવા જશો, સોજો વધી જશે તો ? એટલે શાંત થઈ જાઓ."

પણ સંવિગ્નતાની અસર એમ તો કેમ ઓછી થાય ?

સાંજનો એ ચાર કિ.મી.નો વ્હીલચેરમાં કરેલો વિહાર એમને રોવડાવ્યા જ કરતો હતો. નાના બાળકની આંખના આંસુની માફક એમના આંસુ સુકાતા જ ન હતા.

ઉપાશ્રયે પહોંચ્યા, ગુરુના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડ્યા. એમની ઈચ્છા હતી કે ગુરુ એમને ચાલવાની રજા આપે... પણ એકવાર આદેશ થયા બાદ પોતાની ઈચ્છા વ્યક્ત કરવાની એ હિંમત ન કરી શક્યા. ગુરુ પણ એમના પગના સોજાની ગંભીરતા નિહાળી ચાલવાની રજા કેમ આપે ? કદાચ પગ કપાવી નાંખવા પડે એટલી હદે રોગ વકરે તો ? આ સોજાના એક મહીના દરમ્યાન સાધુઓ એમનું પડિલેહણ કરવા જાય, પણ એ વૃદ્ધમુનિ એક પણ વસ્ત્રનું પડિલેહણ ન કરવા દે. બુમો પાડી પાડીને પડિલેહણ કરતા અટકાવે. "મારે બીજાની સેવા લેવી નથી. બેઠા બેઠા હું બધું જ કરી શકું છું, પછી હું બીજા પાસે પડિલેહણ શા માટે કરાવું ?"

એકવાર ગુરુએ જાહેરમાં કહેલું કે "સાધુઓ પોતાના પારણા ખાનગી રીતે જ કરે, જાહેરમાં નહિ..." અને આ તપસ્વીમુનિને એ મનમાં બેસી ગયું. "મારે પણ મારી ૧૦૦મી ઓળીનું પારણું ખાનગી રીતે જ કરવું છે." એવી અંતરની ભાવના પ્રગટ કરી દીધી.

(આપણે આ વૃદ્ધ + તપસ્વી + ગ્લાન મુનિ પાસેથી ઘણું બધું શીખવાનું છે એવું નથી લાગતું ?

→ "નાના-મોટા તપમાં દોષિત તો વાપરી શકાય, એમાં વાંધો નહિ." એવું તો આપણે નથી માનતા ને ? આ મુનિએ ૧૦૦મી ઓળીમાં એક દ્રવ્ય વાપરવામાં પણ દોષિત ન લેવાનો સુંદર-સજ્જડ પ્રયત્ન કર્યો છે.

→ નાની નાની બિમારીમાં કે લાંબા વિહારોમાં કે પ્રસંગો માટે ઝટ ઝટ ડોળી-વ્હીલચેરનો ઉપયોગ કરી લેવાનું તો આપણું વલણ નથી ને ? આ મુનિરાજ ૭૦ વર્ષની ઉંમરે, ૧૦૦મી ઓળીમાં, પગના મોટા સોજા અને દુઃખાવામાં પણ અને ગુરુની સંપૂર્ણરજા હોવા છતાં પણ વ્હીલચેરાદિ વાપરવા લગીરે તૈયાર નથી.

→ જરાક કંઈક મુશ્કેલી થાય એટલે સંપૂર્ણ પરાધીન બની જવું, બીજા પાસે વૈયાવચ્ચ લેવી, માંડલીનું કામ છોડી દેવું... એવી આળસુ મનોવૃત્તિ તો આપણી નથી ને ? આ મુનિ વૃદ્ધ + ગ્લાન + તપસ્વી હોવા છતાં વૈયાવચ્ચ લેવા તો તૈયાર નથી જ, ઉપરથી માંડલીનું કામ અને ભક્તિ... બંને માટે અતિ-ઉત્સાહી છે.

→ તપસ્વીને વિગઈ ખાનારાઓ પ્રત્યે સદ્‌ભાવ-અહોભાવ ઓછો થાય... એવું બને. પણ આ મુનિને એકદિવસ સહવર્તી મુનિ માટે વધઘટમાં ગોચરી લાવવાનો લ્હાવો મળ્યો, તો એ ખુશ ખુશ થઈ ગયા. "આજે મને ભક્તિનો લાભ મળ્યો." એમ બોલી ઉઠ્યા. આપણું વલણ કેવું ?

યતિજીતકલ્પમાં કહ્યું છે કે સાચો સાધુ અપવાદમાર્ગે દોષ સેવે, તો પણ એ ખૂબ પશ્ચાત્તાપ કરે. જો એને પશ્ચાત્તાપ ન થાય, તો એને અપવાદમાર્ગ સેવવાનો અધિકાર નથી. એ **અનનુતાપી** શબ્દથી ઓળખાય છે.

અપવાદસેવન કરવું જ પડે. તો કેવી રીતે કરવું ? એ આ મુનિરાજ પાસેથી આપણને શીખવા મળે છે.)

## રોગી બન્યા સંયમરાગી !

એ બેનને જન્મથી જ ફીટનો રોગ ! દર મહિને એકાદવાર ફીટ આવે. આખું શરીર ખેંચાય, બેન બેભાન બની જાય. બે દિવસ સુધી શરીર આખું જડ બની જાય.

વર્ષોના વર્ષો આ રીતે વીત્યા.

આ બેનની સગી બે બેનોએ દીક્ષા લીધેલી. એકવાર એમનો પત્ર આવ્યો કે "તમે પજુસણ કરવા અહીં વડોદરા આવશો તો આરાધના સારી થશે..." અને ફીટવાળા બેન પોતાની બા સાથે સગી બેન સાધ્વીઓ પાસે પ્રથમવાર ધર્મારાધના કરવા વડોદરા ગયા. સાધ્વીજીઓની પ્રેરણાથી ચોસઠ પ્રહરી પૌષધનો પ્રારંભ કર્યો.

"તમારે ફીટની તકલીફ છે, એટલે એકાસણા જ કરવા." એમ સાધ્વીજીઓએ પ્રેરણા આપી, છતાં આ બેનનો ભાવ ઉછળતો રહ્યો, અને પહેલા દિવસે ઉપવાસ કર્યો. બીજા દિવસે

નબળાઈના કારણે ફીટ આવી, પણ ન પૌષધ પારવાની વાત કે એકાસણું કરવાની વાત !

મન મક્કમ કરી બીજા દિવસે પણ ઉપવાસ કર્યો. ત્રીજા દિવસે નબળાઈ વધવા છતાં ફરી ઉપવાસ કર્યો... અને એ રીતે બેને જીવનમાં પહેલીવાર અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી. એમનો ઉત્સાહ ખૂબ જ વધી ગયો.

બીજે વર્ષે ફરી પોતાના બેન સાધ્વીજીઓ પાસે આરાધના માટે આ બેન ગયા, અને એમણે આશ્ચર્યજનક વાત કરી. "જન્મથી માંડીને જે રોગ મને વળગેલો હતો, દર મહિને જેનો હુમલો આવતો હતો, એ રોગ ગયા વર્ષે અઠ્ઠાઈ કર્યા બાદ સંપૂર્ણપણે બંધ થઈ ગયો. એકવર્ષથી ફીટ આવી જ નથી."

હવે એ બેને અભ્યાસ શરુ કર્યો. ક્ષયોપશમ ઓ ો એટલે રોજની ચાર-પાંચ કલાકની મહેનત કરે, ત્યારે માંડ ચાર દિવસે એક ગાથા યાદ રહે...

થોડા સમય બાદ સાધ્વીબેનો મુંબઈ આવ્યા, ત્યારે આ બેને કહ્યું કે "મારે દીક્ષા લેવી છે..." સાધ્વીબેનો મુંઝાયા, "અતિમંદ ક્ષયોપશમ, ભલે વર્ષથી ફીટ આવી નથી, પણ પાછો રોગ શરુ થાય તો ? સાચવવું ભારે પડે..." અને એમણે દીક્ષાની ના પાડી.

પણ આ બેનનો વૈરાગ્ય ચોલમજીઠના રંગ જેવો હતો. એ છેક સાધ્વીબેનોના ગુરુ પાસે પહોંચી ગયા અને હૈયાના ભાવ જણાવ્યા. ગુરુએ સાધ્વીબેનોને આદેશ આપ્યો કે "જો આ બેનને 'મા' સાસરે મોકલશે, તો તેને કેટલી ચિંતા રહેશે ? જે 'મા'એ તમને આ સ્થાન સુધી પહોંચાડ્યા છે, એના ઉપકારને યાદ કરીને તમે આ તમારી બેનને સાચવી લો."

અંતે દીક્ષા થઈ.

આ બેને દીક્ષા બાદ પહેલા જ વર્ષે માસક્ષમણની આરાધના કરી, એ ઉપરાંત શત્રુંજય તપ, શ્રેણીતપ, સિદ્ધિતપ, બે વર્ષીતપ, વીસસ્થાનક તપ, ૫૦૦ આંબિલ, વર્ધમાનતપની ૭૯ ઓળીઓ, ૫૫મી ઓળી કરિયાતુ અને રોટલી એમ માત્ર બે જ દ્રવ્યથી ૫૫ દિવસ મૌનપૂર્વક કરી. તેઓ લોચ પણ જાતે જ કરે છે અને ૨૦ વર્ષનો દીક્ષાપર્યાય થઈ ગયો હોવા છતાં પોતાનું બધું કામ જાતે જ કરે છે.

(ફીટ જેવી વિચિત્ર બિમારી. દર મહિને બે દિવસ બેભાન કરી દેનારી બિમારી... છતાં એક મુમુક્ષુ જ્યારે મક્કમ બને છે, વૈરાગી બને છે... ત્યારે એ ક્યાંથી ક્યાં સુધી પહોંચી શકે છે, એ આના ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે. એટલે જ "હું માંદો છું, મારાથી હવે કશું ન થાય." એવી એવી દીનતાઓનો ભોગ બનવાને બદલે ઉત્સાહપૂર્વક સખત પુરુષાર્થ આદરવો એ જ એક સુંદર માર્ગ છે.)

# સ્વાધ્યાયોપયોગી પુસ્તકો

## સાધન ગ્રન્થો

(૧) કલ્યાણ મંદિર
(૨) રઘુવંશ (૧-૨ સર્ગ)
(૩) કીરાતાર્જુનીય (૧-૨ સર્ગ)
(૪) શિશુપાલવધ (૧-૨ સર્ગ)
(૫) નૈષધીયચરિતમ્ (૧-૨ સર્ગ)
શ્લો... હિત.

ન્યાય સિદ્ધાંત મુક્તાવલિ (ભાગ ૧-૨)
વ્યાપ્તિપંચક... ચન્દ્રશેખરીયાવૃત્તિ સહિત • સિદ્ધાન્ ... હિત
સામાન્યનિરુક્તિ (ગુજરાતી વિવેચન) • અવચ્છે...

## આ...

ઓઘનિર્યુક્તિ (ભાગ ૧-૨) દ્રોણાચાર્ય વૃ...
ઓ.નિ. સારોદ્ધાર (ભાગ ૧-૨) વિશિષ્ટ પંક્તિ...
દસવૈકાલિક સૂત્ર (ભાગ ૧ થી ૪) હારિભદ્રીવૃત્તિ...
આવશ્યક નિર્યુક્તિ (હારિભદ્રી વૃ... ી ૮)
ઉત્તરાધ્યયન સૂત્ર (શાંતિસૂરિવૃ... -૧)
ઉપદેશમાળા-સિદ્ધર્ષિગણિવૃત્તિ (૫૪ ગાથા) (...
સિદ્ધાન્તરહસ્યબિન્દુ: (ઓઘનિર્યુક્તિની વિશિષ્ટ પંક્તિઓ ... વૃત્તિ)

## સંયમ-અધ્યાત્મ-...પોષક ગ્રન્થો

સામાચારી પ્રકરણ (ભાગ ૧-૨) ચન્દ્રશેખરીયાવૃત્તિ ગુજરાતી ભાષાંતર સહિત (દસવિધ સામાચારી)
યોગવિંશિકા ચન્દ્રશેખરીયા વૃત્તિ સહિત

## સ્વાધ્યાયીઓ ખાસ વાંચે

સ્વાધ્યાય માર્ગદર્શિકા (સિલેબસ) • શાસ્ત્રાભ્યાસની કળા (શી રીતે ગ્રન્થો ભણવા?' એની પદ્ધતિ)

## મુમુક્ષુઓને-નૂતનદીક્ષિતોને-સંયમીઓને અત્યંત ઉપયોગી પુસ્તકો

• મુનિજીવનની બાળપોથી (ભાગ ૧-૨-૩) • સંવિગ્ન સંયમીઓની નિયમાવલી
• હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ.

ગુરૂમાતા • વંદના • શરણાગતિ • મહાપંથના અજવાળા
વિરાટ જાગે છે ત્યારે • ત્રિભુવનપ્રકાશ મહાવીર દેવ
મહાભિનિષ્ક્રમણ • ઉંડા અંધારેથી • વિરાગની મસ્તી

આ નવેક પુસ્તકો ને પ્રત્યેક આત્માર્થીએ અવશ્ય વાંચવા જેવા છે.

• ધન તે મુનિવરા રે...(દસવિધ શ્રમણધર્મ પર ૧૦૮ કડી + વિસ્તૃત વિવેચન
• વિશ્વની આધ્યાત્મિક અજાયબી (ભાગ ૧-૨-૩-૪)...(૪૫૦ આસપાસ શ્રેષ્ઠ પ્રસંગો)
• અષ્ટપ્રવચન માતા...(આઠ માતા ઉપર વિસ્તૃત વિવેચન) • મહાવ્રતો...(પાંચ મહાવ્રતો ઉપર વિસ્તૃત વિવેચન) • જૈનશાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ ૧-૨ (અર્થસહિત)
• આત્મસંપ્રેક્ષણ...(આત્માના દોષો કેવી રીતે જોવા ? પકડવા ? એનું વિરાટ વર્ણન)
• મુમુક્ષુઓને માર્ગદર્શન...(દીક્ષા લેવામાં નડતરભૂત બનતા અનેક પ્રશ્નોનું સમાધાન.)
• ૩૫૦ ગાથાનું સ્તવન (ભાગ-૧-૨-૩)...પાંચ ઢાળ ઉપર વિસ્તૃત વિવેચન સહિત
• સુપાત્રદાન વિવેક (શ્રાવિકાઓને ભેટમાં આપવા-સાચી સમજ આપવા મંગાવી શકશો.)
• આત્મકથા (વિરતિદૂતની ૧૧ આત્મકથાઓનો સંગ્રહ) • દસવૈકાલિકચૂલિકાનું વિવેચન
• શલ્યોદ્ધાર (આલોચના કરવા માટે ઉપયોગી સૂક્ષ્મતમ અતિચાર સ્થાનોનો સંગ્રહ)


**વિરતિદૂત માસિક** ૧ થી ૧૨૦ અંકનો આખો સેટ જેને પણ જોઇએ, તે મેળવી શકે છે.

# વિશ્વની આધ્યાત્મિક અજાયબીઓ


**પંચ મહાવ્રતધારી સાધુ-સાધ્વીજીઓ એટલે**

 જેવા ! ક્યાંય રાગ નામના લેપથી લિપ્ત ન બને.

 જેવા ! ક્યાંય ક્ષેત્રમાં - સ્થાનમાં રાગ ન રાખે.

 જેવા ! આના વિના ન જ ચાલે એવું એમને ન હોય.

 જેવા ! અતિવિહાર કે સ્થિરવાસ... બેયથી બચીને વિહરે.

 જેવા ! ઈન્દ્રિયોને કાબૂમાં રાખે.

 જેવા ! મમત્વભાવ ન રાખે, પરિગ્રહ ન રાખે.

 જેવા ! બધાની સાથે રહેવા છતાં એગો હં ભાવનાથી ભાવિત બને.

 જેવા ! ક્રિયાઓમાં ગજબ કોટિની અપ્રમત્તતા સાધે.

 જેવા ! પાંચ મહાવ્રતોનો ભાર ઊંચકવામાં ક્યારેય ન થાકે.

આ પુસ્તક વાંચશો, તો તમને લાગશે કે
હળાહળ કલિયુગમાં પણ આવા સાધુ-સાધ્વીજીઓ બિરાજમાન છે.
એ જ છે આપણી **આધ્યાત્મિક અજાયબીઓ !**